بسم الله الرحمن الرحيم

ખુદા જો વિષે ભલાઈ ધારે છે તેને દીનમાં સમજ આપે છે
(હદીસ)

સૈ૰ પીર મશાયખ કૃત

# દીવાને મશાયખ

## ફસલ પેહલી

# નૂરનામા.

★

છપાવી પ્રગટ કરનાર :
ઇબ્રાહીમ પીરમુહમ્મદ
૩૪૮ બાપટીરોડ, મુંબઈ. ૮

ઝીલહજ ૧૩૭૩ (કીમત: સાત રૂપીઆ) ઓગષ્ટ ૧૯૫૪

મુદ્રક: અબ્દુલ્લાહ ફખરૂદ્દીન સૈયિદ, મુસ્લિમ-ગુજરાત પ્રેસ,
જિન્નાહ રોડ, ભાગાતાલાબ–સુરત

# હ૦ મશાયખ ચિશ્તી (રહ૦)

રબ હય જાનતા મંય કીયે જે કામા,
રબ અજર દેવે મુજે કિયામત ઠામા.
સો દોસ્તી ખાંતમ નબીજી હો કેરી,
મંય ઉમ્મીદકી ચિંતા એ રાખી હય સવેરી.

(હ૦ પીર મશાયખ રહ૦)

મૂમિન કોમમાં દીનની તબ્લીગ કરનાર અને રાહે રાસ્તની હિદાયત સારૂ કિતાબો લખી આપનાર હ૦ સય્યદ પીર મશાયખ ચિશ્તી (રહ૦) સાહિબ શરીયત પનાહ બાદશાહ આલમગીરના સમયમાં થયા હતા.

આપનો જન્મ જંત્રાલ ગામમાં થયો, કડીમાં પરવરિશ અને અમદાવાદમાં આખરી કાળ વિતાવ્યો હતો. હિજરી ૧૦૬૦માં જન્મ અને આસરે ૧૧૦૨માં મોહર્રમની ૨૧મીએ વફાત થઈ હતી.

આપ મુત્તકી—પરહેઝગાર વલીઅલ્લાહ અને એક મહાન મુજદ્દીદ બુઝુર્ગ થયા છે. આપનું પીર પેઢીનામું અજમેરવાળા પ્રખ્યાત હ૦ ખાજા મુઈનુદ્દીન ચિસ્તી, હ૦ શેખ ફરીદ શકરગંજ, હ૦ ખાજા મોઈનુદ્દીન મુખ્તાર અશઅસ, હ૦ ખાજા હસન બસરી વીગેરે સુન્ની પંથના મહાન બુઝુર્ગોથી જઈ મળે છે.

આપ સુન્ની હનફી મઝહબને માનનારા અને તેજ અકીદા પ્રમાણે આપે લખેલ કિતાબોમાં બોધ આપેલ છે. આપે પરચુટન પાંચ કિતાબો લખવા ઉપરાંત ૧૩ ભાગમાં એક મોટું દીવાન 'દીવાને મશાયખ" નામનું લખેલ છે. જે તેર ભાગોના નામ નીચે પ્રમાણે છે :—

૧—નૂરનામા. ૨-મેઅરાજનામા, ૩—ગઝવાત ૪-ગિરદીયહ યાને અખલાકુન નબી સલ૦. ૫ મોજિઝાત, ૬—વિસાલનામા, ૭—ખુલફાએ રાશેદીન, ૮—મકતુલનામા પેહલો, ૯—મકતુલનામા બીજો, ૧૦-ઈમાન પેહલો. ૧૧-ઈમાન બીજો ૧૨-ઈબાદત પેહલો, ૧૩—ઈબાદત બીજો ભાગ. એમ તેર કિતાબો લખેલ છે.

આપનો જનમ વીગેરેનો એહવાલ આ કિતાબ 'નૂરનામા"માં આપે લખેલ છે. ઉપરાંત "મકતુલનામા"ના બીજા ભાગમાં પણ લંબાણથી લખ્યો છે.

આપે ઘણી ઝેહમત અને તકલીફો સહન કરી મૂમિન કોમમાં આ દીની કાર્ય કર્યું છે. મૂમિન કોમે તેમની રૂહ મુબારકને ખુશ કરવા તેમની નસીહતો ઉપર પુરી રીતે અમલ કરવો અને કિતાબોનો બહોળો ફેલાવો કરી પોતાની ફર્ઝ અદા કરવી.

ખુદાતઆલા તેમને તેમની મેહનતનો સારો બદલો આપે અને તેમની કબ્ર મુબારિક નૂરથી ભરપૂર કરે એવી આપણે સર્વેએ હંમેશ દુઆ ચાહવી ખુદા કબુલ કરે આમીન.

## જીવન ચરિત્ર.

"હ૦ પીર મશાયખ (રહ૦)નું જીવન ચરિત્ર" બીજી આવૃત્તિમાં બસો પેજ ઉપરાંત છપાઇ બહાર પડયું છે. મોમિન ભાઈયો માટે તે મહાન બુઝુર્ગનો જીવન અહવાલ તેમજ તેમના ઉમદા બોધ વચનો સબક લેવા લાયક છે. વળી તેનાથી કોમના ઈતિહાસની પણ ઘણી માહિતી મળે છે.

આવા અમૂલ્ય ગ્રંથ મહા મુશ્કેલીએ તૈયાર થાય છે. અને તે સારૂ મોટા ભોગો આપવા પડે છે. સમજદારો અને દીનના ચાહકોજ તેની કદર કરી શકે છે. થોડી કોપીઓજ સીલકમાં છે. તાકીદે ખરીદો. કિંમત રૂ. ૩.

# પ્ર સ્તા વ ના

★

જે પણ વખાણોને લાયક ખુદાપાક છે. તે બધી તારીફ તેનેજ માટે છે. દરૂદ તથા સલામ તેના હબીબ હ૦ મોહંમદ (સલ.) તથા તેમની આલ અને અસહાબપર.

## કિતાબમાં આવેલ હકીકત—

હમ્દ અને સલામના બાદ જણાવ્વાનું કે, આ કિતાબ **નૂરનામા "દીવાને-મશાયખ"**ની તેર ફસલોમાંની પહેલી ફસલ છે.

આ કિતાબની શરૂઆતમાં અલ્લાહ**ની** વાહદાનીયત, તેની ઝાત અને સિફાત, તેને કેવી રીતે ઓળખવો અને માનવો, તેમજ ઝમીન આસમાન અને સઘળી સૃષ્ટી તથા મખલુકાતની ઉત્પત્તિના બયાનો બહુજ ખૂબી સાથે લખાએલ છે. ઉપરાંત ઇન્સાનની પયદાયશ સંબંધી લખાએલ બયાનો સબક લેવા લાયક છે.

વળી આ કિતાબનું ' નુરનામા " નામ પ્રમાણે મોટા ભાગે હ૦ રસૂલે અકરમ (સલ.)ના નૂરની હકીકત, પયદાયશ અને બુઝુંગીના બયાનો આવેલ છે. હ૦ પયગમ્બર (સલ.)ના નૂરના સાથે ચારે બુઝુર્ગ અસહાબ—ખુલ્ફાએ રાશેદીનના નૂરનું બયાન પણ દરેક માટે નસીહત લેવા જેવું છે; બલ્કે ખુલ્ફાએ રાશેદીનના વિરોધીઓને પણ તે બયાન સબક આપનાર અને બુઝુર્ગોની બુરાઈઓથી દુર રહેવાનો પાઠ દેનાર છે.

હ૦ આદમ (અલે), હ૦ નૂહ (અલે.), હ૦ ઇબ્રાહીમ (અલે.) અને હ૦ ઇસ્માઇલ (અલે.)ના બયાનો બહુજ દિલચસ્પ અને નસીહત લેવા લાયક છે. હ૦ આદમ (અલે.) અને શૈતાનના કિસ્સાથી સબક મળે છે કે ગુનાહો ઉપર પસ્તાવો કરી ઇસ્તિગફાર કરનારને માફી મળે છે અને અભિમાનીઓને–ગુનાહો ઉપર પસ્તાવો ન કરનારાઓને લાનતી બનવું પડે છે.

## કિતાબની પ્રશંસા—

આ કિતાબ એટલી બધી બોધદાયક અને હિદાયત રૂપ છે કે, પાલનપુરમાં વસ્તા મહાન બુઝુર્ગ આલીમ મૌલાના મૌલ્વી મોહંમદ નઝીરમીયાં સાહિબે તેની હસ્ત લેખીત નકલના બયાનો સાંભળી બહુજ ખુલ્લા દિલે વખાણ કર્યાં હતા.

ઉપરાંત મૌલાના મુબલ્લીગ ઇસા મોહંમદ સાહિબ, મૌલ્વી ફતેહમોહંમદ સાહિબ તથા ગઢામણવાલા મૌલ્વી મોહંમદ ઉમર સાહિબ વિગેરેએ આ કિતાબના બયાન સાંભળી હ૦ પીર મશાયખ (રહ.)ની દીની ધગશ અને ઇલ્મી કાબેલીયતના બહુ વખાણ કર્યાં હતા; બલકે આ કિતાબના કામમાં બહુ સારો સહકાર આપ્યો હતો.

## શિર્ક અને બિદ્અત કરનારાઓને ચેતવણી—

મુજે રબને રે કાજ હય તુમારે બનાયા,
જ્યૂં કિતાબકે માંહે બયાન રે લિખાયા.
કે જયાં હોવે ફિરઔન વાં મૂસા રે હોવે
વે મૂસા ફિરઔનકા નશતાન રે ખોવે.
તો તુમ હુવે ફિરઔન ઇસ ઝમાને હો કેરે,
તો મંય હકકા દીખાનાર તુમ સુનો રે સવેરે. (નૂરનામા)

શિર્ક કરનારા અને બિદઅતી અકીદો ધરાવનારાઓને એવી બુરાઈઓ અને બેદીનીભર્યા અમલોથી બચવા સારૂં આ કિતાબમાં ઘણી નસીહતો કરવા ઉપરાંત તેના પરિણામમાં સખત અઝાબની ચેતવણીઓ આપેલ છે

અલ્લાહની ઝાતમાં શિર્ક કરવો, બીજાઓ પાસે હાજત ચાહવી, આલેમુલ ગયબ બીજાને માનવો, અલ્લાહનો અવતાર માની તેને હાજત રવા સમજવો, એ બધું અલ્લાહની નારાઝી વ્હોરવા જેવું અને મોટો ગુનાહ છે. અલ્લાહ સિવાય રોઝી આપનાર, સુખ દુઃખ પહોંચાડનાર, મારનાર જીવાડનાર બીજો કોઈ નથી એ બધું આ કિતાબની શરૂઆતના બયાનોમાં સારી રીતે સમજાવેલ છે.

દરેક કામમાં હ૦ રસૂલે કરીમ (સલ ની પયરવી કરવી, તેમની સુન્નતો પ્રમાણે પુરે પુરો અમલ કરવો એ મૂમિન થવા માટે ખાસ ઝુરૂરી છે, તે આ કિતાબમાં તેમજ "ગિરદીયહ" કિતાબમાં હ૦ પીર મશાયખ (રહ.) એ બહુજ બહેતર રિતે સમજાવ્યું છે હઠધર્મી મુકી દઈ ઇમાનદારીથી કિતાબો જોનારા ઝુરૂર શિર્ક અને બિદઅત જેવી મોટામાં મોટી બુરાઈઓથી બચી જઈ શકે તેમ છે.

## બુરાઇઓથી બચવાની ઝરૂર—

આજ કાલ તરાહ તરાહની બદીયો ખૂબસૂરતીની રૂપમાં ચાહોમ વધી રહી છે. સીનેમા ઘરો આવી બદીયોને ખૂબજ પોષી રહયા છે. તેનાથી જનતાને અનીતીના ગારમાં ઢકેલવાનાજ પાઠો મળી રહયા છે. ખાસ કરીને મૂમિન કોમે પોતાના બચ્ચાંઓ અને ઘર વાળાઓને આવી બદીયોથી રોકવા જોઈએ

વળી કેટલાક ગપસપીયા પેપરો અને બુરી વાસનાઓને પોસનારા પુસ્તકો ગુનાહોનીજ દોરવણી કરી રહયા છે. એવા સાહિત્યથી દુર રહી, દીની કિતાબો અને રિસાલાઓ વાંચવાનો શોખ વધારવો જોઇએ ઘરોમાં બાળબચ્ચાંઓને પણ તેવા વાંચનની તાકીદ કરવી જોઈએ. જમાઅતો તરફથી પણ તેવું દીની અને ચારિત્રવાન સાહિત્ય ઘરે ઘર વંચાય એવી સગવડ કરી અપાય તો ઘણો લાભ થાય.

ખાસ કરી મૂમિન કોમ માટે હ૦ પીર મશાયખ (રહ૦)ની કિતાબો નીતીના પાઠ આપે છે. વળી ગુમરાહીથી અને બુરાઈયોથી બચવાનો બેહતરમાં બેહતર માર્ગ બતાવે છે. જેથી દરેક ઘરમાં આ કિતાબોનો જવાનથી લઈ ઘરડાઓ સર્વેએ સારી રીતે અભ્યાસ કરતા રેહવું જેથી દુન્યા અને આકેબતની ઘણી ભલાઈયો તેનાથી હાસિલ થશે; બલ્કે ઘરોમાં અને કોમમાં પેસેલ સડાઓ બહુજ ઉતાવળે નાબૂદ થશે

## કિતાબોનો પ્રચાર કરો—

ખાસ કરીને હ૦ પીર મશાયખ રહ૦)ની કિતાબોના ફેલાવા માટે તો દરેક સમજદારે અને હયસીયતવાળા સાહિબોએ પુરેપુરૂં ધિયાન આપવું જોઈએ. ફકત વાતોથી નહી; પરંતુ અમલી કાર્યોથીજ મુરાદે પહોંચી શકાય છે. છપાએલી કિતાબો ખપી ગએલી હોવાથી વધુ પ્રચાર માટે ફરિથી છપાવ્વાની ઝરૂરત છે. તેમાં સમજદારોએ પુરેપુરો સાથ આપવો જોઇએ.

આ કિતાબો સાથેની વિરોધીઓની સખત દુશ્મનાવટ છતાં ખુદાના બેહદ એહસાન કે, તેનો બચાવ થઇ ગયો અને આપણા સુધી પહોંચી ગઈ. એટલે બને તેટલો વધુમાં વધુ તેનો ફેલાવો કરી કોમને લાભ આપવાનો અને લેવાનો છે.

હ૦ પીર મશાયખ (રહ૦) એ આપણા ઉપર મોટો એહસાન કર્યો છે. રાહે રાસ્તની દોરવણી માટે આપે બેહદ તકલીફો ઉપાડી આ કિતાબો આપણા માટે મુકતા ગયા છે. માટે જેમ બણે તેમ તે કિતાબોનો વધુમાં વધુ ફેલાવો કરવો, મોહબ્બત અને ચીવટથી તેને પઢવી તેમજ તેના બોધ મુજબ બરોબર અમલ કરવો. આથી તેમની મેહનતની કદર કરેલી ગણાય અને આપણને દીન દૂન્યાનો લાભ પણ થાય.

## સુન્ની અકીદાની ચોખવટ—

હ૦ પીર મશાયખ રહ૦એ લખેલ કિતાબો સાફસાફ સુન્નત જમાત અને હનફી અકીદા પ્રમાણે લખાએલ છે. આપે લખેલ દરેક કિતાબોમાં તેની ખુલ્લી રીતે ચોખવટ કરેલી છે. આ કિતાબના બયાન–૨૪ અને ૬૭ માં પણ 'ખુલ્ફાએ રાશેદીન"ની ખૂબીયો બતાવી, આપે સુન્નત જમાતના અકીદાનો બહુ સારી રીતે સુબુત આપ્યો છે.

તે ઉપરાંત બહારના કેટલાક માનનીય પુરૂષોએ અને બીજા અકીદાના લોકોએ પણ હ૦ પીર મશાયખ (રહ૦) તથા તેમની લખેલી કિતાબોને સુન્ની-હન્ફી અકીદા પ્રમાણે હોવાનો ઝોરદાર ટેકો આપેલ છે. "બાદશાહથી ડરીને તકીય્યાથી સુન્ની અકીદો લખેલ છે" એવી વાતો કોઈ પણ સમજદાર કબુલ કરે નહીં.

હ૦ પીર મશાયખ (રહ૦) આ કિતાબમાંજ લખે છે કે :–

**તો સુનો રે મુરીદો જે હોઓ રે મેરે,**
**મંય તેહકીક કર લિખતાહું બુઝીઓ સવેરે.**
**મંય કહીં જાગો દેખકર બયાન હું કરતા,**
**મંય તેહકીક કીએ બિના એક બોલ નાંહી લિખતા.**

* * * *

**જે મંય રે લખીયા હાલ મેરે તનકા,**
**ઉસે ના કબૂલે જિસે નાંહી મૌત ધસકા.**

* * * *

**તો નશતાન તેહકીક જાવે રે તુમારા,**
**હમારે રે દીનકુ હય અલ્લાહકા આધારા.**

## પ્રસ્તાવનાનો વિરોધ—

દરેક પુસ્તકો અને કિતાબોની પ્રસ્તાવના નિયમાનુસાર લખાય છે. તેમાં કિતાબનો હેતુ અને તેમાં આવેલ હકીકત સંબંધી કેટલીક વિગત લખવામાં આવે છે કે જેથી વાંચક વર્ગ હકીકતને સારી રીતે સમજી શકે.

કેટલાક વિઘ્ન સંતોષીયોએ કિતાબોની પ્રસ્તાવનાનો વિરોધ કરી લોકોને આડા માર્ગે દોરવાની કોશીશ કીધી છે. વિરોધની આડમાં તેઓ પોતેજ લખેલ પ્રસ્તાવનામાં કેવી કેવી શરારતો કરી છે એ કેમ જોવામાં આવતી નથી ? ખરી રીતે તો આ વિરોધ એટલા માટેજ કરાયો છે કે, કિતાબોની હક વાતો તેમને રૂચતી નથી. અને લોકોને પણ હક માર્ગેથી ભટકાવવા અને દીની અહકામથી અજ્ઞાન રાખવા પ્રસ્તાવનાની આડમાં શરારત કરી કિતાબોથી દૂર રાખવા ધમપછાડા કરે છે.

પરંતુ એમનો એ વિરોધ ખોટોજ સાબિત થયો છે. તેમની સખ્તીઓ અને શરારતોથી દબીને ખોટા અકીદાઓમાં ફસાનારા અને તેમની હામા હા મેળવનારા બહુજ ઓછાજ નિકળ્યા છે. અલ્લાહના ફઝલો કરમથી કિતાબોની મકબુલીયત વધીને દિવસે દિવસે તેના જોનારા વધતાજ ગયા છે.

## અમારાં પ્રકાશનો—

પચીસ વરસ પેહલા **"મોમિન મિત્ર"** માસિક બાર વરસ સુધી પ્રગટ થઈ. તે બહુજ લોક પ્રિય સાબિત થયું હતું. **ઇમાનના મોતી, વસીલતુન નજાત, ઈબ્ને ઝુબૈર, ઈસ્લામી અહકામ, હ૦ પીર મશાયખ રહ૦નું જીવન ચરિત્ર,** તેમજ બીજા પરચુટન દીની રિસાલા પ્રસિધ્ધ થયા હતા.

ઉપરાંત હ૦ પીર મશાયખ રહ૦ની કિતાબો **"ગઝવાત"** અને **"મોઅ્જિઝાત"** અમારા ભાઈ મોહંમદ શરીફના સહકારથી ઇસ્વી સન ૧૯૨૨ અને ૧૯૨૪માં પ્રગટ કીધી હતી. તે પછી સને ૧૯૩૬માં **"મેઅરાજનામા"** નામની કિતાબ પ્રગટ કીધી હતી.

ગયાં વરસે હ૦ પીર મશાયખ (રહ૦)નું જીવન ચરિત્ર બીજી આવૃત્તિમાં બહુજ શાનદાર પ્રગટ થયું. વળી **"મોમિન ટેક્ષી ડ્રાઈવર એન્ડ ઓનર્સ એસોસીએશન"** તરફથી ઉત્સાહ અપાવ્યાથી "દીવાને મશાયખ" ની ૧૩ ફસલોમાંથી છપાવ્યા વગર બાકી રહેલ બે કિતાબો "નૂરનામા" અને **"ગિરદીયહ"** છપાવવાની શરૂઆત કીધી અને ખુદાના કરમો ફઝલથી આ **"નૂરનામા"** કિતાબ છપાઈ આપ સાહિબો સુધી પહોંચી પણ ગઈ.

**"ગિરદીયહ યાને અખલાકુન નબી સલ૦"** નામની કિતાબ પણ અલ્લાહના મોટા એહસાન કે, કેટલીક મેહનત પછી અખંડ મળી ગઈ છે. હ૦ પયગમ્બર સલ૦ની આદતો અને અખલાક બેનમુન છે. તેની દૂન્યામાં મિસાલ મળવી મુશ્કેલ છે. કિતાબ એટલી રસીક છે કે, તેને વખ્તો વખત પઢીએ છતાં મુકવાનું મન ન થાય. તેમાંની નસીહતો ગ્રહણ કરનાર એક પાકો દીનદાર મૂમિન બની શકે તેમ છે. તેને છપાવવાની શરૂઆત કરી દીધી છે. ઈન્શા અલ્લાહ બહુજ ટુંક મુદ્દતમાં બહાર પડવા ઉમ્મીદ રાખીએ છીએ. અલ્લાહ પુરી કરે.

## કિતાબો છપા૦વામાં મુશ્કેલીયો—

હસ્ત લેખીત કિતાબોમાં જૂના લખનારાઓએ શેઅરની બન્ને લાઈનોને જૂદી પાડેલ ન હોવાથી અને સરારવું લખવાથી કેટલીક લાઈનો છુટી જાય એ સંભવીત છે. છપાવવામાં બન્ને લાઈનો જૂદી પડી જાય છે એટલે ખુટતી લાઈનો સાફ દેખાઇ આવે છે.

આ "નૂરનામા" કિતાબમાંજ લગભગ વીસ કડીઓ ખૂટતી હતી. જૂદા જૂદા ગામોની દસ બાર કિતાબો કેટલી ઝેહમતથી મેળવી જોવાથી તે કડીઓની ખોટ પુરી થઈ છે.

વળી હસ્ત લેખીત કિતાબોના ઉતારા (નકલ) કેટલાક ઓછું ભણેલાઓના હાથે થએલ હોવાથી અરબી, ફારસી, હિન્દી વગેરે બીજી ભાષાઓના શબ્દો તેઓને સમજી ન શકાવાથી ઘણા શબ્દો અશુધ્ધ થઈ ગએલ છે. એને સહી કરવામાં ઘણી મુશ્કેલીઓ ખમવી પડે છે.

સહી હાલતમાં કિતાબો છપાવવાનો ખિયાલ રાખનારનેજ આવી મુશ્કેલીઓ સહન કરવી પડે છે, બાકી જેમ તેમ કિતાબો છપાવી નાંખનારાઓને આવી હાડમારી ન વેઠવી પડે એ દેખીતુંજ છે. કિતાબો છપાવ્વામાં અમોએ આનો બહુજ ખિયાલ રાખ્યો છે. સહી અને સારી હાલતમાં કિતાબો છપાય એનો-ગમે તેવી તકલીફો સહન કરીને પણ-પુરો ખિયાલ રાખ્યો છે. એમાં ગુજરાતી, હિન્દી. અરબી, ફારસી અને ઉર્દૂ શબ્દ કોષો જોવા ઉપરાંત કેટલીક કિતાબોની પણ મદદ લેવામાં આવી છે. કેટલાક જાણીતા આલીમોનો પણ સહકાર લેવામાં આવ્યો છે. પુરૂફ જોવામાં પણ પુરતુ ધિયાન અપાયું છે. એટલે કિતાબો છપાવ્વામાં તકલીફોની ઝરા પણ પરવા કીધી નથી.

## અમોએ કરકસર કરી નથી—

કિતાબો છપાવવામાં કરકસર ન કરતાં જેમ કિતાબો સહી, સારી અને શોભીતી હાલતમાં છપાય તેનો પુરો ખિયાલ રાખ્યો છે. સારા ઉંચા કાગળો, મોટા ટાઈપો, છુટી છુટી લાઈનો તેમજ મૌકા મૌકા ઉપર નોંધો-ખુલાસાઓ લંબાણથી આપેલ છે. પાનાઓ વધવા સાથે છપાઈ બંધાઇનો પણ ખરચો વધેલ છે.

"મે'રાજનામા" નામની કિતાબમાં અમોએ કેટલીક મુશ્કેલીયોના લીધે પાયકા બ્લેકના ન્હાના ટાઈપ વાપર્યા હતા; પરંતુ લોકોને પસંદ ન આવ્વાથી આ કિતાબોમાં મોટા ટાઇપિજ વાપર્યા છે. અને ખરેખર આપણી હાલત અને હ૦ પીર મશાયખ (રહ૦)ની મેહનત જોતાં તેમજ આ કિતાબો રાત્રે મજલીસોમાં પણ પઢાતી હોવાથી મોટા હરફોમાંજ છપાય એ બેહતર છે.

કિતાબો જલ્દી છપાઈ બહાર પડે તે સંબંધી કેટલાક ભાઇઓ બહુ ઉતાવળ કરે છે; પરંતુ કિતાબો છપાવવામાં ઉતાવળ થઈ શકે નહીં. કલમી કિતાબોની નકલો કરતાં અને છપાવ્વામાં ગલતીયો ન રહે એ માટે વખ્તો વખત ઝિણવટથી પુરૂફો જોવામાં કેટલી બધી મુશ્કેલીઓ થાય છે તે કામ કરનારાઓજ સારી રીતે સમજી શકે છે.

હ૦ પીર મશાયખ (રહ૦)ની કિતાબોમાં દરેક પાને પાને મૌકાઓ મુજબ નીચે અઘરા શબ્દોના અર્થ આપવાની અમોએજ શરૂઆત કીધી હતી અને તે દરેકને બહુ પસંદ આવી છે.

"દીવાને મશાયખ"માં કુલ ૧૩ ફસલો (કિતાબો) જૂદા જૂદા નામે આવેલ છે. તે બધી ફસલોમાં કુલ ૨૩૫૮ ગઝલો તથા બીજા બરહા, દોહા, રૂબાઈ, નઝમ, રૂપક વીગેરે રાગના બયાન છે.

વળી કેટલીક ફસલોમાં રાગના બયાનોને નંબરો આપેલ નથી. તે સઘળા મેળવવાથી લગભગ ૨૪૦૦ જેટલા બયાનો થાય છે. વિરોધીઓની સખ્તીયો અને સતામણીઓ છતાં હ૦ પીર મશાયખ (રહ.)નું આ કેટલું મોટું સાહસ અને હિમ્મત કહેવાય કે, મૂમિન કોમને ગુમરાહીથી બચાવ્વા અને દીનના ખરા માર્ગે દોરવા હઝારો બયાન ચોકખે ચોકખા ઈસ્લામી અહકામના પદ્યમાં (રાગમાં) લખી આપ્યાં છે.

## હાજી જમાલુદ્દીન સાલેહ—

અત્યાર સુધી હસ્ત લેખીત કિતાબો સલામત રહી તેમાં ખુદાના ફઝલથી આપણી કોમના દીનદાર સમજદાર વર્ગે સારો હિસ્સો લીધો છે. મોટા ખર્ચે કિતાબોના ઉતારા કરી સાચવી રાખનારા તથા ઉતારા (નકલો) કરનારા–કાતિબો તેમજ કિતાબો છપાવી તેનો બહોળો ફેલાવો કરનારાઓ દરેક પ્રશંસાના પાત્ર છે

કિતાબોના ઉતારા કરવામાં પીરોજપુરાવાળા જનાબ હાજી જમાલુદ્દીન નુરમહંમદ સાલેહ, પીરોજપુરાના વલજી પીયારજી, કાકોસીના મેમનજી દાઉવા, કેસરપુરાના વજીર બેની, બાદરપુરના વલીભાઈ (ઠુંટા) વીગેરેએ સારો હિસ્સો લીધો છે. ખાસ કરીને જનાબ હાજી જમાલુદ્દીન સાલેહ, વલજી પીયારજી તથા વલીભાઈ બાદરપુરવાળા સાહેબોએ કિતાબોના મોટા પ્રમાણમાં ઉતારા (નકલો) કરેલ છે.

હાજી જમાલુદ્દીન નુરમહંમદ સાલેહ સાહિબે કિતાબોના ઉતારા કરવા, છપાવવા ઉપરાંત તેની શોધખોળ અને સંગ્રહ કરવામાં ગામેગામ ફરી, મોટી ઝેહમત ઉપાડી છે. અમારી મૂમિન કોમને ખાસ ભલામણ છે કે, એવા મુખ્લીસ સેવા ભાવી ગ્રહસ્થની ખાસ કદર કરવી જોઈએ. એક વગદાર ઝાહિર સભા બોલાવી તેમને માન અપાય એવું ઇચ્છીએ છીએ.

કિતાબોની શોધખોળ, સંગ્રહ અને નકલો કરવામાં બીજા પણ ભાઇયોએ હિસ્સો લીધો હશે; પરંતુ અમારી જાણમાં નહીં આવ્યાથી તેમના નામો અમો આપી શકયા નથી. ખુદાતઆલા તે સઉને સારો બદલો આપે.

કિતાબોની હિફાઝત અને ફેલાવ્વાનું કામ તો ખાસ કરીને હ૦ પીર મશાયખ રહ૦ ની ઔલાદ હોવાના દાવેદારો અને તેમના નામે કમાઈ ખાનારાઓનુંજ હતું. પણ એ તરફ તેઓએ દુર્લક્ષ સેવ્યું છે એ અફસોસ કરવા જેવું છે. ખુદા તઆલા તેમને અને તેમના માનનારાઓને સદ્દબુધ્ધિ આપે અને કિતાબો તરફ ધિયાન અપાય એવી યાચના છે.

છેવટે અમારા દીનદાર ભાઇઓને અર્ઝ છે કે, આ કિતાબને વારવાર પઢવાથી અને સાંભળવાથી, ઘણુંજ જાણવાનું મળશે અને દીન દુન્યાના ઘણાજ લાભો થશે. અલ્લાહ તઆલાથી ઇલતેજા છે કે, આ કિતાબના કામમાં સહકાર આપનારાઓને તેનો સારો બદલો આપે અને અમોને આવા નેક કામો કરવાની તવફીક આપે.

**અલ્લા હુમ્મા સલ્લેઅલા સય્યદના વ મૌલાના મોહંમદીન**
**વ અલા આલેહી વ અસ્હાબેહી વ અહલે બૈતેહી**
**વબારિક વ સલ્લિમ.**

લી૦ પ્રગટ કર્તા.

---

"મુસ્લીમ–ગુજરાત" પ્રેસના માલિક અને મેનેજર ભાઈ હા. સૈ. અબ્દુલ્લાહ સાહિબ તરફથી પુરૂફ જોવામાં અને બીજી સગવડોનો પણ બહુ સારો સહકાર મળેલ છે. ઉપરાંત છપાઇ કામમાં પણ બહુ સંતોષ થયો છે. ખુદા તેમને તેનો સારો બદલો આપે.

# એક ખાસ ખોટ !

ભાઈ હાજી દાઉદ હાજી રાજમોહંમદ કાળોસણુવાલા જેઓ ગયા વરસેજ ગુઝરી ગયા હતા, તેમની ખોટ કોમને જણાયા વગર રેહશે નહીં. વિસાલનામા, ઇબાદત ભાગ બીજો તથા મકતુલનામાના બે ભાગ મળી હ૦ પીર મશાયખ (રહ૦)ની લખેલી ચાર કિતાબો છપાઈ બહાર પડી તે ખાસ કરી તેમની કલમી ખિદમતના લીધેજ હતી.

આપે ઈંગ્રેજીની ઉંચી તઅલીમ લીધી હતી અને મ્યુનીસીપલમાં સારી જગ્યાએ હતા છતાં દીનદારીમાં પક્કા મુખ્લીસ-મૂમિન હતા. નોકરીમાં ઘણી ચાનસો છતાં આપ કદી લાલચોને વશ થયા ન્હોતા. ખુદા તઆલા તેમને ગરીકે રહમત કરે.

અત્યારે આપણી કૌમમાં ઘણા માલદારો અને સારી તાઅલીમ લીધેલા છે, પણ કૌમની બેહતરી સારૂં થોડોક વખત કે માલનો ભોગ આપવા તૈયાર નથી એ કમનસીબીજ કેહવાય.

બીજી કૌમ તરફ જોતાં તેમનામાંથી હઝારો એવા, કોમની મુસીબતોને પોતાની મુસીબત સમજનારા તથા દુઃખી હાલતને જોઈ તડપી ઉઠનારા મળી આવે છે; પરંતુ આપણે ત્યાં એવા કઠણ હય્યાના થઈ ગયા છે કે બધું જોવા જાણવા છતાં આંખ આડા કાન કરી જાય છે.

કૌમને ગુમરાહ કરવા અને બેદીન બનાવવા ગામડાઓમાં લોખંડી તંત્રો કામ કરી રહયા છે; છતાં મોટી મોટી વાતો કરવા અને કૌમી હમદર્દીની બડાઈયો હાંકવા સિવાય કાંઈ પણ રિતસર કામ કરવા અને થોડોક પણ ભોગ આપવા માંગતા નથી એ ઘણુંજ અફસોસનાક ગણાય.

ખુદા ખાતિર અને પોતાની ફર્ઝ સમજી કૌમની બેહતરી માટે કંઇકિ ભોગો આપે એવી ખાસ અર્ઝ છે.

## "મોમિન મિત્રની"ની ફાઈલો.

મોમિન કોમને નિચોવવા અને તેનાથી અણઘટતા લાભ લેવા, કેવા નિચમાં નિચ પ્રયાસો થએલ છે તે જાણવા અને કૌમે જે કાંઈ અત્યારે ઉન્નતિ કીધી છે તેમાં તેને કેવું ખમવું પડયું છે અને ભોગો આપવા પડયા છે તે જાણવા જોગ એહવાલ સંગ્રહી રાખવા જેવો છે.

બાર વરસ સુધી ચાલેલ 'મોમિન મિત્ર"ની અગ્યાર વરસ સુધીની છુટક છુટક ફાઈલો થોડીક સિલકમાં છે. તેનાથી તે હકીકત મેળવી શકાશે. દરેક વારસિક ફાઇલના રૂ. ૬, પોસ્ટેજ જુદું. આવું કિમતી સાહિત્ય ફરી મળવું દુર્લભ છે.

# અ નુ ક્ર મ ણિ કા.


| વિષય | પાનુ. |
| --- | --- |
| અલ્લાહની ઓળખ અને શિર્કથી બચવાની તાકીદ. | ૧ |
| હ૦ રસૂલુલ્લાહ સલ૦ના નૂરનું બયાન. .... .... .... | ૨૭ |
| હ૦ પીર મશાયખ રહ૦નો જન્મ અને જીવન હકીકત. | ૫૨ |
| તકદીર તથા ઝમીન આસમાન વીગેરેની રચના. .... .... | ૭૦ |
| હ૦ આદમ અલે૦ અને શયતાનનો એહવાલ. .... .... | ૮૮ |
| શયતાનની ઈન્સાનથી દુશ્મની. .... .... .... .... .... | ૧૦૬ |
| હ૦ રસૂલુલ્લાહ સલ૦ સાથે ચારે અસ્હાબોનું નૂર. | ૧૨૨ |
| હ૦ આદમ અલે૦નો પસ્તાવો અને બક્ષિશ. | ૧૨૮ |
| હ૦ શીસ અલે૦નો એહવાલ. .... .... .... .... | ૧૩૭ |
| હ૦ નૂહ અલે૦ અને તોફાનની હકીકત. .... .... .... | ૧૪૩ |
| હ૦ ઇબ્રાહીમ અલે૦ અને નમરૂદનું બયાન. .... .... | ૧૫૭ |
| હ૦ ઇસ્માઇલ અલે૦ની હકીકત. | ૧૭૩ |
| મક્કા ઉપર હુમલો અને તેનો થયેલો બચાવ. | ૧૯૬ |
| હ૦ પયગમ્બર સલ૦ની પયદાયશ અને નિકાહનું બયાન. | ૨૦૩ |
| આપ (સલ૦)નું પેઢીનામું. .... .... .... .... .... | ૨૧૭ |
| હ૦ ખદીજા (રદી૦) સાથે નિકાહ. .... .... .... .... | ૨૫૪ |
| વહીની શરૂઆત અને પ્રથમ ઇસ્લામ કબૂલ કરનારા. | ૨૬૦ |
| દુશમનોનો ઘરને ઘેરો. .... .... .... .... .... ... | ૨૬૭ |



## " મશાયખી મોમિન "

હ૦ પીર મશાયખ રહ૦ની કિતાબોની વિરૂધ્ધતા કરનારાઓને, તથા તે મહાન બુઝુર્ગના બોધના ખિલાફ બીજાઓની જાળમાં ફસી ઉંધા માર્ગે દોરાયલાઓને " મશાયખી મોમિન " નામના રિસાલામાં તેમની શરારતોના સચોટ જવાબ આપેલ છે; બલ્કે તેમાં તેમની સારી રીતે પોલ ઝાહિર કરવામાં આવી છે.

કિમત **બાર આના** પોસ્ટ ફ્રી. તરત લખો.

## મસ્જીદ, દરઘા અને કિતાબો




હ૦ પીર મશાયખ રહ૦ ના જીવન ચરિત્ર ઉપરથી.

# "દીવાન" સંબંધી દુઆ.

(હ૰ પીર મશાયખ ચિસ્તી રહ૰ એ લખેલ **"દીવાન"** જેમાં ૧૩ ફસલોનો સમાવેશ છે તે—પુરૂં થાય અને તેના**થી** પોતાના માનનારાઓ સારી રીતે લાભ લે તે સારૂ શરૂઆતની આ કિતાબમાં માંગેલ દુઆ મનન કરવા જેવી હોવાથી નીચે આપેલ છે.)

મંય ચાહું 'દીવાન' એ અયસા રે બનાવા,
કામ રે મુરીદકા હોવે પુરા રે ભાવા.

અવર હેખનેકી ઉસે હાજત ના રેહવે,
દીનકી હકીકત સબ ઉસમાંથી લેવે.

ઈલાહી ઉમ્મીદ મુજ પુરા તુંજે કરના,
કરમ તેરેસું યું નેહ મુજે ભરના.

ઉમ્મીદ ઈતની એ તાસીર રે હોવે,
જે એ દીવાનકુ સુને ઉસે કુફ્ર ધોવે.

નસીહત પહોંચે ઉસે દિલ કેરે માંહા,
શયતાન ગાલિબ ઉસે આવે રે નાંહા.

ભી ઉમ્મીદ ઈતની હોવે પુરા એ દીવાના,
જે ઈસે સુને વે લાવે રે ઈમાના.

(હ૰ પીર મશાયખ રહ૰)

બિસ્મીલ્લા હિર્રહમા નિર્રહીમ

# નૂરનામા.

## દીવાને મશાયખની

### ફસલ પેહલી.

૧

સિફત અલ્લાહકી પેહલી રે કીજે,[1]
હો બંદે ખાલિક કે સહી ચંત દીજે. ૧

પેહલા રે પિછાનો યું સુરીજન હારા,
આપ હોરે બંદે એ રહીએ રે બિચારા. ૨

બખાન[2] અલ્લાહકુ હય સગલા રે જાનો,
અન્નત[3] નામૂ ખાલિક રે પિછાનો ૩

જિતની રે બખાના સબ ખાલિક કે નામા,
અલ્લાહ પાક ઝાત બાકી સિફત કે ઠામા. ૪

સબ રે બખાના નામ ખાલિક સુ જાનો,
તો આપ બખાના બંદા મનમાં ના આનો.[4] ૫

પણ બડાઈ રે તુજે ખાલિક રે દેવે,
તો કાએ ના હો બંદા, શિશ ધર લેવે. ૬

---

૧ અલ્લાહની તારીફ દરેક કામમાં પહેલી કરવી જોઈએ. ૨ વખાણ–બુઝુર્ગીની તારીફ. ૩ ઘણા. ૪ બંદો થઈને પોતાના વખાણ ન કરવા બલ્કે દરેક હાલતમાં અલ્લાહની મોટાઈ માનવી.

શુકર ઈનઆમકા નાંહે કયું કીજે,
ઝાહિર કીએસુ ખાલિક રે પતીજે.[૧] ૭

શુકર ખાલિકકા ઝાહિર કરીએ,
ઈનઆમ હકીકત સારી મન ધરીએ. ૮

જે રે છુપાવે ઈનઆમ ઈલાહી,
તો રે બંદા તુજ મન આવે રે બડાહી. ૯

ઈનઆમ હકીકત બોલ જે ના દાખે,
તો શુકર ઈલાહી જીભે કયું આખે. ૧૦

એ તો બાત બંદે પણે કી રે કાંહા,
શુકર રે બના બંદા હોવે રે નાંહા. ૧૧

ભી જે કભી પાયા ઈનઆમ ઈલાહી,
ઉસે જાન દીતા મુજે બદલા કમાહી. ૧૨

તો ભીરે બંદા નાંહી રે કેલાયા,
મુશરિક માંહી એ ભી રે ગણાયા.[૨] ૧૩

જાનો બંદો માંહી બંદે કી રીતા,
તો યું કહીએ ખાલિક મુજે કરમ સુ દીતા. ૧૪

વાસ્તે કમાહી બડાઈ ના લાવે,
બડાઈ ડર બહોતેરા તો બંદા રે કેલાવે.[૩] ૧૫

કહીએ અપના ચારા રે નાંહા,[૪]
રહમાન દેવે જે રે મન માંહા. ૧૬

---

૧ બક્ષીશોનો એહસાન માનવો કે જેથી અલ્લાહ ખુશ થાય. ૨ મળેલી ઇઝ્ઝતને પોતાની કમાઇનો બદલો, ગણવો એ મગરૂરી અને શિર્ક છે. ૩ દરેક મોટાઈ–બડાઇથી ડરવું જોઇએ–બંદાપણાની એજ રિત છે. ૪ આપણી તાકાતનું કામ નથી.

રે તૂહી.

સભી બખાન તુજ તનૂં, બં દે મન તુજ આસ રે,
બં દે મન તુજ આસ,
જો તેરા ગુન મન જાનસે, તો હોકર રેહસે દાસ રે,
તો હોકર રેહસે દાસ.

## ૨

ખાલિક પિછાનો સિફ્ત હય કરની,
શિરક કી રીતા દુર મન ધરની. ૧

મન માંહી સમજે ભી મન સમજાવે,
જૂં ખાલિક રે નામ શિરક ના આવે.[૧] ૨

પેહલી સમજની મન માંહી બાતી,
કે મવજુદ[૨] અલ્લાહ કેરી હય ઝાતી. ૩

કે મવજુદ અલ્લાહ નાંહી, બોલે નાંહા,
કે હય રે કહીએ અલ્લાહ મન માંહા. ૪

ભી કદીમ[૩] કહીએ હય સબોંસુ રે પેહલા,
એ મુશકીલ બુઝના મન નાંહી સેહલા. ૫

કે દુરીજન શયતાન ખતરા રે લાવે,
કે કયાં રે તાંઈ ખાલિક કદીમ કેહલાવે. ૬

યું રે કર ખતરે બહોત રે દેખાવે,
કદીમકી રીતમાં હદ રે બંધાવે. ૭

---

૧ અલ્લાહના બરોબર કોઇને માનવો એ શિર્ક એટલે મોટો ગુનાહ છે.
૨ હાઝિર. ૩ જુનું, જેની શરૂઆત ક્યાંથી થઈ તે કહેવાય નહીં.

જૂં બંદા મન સમજે કદીમ ઈલાહી,
તબ ચોર રે બતાવે કે કીતનેક તાંહી. ૮

યું જંગ રે ચોરા મન માંહી લાગે,
તો અકીદા બંદે કા એ જંગસુ રે ભાગે, [1] ૯

એ તુજે મુશ્કીલ તન માંહી લાગી,
ફિકર દુરીજન જેમન જાગી. ૧૦

એ ગુચન [2] કેરા સુન રે ઉકેલા,
કે સુનતે રે મારગ કોઈ ના ભુલા. ૧૧

અકલસુ દીન હોવે રે નાંહા,
મત કર પંથ કહીં ભૂલે જગ માંહા. ૧૨

યું કર બરજ [3] મન રે અપના,
જૂં સુના હય રે મારગ યું મુજે જપના. ૧૩

મવજૂદ કદીમ અલ્લાહકી હય ઝાતી,
દીન માંહે અયસી સુનીરે મંય બાતી. ૧૪

જવાબ દુરીજનકુ [4] હય રે દેના,
જો ખતરા રે નાંખે તુજ મન મેના. ૧૫

યું ભી ફેર દુરીજન ખતરા રે લાવે,
તો બંદારે સમજ યું રાહા રે બતાવે. ૧૬

કે તુજ તન જીવ વે ખાલિકસું કીતા,
એક ફેરા દરીયાથી લે રે તુજે દીતા. ૧૭

તો ફેરે કેરી કુવ્વત છેહ દરીયા ના પાવે,
યું ફિર દુરીજનકુ લે સમજાવે. ૧૮

૧ દિલમાં ગુંચવાડે ઉભો થઈ અકીદો બગાડે. ૨ ગુંચવણ. ૩ વરતવું.
૪ દુશ્મન–શેતાનને.

કુવ્વત જિતની મન કરે ફેરી,
પણ દરીયા હો કેરી રીત અનેરી. ૧૯

ખતરા યું દુરીજન દુર હય કરના,
એ કદીમ રે અલ્લાહ યું મન ધરના. ૨૦

રે તૂહી.

મવજૂદ અલ્લાહ આપ હય, કદીમ તુ સુબ્હાન રે,
કદીમ તુ સુબ્હાન,
પેહલા પેહલા તુ સહી, જોતાં ઈમાનકી શાન રે,
જોતાં ઈમાનકી શાન.

## ૩

કદીમ રે અલ્લાહ અવ્વલ હય કહીએ,
પેહલાં ઉસથી કસુંએ ના લહીએ. ૧

પેહલાં સબોંસુ કદીમ યું કેહના,
અવ્વલ ઈલાહી યું સમજને લેહના. ૨

બંદા ભી કહીએ બાકી અલ્લાહ કેરી ઝાતી,
એ હય હમેશ યું સુન લો એ બાતી, ૩

ફ્રના કીએ બાઝ એ હંમેશ ઈલાહી,
અંત નાંહી [૧] અલ્લાહકા યું સુનરે ભાહી. ૪

દોઝખી દોઝખ ફ્રના બાઝ જાવે,
બહિશ્તી આપસકી બહિશ્ત માંહે જાવે. ૫

તબ ભી હય બંદે અલ્લાહ કે કહીએ,
યે હય હમેશ યું સમજને રહીએ. ૬

---

૧ છેડો નથી—એટલે અલ્લાહ માટે ફ્રના થવું નથી, તે હંમેશ રેહનાર છે.

અંતકા છેહ સોચીએ રે નાંહા,
એ હય રે હમેશ યું કેહ મન માંહા. ૭

ભી દુરીજન શયતાન ખતરા રે લાવે,
અંત કા સોચ માંહે રે બંધાવે. ૮

વે ખતરા રે નાંખ હે કેહ એ રીતા,
કે દીન હમૂને સુન કર એ લીતા. ૯

જે હુકમ સુના વે દીન હય મેરા,
જે મત કેરા દીન વે કહીએ રે અનેરા.[૧] ૧૦

અબદી હમેશ હય અલ્લાહકી ઝાતી,
એ દીનમાં હુકમસુ સુની અયસી બાતી. ૧૧

ભી ઓનું કુ રે જવાબ યું કર દીજે,
સોચ અપનેમાં સમજને રે લીજે. ૧૨

તુજે કાલ રે બાનેકી ખબર રે નાંહા,
તો અવર કયું બુઝે સુન મન માંહા. ૧૩

લેખે અનંતમાં[૨] કાહે તુ જાવે,
ખબર રે નાંહા તો સોચ કયું આવે. ૧૪

એ ખતરે શયતાનીકુ યું રે સમજના,
એ દીન મોહંમદીમાં હોઈએ રે દાના. ૧૫

અકીદા રે અપના હય દુરૂસ્ત[૩] રે કરના,
અબદી હય અલ્લાહ યું મન ધરના. ૧૬

રે તૂહી.

---

૧ શક પડતો તેમજ અલ્લાહના ફરમાન વિરૂધ્ધનો ધર્મ. ૨ છેવટમાં
૩ સહી-સાચો.

અબદી [૧] ઉસ્કુ બુઝકર, હય હમેશ જાન રે,
હય હમેશ જાન,
અવ્વલ આખિર એ સહી, ઓસે હદ નાંહી પિછાન રે,
ઓસે હદ નાંહી પિછાન..

## ૪

ખાલિક અપના ઝાહેર નાંહા,
કે ઝાતસુ ઠાડા રેહવે જગ માંહા. [૨] ૧

એ ઝાત બદલી ઠાડા રેહતા હય ના કહીએ,
એ ઝાત બિના ઉભા હય યું લહીએ. ૨

જીસમ [૩] ભી રે નાંહા ખાલિક કેરા,
એ સબરે ખલક સુ હય વે રે અનેરા. ૩

મખલુક જયસી ના રે કહો દેહા,
અયસા હય ખાલિક મન કરો નેહા. ૪

અરઝભી [૪] નાંહા ખાલિક કી ઝાતી,
કે પહોળા હય ઈતના એ ના કેહની બાતી. ૫

કુશાદા [૫] હય ઈતના યું ના રે કહીએ.
પહોળા પણે કહેસુ પિછે રે રહીએ. ૬

ભી ખાલિકકુ હદ કહી ના જાવે,
કે ઈતના કે મોટા ખાલિક કેહલાવે. ૭

બુલંદ રે ખાલિક મ્હોટા બહોત કહીએ,
હદ મહોટાઈ કી ના રે કુછ લહીએ. ૮

૧ ફના નથી એવો. ૨ અલ્લાહને કાયમ રેહવા માટે ટેકાની કે સહારાની ઝરૂર નથી. ૩ જીસમ બદન. ૪ પહોળાઈ. ૫ લંબાઈ.

કે ઝમીયાં ને આસમાન માંહે સમાવે,
યું કુછ હદ કહી ના જાવે. ૯

જૂં ઝમીં કેરા છેહ સાત આસમાન કહીએ,
લોહો કલમ અરશ કુરસી લહીએ. ૧૦

ભી દરીયા રે કીતના હય અનંત અપારા,
કે છેહ રે બુઝે સુરીજન હારા. ૧૧

એ સબ માંહી ખલકત બહોત રે બહોતેરી,
રોઝી પહોંચાવે ઓનું ખાલિક સવેરી. ૧૨

જીવ કેરી રગસુ હય ખાલિક નેડા,[1]
યું સબ રે ખલકમાં જૂં પાવે ના છેડા. ૧૩

હેખોને મોટા હય ખાલિક રે કયસા,
સબ રે જીવોં પાસ હય જયાં જયસા. ૧૪

નેકી બના અવર હય જાં બુઝેરે અલ્લાહી,
વહાં ભી હય ખાલિક કેરી રે બડાહી. ૧૫

તો હદ રે ઉસકુ કહી ના જાવે,
તો એ સુન રે બંદા યું મન લાવે. ૧૬

રે તૂહી.

ઝાહિર જિસમ સબથી, પાક હય સુબ્હાન રે,
પાક હય સુબહાન

હદ નાં હી અયસી રબકુ, ઈતના સહી જાન રે,
ઈતના સહી જાન.

૧ કુર્આન શરીફમાં સૂરએ કાફમાં અલ્લાહ ફરમાવે છે કે "**વ નહનો અકરબો ઈલયહે મિન હબલીલ વરીદ**" અને (માણસની) ધોરી નસ કરતાં પણ અમો વધુ નઝદીક છીએ.

૫

અલ્લાહ કે ભી ઝિદ કોઈ ના કહીએ,[૧]
જે કીયા રે ફિરાવે ઝિદ ઉસે લહીએ. ૧

અયસા કોઈ નાંહા કે હુકમ ફિરાવે,
ખાલિક કે કીએસુ લે ઔર રે બનાવે. ૨

યું તો ના હોવે મન સુન લહીએ,
ખાલિકકા ઝિદ તો રે નાં કહીએ. ૩

જે દા'વા દૂરીજન હોય ખાલિક જયસા,
ખાલિક કરે વેભી કરે રે વયસા. ૪

યું તો રે સોચ ના મન કીજે,
ઝિદ રે ખાલિક કા ના મન દીજે. ૫

જો ઝમીં આસમાનમાં ખાલિક દો હોતે,
તો આપ માંહી ઝિદ કર ખલકત રે ખોતે[૨] ૬

યું તો ના હોવે સુનો મન વમાસી,[૩]
તો એક હય ખાલિક યું કીજે મન આસી.[૪] ૭

ભી શયતાન કેરા ખતરા રે આવે,
કે અઝાઝીલ દુશમન કયું રે કેલાવે. ૮

ઉસે તો રે ઝિદ અલ્લાહી ના જાની,
હય આદમકા દુશમન મન સહી માની.[૫] ૯

જો ઝિદ રે હોતા તો લાનત ના પાતા,
ભી કિયામત બાઝ દોઝખ ના જાતા ૧૦

૧ અલ્લાહના બરોબર કે મુકાબલો કરે એવો કોઈ નથી. ૨ પેદા કરેલી ચીજો રેહતે નહીં. ૩ મનમાં વિચાર કરી ૪ એવી રીતે સમજવું. ૫ શેતાને આદમની દુશમની કરવામાં અલ્લાહની નાફરમાનીનો ખિયાલ ના રાખ્યો.

ભી જીવતે મારતા ને મુવે કુ જીલાતા,
ભી મકાન આસમાન કેરા કયું ગમાતા. ૧૧

એતની રે બાતી સોચ કર લીજે,
તો અઝાઝીલ બંદે માંહી રે કહી જે. ૧૨

આદમ જયસા હય અઝાઝીલ બંદા,
પણ્ હો દુશમનીએ પડા ગુનેહ કેરા ફંદા. ૧૩

એક બંદે ને હુકમ કબુલા,
દુજા તો ગુમાન એ કરતે ભુલા. ૧૪

લાનત [1] તોક તો ઉસ ગલેમાં બાયા,
આદમ કા દુરીજન શયતાન કેહલાયા. ૧૫

યું રે અઝાઝીલ બંદે માંહી લહીએ,
નાંહી ઝિદ ખાલિકકા સહી મન કહીએ. ૧૬

રે તૂહી.

ઝિદ નાંહી ખાલિક કે, અલ્લાહ હય સુબહાન રે,
અલ્લાહ હય સુબહાન,
મારે ભી જીવ એ દેવે, અવર નાંહી કો' માન રે,
અવર નાંહી કો' માન.

## ૬

મિસલ રે અલ્લાહ કે કસૂં એ નાંહા, [2]
એ ભી અકીદા સુનો મન માંહા. ૧

કે અલ્લાહ કેરી ઝાતી હય અયસે રંગ જયસી,
યું ભી ના કહીએ ઝાત અયસી કે કયસી. ૨

---

૧ ફિટકાર. ૨ અલ્લાહ જેવી કોઈ ચીજ નથી.

ભી નીંદ ભી નાંહા એ ખાલિક કેરા,
અલ્લાહ સુબહાન સબસું રે અનેરા. ૩

અલ્લાહ કે બરાબર કોઈ કહયા ના જાવે,
કે એ હય રે તોલે અલ્લાહ કેરે આવે. ૪

કે કુદરત રે કાદિર[૧] જયસી એભી કરે,
યું બરાબરી મન નાં રે ધરે. ૫

અલ્લાહ હય રે સુબહાન[૨] સબું સૂં નિયારા,
બુઝારે મનમાં યું સુરીજન હારા. ૬

તો ઉસકે રે તોલે અવર નાં કહીએ,
વાહિદ[૩] અલ્લાહ બાકી બંદે રે લહીએ. ૭

તરફકી આસ ભી અલ્લાહકુ રે નાંહા,
કે ઈસ દૅશ રેહવે કે ઈસ દૅશ માંહા.[૪] ૮

ભી ઝમીં રે આસમાન કયાં ના જાવે,
મુકામ અલ્લાહકા બંદા રબે રે બતાવે. ૯

ઉસે તો મુકામ કા નાંહી રે કોઈ કામા,
જાું સિફ્ત અલ્લાહકી હય સુબહાન નામા. ૧૦

દેખો ઝમીન આસમાન કછું જબ નાંહા,
તબ રે એ ખાલિક રેહતા કિસ જાંહા. ૧૧

ભી પવન રે ખલકત અલ્લાહકી કેહલાવે,
ભી ઉસ કેરા ઠામ બંદા રે ના પાવે. ૧૨

---

૧ કુદરતવાળો—દરેક ઉપર કબ્જો ધરાવનાર. ૨ બધી અયબોથી પાક. ૩ એકલો. ૪ આ દીશાએ કે બીજી દીશાએ એમ કહી શકાય નહીં.

પવન ચૌ દીશ [૧] હય સબ જગ ભરીઆ,
પણ ઠામ ના પાવે અયસા રે એ કરીઆ. ૧૩

તો ખાલિક ઠામ કહીએ કિસ રીતા,
જે ઠામ કેહનેકા હુકમ ના દીતા. ૧૪

ભી દેખને જીવ તુજ તન માંહા,
ઉસકે રેહનેકી તુજે ખબર રે નાહા. ૧૫

જહાં કુછ લાગે વહાં તન રે દેખાવે,
જે જીવ રે રેહનેકી તુજે ખબર ના પાવે. ૧૬

તો ખાલિક મકાં સોચ ના કીજે,
વે મુકામ શી પાક હે એક ચંત દીજે. ૧૭

રે તૂહી.

ખાલિક મિસાલ કુછનાં, નીંદ નાંહી ઉસ તન રે,
નીંદ નાંહી ઉસ તન,
વે રેહને સુ પાક હય, નાંહી કહીએ મકાન રે,
નાંહી કહીએ મકાન.

૭

અલ્લાહ કુ હય દેખના બહિશ્ત [૨] માંહી જાનો,
દીદાર અલ્લાહકા સહી રે પીછાનો. ૧

પણ મકાન ના દૅશ કછું કહી રે ના જાવે,
બંદા અકીદે કુ સાચા અયસા રે બનાવે. ૨

૧ ચારે તરફ. ૨ જન્નત.

ભી જાનરે ખુદા કુ કસું શય[૧] કહીએ,
કે દેખને જયસા હય યું મન રે લહીએ. ૩

પણ અલ્લાહ જયસી શય એ કુછ રે નાંહા,
અલ્લાહ જયસા અવર કુછ નાંહી દૂનિકે રે માંહા. ૪

કે ઉસે દેખ નમુના અલ્લાહ કેરા કહીએ,
કે હય અલ્લાહ રે અયસા યું મન લહીએ. ૫

અયસા તો નમુના ના કહા રે જાવે,
મિસલ ખાલિકકી કછું ના કેહલાવે. ૬

વે વાહિદ એક હય યું મન લેના,
કે શરીક[૨] દૂજા વેસા અવર ના કેહના ૭

કે ભાઈ ભી નાંહા દૂજા ઉસ જયસા,
કે ઉસ્કુ ભી શરીક કહીએ ભી વયસા. ૮

તો અલ્લાહ રે ઝાત પાક રે લહીએ,
કુટુંબ કબીલા ઉસકુ ના કહીએ. ૯

ભી જીવતા હય અલ્લાહ આપસ હયાતી,
વે હય્યે[૩] હય આપ કહીએ એ બાતી. ૧૦

ભી કાદિર અલ્લાહ હય કુદરત પર કહીએ,
આપસકે ઓરે કુદરત રે લહીએ. ૧૧

કે કેને ઓર[૪] દીયા એ કહયા રે ના જાવે,
કે ઓસ ઓર અલ્લાહ કાદિર કેહલાવે. ૧૨

---

૧ ચીઝ-વસ્તુ. ૨ હિસ્સેદાર—એના જેવો બીજો. ૩ જીવતો.
૪ તાકત-શકિત.

તો કુદરત સુ એસે કાદિર કહીએ,
જો ચાહતા સો કરે સહી મન લહીએ. ૧૩

રે તૂહી.

બહિશ્ત માંહે ઉસે દેખના, હય કસુ શય સુન બાત રે,
હય કસુ શય સુન બાત;
ઉસ જયસી કછુ શય નાંહી, હય કાદિર કુદરત જાન રે,
હય કાદિર કુદરત જાન.

૮

વે જીવતા હય આપસકી હયાત હો સેતી,
ના કહીએ અલ્લાહકી ઉમર હય કેતી. ૧

વે કિનને જીલાયા યું કહયા રે ના જાવે,
વે આપ હયાતે જીવે યું રે બતાવે. ૨

વે મુરીદ [૧] હૈ આપસકે ઈરાદેસુ કહીએ,
વે ચાહતા હય આપસકે મનસું યું લહીએ. ૩

કહે રે કીસીકે વે ચાહવે રે નાંહા,
વે ચાહવે રે ખાલિક જો આપ મન માંહા. ૪

વે આલીમ હય એલમ આપસું દાના, [૨]
નાંહી રે અલ્લાહસુ કુછ રેહવે છાના. ૫

કોઈ ઉસે કેહવે એ હાજત નાંહા,
વે આપસું બુઝે જો ખાલિક માંહા. ૬

૧ ઇરાદાઓ ઉપર કાબુ ધરાવનાર. ૨ ઇલિમ-જાણ બીજાથી નથી આવ્યું, તે પોતાની ઝાતથીજ બધું જાણનાર છે.

વે કાનોસું હય સુનતા દેખે વે હય નેના,
જે રે કછું ફેલ[1] હય ખલકત મેના. ૭

પણ અપનું હો જયસા દિમાગ[2] જે નાંહા,
કે અવાઝ કાનોકા સુને ઓસ માંહા. ૮

ભી દિલ રે ના અપનૂં રે જયસા,
કે દિલસું સમજ જું હય રે વયસા. ૯

આંખકી ભી પાંપણ ઉસે નારે કહીએ,
કે અપને જેસી પલક ના રે લહીએ. ૧૦

ભી કાન રે ઉસકુ કહે રે ના જાવે,
કે અપનું રે જયસે અકલમાં ના આવે. ૧૧

અકીદા રે અપના અયસા રે કરીજે,
નાંહી અપનૂં વે જયસા યું ચંત દીજે. ૧૨

કુદરત સુ વે સુન યું કહીએ,
અવર ભી કુદરતસુ સબ રે લહીએ. ૧૩

અપને રે જયસા કુછ કહીએ રે નાંહા,
વે પાક હય સબુસૂં એ બુઝો મન માંહા. ૧૪

અયસા હય ખાલિક સુરીજન હારા,
નિત યું કહીએ હો બંદા રે બિચારા. ૧૫

રે તૂહી.

વે જીવે હયાત આપસું,[3] વે દાના આપો આપ રે,
વે દાના આપો આપ;
વે સુને દેખે સબ કુછ, હોય ધરમ કે પાપ રે,
હોય ધરમ કે પાપ.

---

૧ અમલ-વર્તણુંક. ૨ ભેજું. ૧ પોતાની ઝિંદગીથીજ જીવે છે.

૯

વે તકલ્લુમ[१] કરતા હય કલામ સુ લહીએ
કલામ ભી કદીમ હય યું કહીએ. ૧

બોલતા હય અલ્લાહ બોલી સૂં કહીજે.
વે બોલા ભી હય પેહલા એ યું ચંત દીજે ૨

જૂં અલ્લાહ હય કદીમ ત્યું બોલી ભી જાનો,
નવી હુઈ પયદા યું ના રે માનો ૩

કદીમ હય બોલી એ મનમાં સમજના,
કલામ સો બોલીકા નામ મન ધરના. ૪

કલામભી ઠાડા હય[२] આપસકી ઝાતા,
યું ના કે ચુપ રહે ભી કરે બાતા. ૫

યું કહીએ અલ્લાહકી જૂં ઝાત હય કદીમા,
તયકા હય બોલતા આપ રે કરીમા. ૬

જે બોલને ચુપ રહે ફિર જે બતાવે,
તો કલામ નવા ને જુના કેલાવે. ૭

યું તો રે કહીએ જાવે રે નાંહા,
બોલતા હય હમેશ એ દીજે ચંત માંહા. ૮

એ કદીમ જૂં ઝાતા ચૂપ નાંહી રહયા,
તો કદીમ કલામ હય કહયા રે ગયા. ૯

તો કલામ ભી ઝાતસુ ઠાડા હય કહીએ,
બંદે રે જયસી બોલી ના લહીએ. ૧૦

१ કલામ કરવું-બોલવું. २ બોલવું ચાલુ છે.

ભી કલામ રે ઉસકા હરફ સૂં નાંહા,
કે અખરસુ[1] લિખીયા કાગળ રે માંહા, ૧૧

ઉસ્કી બોલીમાં અખર રે નાંહા,
જૂં બંદા બોલતા અખરૂંકે માંહા. ૧૨

ભી ઉસ્કી રે બોલીકુ નાંહી અવાઝ,
જૂં બંદા હાંક મારે[2] આપસકે કાજા. ૧૩

જો કલામ ઈલાહી અવાઝ ગરઝતા,
તો સબ કોઈ બંદા વે બોલી રે સુનતા. ૧૪

નબી ને નૂરી અયસી કહીએ રે ઝાતી,
જે અલ્લાહ રે બતાવે વે મન બુઝે બાતી. ૧૫

તો કેહ અલ્લાહ બંદે જયસા નાંહા,
વે પાક હય સુબહાન યું રાખ મન માંહા. ૧૬

રે તૂહી.

તકલ્લુમ કરે કલામસુ, હય કદીમ કાયમ ઝાત રે,
હય કદીમ કાયમ ઝાત;
અખર નાંહી અવાઝભી, હય કલામ અયસી ઝાત રે,
હય કલામ અયસી ઝાત.

૧૦

કલામ હય ઉસકા હુકમ રે પઠાવે,
ભી મન કરને ખબર રે બતાવે. ૧

૧ અક્ષરથી. ૨ અવાઝથી બોલે.

કદીમ હય કલામ એ તીન રીત માંહા,
અવરભી રીત કહીએ રે નાંહા. ૨

જૂં કદીમ હય અલ્લાહ હુકમ હય કરતા,
હય હુકમ ને મને સાથ મન ધરતા. ૩

મને ભી હય કરતા હુકમ કહીએ,
કદીમ કલામ હય યું લહીએ. ૪

યું કર યું હય[1] કલામ ઈલાહી,
ચુપ નાંહી રહયા દેખોને બડાહી. ૫

જૂં કદીમ રે અલ્લાહ ત્યું ઓસ્કા રે કલામા,
કલામકુ મખ્લુક કહીએ ના નામા. ૬

અવલ અલ્લાહીકા છેહ ના જાનો,
કલામ ભી અયસા હય રે પિછાનો. ૭

મખ્લુક કલામ કહયા ના રે જાવે,
મખ્લુક કેહતે ઈમાન ગમાવે. ૮

જૂં કદીમ રે ઝાત હય કલામ રે વયસા,
તો ઠાડા રે ઝાતસૂં કલામ રે કયસા. ૯

ઝાતસૂ રે ઠાડા હય કદીમ કલામા,
તો કલામકુ મખ્લુક કહીએ ના નામા. ૧૦

ઠાડા હય કલામ વે રીત એ લહીએ,
કે કદીમ હય બોલતા અબ તાંહી કહીએ. ૧૧

પિછે જિસ નૂરીકુ સોંપા જે કામા,
વે કલામથી સુને જબ આવે કામ નામા. ૧૨

૧ એવું ને એવું ચાલુ છે.

તબ ઉઠ કામ સર વાં થી રે ધાવે,
જયસા રે હુકમ કલામ માં આવે. ૧૩

એ નૂરી સગળે કરે યું કામા,
જ્યાં પાવે રે કલામમાં આખે કામ નામા. ૧૪

પણ કલામ રે કદીમ હુવા હય કરતા,
હય જયસા જિસ કામા વે નૂરી મન ધરતા. ૧૫

યું કલામ હય કદીમ મખ્લુક નાંહા,
યું કર બુઝના આપ મન માંહા. ૧૬

રે તૂહી.

કદીમ કલામ ઓસકા, મખ્લુક નાંહી ઝાત રે,
મખ્લુક નાંહી ઝાત;
ખાલિક કદીમ જૂં આપ હય, ત્યું કલામભી સુન બાત રે,
ત્યું કલામભી સુન બાત.

## ૧૧

અલ્લાહ હય ખાલિક [૧] સબ શય [૨] કેરા,
આપ હય ઝાતૂં સબ સે અનેરા. ૧

હય પયદાકા કરનાર એ ખાલિક મેરા,
સબ શય મખ્લુક એ ખાલિક કેરા. ૨

હય પયદાકા કરનાર સબકુ ઈલાહી,
દેખોને ખાલિક કેરી રે બડાહી. ૩

રિઝક હય દેતા જિસ તન જીયા,
તો દેખોને રઝ્ઝાક [૩] અલ્લાહ નામ કીયા. ૪

૧ પયદા કરનાર. ૨ ચીઝ. ૩ રોઝી આપનાર.

જીવ સબોંકુ હય રોઝી રે પહોંચાવે,
ઓસ કે રે લેખે[1] સબ જીવ આવે. ૫

ભી હય સબોંકુ જીલાતા જિતના રે જીયા,
જૂં મોહીયો[2] નામ આપસકા કીયા. ૬

એ જીવ હય દેનાર સબ તન માંહા,
જીલાનાર ઓસ બના અવર રે નાંહા. ૭

એ મારનાર સગળે જીવોંકુ કહીએ.
ઉસ બના મારે કોઈ અવર ના લહીએ. ૮

હય મારનાર સગળી ઝાત હો કેરા,
ઉસસૂ છુપા 'કો' રેહવે ના અનેરા. ૯

એ હકીમ[3] હય આપસકે ફયલોં રે માંહા,
હિકમત બિના[4] કુછ કીયા હય નાંહા. ૧૦

જૂં દરીયા ને કોતરાં ડૂંગર પાણી,
ભી અવર નિશાની જે આપણૂં ના જાણી. ૧૧

સબ ખાલિક કેરી હય હિકમત માંહા,
અમથા રે કછુએ કિયા હય નાંહા. ૧૨

ભી હય મોતફઝિલ[5] આપ અલ્લાહી,
બંદેકુ બતાવે કરો રે કમાહી. ૧૩

બંદેકુ કમાહી હય અલ્લાહ રે કરાવે,
પણ કમાહી ખાલિકકુ કામ ના આવે. ૧૪

૧ ગણત્રીમાં. ૨ જીવતા કરનાર. ૩ દાના–સમજદાર. ૪ સબબ વગર. ૫ ફઝીલતવાળો–બડાઈવાળો.

બંદેકુ કમાહી હય કરાતા રે કહીએ,
ઉસમાં ફાએદા ના અલ્લાહકુ લહીએ. ૧૫

જૂં બંદા રે બંદેકુ કામ રે કરાવે,
લાભ કુછ વાસ્તે ઉસે રે બતાવે. ૧૬

ખાલિકે યું કુછ કીયા ના જાવે.
જૂં મોતફઝિલ ઉસકી સીફત કેહલાવે. ૧૭

તો બંદા રે હોકર ઈતના રે લેના,
અલ્લાહ મોતફઝિલ યું ઝાત કેહના. ૧૮

રે તૂહી.

શય સગળીકા ખાલિક, રાઝિક સબોંકા જાન રે,
રાઝિક સબોંકા જાન;
મારે વોહી જીલાવશે, અયસા એ રહમાન રે,
અયસા એ રહમાન.

## ૧૨

અલ્લાહ હય અદલ હુકમ કે માંહા,
અદલ બના હુકમ કરે રે નાંહા. ૧

એ સિતમ કીસી પર કરનાર નાંહી,
હય અદલસુ કરતા સબ રે એ સાંહી. ૨

સીફત અલ્લાહકી હય કદીમ જાનો,
જૂં કદીમ ઓસકી ઝાત પિછાનો. ૩

ભી સીફત અલ્લાહકી ઝાત રે ના કહીએ,
ભી ઝાતસૂ રે જૂદી સીફત ના લહીએ. ૪

જૂં બંદોને રે રહીમ બખશન હારા,
એ સીફ્ત અલ્લાહકી હય બુઝોને બિચારા. ૫

કે બખશનહાર અલ્લાહ બિના ના કહીએ,
તો અલ્લાહ બિના એ સીફ્ત અલગી ના લહીએ. ૬

સબ સીફ્તકી જાનો એ રીતા,
સબ સીફ્તોં પર આપ હય મીતા.[1] ૭

તો સીફ્તોં કો અલગી કહી રે ના જાવે,
કે અયસી સીફ્તસુ કીસે રે બતાવે. ૮

તો કહીએ જૂં કદીમ હય અલ્લાહ કેરી ઝાતી,
ત્યું સીફ્ત ભી કદીમ કહીએ એ બાતી. ૯

પણ ઝાત અલ્લાહકી સીફ્તે ના કહીએ,
ભી ખાલિકસુ અલગી ના સીફ્ત રે લહીએ. ૧૦

અકીદા યું કર સહી હય કરના,
જૂં રે પંદ[2] લિખીયા ત્યું મન માંહી ધરના. ૧૧

ભી ફૈલ[3] બંદેકે ખાલિકે કીતે,
ઉત્તમ ને મધમ એકઠે લીતે. ૧૨

ભી કરે ફૈલોંકો અલ્લાહ રે હય ચાવે,
જયસા રે ફૈલ લેખે રે આવે. ૧૩

ભી કસબ[4] બંદેકુ ફૈલોંકા કીયા,
ફ્યલોંકા બંદોંકુ કસબ રે દીયા. ૧૪

તો ફ્યલોંકો કહીએ હય ખાલિકે કીતા,
પયદા કર બંદોંકુ કસબ રે દીતા. ૧૫

૧ કાબુ ધરાવનાર. ૨ નસીહત–શિખામણ. ૩ કર્તવ્ય–વર્તણુક. ૪ કામ–સમજ

કસબ કીએ બાઝ હય અલ્લાહજીરે ચાવે,
જયસા રે બંદા ફયલ રે કમાવે. ૧૬

હય ખાલિક અયસા ચિંત માંહી દીજે,
નિત ઉઠી મનમાં યાદ કરીજે. ૧૭

રે તૂહી.

હુકમમાં આદિલ આપ હય, કદીમ સિફ્ત જૂં ઝાત રે,
કદીમ સિફ્ત જૂં ઝાત.
બંદોકો મખલુક ફૈલ કર[1] કસબ કીયા સુન બાત રે,
કસબ કીયા સુન બાત.

## ૧૩

કાતીમાંહી અલ્લાહ ઉતરા ના જાનો,[2]
કે ઉસમાંહી ખાલિક આયા યું ના માનો. ૧

કે મખલુક માંહી યું કહયા નારે જાવે,
એ ઝાત માંહી ઉતરા યું નારે કહાવે[3] ૨

બડાઈ ખાલિકકી કુ હદ રે નાંહા,
વે તો ના ઉતરે મખલુક માંહા. ૩

જો ખાલિક ઉતરા કેહવે મખલુક માંહા,
તો દોઝખ બિના ઓર ઠામ રે નાંહા.[4] ૪

ભી સુબહાન અલ્લાહ ઝાત રે કહીએ,
ભી ઉસ માંહી ઉતરા યું કછુએ ના લહીએ. ૫

---

૧ બંદાના કર્તવ્યોને પેદ કરી. ૨ અલ્લાહ કોઇ પણ ચીઝમાં કે ઝાતમાં ઉતર્યો નથી. ૩ અલ્લાહ કંઇ પણ રૂપ ધારણ કરીને કે બીજી રીતે અવતાર લીધો નથી. ૪ અવતાર માનનારાઓનું દોઝખમાં ઠેકાણું થશે.

કે મખ્લુક ખ્યાલિક માંહે એ ના આવે,
એ ખ્યાલિક માંહી ઉતરા યું કહા રે ના જાવે. ૬

જૂં કેહતે હંય કાફ્રિર શરાવક નામા,
કરે જે બંદા કમાહી કા કામા. ૭

વે નિરંજન માંહે નૂર હો જાવે,
નૂર માંહી નૂર આવ રે ભેલાવે. ૮

એ તો હય કેહના કાફ્રિરાં કેરા,
તો ઓનુકુ હય દોઝખ ઠામ બોતેરા. ૯

તો કહીએ સુબહાન ખ્યાલિક ઝાતા,
કો' ઉસમાંહી ઉતરે એ કેહના નાંહી આતા. ૧૦

ભી અલ્લાહપાક હય મધે ઝાત સિફાતા,
સુબહાન ખ્યાલિક કેરી રે ઝાતા. ૧૧

ભી સિફ્ત કો' ઝાતસી કરના દુરી,
ભી સિફતકો ભાનને ના કરરે અધુરી[1] ૧૨

ભી આજિઝ[2] ના હોવે સિફ્ત રે માંહા,
જૂં રહમાન[3] દેતે ખુટે રે નાંહા. ૧૩

ભી રે સિફ્ત નવી ના રે કર કહીએ,
કદીમ હય સિફ્ત યું મન લહીએ. ૧૪

ભી એ કે સિફ્તકો દૂર નારે કરે,
હય અયસા રે ખ્યાલિક બંદા મન ધરે. ૧૫

સિફ્ત ઝાતમાં અલ્લાહ કામિલ[4] કહીએ,
એ દોનૂમાં અધુરા નાંહી રે લહીએ. ૧૬

[1] ભાગ પાડીને ઓછી ના કરવી. [2] લાચાર. [3] આપનાર–બક્ષનાર. [4] સંપૂર્ણ–પુરેપુરો.

સિફ્ત ને ઝાત રબને પયદા સબ કીતા,
બંદેને અકીદા યું સહી મન દીતા. ૧૭

રે તૂહી.

ના ઉતરા તુ કાતમાં, ના ઉતરે કછુ તુજ માંહે રે,
ના ઉતરે કછુ તુજ માંહે;
કામિલ સિફ્ત હય ઝાતમાં, એ પયદા કીએલા નાંય રે,
એ પયદા કીએલા નાંય.

૧૪

હય બોલ સાચા અલ્લાહજી હો કેરા,
જે કરે વાયદા ખાલિક રે મેરા. ૧

હય વાયદા કીયા કે બહિશ્ત દેવેગા,
જે બંદા આબીદ[1] સો જા લેવેગા, ૨

ભી બહિશ્તકે નિયામતકા વાયદા હય કરીયા,
વાયદાભી દીદાર કેરા હય મન ધરીયા. ૩

ભી અવર રે વાયદે અલ્લાહજી હય દાખે,
વે સાચે રે વાયદે સાચે સહી આખે. ૪

ભી ઝાંસે[2] હય સાચે અલ્લાહ કેરે કહીએ,
જે કહયા સો કરેગા સહી મન લહીએ. ૫

કે કિયામત આવે એ સાચા રે ઝાંસા,
ગુનાહ રે પુછેગા જૂં હિસાબ તે ફાંસા[3] ૬

અવરભી ઝાંસે જે દોઝખ કેરે,
ઉસ બના દૂજે હય રે બહોતેરે. ૭

૧ ઈબાદત કરનાર. ૨ ચેતવણીઓ. ૩ હિસાબ લખાયા મુજબ.

એ સાચે હંય ઝાંસે જે કહયા સો કરેગા,
તબ દેખ બંદા બહોત રે ડરેગા. ૮

ઝૂઠા રે ઝાંસા ઓસકા ના કહીએ,
એ સાચા હય બોલ, સાચા રે લહીએ. ૯

ઝૂઠા રે ઝાંસા અલ્લાહ કેરા નાંહા,
તો સાચા હય બોલા વાયદોં કે માંહા. ૧૦

અયસા હય ખાલિક મન માંહે રાખો,
અકીદા રે સાચા યું કર દાખો. ૧૧

સિફ્ત અલ્લાહકી એ લિખે જયસી કીજે,
અયસા હય અલ્લાહ મન માંહે દીજે. ૧૨

પરથમ ખાલિક અયસા રે જાનો,
તો બના અવર કો' મન ના આનો. ૧૩

એક યું અલ્લાહ હય રે સહી કરના,
અકીદા જે લિખા ત્યું મન માંહી ધરના. ૧૪

તો મુશરિક માંથી જૂદા રે કેલાવે,
તો બંદે ખાલિક કે માંહી રે ગણાવે. ૧૫

તો સમજ એ બંદે હોકર રહીએ,
તો મનમાં નિત ઉઠ ઈતના કહીએ, ૧૬

રે તૂ હી.

સાચે વાયદે રબ્બકે, રાખો એ મન આસ રે,
રાખો એ મન આસ;

ઝાંસે ભી સાચે જાનકર, ગુનાહસું કરો ડર નાસરે.
ગુનાહસું કરો ડર નાસ.

## ૧૫

સિફ્ત અલ્લાહકી પેહલી યાદ કરની,
જૂં પરગટ દાખી[1] વચસી મન ધરની. ૧

ભી નબી રે યાદ કરો ને અપના,
મોહંમદ નામ કલમા હય જપના. ૨

બંદોમાં નબીકુ કામિલ[2] રે કહીએ,
નબી સારોંકા પાદશાહ રે લહીએ. ૩

નૂર નબીકા પેહલા રે જાનો,
મખ્લુક સબોંસું પેહલા રે પિછાનો[3] ૪

નૂર નબીકા પેહલા રે કીતા,
નૂરકુ રે નામ મોહંમદ દીતા ૫

નબી નૂર સેતી ખલકત નીપાઈ,
જિતની રે મખ્લુક પયદા કેલાઈ. ૬

તો નબી રે આપ જીવોંકે કેલાએ,
જે જીવ નબીકે નૂરે નીપાએ. ૭

તો દેખોને નૂર નબી પેહલા કીતા,
નામ મોહંમદ નૂરકુ રે દીતા. ૮

કીએ બાઝ રોશન નૂર હુવા કહીએ,
તબ ઝાહિર હુવા દેખે જયસા લહીએ. ૯

ઝાહિર બાઝ બેગે હુવા જાનો,
તબ બોલને લાગા એ સહી માનો. ૧૦

---

૧ ઝાહિર બતાવી તેવી. ૨ ઉંચા દરજ્જે પહોંચેલા. ૩ હ. પયગમ્બર (સલ.) એ ફરમાવ્યું છે કે, **"અવ્વલો મા ખલકલ્લાહો નૂરી"** યાને અલ્લાહે સઉથી પેહલા મ્હારૂં નુર પયદા કીધું. (હદીસ)

બોલના ભી તસબીહથી[1] નૂર કેરી,
સના ભી ખાલિકકી કીતી રે બહોતેરી. ૧૧

તસબીહ રે માંહે હય બહોત બાતાં,
કલમેકો ઘોર કહે અવર સિફાતાં[2] ૧૨

તસબીહ ને સના[3] નૂરને યું કીતી,
મુદદત ઉસકી કહીએ ના કેતી. ૧૩

બાર રે પરદે ખાલિક રે કરીએ,
નૂર નબીથી સહી મન ધરીએ. ૧૪

નામ પરદોંકે યું કર આખું,
બાર હય જુજવે નામસું દાખું. ૧૫

તો દેખોને મોહંમદ નબી રે કહીએ,
બાપ સગળે જીવોંકે રે લહીએ, ૧૬

તો હુવે એ વસીલા કિયામત માંહા,
શફાઅત ઓનુ બિના કરે કો' નાંહા. ૧૭

કે બાપ રે છતે નાંહી પુતરકા ચારા,
તો અવર શફાઅત કયું કરે કો' બિચારા. ૧૮

તો ઉમ્મત નબીકી, ઉનકી હો રહીએ,
શફાઅત નબીકી મન રાખ કહીએ. ૧૯

રે તૂહી.

નબી મોહંમદ મુસ્તફા, ઘોર ખાલિકસુ મખ્લુક જાનરે,
ઘોર ખાલિકસુ મખ્લુક જાન,
જગ સબી નબી નૂરથી, ખાલિકે કીયા પિછાન રે,
ખાલિકે કીયા પિછાન.

---

૧ ખુદાને યાદ કરવો—તેનો ઝિકર કરવો. ૨ કલમાને પહલો કહી પછી બીજી તારીફ કીધી. ૩ તારીફ.

૧૬

પેહલા પરદા કુદરત[1] રે કેરા,
નામ યું ઉસકા જાનો રે અનેરા. ૧

દૂજા તો અઝમત[2] કેરા રે કહીએ,
અઝમત કરામાત એક નામ લહીએ. ૨

તીજા તો પરદા ઈઝઝત કહાયા,
ઈઝઝત ભી બડી નામ ધરાયા. ૩

ચોથા રે પરદા જબ્બરૂત[3] નામા,
હાલકુ નેક કર બાંધને કા ઠામા. ૪

પાંચમા પરદા હયબત કા જાનો,
ડર ને બઝુરગી કાજ એ માનો. ૫

છઠ્ઠા પરદા રહમત રે નામા,
દેખો ખાલિક કેરે રે કામા. ૬

સાતમા પરદા મિન્નત[4] કહાવા,
સાતમા પરદા અયસે નામ કહાવા. ૭

આઠમા પરદા બહા[5] કેરા કીતા,
ઓસકુ તો રે નામ અયસા રે દીતા. ૮

નવમા પરદા કીબરીયા કેહના,
બરસાં બડેકા નામ એ લેના. ૯

દસમા પરદા રફ્અત કહીએ,
બુલંદી કેરા નામ એ લહીએ. ૧૦

૧ તાકત. ૨ બડાઈ. ૩ ઝબરદસ્ત. ૪ એહસાન. ૫ અમૂલ્ય–કિમતી.

અગિયારમા પરદા મંઝીલ[1] નામા,
દૂજા નામ નેક બખ્તોંકા ઠામા. ૧૧

બારમા પરદા શફાઅત કહાવા,
સઆદતર[2] ભી ઉસકા નામ ધરાવા. ૧૨

બાર રે પરદોંકા જાનો એ નામા,
નબી નૂર થી કીયા એ કામા. ૧૩

હુકમ ખાલિક કીયા ઉસ બાઝા,
મધે ઉસ પરદોં કે જાને રે કાજા. ૧૪

કુદરત પરદા કહીએ જે નામા,
હુવા હુકમ નબી તમે જાઓ ઉસ ઠામા. ૧૫

નબી પેહલે પરદેમાં હુકમ સું ગએ,
નબી અલ્લાહ અલ્લાહ યું કરતે રે રહે. ૧૬

બાર હઝાર બરસ રે કહીએ,
નબી વાં રહે એ સચકર લહીએ. ૧૭

વાહિદ પણા ખુદાકા સમજ ને લીતા,
અલ્લાહ નાંહી ગાફિલ ઉસે યાદ કીતા. ૧૮

રે તૂહી.

પેહલે નબી નૂરસુ, કીએ ખાલિકે જાન રે,
કીએ ખાલિકે જાન;
બાર પરદે એ નૂરસુ, ખાલિક કીએ માન રે,
ખાલિક કીએ માન.

---

૧ ઠેકાણું. ૨ નેકબખ્તી.

## ૧૭

દૂજા રે પરદા અઝમત રે નામા,
હુકમ સુ નબી ગએ ઉસ ઠામા. ૧

દાખિલ હોતે નબીને યું આખા,
તસ્બીહ કરને કા બોલ રે દાખા. ૨

સુબ્હાન યઅલમુસ સિર્ર વ અખ્ફા,[1]
પરદેમાં પેઠતે હય બોલ કહે સફા. ૩

અગિયાર હઝાર બરસ રે કહીએ,
નબીજી વાં રહે એ સચ કર લહીએ. ૪

સુબ્હાન અલ્લાહ તસબીહ માંહિ સહી કીતી,
પીત ખાલિક કી બહોત મન દીતી. ૫

હુકમ ખાલિકે બાઝ રે પઠાયા,
પરદા તીજા જાનેકુ રે દેખાયા. ૬

ઈઝ્ઝત અઝીમુશશાન પરદા જે કહીએ,
નબીજી સિધારે વાં હુકમ સુ લહીએ. ૭

પરદેમાં પેઠતે દેખો કયા રે આખા,
સુબ્હાન મન્નાન[2] કેહ કર દાખા. ૮

બરસ હઝાર દસ રે ગહે,
વહાં પણ અલ્લાહકુ યાદ કરતે રહે. ૯

બાઝ તો ખાલિક કીયા રે હુકમા,
પરદા હયબતકા નબી જાઓ ઉસમા. ૧૦

હયબત કે પરદેમાં નબીજી સિધારે,
નામ મોહંમદ ખાલિક કે પિયારે. ૧૧

---

૧ અલ્લાહ બધી ભેદભરી વાતો જાણે છે. ૨ પાક અને એહસાન કરનાર.

પેઠતે તસબીહ સુબહાન અલ્લાહ કીતી,
દેખો ને બિગત કયસી ચંત દીતી. ૧૨

સુબ્હાન અલ્લાહ હોવલ ગની અનલ ફકીરા,[૧]
હમેશ એ તસબીહ કીતી મન ધીરા. ૧૩

નવ રે હઝાર બરસ તો રહે,
નબી જબ પરદે હયબત કે ગહે. ૧૪

પાકી રે ખુદાકી યાદ બહોત કીતી,
બડાઈ અલ્લાહકી યું નિત મન દીતી. ૧૫

રે તૂ હી.

પરદે ભીતર જયકર, દેખો ખાલિક નેહ રે,
દેખો ખાલિક નેહ.
ઉમ્મત ઓનુકી હોઈએ, તો કુછ પાહીએ છેહ રે,
તો કુછ પાહીએ છેહ.

૧૮

બાઝ ખાલિક હુકમ રે પઠાયા,
જબરૂત પરદા નબી કુ દેખાયા. ૧

જાઓ ને નબી ઉસ પરદે કે માંહા,
તુરત સિધારે ધીર કીતી રે નાંહા. ૨

પરદેમાં પેઠતે તસબીહ કીતી,
સુબહાન અલ્લાહ કેરી તસબીહ લીતી. ૩

૧ તુ ગની છે અને હું ફકીર છું.

સુબ્હાન મન હોવા હઈયુલ લાએમુત કહીએ [૧]
પાકી ઓસે જીવતા હય મુવા નાં વે લહીએ. ૪

આઠ હઝાર બરસ ઉસ ઠામ ગહે,
જલાલકી[૨] તસબીહ નબી કરતે રે રહે. ૫

ખાલિક હુકમ બાઝ રે આખા,
રહમત કે પરદેમાં જાઓ યું દાખા. ૬

સુબ્હાન અલ્લાહ તસબીહ નબીજી ભણાવે,
તસબીહ રે ભણતે પરદેમાં જાવે. ૭

તસબીહ હો ફેરી હય બહોત રીતા,
સુબ્હાન અલ્લાહ બોલ ટોચે હય કીતા. ૮

પરદેમાં જાકર ભી તસબીહ કીતી,
સુબ્હાન અલ્લાહ તસબીહ બિગતસુ લીતી. ૯

સાત રે હઝાર બરસ રે ગહે,
નબીજી એ પરદે તબ તાંહી રહે. ૧૦

બાઝ મિન્નત કે પરદેમાં નબી જાવ કહ્યા,
ખાલિક કા હુકમ એ નબીજીને લહયા. ૧૧

મિન્નત કે પરદેમાં જાકર બેઠે,
સુબ્હાન ખાલિક કેહતે પેઠે. ૧૨

બરસ હઝાર છે ગુજરાન કીતા,
હુકમ ખાલિક કા શિશ ધર લીતા. ૧૩

તસબીહ રે બોલ આલમીન[૩] ફેરી,
યાદ બહોત કીતી પડ પડ ફેરી. ૧૪.

૧ જે જીવતો છે અને મરતો નથી. ૨ બુઝુર્ગીની. ૩ બન્ને જહાનનો ખાલિક.

પરદે કીબીરીયા કુ બાઝ હુકમસુ ગહે,
પાંચ હઝાર બરસ તાંહી વાં રહે. ૧૫

પેઠતે સુબહાન અઝીમ[1] રે કહયા,
પેઠે પિછે તસબીહ કરે ખાલિક યું લહયા. ૧૬

રે તૂહી.

દેખો પરદે નૂરકે, નબી વાં બેઠે જાય રે,
નબી વાં બેઠે જાય;
ખાલિક સબું પેહલેકીએ, મુરખ ખબર ના પાય રે,
મુરખ ખબર ના પાય.

૧૯

પરદા રફુઅત કેરા હુકમ આયા,
નબી વાં સિધારો ખાલિક પઠાયા ૧

હુકમ સુ નબી એ પરદેમાં ગહે,
હઝાર ચાર બરસ ઉસ માંહે રહે. ૨

પરદેમાં પેઠતે તસબીહ રે કીતી,
સુબહાન ઝિલ મુલ્કે[2] યું મન માંહે દીતી. ૩

માંહે રહે બાઝ તસબીહ કીતી કહીએ,
હય મલિકે આલમ[3] કહયા એ લહીએ. ૪

બાઝ તો ખાલિક હુકમ રે આખ્યા,
મુનઝઝા ઉયુબાત[4] પેરદા રે દાખ્યા. ૫

હુકમ સુ નબી ઉસ પરદેમાં ગહે,
તીન રે હઝાર બરસ ત્યાં તો રહે. ૬

૧ બુઝુર્ગીવાળો. ૨ તારીફ તેના માટે જે બાદશાહ છે. ૩ દુન્યાનો બાદશાહ.
૪ પાક સાફ.

પેઠતે સુબ્હાન બરીય્યાત[1] કહયા,
તસબીહ કા બોલ એ નબીજી ને લહયા. ૭

બયઠે બાઝ તસબીહ ભી નબીજીને કીતી,
સુબહાન બોલે બિગત જપીતી. ૮

બાઝ રે ખાલિકે હુકમ પઠાયા,
સય્આદત પરદા જાનેકુ બતાયા. ૯

સય્આદત પરદેમાં નબીજી રે આએ,
સુબહાન તસબીહ મન માંહે લાએ. ૧૦

પેઠતે ભી તસબીહ બયઠે બાઝ કીતી,
બરસ હઝાર દો યું તસબીહ જપીતી. ૧૧

બાઝ રે ખાલિકે હુકમ રે કીતા,
સો નબીને શિશ ધર કબુલ રે લીતા. ૧૨

શફાઅત પરદેમાં જાઓ યું પઠાયા,
નબીજી સિધારે જબ હુકમ રે પાયા. ૧૩

સુબહાન મુસીબે[2] યું પડતે રે આખા,
ભી તસબીહ રે સુબહાન બયઠે બાઝ દાખા. ૧૪

બરસ હઝાર એક વહાં રે ગહે,
બારે પરદૂં નબી બિગતસું રહે. ૧૫

અઠોતેર હઝાર બરસ રે કહીએ,
બાર પરદોં નબી રહે એ લહીએ. ૧૬

સિફ્ત ખાલિકકી બહોત રે કીતી,
પાકી ઉસ કેરી યું ચંત દીતી. ૧૭

---

૧ બધી અયબોથી પાક. ૨ તારીફ એ પરવરદિગારની છે જે દરેક જગ્યાએ પહોંચનાર યાને દરેકના કામ આવવાવાળો છે.

રે તૂહી.
બરસૂં હઝાર અહોતરાં, બાર પરદોં જાન રે,
બાર પરદોં જાન;
નબી તસબીહ કરતે રહે વાં સહી માન રે,
રહે વાં સહી માન.

## ૨૦

બાઝ નબી નૂરસુ દરીયા કીતે ભી ગણીએ,
અઠાઈસ દરીયા તક રે ગણીએ. ૧

હર હર દરીયામાં ખલકત કહીએ,
વે ખાલિક બુઝે યું મન લહીએ. ૨

બાઝ હુકમ ખાલિકકા અયસા રે આયા,
નબી દરીયાઓમાં જાઓ એ રે પઠાયા. ૩

નબી વાં જાકર કીતી રે ફેરી,
ખાલિક કુદરત દેખી રે બહોતેરી. ૪

સુબહાન વિકારસુ[1] નબી કીતી સયરા,
ઝાહિર હોકર દેખી સબ પયરા. ૫

વહાં દેખ રાઝી હુવા નૂર નબી કેરા કહીએ,
વહાં નબી નૂરે ખુશાલી કીઈ બહોત લહીએ, ૬

તબ ખાલિક ને નઝર નબી તરફ કીતી,
હયબત કી નઝર વે ડરસૂ રે લીતી. ૭

તબ નબી નયન પરસેવા દેખેસુ હુઆ,
ટીપાં દો નૂર હુવા તબ જુઆ. ૮

[1] તે પાક ઇઝઝતવાળા અલ્લાહના હુકમથી.

વે દો રે ટીપેસૂં સબ ખલકત નિપાઈ,
દેખો નબીકુ કયસી દીતી રે બડાઈ. ૯

બાત્ર રે અલ્લાહને નબીકુ રે આખા,
તુ બંદા હય મેરા યું કર દાખા. ૧૦

ભી હબીબ રે કેહકર નબીકુ બતાએ,
દોસ્ત તુમ મેરે યું કર બોલાએ. ૧૧

સાત રે દરીયા તુમ દોસ્ત સુ કીતે,
વે સાતેમાં રે જાઓ તમુકુ રે દીતે. ૧૨

રસુલ પણા તુમહારા હમ ઝાહિર કીતા,
સાતો દરીયામાં દીખા કર દીતા. ૧૩

ખાલિકે નબીસુ કીતી રે બાતી,
દેખો ને બુઝુરગ કયસી હય ઝાતી. ૧૪

દરીયા રે સાતોંકા દેખો ને નામા,
જુજવે કીતે નામ નામ ઠામા. ૧૫

ઈલમ ને હલીમ ફિકર અકલ કહીએ,
રહમત ને નૂર તસલીમ રે લહીએ. ૧૬

એ સાતોં દરીયા નામ યું જાનો,
મોહબ્બત નબીસું હુઈ યું પિછાનો. ૧૭

રે તૂહી.

અઠાઈસ દરીયા નૂરકે, ખલકભી નબીસું જાન રે,
ખલક ભી નબીસું જાન;
અવરભી દરીયાઓંકો, મોહબ્બતસુ પિછાન રે,
મોહબ્બતસુ પિછાન.

## ૨૧

સાતો રે દરીયા નામોસું કહીએ,
માએને આનુંકે જુજવે રે લહીએ. ૧

ઈલમકા દરીયા સો ઈલમ નામા,
કુલ રે ઈલમકા કહીએ એ ઠામા. ૨

હલીમ કા નામ હલીમી રે કહીએ,
શરમ ને મિસ્કીની મિલકર લહીએ. ૩

ફિકરકા દરીયા સો ફકીરી કહાવે,
ફકીરી કે માએને ઉસ માંહી આવે. ૪

અકલ કા દરીયા સો અકલકુ કેહના,
કુલ રે અકલ દરીયા કુ લેહના. ૫

રહમત મેહરબાની કરને કુ કહીએ,
ખુશાલી કેરા ભી નામ લહીએ. ૬

નૂર કા નામ જાનો રે નૂરા,
દરીયા સો બહોત નૂર ભર પૂરા. ૭

તસલીમ સલામ કેરા રે નામા,
સલામત રેહનેકા કહીએ રે ઠામા. ૮

નૂર નબીકા એ દરીયાઓંમાં રહયા,
દસ દસ હઝાર બરસ રે કહયા. ૯

તો સિત્તર હઝાર બરસ રે કહીએ,
નબીજી એ સાતોંમાં રહે રે લહીએ. ૧૦

ખાલિક ને હુકમ બાઝ એ પઠાયા,
દરીયા બાહર આઓ યું બતાયા. ૧૧

બહાર નિકલતે પરસેવા ચકીઆ,
ગણના વે નૂરકા ટીપાં મન ધરીઆ. ૧૨

એક લાખ ચોબીસ હઝાર રે કહીએ,
ટીપાં પરસેવા કા લેખા એ લહીએ. ૧૩

એ નૂર ટીપાંસૂં અંબીયા નીપાએ,
એક લાખ ચોબીસ હઝાર કેલાએ. ૧૪

દેખો ને અંબીયા પયદા કયસે કીતે,
ફેરે રે નબી તન પરસેવે કે લીતે. ૧૫

એ મન નબીકી દેખો ને બડાઈ,
નિત મન યું રાખો કરો રે કમાઈ. ૧૬

રે તૂહી.

નબી તન પરસેવા ચકીયા, વે ગણો કરો બિચાર રે,
વે ગણો કરો બિચાર.

ઓનુસૂં કીતે અંબીયા, એક લાખ ચોબીસ હઝાર રે,
એક લાખ ચોબીસ હઝાર.

## ૨૨

અંબીયામાં તીન સો અને તેર રે કહીએ,
મરતબા રસૂલકા ઓનુકુ રે લહીએ. ૧

વે ટીપાં જે એક લાખ ચોબીસ હઝાર,
રસૂલ કા ઉસથી દેખો ને બિચાર. ૨

પેશાની કે નૂરકા જે પરસેવા ચકીએ,
એ તીન સો ને તેરા, ત્યાંથી રસૂલ લહીએ. ૩

રસૂલ નબીયોં કી એ બિગત લખાવે,
ત્યુંહી રે પિછાનો જ્યું બિગત કહાવે.[1] ૪

બાઝ જમણી આંખ નબીસૂં પરસેવા ચકીઆ,
ટીપાં દો કહીએ સહી એ લખીયા. ૫

જીબ્રાઈલ મિકાઈલ ઓનુસુ રે કીતે,
જે ટીપાં દો જમણી આંખસુ રે લીતે. ૬

ભી ડાબી રે આંખે ટીપાં દો ચકીએ,
ઈસરાફીલ ઈઝરાઈલ ઓનુસુ લે કીએ. ૭

ભી નબીજી કે જમણે કાનસુ રે કહીએ,
ટીપાં દો ચકે નૂર કે રે લહીએ. ૮

ઓનુસુ તો લૌહ[2] ને કલમ રે કીતા,
નબીકા મરતબા અયસા દેખો દીતા. ૯

ભી ડાબેભી કાનથી પરસેવા હુઆ,
નૂર દો ટીપાં કીતા રે જુઆ. ૧૦

અરશ ને કુરસી ઓનુસુ નિપાઈ,
દેખો ને અપને નબીકી બડાઈ. ૧૧

ભી નબી કેરે જમણે નાકથી રે કહીએ,
કે જમણે પાસેકા નસકોરા લહીએ. ૧૨

---

૧ રસુલ અને નબીમાં થોડોક ફરક છે. રસુલ તે પયગમ્બરને કહેવામાં આવે છે કે જેમને નવી શરીઅત અને કિતાબ આપવામાં આવી હતી અને નબી બધા પયગમ્બરોને કેહવામાં આવે છે, પછી તેમને નવી શરીઅત અને કિતાબ આપી હોય અથવા ન આપી હોય. તેઓ પેહલી શરીઅત અને કિતાબના તાબે હોય છે. ૨ એક તખતી છે તેમાં દુન્યામાં જે હકીકત બને છે તે લખેલ છે યાને તે બધું ઇલ્મે ઇલાહી છે.

દો બુંદ પરસેવા નૂર વાં થી ચકીઆ,
આઠાં રે બહિશ્ત ઓસ સુ લે કરીઆ. ૧૩

એ ખાતિમ મોહંમદ નબી સહી જાનો,
ઓનુકુ પિછાન કર મન યું આનો. ૧૪

રે તૂહી.

અર્શ કુરસી બહિશ્તભી, લોહ કલમ સહી જાન રે,
લોહ કલમ સહી જાન.
ભી નૂરી ભી સારે ખાલિક, કીએ નબીસુ માન રે,
કીએ નબીસુ માન.

## ૨૩

ભી નબી ડાબે નાકથી નસકોરા જે નામા,
સાત બુંદા નૂર કીયા એ સહી રે ઠામા. ૧

સાત રે દોઝખ પયદા કીતી કહીએ,
વે સાત રે ટીપાંસુ નીપાઈ લહીએ. ૨

જમણે બાજુથી બુંદા દો નૂર ચકીયા,
સૂરજ ને ચાંદ ઉસથી લે કરીયા. ૩

જમણે હાથ થી પાંચ ટીપાં હુએ,
નૂરકે ચકને કીતે રે જુએ. ૪

તૂબા[1] કા ઝાડભી ઉસસૂ લે કીતા,
સદરતુલ મુનતહા[2] વે ભી કીએ એ રીતા. ૫

૧ જન્નતમાં એક ઝાડ છે. જેનો મેવો દરેક જન્નતીને મળશે. જેની શાખો જન્નતમાં દરેકના ઘરે પહોંચશે ૨ સદરતુલ મુનતહા તે એક બોરડીનુ ઝાડ સાતમા આસમાન ઉપર છે કે જ્યાં હ૦ જીબ્રઈલ ફરિશ્તાનું મકાન છે.

ભી હૌઝ રે કૌસર હય જે રે નામા,
વે ભી રે નિપાઈ એ બહિશ્ત માંહે ઠામા. ૬
ભી અસા રે મુસે[1] કા ઉસથી સવારા,
સમજા જાવેગા ઉસકા રે બિચારા. ૭
ભી સુલેમાન[2] કી અંગુઠી ઓસસુરે કીતી,
જિસથી સુલેમાન કુ બડાઈ રે દીતી. ૮
ભી ડાબે રે હાથથી પાંચ બુંદા કહીએ,
નૂર ચકા નબીકા સહી કર લહીએ. ૯
ઉસથી તો સૂર પયદા રે કરાવા,
જે ઈસરાફીલ ફુંકે વે નામ રે ધરાવા. ૧૦
દો પવન હય જે સરસર ફરફર નામા,
વે દો નૂર નિપાએ એ સહી ઠામા. ૧૧
ભી રાદ રે નિપાયા જે ગરઝતા હય કેના,
વે ભી રે ટીપેથી કીતા હય લેના. ૧૨
ભી રૂહુલ કુદ્દુસ[3] જિસ્કા રે નામા,
મેઅરાજમાં કહેગે ઉસ્કા રે ઠામા. ૧૩
વે ભી એ ટીપેસુ પયદા હય કીતા,
એ બુઝે ખાસે બંદૂં યું ચંત દીતા. ૧૪

રે તૂહી.

બાઝૂ દોનો હાથથી, જમણા ડાબા જાન રે,
જમણા ડાબા જાન;
રૂહુલ કુદ્દુસ સૂર જે તાંહી, નિપાયા સહી માન રે,
નિપાયા સહી માન.

૧ હ૦ મુસા (અલે૦)ની લાકડી. ૪ હ૦ સુલેમાન (અલે૦). ૩ પાક જીવ–હ૦ જીબ્રાઇલ અલે૦ને પણ કહેવામાં આવેલ છે.

## ૨૪

બાઝ હુકમ નબીકુ ખાલિક રે પઠાયા,
ચૌગિરદ [1] દેખો અયસા રે બતાયા. ૧

ડાબે ને જમને નબી નઝર કીતી,
આગે પિછે દેખને દૅશ ચિંત દીતી. ૨

નબી કે દેખનેસુ નૂર રે નિપાયા,
તબ ચઉ દૅશ પાસે નૂર દિખાયા. ૩

વે અબુબકર ઉમર એ સાહબ કહીએ,
ઉસમાન અલી ચાર એ લહીએ. [2] ૪

બાઝ નબીયોં કેરા નૂર નબીસુ રે કીતા,
જીવ ને નૂરમાં વયસા ચંત દીતા. ૫

પેહલા તો નબીયોં કે જીવ થે આખે,
યાં તો નૂર નબીયોં કે હય દાખે. ૬

ભી ખાલિકે નઝર નબી તરફ કીતી,
રૂહાં ખલક કાજ એ ચંતા ચંત દીતી. ૭

ભી રે નૂર ચકીયા નબી તન માંહા,
અરવાહાં નિપાહીયા ઓસ હી ઠાંહા. ૮

સબ રે રૂહાનીયાં દેખ કલમા રે કહયા,
મોહંમદ નામ જીભે સૂ રે લહયા. ૯

ફિર એક કંદીલ [3] ખાલિકે બનાઈ,
નબી કે રેહને કાજ દેખોને બડાઈ. ૧૦

૧ ચારે તરફ. ૨ ચારે બુઝુર્ગ અસહાબ રદી. ૩ બત્તી મુકવાની ફાનુસ જેવી.

અકીક કેરા પત્થર જિસ કેરા નામા,
કંદીલ કા રંગ વયસા કીયા કામા. ૧૧

બાઝ નબી નૂર કેરી સૂરત રે કીતી,
જયસે થે રે દુનિમાં વયસી ચંત દીતી. ૧૨

સૂરત બનાકર વે કંદીલમાં રાખે,
સબ રે અરવાહોંકી વાં નઝર રે દાખે. ૧૩

નબી વે કંદીલમાં ઠાડે રે રહે,
નમાઝ કી રીતે ઉભે થે કહે. ૧૪

સુન એ બિગત ચંત માંહી લીજે,
તારિફ કર કર ચંત યું દીજે. ૧૫

રે તૂહી.

નબી નૂર સૂરત કર, ધરીયા કંદીલ માંય રે,
ધરીયા કંદીલ માંય,
ખલકત સબ નબી નૂરસુ, પેહલી કહીએ નાંય રે,
પેહલી કહીએ નાંય.

## ૨૫

વે કંદીલ આસપાસ રૂહાનીયાં રહીએ,
વે દેખને કાજ, મલીયાં કહીએ. ૧

નબી નૂર આસપાસ રૂહાનીયું કીતી બાતી,
દેખો ને નબીકી બુઝુરગ ઝાતી. ૨

તસબીહ રે કીતી મળ સબ રૂહાની,
સુબહાન આપકી અલ્લાહ મન આની ૩

એક સો બરસ વહાં રે ગમાએ,
તસ્બીહ રૂહાની કરને રે કમાએ. ૪

બાઝ હુકમ રૂહોં કો અલ્લાહ કેરા આયા,
કે નબી નૂર દેખો યું હુકમ પઠાયા. ૫

રૂહાનીયોં નઝર તબ નબી સામી કીતી,
ફિકર દેખને કી સબું ચંત દીતી. ૬

પિછે શિશ[1] નબીકા જિનું નઝર આયા,
વે ખલીફે ને પાદશા ખલકમાં કેલાયા. ૭

જેને તો નબીકી દેખી રે પેશાની,[2]
પાદશા રે આદિલ[3] એ રે નિશાની. ૮

આંખાં રે નબીકી જિસે નઝર આઈ,
વે કલામ અલ્લાહ હાફિઝ[4] હુવે દેખો રે બડાઈ. ૯

ભવાં નબીકીયાં જેને દેખી કહીએ,
કુરઆનકે પડનાર ને સુનનાર લહીએ. ૧૦

જેને રે નબી કે દેખે રે કાના,
કબુલ કરનાર સુન કર હોય આધાના. ૧૧

ગલા રે નબીકા જિનું નઝર આયા,
નેક ને આકિલ[5] ઓનુકુ બનાયા. ૧૨

અયસી રે સિફ્ત નબી કેરી સુનની,
કેહનેકી ચિંતા નિત યું મન ધરની. ૧૩

---

૧ માથુ. ૨ કપાળ. ૩ અદલ ઇન્સાફ કરનાર. ૪ અલ્લાહનું કલામ એટલે આખું કુરઆન શરીફ–ત્રીસે પારા–મ્હોંઢે યાદ કરનારા. ૫ અકલમંદ–હુંશીયાર.

રે તૂહી.
તન થી નૂર ઉપાયકર, ધરા મોહંમદ નામ રે.
ધરા મોહંમદ નામ,
ભાયગ તનૂં કે જે જાનસી, સરસ તિનહી કામ રે,
સરસ તિનહી કામ.

## ૨૬

નાક રે નબીકી જિનૂં નઝર આઈ,
ઓનુ હકીમ તબીબ[૧] ને અત્તારી[૨] પાઈ. ૧

ખુશબોઈ કેરા જે કરતે હંય કામા,
અત્તાર ઓનુકા ધરીયા રે નામા. ૨

હોઠ નબીકે જિસે નઝરૂ રે આયે,
હુવે ખુબસૂરત મુંહકે વે વઝીર કેલાયે. ૩

નબીકા મૂખ જિનકે નઝર આયા,
રોઝે કા ધરનાર વે રે સહી પાયા. ૪

દાંત નબીકે જિને દેખે કહીએ,
વે ખુબસૂરત મરદને અવરત લહીએ. ૫

જેને રે નબીકી જીભ દેખી જાનો,
વે પાદશાહ હુવે અને રસૂલ માનો. ૬

હલક નબીકા જિસે નઝરૂ રે આયા,
વાએઝ[૩] ને બાંગીયા ઉસકુ બનાયા. ૭

૧. વૈદ્ય—ડોક્ટર. ૨. અત્તર વેચનાર. ૩. વાઅઝ કરનાર.

જેને નબી કી દેખી રે દાડી,
વે બરાહે ખુદા હોકર રાહા રે સવારી. ૮

ખુદા કેરી રાહમાં ઓનું લડાઈ રે કીતી,
કુફ્ર મારનેકી ચિંતા મન દીતી. ૯

ગરદન નબી કી જિનું નઝરે આઈ,
એ અજર કા દેનાર હોવે જે કમાઈ. ૧૦

જે કોઈ જિસ્કુ જયસી નેકીરે કરે,
અજર રે ઉસકા દેના મન ધરે. ૧૧

દોનો રે બાઝુઆં જિનું દેખીયાં રે જાનો,
વે બરછી ને તરવાર કે ધારાલે માનો. ૧૨

જમણી રે બાઝુ જેને દેખી રે કહીએ,
હુવે નશતર મારનાર[૧] યું રે લહીએ. ૧૩

રે તૂહી.

દૂનિમાં કસબ કમાહીએ, જૂં નબીકુ દેખે જાન રે,
જૂં નબીકુ દેખે જાન;
જયસે આયઝે દેખીએ, વયસા કસબ માન રે,
વયસા કસબ માન.

## ૨૭

ડાબી બાઝૂ નબીકી જિસે નઝરે આઈ,
વે જલ્લાદ હુવે દૂનિયામાં ભાઈ. ૧

ગરદન મારનેકા કરે જે કામા,
જલ્લાદ ઉસકા કહીએ રે નામા. ૨

૧ નસખોલી ખરાબ વધારાનું લોહી કાઢનાર.

જમણી હથેલી જિસે નઝરૂરે કીતી,
વે સર્રાફ હુવે નાણાવટી લીતી. ૩

ડાબી રે હથેલી જિસે નઝર રે આહી,
વે તોલનાર વઝન કે દુકાની રે લહી. ૪

હાથ નબીકે જિસે નઝર રે આયે,
વે સખી રે હુએ ને દાતાર કેલાએ. ૫

જિને હથેલી કી પીઠ દેખી જાનો,
વે બખીલને નઈમ કેલાએ માનો. ૬

વે બખીલ કુછ દેવે રે નાંહા,
આપ રે ખાવે જે મન માંહા. ૭

જે આપભી ના ખાવે ના કીસે હી ખીલાવે,
નઈમ તો ઉસકા નામ રે ધરાવે. ૮

જમણી હથેલી પીઠ જિસે રે દેખાવે.
વે નાનોકા પકાનાર વે સહી કહાવે. ૯

ઉંગલીઓંકે ટેરવે જિસે નઝર રે આયે,
કાતિબ લિખનાર વે રે કેલાયે. ૧૦

પીઠ ઉંગલીયાં ડાબે હાથ જિસે નઝર આઈ,
સીવને હો કેરી એનુ કીઈરે કમાઈ. ૧૧

જમણે હાથ ઉંગલીકી પીઠ રે દેખાવા,
લુહાર ને દરવાન વે રે કહાવા. ૧૨

જિસે નઝર નબીકા સીના રે આયા,
વે આલીમ ને બુઝરૂગ મુજતહિદ[૧] કેલાયા. ૧૩

૧ કિતાબ અને સુન્નતથી મઝહબી મસલાઓ કાઢનાર.

સબ એ કસબ નિશાની દેખકર લીજે,
સુન એ રે મનમાં યું ચિંત દીજે. ૧૪

રે તૂહી.

દેખો બંદે ખાલિકે, ભેજે દુનીયા માંય રે,
ભેજે દુનીયા માંય,
કસબ ત્યાંથી બાટીએ, નબી દેખા એ જાંય રે;
નબી દેખા એ જાંય.

૨૮

પીઠ રે નબીકી જિસે નઝર રે આઈ,
તવાઓ કેરી ઓનુ કીઈ રે કમાઈ ૧

આગતા સાગતી કરનેકા નામા,
તવાઓકા બોલ કહીઓ આસ ઠામા[૧] ૨

ભી હુકમ શરેઅ કે વે રાઝી હુવે કહીએ,
ફરમાન બરદાર શરેઅ કે રે લહીએ. ૩

પેટ રે નબીકા જિસે નઝર રે આયા,
કિનાઅત કા કરનાર ઝાહિદ કેલાયા. ૪

કિનાઅત સબુરીકા નામ રે લેના,
ઝાહેદુઝ ઓહેદ[૨] કરે ઉસે કેહના. ૫

ધુટન નબીકે જિસે નઝર રે આયે,
બહોત રૂકુઅ સિજદેકી કમાહી કમાયે. ૬

પગોં પર નઝર જિસ કેરી આઈ,
શિકાર કે કરનાર હુએ વે રે ભાઈ. ૭

૧ આદર સત્કાર કરનાર. ૨ ઇબાદતમાં બહુ તકલીફ સેહનારા.

તલુએ પગોંકે જિસે નઝરં આયે,
રાહા કે ચલનારે વે રે કેલાયે. ૮

સાયા રે નબીકા જિસે નઝર રે પડીયા,
ગની બહોત માલદાર વે દુનિ માંહે કરીયા ૯

જિનું નબી સામી દેખ્યા રે નાંહા,
વે યહુદી ને નસારા ઈસ જગ માંહા. ૧૦

કભી રે જિનું નબીકુ ના દેખે કહીએ,
વે બિયાજ લેનાર હુએ રે લહીએ. ૧૧

જેને નબીકુ ના દેખે વે કાફિર હુએ,
બિયાજકે બટાનારભી અવર કહીં જુએ. ૧૨

મૌલૂદ નબી નૂર[1] સમજ ને લીજે,
નબીકુ પિછાનકર યું ચંત દીજે. ૧૩

રે તૂહી.

ખાલિકે નબી નૂરસુ, કર દિખાયા જહાન રે,
કર દિખાયા જહાન,
દેખે વે મુમિન હુવે, અવર તો કાફિર માન રે,
અવર તો કાફિર માન.

## ૨૯

દેખો ને નબી ખાલિકે રે કીતે,
મોહંમદ નામ ધર દોસ્ત કર લીતે. ૧

સબોંસું નૂર એ પેહલા રે કીતા,
મવઝૂદ સગળા ઓનુસુ રે લીતા. ૨

[1] હ૦ પયગમ્બર સલ૦ના નૂરની પયદાયશની હકીકત.

સૂરજ ને ચંદા ભી તારે રે જાનો,
ફરિશ્તે ને જીન એ ભી રે માનો. ૩

આદમ જિતને બિગતસૂં રે કહીએ,
અંબીયા ને રસૂલ ઉન માંહી લહીએ. ૪

એ સબ નબી નૂરસુ ખલકત બનાઈ,
કયસી તો ખાલિકે એ દીતી રે બડાઈ. ૫

અવરભી જિતના મવજૂદાત કહાવા,[1]
એ ભી રે અપને નબીથી કરાવા. ૬

જીવ બનાકર નબી નૂર રે દિખાયા,
નબીકુ દિખા કર વાં હુકમ પઠાયા. ૭

કે આહો ને નબીકુ દેખો સબ કોઈ,
દોઝખી ને બહિશ્તી વહાં બિગત રે હોઈ. ૮

નબી જાને દેખે જેને હુકમ રે માના,
હુઈ ઈસલામ કેરી ઓનુકુ નિશાના. ૯

પીછે જિસ ઠામ નબીકા નઝર રે આયા,
વે વયસા હો મુસલમાન કસબ કમાયા. ૧૦

જિનું તો રે નબી દેખે રે નાંહા,
વે કાફિર હુવે ઈસ જગ માંહા. ૧૧

કે હુકમ ખાલિકકા કબુલ ના કીતા,
અયસા રે નબી નઝર ના દીતા. ૧૨

તો દેખો ને સઝા કયસી રે પાઈ,
વે કાફિર હોવડે એ દુનિમાં રે આઈ. ૧૩

૧ બીજી પણ જેટલી મખલુકાત કહેવાય.

કાફ્રિર ઓનુ કા નામ રે ધરાયા,
ગુનેહ હો કેરી અજર એ પાયા. ૧૪

અયસી રે બિમાસન સુન કર લીજે,
નિત ઉઠ ખાલિક યું ચિંત દીજે. ૧૫

રે તૂહી.

નબી નૂર સૂરત કર, દિખલાયા સબૂં જાન રે,
દિખલાયા સબૂં જાન.
દેખે વે મોમિન હુવે, નાંહી સો કાફ્રિર માન રે,
નાંહી સો કાફ્રિર માન.

## ૩૦*

સિફ્રત સુબ્હાનકી પેહલી હય કરની,
નબી નૂર તારીફ્ સાથ મન ધરની ૧

ઉસ બાઝ ઈતના સમજ લેના,
ધરમ મૂળ ઈસકા નામ હય કેહના.[૧] ૨

સય્યદ મશાયખ મેરા રે નામા,
કડી હય રે વતન[૨] મોમિનપુરા ઠામા, ૩

પણ રેહના હમારા અહમદાવાદ માંહ્ય,
જુના ચાર ટોડા ને સારંગપુર તાંહ્ય[૩] ૪

---

* અહીંથી આઠ બયાન આ કિતાબના કર્તા હ૦ પીર મશાયખ (રહ૦) એ પોતાના જનમના અને પોતાના ઉપર વિતેલ કેટલીક હકીકતના લખેલ છે.
૧ ધરમમૂળ એટલે દીનના પાયાના અહકામોવાળો કિતાબોનો ગ્રન્થ. ૨ આપ કડીમાં ન્હાનપણથી વધુ વખત રહેલ હોવાથી તેને પોતાનું વતન કહ્યું છે.
૩ અમદાવાદ શહેરના સારંગપુર દરવાજા બહાર જ્યાં અત્યારે આપનો રોઝો છે ત્યાંજ છેવટનો કાળ આપે વિતાવ્યો હતો.

ચિંતા તો મનમાં ઈતની રે આઈ,
કે સિફ્ત નબીકી આખું રે બડાઈ. ૫

તો નબીકી તારીફ્ બોલી ગુજરીસૂ કીતી,[૧]
ભી સિફ્ત ખાલિકકી ઉસ બોલી માંહે લીતી. ૬

કે ગુજરકા લોક[૨] ઉસ બોલીકુ રે બુઝે,
તો એ તારીફ્ રે સુનતે મોહબ્બત રે સુઝે. ૭

તો રે નામ ઈસકા મૂળ ધરમ રે આખા,
ગુજરી બોલી કાજ અયસા નામ દાખા. ૮

નાંહી તો રે દીવાન[૩] એ હય રે કહાવા,
દીવાન રે ઈસકા નામ હય ધરાવા. ૯

તો અવર બોલીમાં ઈસે દીવાન કહીયે,
સય્યદ મશાયખકા એ દીવાન હય લહીએ.[૪] ૧૦

સય્યદ મશાયખને એ દીવાન હય આખા,
ગુજરી બોલીમાં હય રે ઈસે દાખા. ૧૧

એ દોનોં નામ સુનકર સમજને લેવા,
સિફ્ત ખાલિકકી લખી કરૂં નિત સેવા. ૧૨

રે તૂહી.

મૂળધરમ ઉસે લિખકર ધરીયા સહી નામ રે,
ધરીયા સહી નામ,
કે દીવાન ઉસકુ આખિયા, લેકર મેરા નામ રે,
લેકર મેરા નામ.

---

૧ આપના સમયમાં ગુજરાતમાં બોલાતી ગુજરાતી ભાષા. ૨ ગુજરાતમાં વસનારા. ૩ સિલસિલાવાર ગઝલોમાં રચેલી કિતાબ. ૪ એટલે "દીવાને મશાયખ" નામ કેહવું.

## ૩૧

જનમ રે હમારા જંતરાલ ગામા,[૧]
રબીઉલ આખિર માસકા નામા ૧

તારીખ તેરમી ચઉદમી રે રાતા,
પુનમકા ચંદા જબ હય રે કેલાતા. ૨

એક હઝાર ને સાઠ રે સાલા,
હઝારી કેહલાવે[૨] બરસોંકા હાલા. ૩

જબ ચંદા ઉગતે હુઈ રોશનાઈ,
તબ તવલલુદ[૩] મેરા કીયા મેરી માઈ. ૪

કાફિરોંભી હોલી થી ઉસ દિન કીતી,
તારીખ જનમકી એ લિખકર લીતી. ૫

બરસ નવકી હુઈ ઉમર હમારી,
ફોત હુવે બાવા[૪] નેહ રે નિસારી. ૬

એતો હકીકત કુચ છુપી રે નાંહા,
કયા રે કર દાખું એ લિખને રે માંહા. ૭

બરસ અકલકા જબ મંય રે જાના,
તબ મન માંહી ઈતના કીયા રે ગનાના. ૮

કે જીવને કેરા નાંહી રે ઉમમેદા,
જે હય મુરીદ કેહલાતા વે કાફિરોંકા ભેદા.[૫] ૯

---

૧ જંત્રાલ–વિજાપુર તાલુકામાં વિસનગરથી પૂર્વ તરફ આવેલ મોટું ગામ છે.
૨ હીજરી વરસ કેહવાય છે, એટલે હ૦ પયગમબર મોહંમદ (સલ૦) મકકા શરીફથી મદીના તરફ હીજરત કરી ત્યારથી શરૂ થએલ વરસ.
૩ જનમ. ૪ આપના બાપ ગુજરી ગયા. ૫ કાફિરો જેવી ચાલ ચલણ અને એતેકાદવાળા.

જો કરમ રે કરે આપ રે અલ્લાહી,
તો કાફિરોંકે કુફરસૂ મુજે હોવે રે જુદાહી. ૧૦

કીતનેક દિનૂં એ ફિકર રે રહી,
અપને રે જીવ બિના કીસે કહી રે ના ગહી. ૧૧

કે ઈલાહી નામ મુજે બુઝુરગ દીતા,
મશાયખ નામસૂ મુજે બંદા તેં કીતા. ૧૨

નામ કી શરમ હય તુજસૂ રે રેહના,
તો મશાયખ નામ સહી કર કેહના. ૧૩

તો દોસ્તી અપને નબીજી હો કેરી,
શરમ રાખે તૂ ખાલિક રે મેરી. ૧૪

ઈતની રે ફિકર ચંત યું દીતી,
પયરવી પઢનેકી તબ જાને કીતી ૧૫

એક હઝાર જબ એંસી રે લખાએ,
તબ પડને કે ખાતિર સામાન બનાએ. ૧૬

બીસ રે બરસકી હુઈ ઉમર હમારી,
તબ પડનેકી ફિકર મન રે બિચારી. ૧૭

અબ કયા રે પડના ને કયું કર હોવે,
અને ઈલમ રે બિના મૈલ કુફર કયું ધોવે [૧] ૧૮

અને પડે હો બિના પીયુ કયુંકર પાસે, [૨]
કાફિરોંકા કુફર કયુંકર જાસે. ૧૯

---

૧ દીન સમજવું અને સમજાવવું તે ઇલમ વગર બને નહીં, તેમજ કુફરની ચોટેલ બુરાઈઓ કેવી રીતે ધોઈ શકાય ? ૨ ઇલિમ પઢયા વગર ખુદાની નઝદીકી હાસિલ કરી શકાય નહીં; જેથી દરેક મુસલમાન મરદ અવરત ઉપર ઇલ્મ પઢવું ફર્ઝ છે. હદીસમાં તેની તાકીદ છે.

શુરૂ રે પડના એ ચિંતાસૂ કીતા,
ખાતિમ નબીકા તકીયા રે લીતા.[1] ૨૦

ઉમ્મેદ પુરા કીજે ખાલિક તૂ મેરા,
ઈલમ તૂ દીજે મુજે રાહકા[2] બહોતેરા. ૨૧

રે તૂહી.

તારીખ તેરમી રબીઉલ આખિર કેરી જાન રે,
રબીઉલ આખિર કેરી જાન.
જનમ હમારા ઉસ દિના, સન હઝાર સાઠ માન રે
સન હઝાર સાઠ માન.

## ૩૨

અવ્વલ રે પડતે ઝબાં રે બંધાની,
તબ જાને ફિકર બહોત રે ગુંચાની[3] ૧

કે અબ કયસા કરના ઝબાં ના રે ચલતી,
હુવે બિસ બરસ અબ નાંહી રે વલતી. ૨

તો પડે રે બિના સબ ઉમ્મેદ રે કાચા,
સુન ને બતાના વે તો પંથ નાંહી સાચા. ૩

પડે હો બિના દીન સમજા કયું જાવે,
તો મુજ પિછે મુનાફિક રાહા કયું પાવે.[4] ૪

ઈતના રે અંદેશા[5] તબ મન કીતા,
દૂઆ બહોત માંગી તૂ સુન મેરે મીતા. ૫

---

૧ હ. પયગમબર (સલ૦)ના વાસ્તાથી ઈલમ પઢવાની હિમ્મત કીધી. ૨ દીનના રસ્તાનું. ૩ બહુ ગુંચવણુ પેદા થઈ. ૪ આપે ઈલ્મ હાંસિલ કરી રિતાબો લખી આપી છતાં, મુનાફિકો મતભેદ ઉભો કરી-તફરીચ્યાનું બહાનું ઉભુ કરી લોકોને ઉંધા માર્ગે દોરવે છે. ૫ ફિકર.

બરકત અપને રસૂલ હો ફેરી,
તૂ પડનેકુ ઝબાનતો ખોલને મેરી, ૬

બહોત આજિઝી કીતી તૂ સુન મેરે મીતા,
તબ ખાતિમ નબીને મુજે દીદાર દીતા. ૭

તબ ખાતિમ નબીકા કુછ દેખા રે નેહા,
તબ નીશા મુજે હોવડી[1] અબ દેવે નારે છેહા. ૮

જયસી રે સુનીથી મંય કાગઝૂં લખાઈ,[2]
વયસી રે સૂરત મુજે નઝરૂં રે આઈ. ૯

તબ મંય સહી કર વે દીદાર લીતા,
કે ખાલિકને મુજપર કરમ રે કીતા. ૧૦

તો ખાતિમસૂં મંય બશારત પાઈ,[3]
તબ ઈલમકી રાહા મુજે દીતી રે દિખાઈ. ૧૧

તો દેખોને રે કયસા મુજે ઈલમ હય દીના,
કે જયસા રે નામ મુજે મશાયખ કીના. ૧૨

ઉસ્કી રે નિશાની તુમ દેખો રે નેના,
ઝાહિર કૂ કયા લિખકર રે કેહના. ૧૩

બદ દીન[4] દીન કાજ મુજ પાસે આવે,
અને આકીદા ઢુંઢનેકુ સહીકર લાવે. ૧૪

તો કરમ અલ્લાહસૂ કુફર ઉસ્કા રે જાવે,
તો દીનકી રાહા વે સહી રે પાવે. ૧૫

૧ સંતોષ થયો. ૨ કિતાબોમાં લખાએલી. ૩ સ્વપનામાં હ૦ પયગમ્બર (સલ.) તરથી મળેલ ખુશખબરી. ૪ દીનથી ભટકેલો, જેની સમજ આપે તેના પાછળજ આપી છે.

પીછે હોવે શરાવક, હિંદુ કે મેસરી,
કે હોવે રે મુનાફિક ટોળી મુમિનો કેરી. ૧૬

કે હોવે ઉસે મળીયા દીનકા ચોરા,
તો કુફરભી ઉસકા તોડું રે બહોતેરા. ૧૭

શીઆ મઝહબકા જો કદી રે આવે,
તો સુન્ની હો કેરી રાહા વે પાવે. ૧૮

ઈતની રે સમજન હય મુજ માંહા,
વે નબીકી દોસ્તી, મુજસૂ રે નાંહા.[1] ૧૯

જો જમીઅત[2] હેવે સુરીજન મેરા,
તો ઉસ્કે રે કરમસૂ કહું રે બહોતેરા. ૨૦

રે તૂહી.

નબી મોહંમદ નેહસૂ દીયા મુજે દીદાર રે,
દીયા મુજે દીદાર;
કુફર તોડું કાફિરાં જો પુછે મુજે કર પિયાર રે,
જો પુછે મુજે કર પિયાર.

## ૩૩

અવર હકીકત જે હય રે મેરી,
મઅરફત માંહે ઉસે લિખુંગા બ્હોતેરી. ૧

ખાલિક ઉમ્મીદ મેરી રે પ્હોંચાવે,
કે દીવાન સગળા લખ્યા રે જાવે. ૨

---

૧ હ૦ પયગમ્બર (સલ૦)ના દોસ્તીના લીધે એવું ઇલ્મ નસીબ થયું; બાકી હું તેનાથી આજિઝ છું, એટલે તેમની તુફેલ વગર મ્હારાથી કાંઇ થઈ શકે નહીં. ૨ કરાર–ચેન.

જે મંય રે લખીયા હાલ મેરે તનકા,
ઉસે ના કબુલે જિસે નાંહી મૌત ધસકા.[૧] ૩

વે તો મુજકો લાગે અજબ રે નાંહા,
કે મુનાફિક આવતે બહોત નબી સભા માંહા. ૪

કે નબીકે હુઝૂર વે સુન કબુલ કરતે,
ઘર જા આપસકે વે મુકર રે પડતે.[૨] ૫

ભાઈયોંકુ કેહતે હમું છેતર આયે,
હાં હાં કેહને હમું નબી સમજાયે. ૬

વે તો થે ખાતિમ નબી રે નામા,
જીવ સબું કે હંય શફાઅત ઠામા. ૭

જબ ઓનુસુ મુનાફિકોંને અયસા રે કીતા,
વેભી તો સુન સુન રહા રે મીતા. ૮

મંય તો હું ઉમ્મતી ઉસ નબી હો કેરા,
તો મુનાફિક ઠગાઈ કયું કરે ના બહોતેરા. ૯

નબીકુભી તોહમત બહોત મુનાફિકો દીતી,
અલ્લાહકોભી તોહમત દેતાં ફિકર ના કીતી. ૧૦

કે હય નબીકુ ગરોરે રે કહે,[૩]
અલ્લાહ કે હંય ફરઝંદ યું કેહતે રહે.[૪] ૧૧

તોબાહ રે કીજે યું કહયા ના જાવે,
ઝુબાં રે મુનાફિક કયું કેહતે ના કટાવે. ૧૨

૧ આપે લખી આપ્યું તેને બહાના કરી તેજ કબુલ નહીં કરે જેને મૌતનો ડર નહીં હોય. ૨ ફરી જતા-ઇનકાર કરતા. ૩ હ૦ નબી (સલ.)ને કેટલાક ભટકેલા અને ઉંધા માર્ગે દોરવાએલાઓ જાદુગર કહેતા હતા. ૪ કેટલાકો ફરિસ્તાઓને અલ્લાહની ઔલાદ ગણતા તેમજ અવતારની માન્યતા પણ ધરાવતા હતા.

તો તોહમત મુજકો હેવે અજબ વે નાંહા,
વચસે નબીકી હું મંય ઉમ્મત માંહા.[1] ૧૩

તો મુનાફિકો કેરા બાઝ હોવે કયસા હાલા,
લિખું મારફત માંહે જયસા ઓનુ કેરા ચાલા.[2] ૧૪

એભી દીન હય અયસા નબી કેરા કહાવા,
તો મુનાફિક દેખકર મન કીજે એસા રે ભાવા, ૧૫

તો નસતાન[3] તેહકીક જાવે રે તુમારા,
હમારે રે દીનકુ હય અલ્લાહકા આધારા. ૧૬

દેખો જે ગૌસ કુતુબ રે કેલાએ.
વે ભી રે આદમકી ઝાત માંહી આયે. ૧૭

વલી ને વાસિલ જેતે રે કહીએ,
વેભી રે આદમ માંહે સહી લહીએ.[4] ૧૮

કોઈ જિન ને ફરિશ્તા નહી આયે જગ માંહા,
આદમ બિના નબી કોઈ કેહલાયા રે નાંહા ૧૯

તો મેરી બાત અજબ કયું તમુ દિલ આવે,
તો અંધા એ બુઝકર કયું ના મન સમજાવે. ૨૦

જે મુરીદ રે મેરા એ હય ચંત દીજે,
એ સુન સુન બયાન સમજને લીજે. ૨૧

૧ આપના લખવા મુજબ અત્યારે ૯૦ પીર મશાયખ (૨૯૦) ઉપર પણ તકીય્યાબાઝ, બાદશાહથી ડરીને કિતાબોમાં ખોટું લખનારા વિગેરે તોહમતો લગાડે છે. ૨ મારફત એટલે અલ્લાહને ઓળખનો તરીકો, "મે'રાજનામા"માં આપે સારી રીતે બતાવેલ છે તેમજ મુનાફિકોનો એહવાલ પણ તેમાં લખેલ છે. ૩ નસતાન જશે એટલે-ખચ્ચીત તમો બરબાદ થશો અને ફાટફુટ થઇ વેરવિખેર થઇ જશો-ખરેખર તેવા લોકોની ખરાબીજ થતી જાય છે. ૪ ગૌસ, કુતુબ, વલી અને વાસિલ એ બધા અલ્લાહની નઝદીકી હાસિલ કરનારા ગણાય યાને તે મોટા વલીઓનો મરતબો છે.

રે તૂહી.

અલ્લાહ નબીકુ ખલકે તોહમત લગાઈ જાન રે,
તોહમત લગાઈ જાન,
મંય તો હું ઉમ્મતી ઉનકા, સહી કેહવે મુજે માન રે.
સહી કેહવે મુજે માન.

## ૩૪

હઝાર એક પંચાનૂ રે બરસા,
તારીખ સાતમી શવ્વાલ રે માસા. ૧

પાંતીસ બરસ કી ઉમર થી મેરી,
પહોંચી મુજે કિસ્મત તો કાદિર કેરી.[૧] ૨

યુસુફ નબીકી સખ્તી હો જયસી,[૨]
વે દેખ સમજો થી મુજકૂભી વયસી. ૩

પણ હો રે નિશાની ઓછી ઉનોસૂ રે જાનો,
એક બહોત બરસૂં સખ્તી દૂજા બિકા ના રે માનો. ૪

એ હો નિશાની મુજસૂ રહી રે અનેરી,
હુઈ અવર સખ્તી યુસુફ નબી કેરી.[૩] ૫

મુસીબત લિખની બહોત કામજ નાંહા,
સોચો પટોતરા યુસુફ નબી મન માંહા. ૬

તબ તો હકીકત સબ જે રે દેખાવે,
તો બહોત લિખ સુનાના કુછ કામ ના આવે. ૭

---

૧ કુદરતવાળા અલ્લાહ તરફથી. ૨ હ૦ યુસુફ (અલૈ૦) પયગમ્બર ઉપર તકલીફ પડી હતી તેવી. ૩ મારા ઉપર ઘણા વરસ તકલીફ રહી ન્હોતી અને બીજું તેમના માફક વેચાયો ન્હોતો, બાકી તેમનાજ જેવું બધું દુઃખ મ્હારા ઉપર પડયું હતું.

તો ખાતિમ નબીકી થી મંય બશારત પાઈ,
વે કીસે કીસે આખિયા મંય ના રાખી થી છુપાઈ. ૮

ઈમારત કેરા મંય સોચ મન ધરીયા,
ઝમીંકૂ દેખ દિન ખુશાલી કરીયા. ૯

કે હવેલે બનાવેંગે યાં રેહનેકી જાગા,
ખુશાલીસુ બયઠેંગે યું નેહ મન લાગા ૧૦

વૈસેમાં બશારત એક અયસી રે પાઈ,
ખુશાલીકી શૂધીયાં વે સૂનતે ગમાઈ. ૧૧

જો સાતમાં બરસ તુજે હયાતીસૂ જાવે,
તો બાઝ ઓસ બરસોંકે સુખ ચેન તુ રે પાવે. ૧૨

વે તો મંય બોલ કહયા બહોતોંકો રે બાતી,
કે બરસ રે સાતમાં હુવા ભારી મુજ ઝાતી. ૧૩

કે સાતમાં બરસ ઘાંટી હયાતકી ભારી,
યું નિત ઉઠી કેહતા ના છોડતા બિસારી. ૧૪

પાસ મેરે આદમી કેતે દોસ્તીસૂ આવતે,
ઉનોંકૂ રે કેહતા જો વે નેહસૂ ભાવતે. ૧૫

એ યાદ રે રાખ્યા હોવેગા ઓનુ પિછે કે બિસારા,
બંદા તો આજિઝ એ હય રે બિચારા. ૧૬

હઝાર એક ચોરાનૂ બરસ મન માંહે લીતા,
દીવાન રે લિખનેકૂ સહી ચિંત દીતા. ૧૭

તારીફ ખાલિકકી અવ્વલ રે લિખાઈ,
મવલૂદ નૂર નબીકી ઉસ સંગ લાઈ. ૧૮

તીસ રે ગઝલાં જબ પુરી રે કીતી,
ઉન દિનોં મુસીબત મુજે ખાલિકે દીતી. ૧૯

મુજ શિશ "બિતા થા જે તકદીર લખીયા,
જે તકદીર લખીયા પિછા કદી ના ફિરિયા. ૨૦

હઝાર એક અને નવ્વાણુ સાલા,
તબ મંય દીવાન વે ફિર ને સંભાલા. ૨૧

ઓગન ચાલીસ બરસકી હુઈ ઉમરા,
તબ દીવાન લિખના ફિર મન ધરા. ૨૨

મહીના તો જમાદીલ અવ્વલ[1] રે કહીએ,
તારીખ બિસમી સુન યું મન લહીએ. ૨૩

રે તૂહી.

જે ખાલિકે તકદીર લખીયા, વે પહોંચે સહી જાન રે,
વે પહોંચે સહી જાન,
બંદા હય શિશ વે સહી, યું રાખો એ માન રે,
યું રાખો એ માન.

## ૩૫

યા ઈલાહી આલમીન કરમ તૂ કીજે,
તેરે બંદોમાં મુજકૂ ભી લીજે. ૧

ખાતિમ નબીકા મંય ઉમ્મતી કેહલાઉં,[2]
તવફીક તૂ દીજે કે મંય વયસી રે કમાઉં. ૨

૧ ઇસ્લામી વરસનો પાંચમો મહીનો. ૨ કેટલાક સય્યદો પોતાને ઉમ્મતમાં ગણુતા નથી, તેઓ માને છે કે અમોતો તેમની ઔલાદમાં હોવાથી ઉમ્મત ગણાઈએ નહીં, એ માન્યતા એમની ખોટી છે. હ૦ પીર મશાયખ (રહ.)એ પોતાને ઘણા ઠેકાણે ઉમ્મતીજ બતાવ્યા છે.

ઉમ્મેદ મેરી તૂ પુરી રે કીજે,
દૂઆ મેરી તૂ કબુલ ને લીજે. ૩

દોસ્તી મોહંમદ દીન હો કેરી,
શરમ તૂ રાખે ખાલિક મેરી. ૪

મોહંમદ મુસ્તફા હય રસૂલ મેરા,
ઓનુ દીન કાજ જૂઠ બોલા મંય બહોતેરા. ૫

તેરે બંદોંમાં મંય ફરેબ રે કીતા,
સો દીન નબી કાજ મંય સહી ચંત દીતા.[1] ૬

કાફિલા રે દેખા જબ ડૂબતા સારા,
તો બહોત જૂઠ બોલા મંય દીનકે આધારા. ૭

ફરેબ રે કીતા કુછ બાકી મંય ના રાખી,
તુજસૂ ના છુપા વે બાત ખોલતો ના દાખી. ૮

બખ્ખશનહારા વે તૂ ખાલિક મેરા,
બંદા હું ગુનેહગાર હુવા તેરા રે બહોતેરા. ૯

બખ્ખશનહારા તેરે કરમ તૂ સાંહી,
હિસાબ અદલ કે મુજબ છુટક રે નાંહી. ૧૦

દોસ્તી મોહંમદ મુસ્તફા કે દીના,
બખ્શ રે ખાલિક જે ગુનાહ મેં કીના. ૧૧

---

૧ આ જૂઠનો અર્થ કેટલાકે એ દીનો બાદશાહનો ડર બતવી તકીએો કહે છે; પરંતુ તે ખોટું છે. ઉપરની હકીકતથી જણાશે કે આપે મુરીદોને કુફર અને શિર્કમાં ડુબેલા જોઈ તેઓને રાહે રાસ્ત તરફ દોરવા માટે આપને કેટલીક એવી વાતો કરવી પડી હશે. જૂઠ બોલવાનું અને ફરેબ કરવાનું આપે લખ્યું છે તે શું બાદશાહે નહીં જોયું હોય? એ એક તરહની આજિઝી છે. મુનાફિકોની ઠગબાઝીથી સમજદાર દીનદાર કદી પણ છેતરાશે નહી.

ઉમ્મીદ મેરા તૂ હય પુરા રે કીતા,
કે ડુબતે કાફિલેકૂ હય કિનારા તેં દીતા.[૧] ૧૨

હિદાયત ઓનુકુ તુ પુરી રે દીજે,
તેરે ખાસે બંદોંમાં ઉન્કુ રે લીજે ૧૩

તેરે કરમસૂ મંચ જે હુવા વે કીતા,
હંચ વે બંદે તેરે તુ હય ઓનુકા રે મીતા. ૧૪

હિદાયત દીનકી તૂ દીજે ઓનું માંહા,
મુજે રે બંદેકા ઘણા ચારા રે નાંહા. ૧૫

પણ તુજસૂ જે હોવે વે અજબ ના જાનું,
તેરે કરમસૂ ચારા બહોત રે પિછાનું. ૧૬

ભી ઉમ્મેદ ઈતના હોવે પુરા એ દીવાના,
જે ઈસે સુને વે લાવે રે ઈમાના. ૧૭

ઈલમ સુલુક બના અવર ના આવે,
બાત ખનવાહે બના ના અવર લખાવે. ૧૮

જે પીરી મુરીદીકી સલુકકી રાહા,[૨]
કરમસૂ દીજે તૂ વે રે મુજે નેહા. ૧૯

અયસી જે રાહાસૂ હોવે પુરા રે દીવાના,
મુજે તવકીફ ના દીજે તૂ અવર રે બયાના. ૨૦

નબી દીન દોસ્તી મંચ રાખ્યા એ ઉમ્મેદા,
પુરા તૂ કીજે મુજ ઉમ્મેદકા ભેદા.[૩] ૨૧

---

૧ અગાઉ મોમિન કોમ શિર્ક અને અવતારી એતેકાદોમાં ડુબેલા હતા, બાદમાં અલ્લાહના ફઝલથી એ ડુબતો કાફલો કિનારે લાગ્યો એટલે હ૦ પીર મશાયખ (રહ.) ફરમાવે છે કે મ્હારી ઉમ્મીદ પુરી થઈ. ૨ તરીકો–રસ્તો. ૩ મ્હારી કોશીશ અને ઉમ્મીદ હે અલ્લાહ ત્હારા હબીબ (સલ૦) ના દીનની મોહબ્બતથી પુરી કરજે.

રે તૂહી.

બંદા આજિઝ હોયસી, બખ્શે તૂ સુબ્હાન રે,
બખ્શે તૂ સુબ્હાન,
ઉમ્મીદ પુરી તૂ કરે, ખાલિક તૂ રહમાન રે,
ખાલિક તૂ રહમાન.

## ૩૬

એ દીવાન લિખનેકુ હય જેરે મુજે નેહા,
ખાલિક કરમસુ સુખ દીજે રે દેહા. ૧

તેરે કરમસુ ઉમ્મીદ પુરી કીજે,
એ તમામ હોનેકી મુજે ખુશાલી રે દીજે. ૨

જયસી એહયા ઉલ ઉલુમ હય રે નામા,
ઈમામ ગિઝાલીને લખીયા રે કામા.[1] ૩

અને યું લિખા હય ઉસ કિતાબ રે માંહા,
કે કિતાબ એ છતે અવર કામ રે નાંહા. ૪

જો રે કભી દુરીજન કિતાબાં લૂટાવે,
અને એહયા ઉલ ઉલુમ છતાં જો પાવે. ૫

તો સૂસ્ત[2] ના હોવે કભી મુમિનોકા દીના,
બ્હોત દીનકી હકીકત કિતાબ રે મંના. ૬

ઈમામ ગિઝાલીને યું હય રે લિખીયા,
જે એહયા ઈલમ હય વયસી કર સિખીયા. ૭

---

૧ હ૦ ઇમામ ગિઝાલી (રહ૦)એ લખેલ "એહયાઉલ ઉલુમ" અરબી કિતાબ. ૨ કમઝોર.

મુજકો ઉમ્મેદભી અયસી હૈ ઈલાહી,
બંદે સબ તેરે પાવે તુજસુ બડાહી. ૮

આનુ તો અરબી હય લિખી ઝબાના,
દીવાન મંય લિખતા હું ગુજરી ઝબાના. ૯

સમજે હો ગુજરી ઝબાં એ ગમારા,
ગુજરી બોલી બોલેસુ બહોત કરતા હય પિયારા. ૧૦

ચિશ્તી[1] કા મેરા હય ખાનવાદા,
ચિશ્તીને શરત રાગ કીયા હય આબાદા. ૧૧

કે દિલકૂ રાગ બિના કસૂ ના હિલાવે,
તો દિલ હાલે બિના નેહ કયું આવે. ૧૨

તો ખનવાદા ચિશ્તી નાંહી રાગ બના,
તો મુજે રાગ ચાહિએ ઈસ ખનવાદે માના. ૧૩

તો ગુજરી રે બોલી બિના અવર રાગમાં ના આવે,
તો ખનવાદા ચિશ્તી સુધા યું કર લાવે. ૧૪

ભી એ કે ફારસી બહોત કિતાબાં કહીએ,
અને ગુજરી કિતાબાં વે કહીં કહીં લહીએ. ૧૫

અને ગમાર[2] હંય રેહતે જંગલ રે માંહા,
વે ગુજરી રે બના અવર સમજે રે નાંહા. ૧૬

મુજે ઉન વાસ્તે હંય કિતાબાં રે કરની,
તો સમજન ઉન્હોંકી વયસી બોલી મન ધરની. ૧૭

ઈલાહી તુજસૂ એ છૂપા રે નાંહા,
મંય હું આજિઝ બંદા તેરે બંદાં માંહા. ૧૮

---

૧ ચિશ્તી સુન્ની મુસલમાનોનો એક ખનવાદો. ૨ ગામડાઓમાં રેહનારા.

મંય ચાહું દીવાન એ અયસા રે બનાવા,
કે મેરે રે મુરીદકા હોવે પુરા રે ભાવા. ૧૯

ઔર દેખનેકી ઉસે હાજત ના રેહવે,
દીનકી હકીકત સબ ઉસ માંહેથી લેવે. ૨૦

ઈલાહી ઉમ્મેદ મેરા પુરા તુજે કરના,
કરમ તેરેસૂ યું નેહ મુજે ભરના. ૨૧

રે તૂહી.

બંદા ઉમ્મેદ ચાહેસી તુહી પુરન હાર રે,
તુહી પુરન હાર,
ખુબી બંદેકી તુજસૂ, તુ સબકા સુરીજન હાર રે,
તુ સબકા સુરીજન હાર.

## ૩૭

ઉમ્મેદ એતના એ તાસીર રે હોવે,
જે એ દીવાન કૂ સુને ઉસ્કા કુફ્ર ધોવે. ૧

નસીહત પહોંચે ઉસ દિલ કે રે માંહા,
શયતાન ગાલીબ ઉસે આવે રે નાંહા. [૧] ૨

જે મુજકૂ રે ચાહવે હોવે મુરીદ રે મેરા,
અકીદા સુનનેકા ઉસે દીજે રે સવેરા. ૩

મુરીદ હોનેકા ઉસે લાગે રે નેહા,
કે દીન કાજે ગલાવે અપની રે દેહા. ૪

રાહા સલુક બિના વે કાનું ના લાવે,
જે દીનકા રે ચોરા ઉસે કુછ ઔર રે બતાવે. ૫

૧ સાચા મને કિતાબો જોનારથી ઝુરૂર શયતાન દૂર રહે અને કુફ્ર કામોથી બચી જાય.

પીરી મુરીદીકા ઉસે નેહ તુ દીજે,
મેરે મુરીદકૂ કહીં બે પીરા ના કીજે.[૧] ૬

તેરે કરમસૂ દૂઆ કબુલ ને મેરી,
હાસિલ કીજે જે મુજે ઉમ્મેદ હય બહોતેરી.[૨] ૭

મશાયખ નામ જયસા મુજે રે ધરાવા,
તેરે કરમસૂ વયસા દીજે મુજે ભાવા. ૮

મેરે મુરીદકૂ રાખ પનાહમાં રે તેરી,
દૂશમન દીનથી જિનું જલે હંય અનેરી.[૩] ૯

જે તાલીબે ઈલમ ઈસ ઝમાના કેલાવે,
ખવફ ખુદાકા કુછ ખાતિર ના લાવે ૧૦

હાકિમોં કે પાસ વે દૂનિ કાજ જાવે,
દૌલતમાં દૂનિસૂ ખુશામદી મેલાવે. ૧૧

ઉનો જયસા ભુંડા કોઈ જગ માંહા નાંહા.
જૂં નબીજીકા કેહના કિતાબ મિશકાત માંહા. ૧૨

મેરે મુરીદકૂ ઓનુસુ રાખે તુ દુરી,
તો ખાલિક ઉમ્મીદ હોવે મુજે પુરી.[૪] ૧૩

---

૧ એટલે કોઇ બેહકાવનારા–દીનના ચોરોના ફરેબમાં ફસાઇ મ્હારા મુરીદો મ્હારાથી છુટા પડી બે પીરા ન થઇ જાય. ૨ આપની ઉમ્મીદ પ્રમાણે આપે મોટા પ્રમાણમાં દીનની વાતો લખી આપી, અને તેનો લાભ પણ લાખો મોમિનોએ લીધો છે. ૩ દીનની અને પીર મશાયખ (રહ.)ને માનનારા મોમિનોની ચઢતી જોઈ બળનારા લોકોથી પોતાની પનાહમાં રાખવા આપે અલ્લાહતઆલાથી અરઝ કરી અને અલ્લાહે તે પુરી પણ કરી. ૪ દૂન્યાની મતલબ સારૂ ઇલ્મ હાસિલ કરનારાઓ હાકિમો પાસે જઈ ઝૂઠી વાતો કરી ફિસાદ ફેલાવે છે તેવાઓથી મ્હારા મુરીદોને બચાવજે.

તુ બખ્શનહારા હય સુરીજન હારા,
તુ દૂઆ રે કબુલે હું બંદા રે બિચારા. ૧૪

તેરે કરમસૂ કુવ્વત ચારે કી રે આવે,[૧]
ખુબી બંદેકી તેરે કરમસૂ દેખાવે. ૧૫

લિખે કેરા ભાર તુ મુજપર ના ડાલે,
હલકા ભાર કર તુ સાહિબ સંભાલે. ૧૬

જે તકદીર લિખા હય નસીબ મેરા,
ખાલિક કીજે ઉસે હલકા રે સવેરા. ૧૭

તકદીરે લિખીયા મુજે ચારા રે નાંહા,
હલકા કીજે તુ જે મુજે રે માંહા. ૧૮

તેરે કરમસૂ મંય ઈમાન રે પાયા,
તેરે કરમસૂ યું નેહ રે લગાયા. ૧૯

રે તૂહી.

ઉમ્મેદ પુરે કરે મુજેકૂ, ભી મુરીદભી મેરે સાથ રે,
ભી મુરીદ ભી મેરે સાથ

ઉમ્મેદ પુરા તુ કરે, કુછ નાંહી હમારે હાથ રે,
કુછ નાંહી હમારે હાથ.[૨]

## ૩૮

ઝમીં આસમાન સુ પેહલી તકદીર કીતી,
લોહ મહફુઝ કિતાબમાં લિખકર દીતી. ૧

---

૧ યા અલ્લાહ મ્હારી તેમજ મ્હારા મુરીદોની તું ઉમ્મીદ પુરી કરજે, બાકી અમારમાં કંઈ શકિત નથી. ૨ તારી મહેરબાનીથી કામ કરવાની તવફીક આપ.

ઝમીં આસમાન સુ પેહલી તકદીર લખીયા,
પચાસ હઝાર બરસકા હિસાબ રે કરીયા. ૨

વે હિસાબમાં તકદીર દિન ફેરે જાનો,
વે હઝાર પચાસ સુને સુ રે માનો. ૩

ના થા રે ઝમીં તબ આસમાના,
તો આનું દનૂં જયસા લખીયા બયાના. ૪

તો પચાસ હઝાર બરસ જેતી બેર હુઈ સુનના,
જ્યું દિન સુણીયા ત્યું મન ધરના. ૫

કે પચાસ હઝાર બરસ પેહલી તકદીર કીતી,
સૂરત ઝમીં આસમાનકુ બાઝ લે દીતી. ૬

કે ખાલિકે કલમકુ હુકમ રે કીતા,
બાઝ કલમ ને વે લિખકર દીતા. ૭

લોહ મહફુઝ માંહે જે કિતાબ રે નામા,
કલમે લખિયા ઓસ જ ઠામા. ૮

યા નૂરીયોં કો ખાલિકે હુકમ પઠાયા,
નૂરીયો કે હાથોં એ કિતાબ લે લખાયા. ૯

દો રિતાં લિખનેકી કીતાબ કેરી,
લોહ મહફુઝ ખલકતસુ કીતી રે સવેરી. ૧૦

કઝા ને કદર [૧] હય એકજ નામા,
પણ કુછ દોનોમાં હય બિગતકા ઠામા. ૧૧

ખલકત કરનીસબ સબોં કેરી,
જૂં ઝમીં ને આસમાન ભી બિગત અનેરી. ૧૨

૧ અલ્લાહનો હુકમ.

ભી જૂં ઝમીં ને આસમાન તારે કહીએ,
ભી જેતે હંય હલતે વેભી સબ લહીએ. ૧૩

જૂં ડૂંગર ને દરીયા ભી ઓર રે ઠામા,
જેતી રે ખલકત કેરે રે નામા. ૧૪

એ ફના ભી ના હોવે અને મરે ભી રે નાંહી,
જાં અજલ[1] પહોંચાવે ઓનુ કુ રે સાંહી. ૧૫

ઈસે તો કઝા કહી રે જાનો,
કઝા નામ હુકમકા સહી રે પિછાનો. ૧૬

જૂદા જૂદા હુકમ જે ઓનુકુ લિખાના,
અને મૌત ને હયાત કા નામ રે ધરાના ૧૭

જૂં પલ પલ લિખની તલ ઘડી રે ઘડી,
નામ ઉનકા લે તકદીર ધરી રે ધરી. ૧૮

તો કઝા કાદિરસુ[2] સબ પેહલા લિખાના,
તો કયું રેહવે ખલકત માંહે અબ છાના. ૧૯

રે તૂહી.

કઝા કદર ખલકત કે, સબબ લિખા સહી જાન રે,
સબબ લિખા સહી જાન,
દરખત પાંત નાંહી હાલસી, કઝા કાદિર બિન માન રે,
કઝા કાદિર બિન માન.

## ૩૯

કઝા કાદિરમાં સબ રે લિખાના,
એક તિલ જેતા ના રહીલા રે છાના. ૧

૧ મોત. ૨ અલ્લાહના હુકમથી

મૌત હયાત સબ જીવ જીવ કેરી,
લોહ મહફુઝમાં લિખી સબ સબ અનેરી. ૨

પલ પલ આંખકી જયસી રે કેહની,
ઉસસૂભી થોડી સબ લિખી સહી લેની. ૩

એક પલ આગે પિછે ના કેલાવે,
મુજબ લિખે કે અજલ[1] રે આવે. ૪

એક એક દાના ને ટીપ ટીપ પાની,
કઝા કદરમાં એ સબ રે લિખાની. ૫

ઝમીં પર બેઠના ને કદમ ધરના,
એક કદમ કે હઝાર કોસ[2] ફરના. ૬

જેતા મકામૂં બંદા રે બિઠાવે.
વાં ટીપ પીયા પાની તલ જેતા ખાવે, ૭

ભી સુખસૂ રે રેહના દુખભી સેહના,
તિલ તિલ પેહલા લિખેસુ રે કેહના. ૮

સજોગ ને બજોગ એ ભી સહી લિખાયા,
મેહનત મઝૂરીકી હાસિલ મન ધરીયા. ૯

એ સબ રે લિખાના લોહ મહફુઝ માંહા,
તલ ને પલ જેતા કુછ બાકી રે નાંહા. ૧૦

ફેલ બંદો કે સબ ખાલિકે રે કીતે,
પણ કસબ બંદોકુ વે લેકર દીતે. ૧૧

જૂં તરવારસુ મારના ને પાણીમાં ડુબાના,
આગમાં જલાના ભી ઔર ફેલ કરના. ૧૨

૧ મૌત. ૨ અગાઉ.

જૂં આગ ને પાણી ખાલિકે કીતા,
બંદોંકો એ કસબ કર લે દીતા. ૧૩

ભી અમલ રે હસના અને હોવે શયતાની, [૧]
એ સબ ખાલિકે કીતા જૂં આગકી નિશાની. ૧૪

તો યું ના કહીએ ભુંડે ફેલ અવર બનાવે,
અને હસના ફેલ ખાલિક રે બતાવે. ૧૫

જૂદા રે ના હોવે સુરીજન હારા,
જૂં આગ ને પાણીકુ ના અવર સવારા. ૧૬

અયસે રે પટોતરૂં સબ ખાલિકસુ જાણો,
બંદે કે રે ફેલમાં તમે શિરક ના આણો. [૨] ૧૭

પણ ફયલોંકા સવાબ ને પાપ લિખ્યા રે નાંહા,
કસબ બંદે કા કર દીયા દૂનિયા માંહા. ૧૮

તો કિરામન કાતબીન દો બંદે પાસ જાનો,
સવાબ ને બિજગાર લિખે વે માનો. [૩] ૧૯

તિલ તિલ જેતા ફેલ હય કહીએ,
વે લિખે રે નૂરી જયસા કરે વયસા લહીએ. ૨૦

રે તૂહી.

કઆ કદર સબ લિખીયા, તિલ તિલ દુખસુખ જાન રે,
તિલ તિલ દુખ સુખ જાન,
અમલ બંદા ખાલિકે, કર કસબ દીયા અનુ માન રે,
કર કસબ દીયા અનુ માન.

---

૧ નેક અને બદ. ૨ અલ્લાહ સિવાય કોઈ કામ બંદો કરે છે એવું કહી–સમજી શિરક ન કરો કારણ કે શિર્ક એ મોટો ગુનાહ છે. ૩ નેકી અને બદી લખનાર બે ફરિસ્તા.

## ૪૦

પાણી રે ઉપર થા અયસા રે સહી,
વે દરીયા રે જયસા પાણી રે નહી. ૧

પાણી ઉજલા વે તો કહાવા,
કુદરત કેરા વે નામ રે ધરાવા. ૨

અલક સબોંસુ પેહલા પાણી રે નિપાયા,
જો સબ માંહે બેહતર ખૂબ પાણી રે કેલાયા. ૩

બાત પાણી કેરી ભી દુજી હય અયસી,
જયસી હય રે સુની લિખી હય વયસી. ૪

કે ખાલિકે ઝોહોર[1] હય પયદા કીતા,
કે ગુસ્સારે નઝરકા રબ ઓસપર દીતા. ૫

નઝર ગુસ્સેસુ વે ઝોહોર ગલાયા,
પાણી ખાલિકે લે ઉસસૂ બનાયા. ૬

યું દો હુઈ રવિશું[2] પાણી હો કેરી,
ઔર તો બિગત મંય નાંહી સુની રે અનેરી. ૭

લોહ રે કલમ બાઝ વે પયદા રે કીતા,
જાું ઓને ચાહ્યા સુન આપ મન મીતા. ૮

પીછે પયદા કીતા કિતાબ કા લિખના,
લોહ મહફુઝ નામે નામ રે ધરના. ૯

અરશ ને કુરસી પિછે રે બનાઈ,
દેખો ને ખાલિક કેરી રે બડાઈ, ૧૦

૧ એક જાતનો પથ્થર. ૨ રિતો.

તબ પિછે આસમાન કીતી રે ઝમીંઆં,
પિછે રે ફરિશ્તે કીતે ને જિનીઆં.[1] ૧૧

પિછે લે અરશ ઉસ પાણી પર રાખ્યા,
દોનો બદનો બીચ[2] પરદા નાંહી ખોલ યું દાખ્યા. ૧૨

કે અરશ ને પાણી બીચ ઔર કુછ નાંહી,
કે અરશ રે છોડા હય વે ઉસકે રે માંહી. ૧૩

અને યુંભી ના કહીએ અર્શ પાણી પર ધરીયા,
જ્યું રે જહાઝ તરતા હય ભીતર દરીયા. ૧૪

એ તો કુદરત કી બાત હય છાની,
સુને હી બિના કેને હી ના જાની. ૧૫

યા કે જે નૂરી અરશ ઉચા ના રે,
વે પાણી માંહે ઠાડે કુદરત આધા રે. ૧૬

યા અરશ પાણી પર એ કુદરત બાતી,
વે ખાલિક જાને જેને કીતી એ સબ ઝાતી. ૧૭

રે તૂ હી.

ઉજલા નીર દરીયાકા, કીયા કુદરત આપ રે,
કીયા કુદરત આપ,
યા ઓહોરકા પાણી હુઆ, ગુસ્સે તેરેકે તાપ રે,
ગુસ્સે તેરે કે તાપ.

૪૧.

વે પાણીકી ખુબીસુ આતિશ બનાઈ,
ધુંવે રે સેતી [કીતી રે રોશનાઈ. ૧

---

૧ જીન્નાત. ૨ બન્ને ઝાત વચ્ચે.

ઉસ ધુંવે સુ આસમાન કીતા,
એક તો હુકમ યું સુન લીતા. ૨

એસી રે રવિશ હય આસમાન કેરી,
વે ભી સુની હય લિખે સુ અનેરી. ૩

કે પાણી કે બુખારસુ[1] હુવે આસમાના,
ઓણુ પાણીકી વે બુખાર કેહના. ૪

સાતો રે આસમાન યું કર કીતે,
રંગ નામ ઓનુ કે જજ્બૂએ લે દીતે. ૫

ભી ઉસ રે પાણીકુ કફ[2] રે બંધાના,
ઉસસુ રે કીતી ઝમીંયાં નિશાના. ૬

ઝમીં કે ભી નિચે ઝમીં દુજી રે બનાઈ,
અવરભી નિશાની ઉસ ભીતર નીપાઈ. ૭

આસમાન પેહલા બુરકીયા નામા,
ચંદ રે સિતારેકા એ હય રે મુકામા. ૮

લીલા ઝમર્રૂદ કેરા રંગ હય કહીએ,
એ ઈસ્માઈલ ફરિશ્તા રખવાલ લહીએ. ૯

છ હઝાર ફરિશ્તે ઉસે તાબે કીએ,
ભી એક હઝાર એક એકકે તાબે કર દીએ. ૧૦

આસમાન દૂજા કદૂન નામા,
સિતારા અતારદ કેરા એ ઠામા. ૧૧

રંગ હય ઉસકા યાકૂત લાલા,
મજાઈલ ફરિશ્તા હય રખવાલા. ૧૨

૧ વરાળ. ૨ ફિણ–થર.

દોસો હઝાર ફરિશ્તે હંય ઉસ કેરે હાથા,
ભી એક એક પીછે એતે ફરિશ્તે સાથા. ૧૩

ગણતે હિસાબ દેખો કિતના રે આવે,
દૂજે આસમાન ઈતને નૂરી રે કહાવે. ૧૪

માઉન નામ તીજા રે આસમાના,
યાકુત લીલેકા ઉસે રંગ રે પિછાના. ૧૫

સાદબાઈલ ફરિશ્તા હય રે રખવાલા,
તીન સો હઝાર ફરિશ્તે વાં રેહવે દેખ હાલા. ૧૬

હકીકત લિખી સો સોચકર લીજે,
ઈતના સુનકર યું ચિંત દીજે. ૧૭

રે તૂ હી.

પાણી ઔણ ધુંવા આગસુ, કીયા સાતો આસમાન રે,
કીયા સાતો આસમાન,
જુદે જુદે સબ નામ હય, જુદે જુદે મકાન રે,
જુદે જુદે મકાન.

૪૨

ચોથા આસમાન રૂપે હો કેરા,
ઓસે રે બનાયા ખાલિકે અનેરા. ૧

રફુલુન નામા ઉસ કેરા કહીએ,
સૂરજ મુકામ ઉસ આસમાને લહીએ. ૨

ફરિશ્તા સલસાઈલ રખવાલ નામા,
ચાર સો હઝાર નૂરી હંય ઉસકે કામા. ૩

ભી હાથ એક એકકે ઈતને રે જાનો,
આસમાન ચોથે અયસે રે પિછાનો. ૪

લાલ સોનેકા પાંચમાં આસમાના,
મિરીંખ સિતારે કા વે રે મકાના. ૫

કલકાઈલ રખેવાલ કેરા રે નામા,
પાંચ સો હઝાર ફ્રિશ્તે હય ઉસકે રે કામા. ૬

ભી હાથ એક એકકે હય પાંચસો હઝારા,
આસમાન પાંચમાં તો અયસા રે સંવારા. ૭

છઠારે આસમાન મોતી કે રંગા,
ઉસ કેરા રંગે ના હોવે રે ભંગા. ૮

ઉજલા મોતી જયસા રે કહીએ,
રફ્રફ્ ઉસકા નામ રે લહીએ. ૯

મુશતરી સિતારેકા એ આસમાના,
અવરભી સિતારે બહોત હય રે પિછાના. ૧૦

સમખાઈલ ફ્રિશ્તા રખેવાલ નામા,
પાંચસો હઝાર ફ્રિશ્તે હય ઉસકેરે કામા. ૧૧

સાતમાં રે આસમાન હય નૂર કેરા,
ઉજલા મોતીકા ઉસે રંગ અનેરા. ૧૨

કુરબાઈલ રખવાલ હય નામ રે નૂરી,
હઝાર સિત્તર હાથ ઉસે નૂરી હોતે નાંહી દૂરી. ૧૩

અજરબીયા ઉસકા કહીએ નામા,
જોહાલ સિતારે કેરા વે ઠામા. ૧૪

સાતોં રે આસમાન યું કર કીતે,
ખાલિકે કુદરત સુ બનાકર લીતે. ૧૫

ઉસ પર અરશને કુરસી ધરીયા,
દેખો ને ખલકત કયસા રે કરીયા. ૧૬

એતો હય ખાલિક આપ સુબહાના,
ઉસકી કુદરતકા એ જે બુઝો રે બયાના. ૧૭

વે તો સુબહાના આપ સત્તારા,
ખલકત સંગળી કીતી રે બિચારા. ૧૮

તો પાકી રે ઉસકી યાદ મન કીજે,
બંદા રે હોકર નિત ચંત દીજે ૧૯

રે તૂ હી.

આસમાન સાતોં આપે કરે, રંગ ફિરાએ નામ રે,
રંગ ફિરાએ નામ,

અરશ લેકર ઓસપર, કીતા રેહને ઠામ રે,
કીતા રેહને ઠામ.

## ૪૩

અરશ કે નીચે હય રે દરીયા,
કે જિસ પર અરશ પેહલા થા ધરીયા. ૧

વે જારી હય દરીયા બાંધા રે નાંહા,
કે ચલતા હય પાની ઠાડા રે નાંહા. ૨

અરશ ઉચાનાર ફરિશ્તે હંય સાતા,
નાંહી આદમ સૂરત કુછ ઔર હય ઝાતા. ૩

કાનોંકી લોલાં ઓનું અબોં કે માંહા,
સાત સો બરસકા છેટા હય તાંહા. ૪

પંખી ઓરસુ ઉડે પર મારે,
તો સાત સો બરસે પહોંચે વે રે કિનારે. ૫

વે નૂરીઓંકી ગરદન અયસી રે જાનો,
સો સારી રે દેહા ઉસ રીતે રે પિછાનો. ૬

સાત ફરિશ્તે ઉસે હય રે ઉચાના રે,
વે અરશકે કાજે કીએ ભાર બરદારે. ૭

બુલંદી હકકી ને અઝમત ઓસકી,
અઝમત કુદરત કહીએ રે જિસકી. ૮

વે લે ને અરશ કે ઉપર ધરીઆ,
વે ભાર કે લીતે શોરજ કરીઆ. ૯

અરડાતી હય અરશ જયસા શુતરા,
કે અરડાવે ઉંટ જબ ભાર રે ભરા.[1] ૧૦

જયસા ઉંટ કા બચ્ચા ભારસુ પોકારે,
આજિઝી સુ શોર બહોત કર કર હારે. ૧૧

અરશ એ મુજબ કરે હય પોકારા,
કુદરત કેરા ભાર હુવા રે અપારા. ૧૨

કાદિર અયસા દેખો ને સુબહાના,
છેહ કુદરત કેરા કુછ નાંહી રે બયાના. ૧૩

ઔર હય હકીકત આગે કહુંગા ઉમ્મેદા,
જાં દીવાનમાં મેઅરાજ[2] નામકા ભેદા. ૧૪

---

૧ ભારના લીધે ઉંટ બરાડા પાડે તેમ. ૨ "મે'રાજનામા"ની કિતાબ–દીવાનમાંની બીજી ફસલ.

જે અલ્લાહી રે મુજકુ જમીઅત હેવે,[1]
કે ઉસકે બંદોમાં કરમ સુ લેવે. ૧૫

પણ ના રે ખાલિકકુ કહીએ મકાના,
વે મકાન કે કામસુ હય આપ સુબહાના. ૧૬

ભી ઓર રે એશિયાકા નાંહી ઉસે કામા,
વે હય સુબહાન સગલે કામ ઠામા[2] ૧૭

જૂં દેખો ને ખલકત સબ ઉને કીતા,
તો ખાસે રે બંદૂં એ દેખ ચંત દીતા. ૧૮

રે તૂ હી.

અરશ અરડાવે ભારસુ, જયસે ઉંટ જે જાન રે,
જયસે ઉંટ જે જાન,
અઝમત કાદિર કેરડી, કે ભાર સહીતો માન રે,
કે ભાર સહી તો માન.

૪૪

ખાક પયદા કીતી હફતે કે દંના,[3]
ઝમીં કેરી બુનીયાદ રાખો એ મંના. ૧

ઈતવાર કુ પયદાશ ડુંગરોંકી કીતી,
ઝમીંકુ રે મેખાં પહાડોંકી દીતી. ૨

દરખ્ખત કીતે દિન સોમવારા,
ન્હાને ને બડે સરજે રે સારા. ૩

મંધમ ભી જિતને ઝાત રે કહીએ;
જૂં સાંપ ને બિચ્છુ અવર ભી લહીએ. ૪

૧ સંતોષ—શાંન્તી. ૨ અલ્લાહ કોઈ પણ વસ્તુનો મોહતાજ નથી. ૩ શનીવારે.

મંગળ વારે પયદા ભી કીતે,
નામ ઓનુકુ હંય જુજવે દીતે. ૫

મચ્છી ને નૂર ખાલિકે બનાયા,
તે બુધવાર દિન કિતાબે લખાયા. ૬

જુમેરાત દિન ચોપગે હંય કીતે,
જીવસું જે હાલે વે હિસાબમાં લીતે. ૭

પૈદાશ આદમકી હય જુમ્આ કે દંના,
વખત અસર બાઝ રાખો એ મંના. ૮

અવરભી ખલકત ઉસ દિન કહીએ,
આખિર વખતસુ સો રાતભી લહીએ, ૯

દેખોને ઝમીંયાં નીચે હય પાની,
ઝમીં જિસ પાણી સુ હુઈ · બાત જાની. ૧૦

પાણી વે મચ્છી કે ઉપર હય કેહના,
પત્થર પર મચ્છી વે સમજને લેહના. ૧૧

પોઠીયા ઉપર વે પત્થર કી સિલા,
પોઠીયા તલે ઝમીઆં દેખો એ કલા. ૧૨

તહતુસસરા[૧] જિસકા રે નામા,
સાતમીં ઝમીયાં એ કેહનેકા ઠામા. ૧૩

ઝમીં સાતમી સર ફિરિશ્તેકે કહીએ,
નિચે પગ ફિરિશ્તેકે મસા પાંખ લહીએ. ૧૪

મસા હો ઉપર હય ઝેણ દરીયા,
દરીયા વે દોઝખ ઉપર કરીયા. ૧૫

૧ ઝમીનોની નીચે પાતાળમાં પાણીના તળીયાનો ભાગ છે.

હોઝખ નીચે હય બહોત પવના,
નીચે પવન અંધારા રાખો એ મંના. ૧૬

અંધારે કે પરદે હય યું કેહના,
વે પવન કે નીચે સમજ ને લેહના. ૧૭

ઉસકે નીચે જાણે રે અલ્લાહી,
અવર કિસીકુ નાંહી રે અગાહી. ૧૮

સબકા સુરીજન હાર પિછાનો,
યું નિત ઉસે પાકી યાદ મન આનો. ૧૯

રે તૂહી.

ખલકત કીતી દિન સાતમાં, દીખાને કે કાજ રે,
દીખાને કે કાજ,
ઝમી આસમાન બ્રહ્મંડ કીએ, હય સબપર તેરા રાજ રે,
હય સબપર તેરા રાજ.

## ૪૫

નૂર તો ખાલિકે પયદા કીતા,
નામ તો રોશનાઈકા નૂર રે દીતા. ૧

આતિશ કીતી વે ભી રોશનાઈ,
હકીકત હોનોકી અયસી રે પાઈ. ૨

આતિશ ધુંવે સેતી રે કહીએ,
ભી ધુંવા ઉસ આગસુ દૂર હોવે એસા લહીએ. ૩

ઉસ આગસુ ધુંવા હોવે અલગા રે જાનો,
દૂનિ કેરી આગસુ એતો ફરક પિછાનો. ૪

નૂરભી રોશની કે કહીએ માંહા,
પણ ધુંવા નૂરમાં હોવે રે નાંહા. ૫

આતિશ ને નૂર ધુંવે ફરક બનાએ,
રોશનાઈ માંહી દોનો એક રે કેલાએ. ૬

ફરિશ્તે રે બનાએ ઉસ નૂર કે ખમીરા,
ઉસ રે ખમીરકુ કામ નાંહી રે નીરા. ૭

ખમીર જીનુકા કીયા આગકી રે પેદાશા,
ઉસ બીચ ફરક જેસા ઝમીં આકાશા. ૮

તો દેખો ને અઝાઝીલ મન તકબ્બુરી આઈ,
જો આતિશ સુ ઝાતથી ઉસકી બનાઈ. ૯

આતિશ દોઝખકી બહોત આકરી,
સો કાજ અઝાબ કે કીતી સુનો એ મન ધરી. :૧૦

વે દૂનિયા રે જયસી આગ મુઈ નાંહા,
સિત્તર ધણી જોત અદકી ઉસ માંહા. ૧૧

દોઝખ કીની સબ વયસી રે આગા,
ધસકા ઓફ્કા તબ બંદો રે લાગા. ૧૨

ગુસ્સા ઈલાહી વે રે દુખ ભારી,
જિને રે દોઝખકી ખબર બિસારી. ૧૩

ઉસકી મિસાલ કુછ દેખને લીજે,
જૂં ગરમ રે લોહા આગ જેસા કીજે. ૧૪

વે આગ સા દેખાવે પણ આગ જેસા નાંહા,
હય આગસુ ગરમી બહોત ઉસ રે માંહા. ૧૫

વે અંગારે આતિશ હાથ લીએ જાવે,
વે લોહે કુ હાથ લગાતે જલાવે. ૧૬

દોઝખ કીતી હય અયસે અંગારૂં,
ઓસ બના અઝાબ કહીએ હઝારૂં. ૧૭

તુ બંદા હોકર ક્યું વે બિસારે,
દોઝખ ડર છોડ બહિશ્ત ક્યું હારે.[1] ૧૮

ઝાંસે રે અલ્લાહી હય ઝૂઠે રે નાંહા,
એ સહી કર લીજે હો બંદા મન માંહા[2] ૧૯

વાએદા ભી રબકા ખિલાફ ના કહીએ,
તો ઉમ્મેદ રે બહિશ્તકા સહી મન લહીએ. ૨૦

એ દો બીચ ઈમાન મુમિન કેરા,
એ દો મન સહી રાખ કહીએ બહોતેરા.[3] ૨૧

રે તૂહી.

રોશનાઈ આતિશ નૂરકી, દોનો એક મિસાલ રે,
દોનો એક મિસાલ,
ધુંવે સું ફરક હુવા, ત્યું નૂર જિનકા હાલ રે,
ત્યું નૂર જિનકા હાલ.

## ૪૬

આદમ સુ પેહલે કહીએ આતશી જીન્ના,
હકીકત ઓનુકી સુન રાખો મન્ના ૧

૧ અલ્લાહનો બંદો થઈ દોઝખનો ડર બહુ રાખવો જોઈએ, દોઝખનો ડર વિસારી જન્નત શા માટે ગુમાવવી ? ૨ અલ્લાહે આપેલ ચેતવણીઓ પણ સાચીજ માનવી. ૩ ડર અને ઉમ્મીદ વચ્ચેજ ઇમાન છે.—હદીસ.

જાન રે નામ એક જીન રે કીતા,
શોઅલા આતિશ કા ઉસ ખમી રે દીતા. ૨

નામ તો જાન લે ઉસકા ધરીયા,
જીનોં કેરા બાપ તો વે રે કેલાયા ૩

એક સરજની ભી ઉસસુ કીતી,
ખલકત જીનોંકી યું સુનકર લીતી. ૪

ઉસકો મહાદેવ વે કાફિર કેહતે,
જે મિશરી હિંદુ કે હય ટોળે માંહી રેહતે. ૫

બાઝ જીન કે ફરઝંદ હુવે રે બહોતે રે,
જૂં અઝાઝીલ[1] નામ ઔાર ભી અનેરે. ૬

ઈલમ ઈલાહી ઉસે દીયા થા રે પેહલા,
કે હક્કુ પિછાને ના રે હોવે મન મેલા. ૭

તો અઝાઝીલ પઢીયા ઉસ ઈલમ રે માંહા,
બંદગી ખાલિક સુ ફારિગ રહેયા રે નાંહા. ૮

જિસકા રે હિન્દુ ધરા નારદ રે નામા,
જે મેશરી કેહલાવે દેવ પુજાકા ઠામા. ૯

જીન જીન વંશમાં જાતા રે કહીએ,
એ મિસાલ આદમ કે વંશ કેરી લહીએ. ૧૦

જૂં દેવને પરી જીન રે કેહલાયા,
યું ઝાત નામ ઉનકા જુદા રે લખાયા. ૧૧

ઓનુકુ દેવતા હિંદુ હંય કેહતે,
જે મેશરી ટોળે કાફિરોં કે રેહતે. ૧૨

---

૧ અલ્લાહની ના ફરમાની કરવાથી લા'નત પામનાર.

હંય જેગેલીએ માનવી કેહતે અનુકુભી જાનો,
જે કાફિર શરાવક જનુકુ પિછાનો. ૧૩

ભી જનાવર રૂપ લીયા કેતેક જીના,
વે બીર હય કેહલાએ રાખો યું મંના ૧૪

જૂં હનવંત નારસંગ ભૈસાસુર નામા,
અવરભી નામ હય બહોતે રે ઠામા. ૧૫

જાન બાઝ જીન કેતે કાફિર કેહલાએ,
કેતેક ઓનુ સુ હંય દીન માંહે આયે. ૧૬

જૂં અઝાઝીલ બંદગી બહોય હય કીતી,
તો જગો નૂરીયાં કે પાસ જા લીતી. ૧૭

મારફત માંહે લખું એ બયાના,
હય ઉમ્મેદ મુજ મન રેહવે યું ધાના. ૧૮

રે તૂહી.

આતશી જીન પેહલે કીએ, જીન ધરા ઓસે નામ રે,
જીન ધરા ઓસે નામ,
દેવ જીન જે પરીયાં, ઓસકે વંશકા ઠામ રે,
ઓસકે વંશકા ઠામ.

૪૭

હુકમ ખાલિક અયસારે પઠાયા,
ખલીફા કરૂંગા યું કેહ ને દેખાયા. ૧

અવર ભી બંદે મંય ઓસસુ બના હું,
ઈબાદત કાજ મંય ઓસકુ રે ચાહું. ૨

વેભી દોસ્તદારા મેરે રે હોવે,
હુકમ રે મેરા વે શિર ધર લેવે. ૩

ઈત્ના હુકમ ખાલિકે રે આખા,
ખલકત સબૂં કુ બોલ કર દાખા. ૪

તબ ફરિશ્તૂં સુનકર અરઝ રે કીતી,
ફિકર અનેરી કછુ સમજ ને લીતી. ૫

જે બંદા તેરા દૂનિ માંહા હોવેગા,
તો આપ માંહી લડ કર દીન ખોવેગા. ૬

વે કતલ કર કર બહોત લોહી દેખાવે,
ફિસાદ દૂનિમાં વે અયસા રે બનાવે. ૭

હમ હંય રે બંદે તુજ બંદગી કામા,
કરે કામ હુકમ સુ હમ લેવે તુજ નામા. ૮

યાદ હંય કરતે હમ પાકી તેરી,
ઔરભી રે સના હમ કરતે હંય બહોતેરી. ૯

અરઝ ઓનુકી રબ સુન લીતી,
જવાબ દેનેકી કુછ વલમ ના કીતી. ૧૦

મંય હું રે બુઝતા યું હુકમ રે કીતા,
વે તમે નારે બુઝો ભી હુકમ એ દીતા. ૧૧

હુકમ એ સુનકર ચુપ રહે નૂરી,
મતલબ અરઝકી જબ ના હુઈ પૂરી. ૧૨

બાઝ અરશ ને સુનકર અરઝ રે કીતી,
બડાઈ આપસકી કુછ મન રે દીતી. ૧૩

નેક બખ્ત ઈલાહી કરે બંદા જે તેરા,
તો મુજસુ પયદા કર ઉસે રે અનેરા. ૧૪

તેં મુજે આખ્યા અરશ રે અઝીમા,
મેરે નીચે સગળે તેં કીએ રે કરીમા. ૧૫

તો ખાલિક બંદા મુજ સુ બનાહી,
એ અરઝ અરશકી સુન રહયા રે ઈલાહી. ૧૬

અરશ બાઝ કુરસીને અરઝ રે કીતી,
ઓસ હો જયસી મન માંહે દીતી. ૧૭

તેં મુજે કુરસી કુશાદ રે આખી,
કે પહોળી બહોત કુરસી યું કલામે દાખી. ૧૮

જે નેક બખત બંદા હય તુજે પયદા કરના,
તો મુજસુ રે કીજે એ અવાઝ રે સુનના. ૧૯

ખાલિક એતની સુન રહયા રે બાતી,
વે અરઝ સુને સુ પાક હય ઝાતી. ૨૦

રે તૂહી.

આદમ નામ લે ખાલિકે, ધરા ખલીફા[૧] નામ રે,
ધરા ખલીફા નામ,
અરઝ નૂરી અર્શ કુરસી, કીતી અપને કામ રે,
કીતી અપને કામ.

૪૮

ઓસ બાઝ અરઝ કીતી આસમાના,
અરશ હો જયસા મન રાખ્યા બનાયા. ૧

૧ નાયબ—કાયમ મુકામ.

કે ઈલાહી તેં ચંદા ભી અવર સિતારે,
મુજ પર રોશની કે કાજ સવારે. ૨

કલામ તેરે માં ભી તેં હય ફરમાયા,
આસમાન પેહલા તો રોશન બનાયા. ૩

નેક બખ્ત બંદા કરે તેરા જો પયદા,
તો મુજસુ ઓસકા બના તુ માદદા. ૪

સબ કેને આપ આપ અરઝ યું કીતી,
ખુબી આપસકી ચિંત માંહી દીતી. ૫

પણ દેખો ને ના બોલી કસૂં ઝમીંઆ,
ગરીબ આપસસુ રહી અયસે દુનિઆ. ૬

તબ તો ઈલાહી આયા ફરમાના,
કયું અરઝ કરનેસુ ઝમીં હુઈ નાદાના. ૭

તબ ઝમીંને આજિઝ હો ઈતના રે કહયા,
કે હાલ રે સબૂંકા તુજસુ છુપા ના રહયા. ૮

કે અરશ આપસકી બડાઈ સુ બોલતા,
વે ગુમાન રે આપ મન હય લાડસુ કરતા. ૯

કુશાદ હય કુરસી તો બડાઈ દેખાવે,
ખુબી આપસકે કાજ અરઝ બતાવે. ૧૦

આસમાન ઉંચા ભી રોશની કાજા,
લાડ યહ કરતા નાંહી આવતી લાજા. ૧૧

મંય હું બિચારી ઓનુ જયસી રે નાંહા,
ચૌપગે દુનિ કે ચલે મુજ માંહા. ૧૨

તો મંય ક્યું કહું કે દોસ્ત જે તેરા,
ખાલિક મુજસુ પયદા કરે રે સવેરા. ૧૩

ખાલિકે હુકમ તબ ઈતના રે કીતા,
સુખન ગરીબી હમૂં કબુલ ને લીતા. ૧૪

વે દોસ્તીસુ બંદા મંય તુજસુ બનાઉં,
ફરઝંદ આદમ કે બાઝ તુજે રે દેખાઉં. ૧૫

તો કામ હોના બંદા ગરીબી સુ જાનો,
તો નિત ઉઠ આજિઝી યું ચંત આનો. ૧૬

રે તૂ હી.

અરઝ કબુલી ના તનૂં, જિનુ કીયા કસુ માન રે,
જિનું કીયા કસુ માન,
મતલબ ઝમીંકી ખાલિક, જો ના કીયા ગુમાન રે,
જો ના કીયા ગુમાન.

## ૪૯

તબ હુવે રે નઝદીક આદમ રે બનાના,
તબ નૂરીયોંને અરઝકા ફિર કીયા બિયાના. ૧

કે લૌહે મહફુઝમાં હમું દેખા હય લિખા,
કે ખાકી હોવેગા તેરે બંદોં કે ભેખા. ૨

કરેંગે બહોત વે બે ફરમાની,
હરામ ખાવેંગે બહોત હોવેંગે ઝાની. ૩

આપ માંહે લડકર ખૂની રે કહાવે,
એક એકકુ મારે અયસા ફિસાદ બનાવે. ૪

હમ તો હંય બંદગી તેરી કરતે,
હંય ફરમાં બરદાર તેરી પાકી ધરતે. ૫

ચૂપ રહો આયા હુકમ ઈલાહી,
આદમ કે હકમાં કીતી બોલતે મનાહી. ૬

જીબ્રઈલકુ હુકમ ખાલિકે પઠાયા,
લે આ ખાક મુઠ્ઠી ઝમીસું બતાયા. ૭

તબ ઝમીને મનમાં ડર બહોત કીતા,
અબ કયસા હાલ હોવે મુજ મીતા. ૮

કે ઝમીંઆસુ લેકર આદમ બનાયા,
ને હુકમ ઈલાહીસુ મુહ વે ફિરાયા. ૯

ડર કેરી બાત અયસી ઝમીં મન કીતી,
જીબ્રઈલકુ સોગંદ ઝમીને દીતી. ૧૦

સુન રે ફરિશ્તા નઝદીક હઝરત કેરા,
સોગંદ તુજે હય ઓસકી જેને કીઆ રે સવેરા. ૧૧

જીબ્રઈલ બાઝ જા રબકુ દાખ્યા,
સબ તુજે મા'લુમ, નાંહી છુપા યું આખ્યા. ૧૨

કે મુઠ્ઠી ના લીજે મુજ સુ અનેરી,
ઝમીં યું સોગંદ દીતી હય તેરી. ૧૩

રે તૂ હી.

ઝમીં ડરી તન આપસુ, ખમીર આદમ કાજ રે,
ખમીર આદમ કાજ,
ખાકી હો ગુનાહ કરે, તબ આવે મુજે લાજ રે,
તબ આવે મુજે લાજ.

## ૫૦

મીકાઈલ ઈસરાફીલ કુ હુવા ફરમાના,
કે મુઠઠી એક ખાક ઝમીંસુ લે આના. ૧

જબ આયે નૂરી દો લેને કુ ખાકા,
તબ ઝમીં સોગંદ દીતી કીયા ના રે બાકા.[1] ૨

કહયા તમું હય સોગંદ પરવર દિગારા,
જિસકુ હય મા'લુમ સબ એ ખબરા. ૩

કે ખાક તમુકુ લેની રે નાંહા,
યું સોગંદ દીતી ઝમીં ને તાંહા. ૪

તબ દોનો પિછે ફિર અરઝ જા કીતી,
કે ઈલાહી ઝમીં ને સોગંદ હે દીતી. ૫

ઈઝરાઈલકુ હુકમ તબ ખાલિકે પઠાયા,
કે લે આ ખાક મુઠઠી યું ફરમાયા. ૬

તબ ફિર ને ઝમીંને સોગંદ દીતી,
ઈઝરાઈલને સોગંદ મન માંહી ના લીતી. ૭

ફિર કહયા ઝમીંયા ચૂપ બોલ રે નાંહા,
યું કેહ લીતી ખાક ઝમીં કે માંહા. ૮

ઈઝરાઈલ ખાક લે ગયે રબ પાસ જાનો,
હુકમ ઈલાહી હુઆ અયસા પિછાનો. ૯

કે ખાક લેતે સોગંદ ઝમીંયા ને દીતી,
તો સોગંદ ફિરાકર ખાક કયું લીતી. ૧૦

તબ ઈઝરાઈલ ઈતની કીતી અરઝા,
કે તેરે હુકમ કી મુજે હય ગરઝા. ૧૧

---

૧ ડર–વિચાર.

તો સોગંદ સુ બેહતર હુકમ તેરા,
મંય હુકમ તેરે સુ કામ કરૂં રે સવેરા. ૧૨

તુ ફરમાન બરદાર હુઆ ઈઝરાઈલ મેરા,
હુકમ ખાલિક યું કીયા રે અનેરા, ૧૩

ગરીબ ઝમીં પર મેહરબાની ના કીતી,
જીવ લેનેકી ખિદમત તુજે દીતી. ૧૪

જે ખાકી રે બંદા હોવે રે પયદા,
ઉસકે જીવ કુ તુ કીજે કયદા. ૧૫

અયસા ખાલિક દેખો સુબહાના,
એ રે બયાન કા જાન મન રાખો ધિયાના. ૧૬

રે તૂહી.

એ વે રે નૂરી સબ ફિર ગએ, ઈઝરાઈલ લીતી ખાક રે,
ઈઝરાઈલ લીતી ખાક,
જીવ લેના સોંપા અનુકુ, જે સૂ કા ના કીયા બાક રે,
જે સૂ કા ના કીયા બાક.

૫૧

ખાલિક ઝમીંસુ ખમીર બંધાયા,
આદમ ઉસકા નામ ધરાયા. ૧

સિત્તર હઝાર બરસ રે કહીએ,
આદમ ખમીરકુ સહી મન લહીએ. ૨

ખાલિકે કુદરતંકે હાથોં રે સંવારા,
દેખો ને ખાકી યું ખાલિક કા પિયારા. ૩

સુના હય આદમકુ બહિશ્તમાં બનાએ,
યા બહાર બનાકર બહિશ્તમાં બાએ. ૪

યું હે રીત હય આદમ કી બાતી,
સુની હે જયસી હય લખી રે જાતી. ૫

તબ અઝાઝીલ આદમ કે પાસ રે આયા,
સો જાસૂસી કાજ મકકર મિલાયા. ૬

કે કયસા હય આદમ કયસા હય કીતા,
યું ફેરેબ દેખને કુ મન રે દીતા. ૭

જબ પેટ રે આદમકા નઝર રે આયા,
તબ ઈબલીસ ખુશાલી મન બહોત લાયા. ૮

કે આદમકી પયદાશ અયસી હય બનાહી,
આજિઝ સુ અલગા એ રેહવેગા નાંહી. ૯

આપસ ઝાત પર સાહિબ હો ના સકેગા,
ખાએ બિના ભુકા તલ ના રેહવેગા. ૧૦

ભી શહવત સુ પિછા એ રેહ સકે નાંહા,
યું ઈબ્લીસ ખુશાલ હુવા મન માંહા. ૧૧

ખમીર આદમમાં રૂહ ફુંકી રે ગહી,
તબ જીવતા રે આદમ હુઆ રે સહી. ૧૨

આદમ તો ઉઠ કર બયઠા હો કરા,
"અલ હમ્દો લિલ્લાહ" કહયા ખાલિક મન ધરા. ૧૩

ભી સુના હય કે આદમકુ છીંક રે આઈ,
તબ અલહમ્દો[૧] કહી, ખાલિકે સુનાઈ. ૧૪

---

૧ બધી તારીફ અલ્લાહ માટેજ છે.

તબ યરહમોકલ્લાહ[૧] ખાલિકે આખા,
યું પિયાર ખાકી પર કબુલે દાખા. ૧૫

અયસા રે ખાકી બંદા રે બનાયા,
તો ઓસ વંશથી કેહ તુ સહી મન લાયા. ૧૬

રે તૂ હી.

ઓધર[૨] આદમ દેખકર, દુરીજન હુવા ખુશાલ રે,
દુરીજન હુવા ખુશાલ,
દુરીજન ઝાહિર દેખીયા, ના બુઝા ભીતર હાલ રે,
ના બુઝા ભીતર હાલ.

## ૫૨

તબ ભી ફરિશ્તોં ઈતના રે કહયા,
કરમ ખાલિકકા જબ બહોત લહયા, ૧

કે સના આદમકી તેં કબુલ કીતી,
રહમત સુનતે તુરત દીતી. ૨

જાં તાંએ આદમને નિયામત તેરી નાંહી ચાખી,
તા'રીફ તેરી પુરી મન નાંહી રાખી. ૩

તો ભી પેહલા બોલ તેં કબુલ રે કીતા,
તુ ખાલિક અયસા હય સુરીજન મીતા. ૪

હય હમ નિત ઉઠ સના તેરી કરતે,
હમ પયદા કીતે તબ કે એ હય મન ધરતે. ૫

૧ અલ્લાહ તારા ઉપર રહમ કરે. આથી દરેકને સબક મલે છે કે, એક જણ છીંક ખાઈ "અલહમ્દો લિલ્લાહ" કહે, તો સાંભળનાર 'યરહમોકલ્લાહ" કહે. હદીસોમાં આનો ઘણો સવાબ આવેલો છે. ૨—પેટ.

સના નાંહી કબુલી હમૂં કીસી માંહા,
રહમત આદમસી હમૂં પાઈ નાંહા. ૬

બાઝ ખાલિકે જવાબ નૂરીયોંકુ આખ્યા,
પયદા હોતે બંદેને મુજે મન માંહે રાખ્યા. ૭

આવતે અકલ સના મેરી કીતી,
તો મંય રહમત તુરત રે દીતી. ૮

પયદા હોતે બંદેને દેખી મેરી રે બડાઈ,
તો કયું ના કબુલું ઓસકી સનાઈ. ૯

નૂરીયોંકુ હુકમ સિજદા પઠાયા,
સિજદા આદમકુ કરો યું રે બતાયા. ૧૦

તો સબૂં ને સિજદા આદમકુ કીતા,
એ અઝાઝીલ ગુમાન આપ મન દીતા. ૧૧

હુકમ ના માના દેખો એને ઈલાહી,
સિફત બંદેકી જો થી રે ગમાહી. ૧૨

લા'નત તૌક ઉસ ગલે પડીયા,
બંદગી ઈબાદત સબ રદ કરીયા. ૧૩

દેખો ને અયસા સુરીજન હારા,
નિત હો કહીએ બંદે રે બિચારા. ૧૪

રે તૂહી.

નૂરીયો સિજદા કીયા, હુઈ અયસી ખાકી ઝાત રે,
હુઈ અયસી ખાકી ઝાત,
તો ખાકીસુ ખાકી હો રહીએ, સુન સુન પેહલી બાત રે,
સુન સુન પેહલી બાત.

## ૫૩

હુકમ પઠાયા કરો સિજદા રે નૂરી,
જિતને ફરિશ્તે હય રે હુઝુરી. ૧

સિજદા આદમકુ સબુને કીતા,
અઝાઝીલ ગુમાન આપ મન દીતા. ૨

આદમકુ સિજદા ઓને ના રે કીતા,
ખમીર આદમકા દેખ ચંત દીતા. ૩

અઝાઝીલકુ ખાલિકે યું કર આખા,
તેં સિજદા ના કીયા સો કયા મન રાખા. ૪

આદમ કાલી માટી સુ હય બનાયા,
અઝાઝીલ ઈતના કેહકર સુનાયા. ૫

ગંધ ઉસ માટીમાં હુઈ થી બહોતેરી,
ભી ફિકરકી બુંદા માંહે બાહી અનેરી. ૬

તો ઓસ રે બંદેકુ મંય સિજદા કયું કરૂં,
ખમીર કી બાત કયું ના મન ધરૂં. ૭

અઝાઝીલે કહયા મુજે આતશી ખમીરા,
આતિશકા શોઅલા જે રોશન મુનીરા.[1] ૮

તે બેહતર ખમીર મેરા રે કીતા,
હુકમ ખાલિકકૂ બાઝ સિજદા દીતા. ૯

તો બેહતર અદનાકુ સિજદા કરે,
બડાઈ આપસકી કયું ના મન માંહી ધરે. ૧૦

યું અઝાઝીલે દેખા આદમ ખમીરકા ભેખા,
પણ ભીતર ખુબીકા ગંજ વે તો નારે દેખા. ૧૧

૧ રોશન ચમકદાર.

કે ખાકી માંહી ગંજ હય ઈલમે ઈલાહી,
એ બદલી બુઝેગા મેરા ખાલિક હય સહી.[1] ૧૨
રે તૂહી.

ખમીર આદમ દેખકર, આતશી કીયા ગુમાન રે,
આતશી કીયા ગુમાન,
હુકમ ના લીતા શીશ ધર, તો રાંના નાદાન રે,
તો રાંના નાદાન.

## ૫૪

ભી બેહતર હય માટી આગસૂ રે કહીએ,
બેગે તો એ નૂરી યું સુન ચંત લહીએ. ૧

કે ઝમીં હય અમાનતકી રાખનારી,
જે ઓસે સોંપીઆ ઉસે રાખે રે કરારી. ૨

આતિશ ખાઈન હય ખિયાનત કરતી,
જે ઓસે સોંપો ઉસે ખાતી હય ચરતી. ૩

આતિશ અમાનત કુછ રાખે રે નાંહા,
ફના રે કરાવે જે સોંપો ઉસ માંહા. ૪

તો દેખો એ દોનોમાં હુઈ બિગત રે કયસી,
ખાક હય બેહતર નાંહી આગ જયસી ૫

તો અમાનત આદમ હુઆ રાખનારા,
કે ઈલમકા નબીયોં રાખા રે આધારા. ૬

૧ હ૰ આદમ (અલે.) ના તે ખાકી બદનમાં અલ્લાહના ઇલમનો ખઝાનો હતો જેનાથી તે પોતાના પેદા કરનારને ઓલખશે, એ અઝાઝીલ શેતાન જોઈ શકયો નહી અને પોતાના ઝાતી ધમંડમાં સિજદો કરવાથી ઇન્કાર કરી અલ્લાહની નાફરમાની કીધી અને લાંનતી થયો.

હુકમ ઈલાહી ના રે નબીયોં ફિરાયા,
તિલ હુજ્જત ના મન અવર ના આયા. ૭

તો આતશી કાજ દેખો ખિયાનત કીતી,
તકબ્બુરી અઝાઝીલ લે મન દીતી. ૮

કે ઈલમ ઈલાહી થા બહોત રે જાના,
ખિયાનત કીતી હુકમ રે ના માના. ૯

તો જયસા ખમીર જિસકા રે લહીએ,
તો પરગત ઓસકી વયસી રે કહીએ. ૧૦

તો ખલીફા રે નામ ધર ખાલિકે બનાયા,
આદમ ખાકી નામ રે ધરાયા. ૧૧

તો ખાકી રે બંદે ગરીબ હો રહીએ,
તકબ્બુરી બના બયાન સુન સુન લહીએ.[1] ૧૨

રે તૂહી.

આતિશ ખિયાની હો રહી, ખાક અમાનતદાર રે,
ખાક અમાનતદાર,

ખલીફા ખાકી તો કીયા, જો ખાલિક મનકર પિયાર રે,
જો ખાલિક મનકર પિયાર.

૫૫

ખમીર આદમકા ચારમિલા કીતા,
માટી કે કાજ પાણી રે લીતા. ૧

૧ અલ્લાહનું ફરમાન સાંભળી તરત તાબે થવું, તકબ્બુરીથી કે બેપરવાઈથી ટાળી દેવું નહીં.

ભી આગ ને વાવ ઓસમાં મિલાઈ,
અયસી રે દેહા આદમ બનાઈ. ૨

અરબા અનાસીર[1] એ ચારોંકા નામા,
યું હય લખીયા બહોતેરે ઠામા. ૩

એ સબ માટીકે કાજ રે મેલાયા,
ખાકી રે બંદા તો રે કેલાયા. ૪

ભી આદમકા જોડા આદમસુ રે કહીએ,
હવ્વા જિનુકા નામ રે લહીએ. ૫

યું સુના હય જોડા આદમસુ કીતા,
હવ્વા રે નામ ઓનુકુ લે દીતા. ૬

ભી આદમ કે પગમાં હય દુંબલ સુનીયા,[2]
આદમકા જોડા લે વાંસુ કરીયા. ૭

અયસી રે બાત સુની વયસી કહી,
અવર હકીકત સુની નાંહી ગહી. ૮

પુછા અઝાઝીલકુ સિજદા કયું તેં ના કીતા,
હુકમ ખાલિકકા કયું મનમાં ના દીતા. ૯

મંયને તુજે કીતા કેહ તુ ઉસકા નામા,
અબ કયસા રે રેહના તેરા ઈસ ઠામા. ૧૦

અઝાઝીલે કહા ઝાત ખુબ હય મેરી,
એ સિજદા કરતે આઈ શરમ બહોતેરી. ૧૧

એ ખુબી મેરી ને મુજે મના યું કીતા,
હુકમ ખાલિકકા તો ના કબુલ લીતા. ૧૨

૧ ચાર વસ્તુઓ. ૨ ગુમડું–બીજી કિતાબોમાં ડાબી પાંસલીથી હ૦ હવ્વાને પેદા કર્યા એવું પણ બયાન છે.

તો જાનો ગુમાને ના સિજદા કરીયા,
તો લાઅનતી હુઆ ને મકાન ગમાયા. ૧૩

તો દેખો ને ગુમાન હય સબૂંકુ ભારી,
અઝાઝીલ હકીકત ના છોડીએ બિસારી. ૧૪

અપનૂં કુ દુરીજન હય અઝાઝીલ જયસા,
ના થા રે દુશમન અઝાઝીલકુ વયસા. ૧૫

તો ભી ગુમાન બિના બન ખાકી રે રીતા,
આજિઝ હોકર કહીએ મેરે રે મીતા. ૧૬

રે તૂહી.

અરબા અનાસર એક કર, કીતી આદમ ઝાત રે,
કીતી આદમ ઝાત,
ખાક કાજ વસ સબ લીયે, તો ખાકી કહીએ બાત રે,
તો ખાકી કહીએ બાત.

૫૬

દેખોને અઝાઝીલ કીતા રે ગુમાના,
આપ તન ખુબીકી રાખ્યા મન ધિયાના ૧

તો આદમકી ખુબી નઝરૂં ના આઈ,
તો દેખતે લાઅનત વયસી રે પાઈ. ૨

તૌક લાઅનતકા ઓસ ગલે બાયા,
તો ના ઉમ્મેદ ઈબલીસ નામ કહાયા. ૩

ઉમ્મેદ ના પાયા ઉસ ઈબલીસ નામા,
હાસિલ ના હુવા ઉસે કમાહીકા કામા. ૪

બુરી હય રે મની[1] જિસે તકબ્બુરી કેહના,
મની સુ રે પિછાને આપ ખુબ મના ૫

અવર સમજનેકી ઉસે ઠામ રે નાંહા,
મની રે ભરાણી જિસ દિલ માંહા. ૬

દેખો ને મનીસુ અઝાઝીલ રાના,
જો આદમકા હાલ ઓને ના પિછાના. ૭

જો મની રે ના હોતી ફિકર રે કરતા,
બુઝુરગી આદમકી સહી મન ધરતા. ૮

હુકમ ઈલાહી હુઆ ખલીફા કરૂંગા,
મુજથી તો રૂહ[2] લે ઓસે ઉધર ભરૂંગા. ૯

અયસી રે બડાઈ હુઈ આદમ કેરી,
વે ઈબલીસ મની કાજ મન દીતી રે અનેરી. ૧૦

ભી કુદરત હાથું લે આદમ બનાયા,
હુકમ સિજદેકા સબ્બૂં નૂરીયોંકો પઠાયા. ૧૧

એભી બડાઈ હુઈ આદમ માંહા,
ઈબલીસ નઝરૂં એ કુછ આઈ નાંહા. ૧૨

તો મની રે ગુમાના આપ તન ભરીયા,
તો ખુબી આદમકી મન ના ધરીયા. ૧૩

તો તિલ જેતી મની રે ના કીજે,
સિફ્ત ખાલિકકી દેખ ચિંત દીજે. ૧૪

---

૧ મની એટલે માન–અહંકાર ૨ અલ્લાહનો હુકમ કુરઆન શરીફમાં છે કે, "કુલીરરૂહો મિન અમ્રે રબ્બી" એટલે રૂહ અમારો હુકમ છે–એનાથી હ. આદમ (અલે.)ને જીવતા કરવામાં આવ્યા.

રે તૂહી.

મની ભરી જિસ દિલમાં, એ રેહવે નાંહી ઠામ રે,
એ રેહવે નાંહી ઠામ,
ખુબી અવર નાંહી જાનસી, જયસે ઈબલીસ કામ રે.
જયસે ઈબલીસ કામ.

## ૫૭

અઝાઝીલકુ હુકમ હુવા એ ઈલાહી,
આદમકી સૂરત મંય હાથૂં હય બનાહી. ૧

હુકમ મેરેસુ નૂરીયોં સિજદા રે કીતા,
તેં હંય લાતે ગુમાન હુકમ ચંત ના દીતા. ૨

તુ નિકલ યાંથી રબ યું ફરમાયા,
ગુસ્સે સુ હુકમ અયસા રે પઠાયા. ૩

પીછે બહિશ્તથી નિકલા કે આસમાનસુ કહીએ,
એ દોનો ઠામથી એકઠા લહીએ. ૪

કે ફરિશતોં માંહેથી લે ઉસકુ નીકાલા,
તબ અઝાઝીલકા અબસ હુવા રે હાલા.[૧] ૫

તેહકીક તુજે રાના હુઆ ઈબલીસ નામા,
અયસા હુકમ ખાલિકકા હુવા દૂજા ઉસ ઠામા. ૬

રહમત કરામાતસુ દૂર ઉસે કીતા,[૨]
ભેદ રાનેકા અયસા સુનકર લીતા. ૭

૧ ખરાબ હાલ થયો. ૨ અલ્લાહની મેહરબાનીઓથી અને બુઝુર્ગીથી દૂર કીધો.

બાઝ રે કહયા લાંનત રે તુજકુ,
હુકમ ખાલિકને ફિર કીતા અયસા ઉસકુ. ૮

ભી તુજપર ગુસ્સા કેહવે ખાલિક મેરા,
જાં કિયામત દિન આવે રે અનેરા. ૯

તો ભી ના રે સમજે જૂદાઈકા સવેરા,
ગુમાનસુ અરઝ ફિર કરે રે ગમારા.[૧] ૧૦

કહા અઝાઝીલે મેહતલ[૨] રબ મંય રે પાહું,
કે કિયામત સુધી રે જીવતા રહું. ૧૧

જાં રે એ ખલકત ઉઠાઈ રે જાવે,
તાં લગ મુજકુ મૌત ના આવે. ૧૨

ખાલિક ને કહયા તુજે મેહતલ દીતી,
સૂર ફુંકે તાંઈ અવધરે કીતી. ૧૩

જાં સૂર ફુંકેસુ સબ ઉડ જાવે ઝમીંયાં,
જાં રે લગ ખાલિક બાઝ કીએ સબ ફનીયાં. ૧૪

રે તૂહી.

લાઅનત હે ઈબલીસકુ, બહાર કીયા ઉસે જાનરે,
બહાર કીયા ઉસે જાન,
મેહતલ માંગી ફિર ઉને, રબને દીતી માન રે,
રબને દીતી માન.

## ૫૮
## શયતાનની દુશ્મની

તબ ફિર બોલા ઈબલીસ શયતાના,
રબ કેરી સોગંદ ખા કીયા બયાના. ૧

૧ તોબાહ કરવાના બદલે વધુ હઠધર્મી કરી અર્ઝ કરવા લાગ્યો. ૨ મુદ્દત—અવધ.

કે મુજે હય. સોગંદ તેરી ઈઝઝત કેરી,
કેહરકી સૂરત જીસે કહીએ રે અનેરી. ૨

અલબત ગુમરાહ કરૂં આદમ ફરઝંદા,
સબોંકુ ભુલાઉં ના કો' હોવે તેરા બંદા. ૩

ડાબે રે તરફસું, મંય જમનેસું આઉં,
આગે પિછે આવકર તેરે બંદોંકુ ભુલાઉં. ૪

મગર જે બંદા હય ખાસ તેરા,
ઓસકુ ફરેબ નાંહી લાગે મેરા. ૫

જે પાક કીએ ગયે હંય ગુનાહોં સેતી,
શિરકકી બાત નાંહી જિનું તલ જેતી. ૬

ઓનુસુ અમલ કુચ મેરા ના ચલેગા,
વે બંદા મુજપર ગાલિબ પડેગા.[1] ૭

હુકમ રબ એ તેં સાચા હય કહયા,
એ કેહના તેરા મંય હક કર લહયા. ૮

દોઝખ પહોંચાઉંગા જે તુજસુ રે ઝાતી,
ખાલિકે હુકમ કર અયસી કીતી રે બાતી. ૯

ખાકી બંદા કરે પયરવીભી તેરી,
આતિશ દોઝખકી ઉસે પહોંચાઉંગા બહોતેરી. ૧૦

દેવોં માંહેથી ભી જે તુજ સંગ આવે,
ભી રે દોઝખ સાથ તેરે રે જાવે. ૧૧

ઓનુ રે સબૂંકુ લે દોઝખ ઝુકાઉં,
અઝાબ બહોતેરા ઓનુ કાજ રે બનાઉં. ૧૨

૧ અલ્લાહના ફરમાન ઉપર અમલ કરી શિર્કના કામોથી બચશે તેના ઉપર શયતાન કદી પણ ફાવી શકશે નહીં.

દેખો બેર બેર ભૂલા એ દહીકા સંવારા,[1]
લાઅનતી ને ઈબલીસ કયસા હુવા રે ગંવારા. ૧૩

એ ગુમાન કાજ રાના અઝાઝીલ લહીએ,
સો ગુમાનકુ છોડકર નિત તોબાહ કર કહીએ. ૧૪

રે તૂહી.

દેખો ઈબલીસ રિસસુ, માંગી મેહતલ રાને બાઝ રે,
માંગી મેહતલ રાને બાઝ,
જીવત માંગા ધુતને, બની આદમકે કાજ રે,
બની આદમકે કાજ.

## ૫૯

રાને બાઝ ઈબલીસ ફિકર રે કીતી,
દુશમની આદમસુ પુરી મન લીતી. ૧

તો ફરઝંદ ઓને મિજાઝી[2] બનાએ,
એ ભૂત જિનું કે નામ ધરાએ. ૨

મિજાઝી હો ફરઝંદ ઈબલીસ કેરે,
કિતાબોંમાં લિખે મંય દેખે હુંય બહોતેરે. ૩

પાલક ફરઝંદ ઉસે મિજાઝી રે કહીએ,
જે સલુબ સે હોવે ઉસે હકીકી લહીએ. ૪

ફરઝંદ મિજાઝી યું કિતાબોં લખાયા,
પણ બનાએ વે કેને એ ભેદ ના પાયા. ૫

---

૧ અલ્લાહ તઆલાએ અઝાઝીલ (શેતાન)ને બહુ ઉંચો દરજ્જો આપ્યો હતો, છતાં અહંકાર કરી લા'નતી થયો. ૨ ખરા ફરઝંદ ન હોય તેવા.

બહોતેરા ઢુંડા મંય કિતાબોં માંહા,
ખલકત ભૂતકા બયાન પાયા નાંહા. ૬

તબ તો ફિકર મંય ઈતની કીતી,
તેહકીકાત બયાનકી લે મન દીતી. ૭

બાત અઝાઝીલકી અયસી ફિકરસુ પાઈ,
પણ ઓસ રે કેનેમાં કુછ શિરક ના આઈ. ૮

મિજાઝી રે ફરઝંદ યું સુન સહી કેહના,
ભૂતકી પેદાશકા નાંહી કિતાબ બેના. ૯

કે નૂરી ને આતશી ને ખાકી રે જાનો,
ભૂત કેરી ખલકત નાંહી સુનેસુ પિછાનો. ૧૦

કિસીકા હોવે બેટા વે દૂજેકા કેલાવે,
પાલક ઓસકા નામ રે ધરાવે. ૧૧

તો પયદાશ બિના અઝાઝીલ કહાંસુ પાલક કીતે,
ના થા મિજાઝી ફરઝંદ કયુકર લીતે. ૧૨

ઉસ બયાન કાજ યું કહયા રે ના ગયા,
તો અઝાઝીલે બનાઈ યું સમજને લહયા. ૧૩

અયસે કહેસુ ખાલિક નેદ[1] કહા નહી જાતા,
યું કેહતે શિરક નાંહી ખાલિકમાંહી આતા. ૧૪

પણ ઔરસો બનાવે યું કહયા રે ના જાવે,[2]
અયસે કહેસુ શિરક બાત રે આવે. ૧૫

જૂં દેખોને કીડી કે બેદા હય કરતી,
મિજાઝી ફરઝંદ કયસા હય મન ધરતી. ૧૬

૧ નિંદા કરવી, વિરૂધ્ધ બોલવું. ૨ બીજા કોઈએ બનાવી તેમ પણ કહેવાય નાહીં.

ઈબલીસ કીડી કુછ જયસા રે બનાયા,
શિરકકુ દુર કર મન માંહી લાયા. ૧૭

રે તૂ હી.

મિજાજી પુતર ઈબલીસકે, પયદા વે કાજ જાન રે,
પયદા વે કાજ જાન;
બની આદમકે સંગ હુવે, પુતરસુ વે પુત માન રે,
પુતરસુ વે પુત માન.

## ૬૦

ભી સુને કે હકીકી હય ઉસે ફરઝંદા,
જૂં ફરઝંદ આદમકે હકીકી હય બંદા. ૧

રાને બાઝ ઈબલીસ બઈઅર હુઈ,
કે ડાબે પાસેસુ સે કીતી હુઈ. ૨

કે ડાબે પાસેસુ જની પયદા કીતી,
રાને બાઝ ખબર એ સુનકર લીતી. ૩

પણ વે સુના કે પયદા કીતી વે કેને,
તબ તો બમાસન લાગી મનકે મેને. ૪

અબતો ઉસકા કિસ્સા બયાન કરના,
સુને હો બિના કયસા મન માંહી ધરના. ૫

યું કહીએ કે ખાલિકે ઓસે બઈઅર કીતી,
રાને હો બાઝ કર બઈઅર ઓસે દીતી. ૬

એ તો રે કેતે મન રાસ ના આવે,
કે આદમકે દુશમનકુ યું ખાલિક બનાવે. ૭

બઈઅરસુ ઈબલીસ કે હોવે ફરઝંદા,
વે દુશમન હોવે જે હય રે ખાકી બંદા. ૮

ખાલિક ઓસ કાજ જની કયું રે બનાવે,
ફિકર તો એતની હય દિલ માંહી આવે. ૯

ભી એકે ખાલિકે ઉસે ગુસ્સા બહોત કીતા,
રાને બાઝ જોડા ઉસે કયું કર દીતા. ૧૦

ઈબલીસ રાને બાઝ કયું ખાલિક બનાવે,
ઉસે દેકર, ગુસ્સા કયું ખાલિક કરાવે. ૧૧

અયસી તો બાત મન અવરહી ફિકરા,
કે સુને બિના બયાન નાંહી જાતા હય મન ધરા. ૧૨

ભી ખાલિક બિના કોઈ બનાનાર નાંહા,
અયસીભી ફિકર હય સહી દિલ માંહા. ૧૩

કહીએ ના તો ઈબલીસ બઈઅર કીતી,
એ કેહતે તો હોવે શિરકકી બાતી. ૧૪

તો એતની રે બાત કુછ મન માંહે આવે,
કે ભમરી કયું આપકી ઝાત બનાવે. ૧૫

તો ભમરી જયસી ઓને કીતી રે રીતા,
આગકી ચિણગીસુ જોડા લે કીતા. ૧૬

ઓસ સુ તો ફરઝંદ હુએ એક બારા,
હિસાબ ના હોવે યું કહીએ બે શુમારા. ૧૭

સુના હય કે જંગલકી જેતી રે રેતા,
એતે ફરઝંદ ઓસકે નાંહી હિસાબ કે કેતા. ૧૮

બાકી ખાલિક જાણે જે કુદરત બાતી,
આલીમ[૧] આપ હય વે સુબહાન ઝાતી. ૧૯

૧ બધા ભેદોને જાણનાર.

રે તૂહી.
જેતી જંગલ રેત હય, એતે શયતાન જાન રે,
એતે શયતાન જાન;
વે સબ ફરઝંદ ઈબલીસકે, હકીકી કહીએ માન રે,
હકીકી કહીએ માન.

## ૬૧

બહિશ્ત માંહે સાકિન હો[1] આદમ તેરે જોડે સેતી,
ખુશાલી કરની યાં મન આવે તેતી. ૧

મેવે રે ખાઓ યાં મન ભાવે સારે,
બહિશ્ત કેરે મેવે કાજ બહિશ્તી સંવારે. ૨

પણ એ રે ઝાડ તમુકુ હય નજદીક કેહના,
જો ખાઓંગે ઉનકુતો તમૂં બહિશ્તમાં ના રેહના. ૩

વે દરખત દેખા કે જિસે કેહતે હંય અંગુરા,[2]
આદમકુ ઓસસુ રાખા રે દુરા. ૪

યું કેહ ઉસ ઝાડસુ મને રે કીતા,
ઓસે ખાનેકા આદમકુ હુકમ ના દીતા. ૫

પણ બહોત ઠામ ગેહુંકા ઝાડ હય લિખાના.
હય બહોત જાગે સુનકર અયસે રે પિછાના. ૬

હુકમ એતના ખાલિક કા આયા,
સો આદમ ને સુનકર શિશ ચડાયા. ૭

બહોત આદમ બહિશ્તમાં કરાર રે પાયા,
વાં ખલકત સબીસું મન રે લગાયા. ૮

૧ રહો. ૨ ધરાક (દ્રાક્ષ) ના ઝાડથી.

નવે નવે મેવે નિત ઉઠ પાવે,
આદમ જોડેસું વાં ખુશાલીસું ખાવે. ૯

નિત ઉઠ હૂરાં[1] આવે ખિદમત માંહા,
નિત ઉઠ નવીઆં ફિર બાઝ વે નાંહા. ૧૦

બહિશ્તી રે કપડે નિત કહી કહી રીતા,
ખાલિકે કરમ અયસા ખાકી પર કીતા. ૧૧

ઘર ભી દેખાવે કહી મોતી કે જવેરાં,
નિત ઉઠ માલે અયસી ખાલિકકી મેરા. ૧૨

આદમ હવ્વાસુ વાં રાજ પાયા,
ખુશાલીસુ નિત ઉઠ ચંત યું લાયા. ૧૩

રે તૂ હી.

રહો આદમ તમે બહિશ્તમાં, હવ્વા તમારે સાથ રે,
હવ્વા તમારે સાથ;
બહિશ્ત એ ઝાડ ચાખતે, નાંહી રેહવે તમારે હાથ રે,
નાંહી રેહવે તમારે હાથ.

## ૬૨

આદમ ને દેખા લિખા બહિશ્ત કે બારા,[2]
કલમા મોહંમદકા થા લિખને સંવારા. ૧

યા ઉઠ કર બૈઠતે દેખા લિખા વે કલમા,
કે બહિશ્ત માંહી પેઠતે દેખા જાનો એભી મનમાં. ૨

તબ આદમને દેખકર મન બુઝી યું ફિકરા,
મખલુકો માંહા બેહતર યું મન ધરા. ૩

૧ જન્નતની ખુબસુરત અવરતો. ૨ દરવાઝા ઉપર.

કે અલ્લાહ કે નઝદીક એ બેહતર બશરા,
આદમ ને અયસી મન કી ફિકરા. ૪

ખાલિક કે નામ પાસ જબ દેખા નામા,
કે રબકે નામ પાસ એ બડી હય શાના. ૫

તબ આદમને એતની અરઝ કીતી,
રબ તેં ખલકત કર અયસી બુઝુર્ગી દીતી. ૬

મુજસુ બુઝરૂગ તેં ઓસકુ કીના,
તો તેરે નામ પાસ ઉસે લિખકર, લીના. ૭

તબ રબને આખા હાં આદમ એ સહી,
પણ ખિલકત[1] ઓસકી તેરે નસલ કહી. ૮

જે ઓસકી રે ખિલકત મન ના ધરતા,
તો આદમ તુજકુ પયદા ના કરતા. ૯

આદમકુ બુઝુરગી ઓસ નૂર બદલી દીતી,
તો દેખોને ખાલિકે કૈસી નબી ઝાત કીતી. ૧૦

તો દેખોને કયસે હય નબી ખાતિમ રસુલા,
સુલતાન અંબીયા સબ જીવોં કા મુલા. ૧૧

તો ઉમ્મતી ઓનુંકે હોકર રહીએ,
તો સુનતે રે નામ દરૂદ કહીએ.[2] ૧૨

---

૧ પયદાઇશિ. ૨ હ૦ પયગમ્બર (સલ૦)નું નામ સાંભળી દુરૂદ પઢવું જોઇએ. હ૦ પીર મશાયખ (રહ૦ એ દુરૂદોના બયાનમાં લખ્યું છે કે, દુરૂદ ન પઢનાર મોટો બખીલ છે. હ૦ સલ૦ની હદીસ છે કે, "જે કોઈ મ્હારા ઉપર એક વખત દુરૂદ પઢશે તેના ઉપર અલ્લાહ દસ દુરૂદ (રહમત) મોકલશે. કુરઆનમાં પણ તાકીદ છે કે, હે મોમિનો તમો દરૂદ પઢો, હું પણ અને મ્હારા ફરિસ્તા પણ દુરૂદ મોકલીએ છીએ.

રાખો રે ઉમ્મેદા ઓનું શફાઅત કેરા,[1]
તો નિત ઉઠ કલમા તમે કહો રે બહોતેરા. ૧૩

મોહંમદ મુસ્તફા હય નબીજી રે હમારા,
એ તો રે સમજ મન કરો પિયારા. ૧૪

રે તૂ હી.

આદમે દેખ્યા કલમા, લિખ્યા બાહિશ્તકે બાર રે,
લિખ્યા બહિશ્તકે બાર;
તબ બુઝા એ બુઝુર્ગ હંય, મુજસુ કિયા બિચાર રે,
મુજસુ કિયા બિચાર.

૬૩

દેખોને આદમ એ સુલતાન અંબીયા,
રબ આપ ઝાતથી એ નૂર રે કરીયા. ૧

ઘોર સબુંસુ કીયા એ નામા,
હય શફાઅત સગળે જીવોંકા ઠામા. ૨

અર્શ અને કુરસી લોહો કલમ કેની,
ઓનુ બાઝ કીતી એ સુનકર લેની. ૩

કલમકુ પયદા કર હુકમ પઠાયા,
લિખ્ય રે કલમ અયસા રે બતાયા. ૪

તો કલમ દેહશતસું એ સુનકર રહી,
હઝાર બરસકી યું મુદ્દત ગહી. ૫

૧ હ૦ રસૂલે અકરમ (સલ૦) કિયામતમાં શફાઅત કરે એવી ઉમ્મીદ રાખી અલ્લાહના હુકમ ઉપર ચાલવા તેમની પયરવી–તાબેદારી કરો.

કયા લિખું ઈતના બાઝ બોલી કલમા,
ઈતની અરઝ કીતી જાન રે મનમાં. ૬

વહદાનીયત હુકમે રબ લિખને તુ મેરી,
ભી બુઝુર્ગી મેરી તુ લિખને બહોતેરી. ૭

કોન કલમને પુછા નામ તેરે પાસ સહી,
ચૂપ રેહ અદબ કર કલમ આખે યું ઈલાહી. ૮

તારિફ સેતી એ નામ હય લેના,
અદબ હો બિના કલમ ઓસકુ ના કેહના. ૯

એ નામકે સાહબકુ જો પયદા ના કરતા,
તો પેદાશ તેરી કલમ મન ના ધરતા. ૧૦

ના કરતા અરશ કુરસી ઝમીં આસમાના,
તબ હુકમસુ રબ કીયા બયાના. ૧૧

ખલકત સારી ઉસ નામસુ બનાઈ,
એતા સુના કલમને તબ બુઝી રે બડાઈ ૧૨

તબ અરશકે આસપાસ કલમે લિખીયા,
બુઝુર્ગી મન ધર સિતાબ રે ચલીયા. ૧૩

ભી હુકમ કલમકુ લિખ લૌહકે આસપાસા,
કલમને કીતી ફિર અરઝ હો આપ દાસા. ૧૪

કે કયા મંય લિખું યું કલમને બતાયા,
લિખ ઈલમ ને પેદાશ મેરી રબ એ દેખાયા. ૧૫

અયસા તો રબ હય સુરીજન હારા,
એક તિલ દિલથી ના રાખે બિસારા. ૧૬

રે તૂહી.

લિખ કલમ પયદા કીએ, બાઝ હુકમ પઠાયા આપ રે,
બાઝ હુકમ પઠાયા આપ;
નામ નબી દેખ અચરત ભયા, બુઝુરગી કે તાપ રે,
બુઝુરગી કે તાપ.

૬૪

તુ લિખને કિયામત તક ખલકત મેરી,
તબ કલમને લિખી સબ બાત રે સવેરી. ૧

લિખ ઉમ્મત આદમકી[૧] જે ફરમાં બરદારા,
વે બહિશ્તી, ને ગુનેહગાર વે દોઝખ અંદરા.[૨] ૨

હુકમ ખાલિકને અયસા રે કરીયા,
કલમને લિખના વસયા મન ધરીયા. ૩

ભી ઉમ્મત નૂહ નબી[૩] હો કેરી,
ભી ઈબ્રાહીમ નબીકી જે ઉમ્મત અનેરી.[૪] ૪

ભી ઉમ્મત જે મુસે નબીકી કહાવે,[૫]
ભી ઉમ્મત ઈસે નબીકી અયસે રિત કીયા ચાવે.[૬] ૫

હુકમ ઉમ્મત સબૂંકા એક રિતે લિખાયા,
બખ્શેકા નામ ના ગુનેહકુ ધરાયા.[૭] ૬

---

૧ હ૦ આદમ અલે૦ની. ૨ ફરમાન મુજબ ચાલનાર જન્નતમાં અને નાફરમાન દોઝખમાં. ૩ હ૦ નૂહ અલે૦ની ઉમ્મત. ૪ હ૦ ઈબ્રાહીમ અલે૦ની ઉમ્મત. ૫ હ૦ મુસા અલે૦ની ઉમ્મત. ૬ હ૦ ઈસા અલે૦ની ઉમ્મત સંબંધી પણ એજ રિતે લખાવ્યું. ૭ ગુનેહગારો માટે બક્ષીશ નહી.

જાં આયારે ઉમ્મત ખાતિમ નબી કેરા નામા,
તબ કલમને ચાયા લિખું પેહલે જયસા કામા. ૭

હુવા હુકમ ઈલાહી કર કલમ તુ અદબા,
કહયા સો દોઝખી ના લિખ એ જુવાબા. ૮

તો કલમ તો ગુસ્સેકે હુકમ ચીરાના,[1]
પીછે રહયા અયસે લિખને કે બયાના. ૯

હઝાર બરસ તાંઈ કછુ બોલા નાંહા,
ગુસ્સેકા ડર બહોત લાગા મન માંહા. ૧૦

બાઝ કલમને પુછા રબ કયસા રે લિખાવા,
કલમને ઈતના કીયા અરઝકા ચાવા. ૧૧

લિખને કલમ જે ઉમ્મતી હોવે ગુનાહગારા,
ઉસકુ તો રબ હય રે બખ્શનહારા. ૧૨

દેખો અપને એ નબીકી બડાહી,
ઉમ્મતી ગુનેહગાર કુ બખશે રે સહી. ૧૩

એ હંમેશ ના રેહવે અયસી દોઝખકી નારા,
અયસા હય રબકા ઈસ ઉમ્મતકુ પિયારા. ૧૪

પણ મુદ્દત હંમેશકા જાનો ના રે છેહા,
ભી યું હોએ બના વે બખ્શીશ કેહા.[2] ૧૫

બીબી ફાતમાકુ થા નબીજીને આખા,
મન ના કીજે નબીજીકી બેટી જાન દાખા. ૧૬

---

૧ ડરના લીધે કલમમાં ચીરો પડી ગયો. ૨ હ૦ પીર મશાયખ (.રહ૦) ફરમાવે છે કે હંમેશ નહીં પરંતુ ગુનાહોના લીધે દોઝખની સખત આગમાં કેટલી મુદ્દત રેહવું પડશે અને બક્ષીશ ક્યારે થશે તેની કોઈ મુદ્દત નથી, માટે અલ્લાહથી ડરીને ગુનાહોથી બચવું અને તેના હુકમો ઉપર બરોબર કાયમ રેહવું જોઈએ.

બંદગી કીએસુ નામ ખુબ રે તેરા,
અયસા સુરીજનહાર હય રે મેરા.[૧] ૧૭

રે તૂહી.

ઉમ્મત મોહંમદ મુસ્તફા, ફઝલ ઉનપર જાન રે.
ફઝલ ઉનપર જાન,
પણ ઉમ્મતી હોના દોહલા, સેહલા નાંહી માન રે,
સેહલા નાંહી માન.[૨]

## ૬૫

નૂર અરશ કા વે નૂરે મોહંમદ,
નૂર કલમકા વે નૂરે મોહંમદ. ૧

નૂર લૌહકા વે નૂરે મોહંમદ,
નૂર અકલકા વે નૂરે મોહંમદ ૨

નૂર માઅરેફતકા વે નૂરે મોહંમદ,
નૂર આદમકા વે નૂરે મોહંમદ. ૩

નૂર રે દીનકા વે નૂર મોહંમદ,
નૂર નચનુકા વે નૂરે મોહંમદ. ૪

નૂર મોહંમદ ખાલિકે કીતા,
આપ ઝાતથી વે પયદા કીતા. ૫

જબ સુના રે આદમને અપને તબ કાના,
બુઝુગી[૧] નબીકી જાની રે મંના. ૬

---

૧ એ જહાનના સરદાર હ૦ મોહંમદ (સલ૦)ના બેટી હતાં છતાં તેમને પણ આપે બંદગી–ઇબાદત માટે કેવી તાકીદ કીધી અને અલ્લાહની બંદગીથીજ છુટકારો છે એવું ફરમાવ્યું. ૨ હ૦ મોહંમદ (સલ૦)ની ઉમ્મત ઉપર અલ્લાહનો ફઝલ છે; પરંતુ તેમની પયરવી કર્યા સિવાય ઉમ્મતી થવું મુશ્કેલ છે.

જબ આદમકે સલુબમાં નબી નૂર આયા,
તો બહિશ્ત માંહી તખ્ત આદમને પાયા. ૭

કે નૂરકી કુરસીપર આદમ બિઠાએ,
તબ ફરિશ્તે સગળે સિજદેકુ આએ. ૮

આવ કુરસીકે આગે સબૂ સિજદા કરીયા,
નૂરીયોને હશમ[1] સહી મન ધરીયા. ૯

જૂં પાદશાહ કે આગે કયસા લશકર કહીએ,
ભી ઐાર સામને એસે હશમ લહીએ. ૧૦

બોલે રેં ફરિશ્તે વે બુલંદ અવાઝા,
બડાઈ કે કાજ ચુપ રહયા ના કોં બાઝા. ૧૧

જૂં જોશ ખાવે પાણી ને બોલે કયસા,
પિછે થી આદમ ને સુના અવાઝ વયસા. ૧૨

ભી પરંદાં કે જયસી બોલી કહીએ,[2]
અયસા રે અવાઝ સુના લહીએ. ૧૩

રે તૂહી.

આદમ નબી નૂરથી, પાયા અંતેહી માન રે,[3]
પાયા અંતેહી માન,
લે તખ્ત નૂરી સિજદા કીયા, પાદશાહીકી શાન રે,
પાદશાહીકી શાન.

૬૬

અવાઝ આદમ સુન પુછા રબકુ,
એ અવાઝ હય કાતકા બતાના મુજકુ. ૧

૧ શાહી દબદબાની જેમ. ૨ ઉડનારા પક્ષિઓ જેવો અવાઝ. ૩ ઘણી ઇઝ્ઝત મેળવી.

કહયા ખાતિમ અંબીયાકે નૂરકી તસબી,
મોહંમદ રસુલ જે આખિર નબી. ૨

રબને જવાબ યું રે દીતા,
આદમને સુનકર મન માંહી લીતા. ૩

જબ આદમકી પીઠમાં નૂરે જુંબિશ કીતી,[1]
તબ દેખનેકી ચિંતા મન નુરીયોંને દીતી. ૪

તબ સરફાં સરફાં બાંધકર ઠાડે રહે,
વે નૂરકુ દેખને સૂને યું ગહે. ૫

જબ આદમને દેખ્યા એ ફરિશ્તોંકા હાલા,
તબ અરઝકા રબકુ ફિર કિયા રે સવાલા. ૬

કે ઈલાહી એ ઠાડે મેરે પિછે કયું નૂરી,
સાઅત એક[2] નાંહી હોતે દૂરી. ૭

ખાતિમ નબીકે નૂરકુ વે હંયે દેખતે,
યું જુવાબજ દીયા અરઝ કરતે. ૮

વે નિકાલે જાવેંગે આદમ પીઠ તેરી,
રોશની દેખતે હંયે નૂર ઓનું કેરી. ૯

રબ એ નૂર મુજ આગળ કરના,
બુઝુરગી ઓસથી બહોત મુજ માંહી ભરના. ૧૦

કે ફરિશ્તે સગળે મુજ આગળ આવે,
ઠાડે રેહનેકુ સરફાં રે બનાવે. ૧૧

તબ વે નૂર આદમકી પેશાનીમાં કીતા,[3]
અવાઝ આદમકા રબ કબુલ લીતા. ૧૨

૧ હરકત–હલચલ કરવું. ૨ એક ઘડી પણ. ૩ હ૦ પયગમ્બર સલ૦નું નૂર હ૦ આદમ અલે૦ના કપાળમાં આવ્યું.

તબ પેશાની આદમકી હુઈ પુનમકા ચંદા,
ભી જયસા સૂરજ આસમાન પર છંદા. ૧૩

અયસા રે દેખો હય સુરીજન હારા,
એ સમજને કહીએ બંદે હોને બિચારા. ૧૪

રે તૂહી.

પુરા ચંદ સુરજ આસમાન, આદમ પેશાની જાન રે,
આદમ પેશાની જાન;
નબી નૂર આવતે રોશની, હુઈ અયસી સહી માન રે,
હુઈ અયસી સહી માન.

૬૭

## હ૦ રસૂલુલ્લાહ સલ૦ સાથે ચારે અસ્હાબોનું નૂર.

ઈલાહી નૂરસુ ચાહું કર નસીબ મેરા,
અયસી જાગે મુજસુ છોડ દેખું અનેરા. ૧

આદમને ઈતની અરઝ રે કીતી,
ખાલિકને સુનતે કબુલ લીતી. ૨

ખાલિકે પેશાનીસુ નૂર હાથમાં કીતા,
હાથ જમણેકી ઉંગલીમાં મુકામ દીતા.[૧] ૩

તબ ઉસ જાગે સના, આવ નૂરીયોં કીતી,
તસબીહ મોહંમદ નૂરકી ચંત દીતી. ૪

ઈલાહી નૂરભી કુછ બાકી હય રહયા,
પીઠ મેરીમેં યું આદમે કહયા. ૫

૧ સિધા હાથની અંગુઠા પાસેની આંગળીમાં.

બાકી નૂર અસહાબ ચાર ખલીફ઼ાં કેરા,
વે પીઠ માંહે બાકી હય તેરે, હુકમ જો મેરા. ૬

ખાલિકને ઈતના સુન દીયા રે જુવાબા,
આદમને લીતા સો વે કરને અદબા. ૭

ઈલાહી કર નૂર વે ઉંગલીયું મેરી,
કબુલી એ અરઝ રબ તો બંદેહો કેરી. ૮

બીચલી ઉંગલી જિસે કહીએ નામા,
નૂર અબુબકરકા રબ કીયા ઉસ ઠામા. [૧] ૯

બિનસર ઉંગલી ઓસપાસકી જો કહીએ,
ઉસ માંહે ઉમરકા નૂર કીયા લહીએ. [૨] ૧૦

ટીચલી ઉંગલીમાં છોડ રે સવેરા,
નૂર જો કહીએ ઉસમાન કેરા, [૩] ૧૧

અંગુઠે માંહે કીયા અલીકા નૂરા,
ચારોં ઉંગલીમાં યું નૂર કીયા ભર પૂરા. [૪] ૧૨

વે રોશન હુઆ નૂર ઉંગલીયોં માંહા,
તો હંમેશ આદમ રહે બહિશ્તકી ઠાંહા. ૧૩

દેખોને ખાતિમ નબીકી બડાઈ,
ઓનુંસુ આદમને દેખ પાઈ રોશનાઈ. ૧૪

---

૧ વચલી આંગળીમાં હ૦ અબુબકર સિદ્દીક (રદી૦)નું નૂર. ૨ ટચલી આંગળીના પાસેની આંગળીમાં હ૦ ઉમર ફ઼ારૂક (રદી૦)નું નૂર આવ્યું. ૩ ટચલી આંગળીમાં હ૦ ઉસમાન ઝિન નૂરૈન (રદી૦)નું નૂર મુક્યું. ૪ અંગુઠામાં હ૦ અલી (રદી૦)નું નૂર મુક્યું; એવી રિતે હ૦ પયગમ્બર (સલ૦)ના નૂર સાથે ચાર આંગળીઓમાં ચાર અસહાબોનું નૂર ભરપૂર કરી દીધું. આથી હ૦ રસૂલે અકરમ સલ૦ના તે ચારે અસહાબોને કેવી બુઝુર્ગી આપી હતી તે પણ સાબીત થઇ.

ઉસ નબી નામ પર સુન દરૂદ કેહના,
રઝીઅલ્લાહ અનહુમ ખલીફાં નામ લેહના.[1] ૧૫

અસહાબાં કેરા ભી નામ જાં આવે,
ઓસ રીતે કેહકર બંદા નિત ચંત લાવે.[2] ૧૬

રે તૂહી.

જાંજાં નૂર નબીકા આયા, આયઝે આદમ જાન રે,
આયઝે આદમ જાન,
વાંવાં નૂરીયોંને નેહસુ, તસબીહ કીતી માન રે,
તસબીહ કીતી માન.

૬૮

ઈબલીસ દગેકા સોચ રે કરીયા,
રહે આદમ બહિશ્તમાં એ ગુસ્સા મન ધરીયા. ૧

બહિશ્ત માંહે જાનેકા ઉસે હુકમજ નાંહા,
સોચ કીયા જાઉંગા કયું બહિશ્ત કે માંહા. ૨

ઈતના સોચકર યારી સાંપસુ કીતી,
શયતાની પરગત[4] પૂરી મન દીતી, ૩

મોર થા બહિશ્તી ઉસે રે ફુસલાયા,
મક્કર શયતાનીસુ વે ભી રે ઠગાયા. ૪

૧ હ૦ પયગમ્બર (સલ૦)નું નામ સાંભળી દુરૂદ શરીફ પઢવું અને ચારે ખલીફાઓ (પેહલા હ૦ અબુબકર, બીજા હ૦ ઉમર, ત્રીજા હ૦ ઉસમાન અને ચોથા હ૦ અલી એમ ચારે અસહાબો)ના નામ સાંભળી રઝીઅલ્લાહ અનહુમ કેહવું-યાને અલ્લાહ એમનાથી રાઝી થાવ. ૨ અસહાબોના નામ આવે ત્યાં એવીજ રીતે કેહવું. (એક સહાબીનું નામ આવે ત્યાં રઝીઅલ્લાહ અનહો, બે આવે તો રઝીઅલ્લાહ અનહુમા અને બેથી વધુ માટે રઝીઅલ્લાહ અનહુમ કહેવું.) ૪ શયતાની ખાસિયત.

સાંપકે મુહમાં યું ઠગાઈસુ રહયા,
વે મોર પકડ સાંપકુ લે બહિશ્તમાં ગયા. ૫

અયસે રે મકરૂં એ બહિશ્ત માંહે આયા,
બહિશ્ત માંહે આવકર એક મકકર બનાયા. ૬

કે બુઢ્ઢા હોકર વયસા લિબાસ બનાયા,
જયસા રે સમજુ આદમી કેલાયા. ૭

એક ગેહું કેરા દાના હાથ માંહે લેકર,
આયા પાસ આદમકે અયસે મકકર કર. ૮

હું આયા નસીહત દેને તમૂ કાજા,
યું જૂઠા બોલતે ઉસે આઈ નાંહી લાજા. ૯

ભી સોગંદ અલ્લાહકી ખા બાતજ કહી,
તો આદમને સુનકર વે સાચી મન લહી. ૧૦

ઉસ ઝાડ કે ખાનેસુ તમું મને હય કીતા,
તો બહિશ્તસુ કાઢેગા બહાર તમુકુ મીતા. ૧૧

જે બહિશ્તમાં હય યે સહી ઝાડકુ ખાવે,
વે બહાર ના જાવે યાં હમેશા રેહવે. ૧૨

બહોત નઝરૂં આઈ મેરે તુમારી ગરીબી,
તો બહિશ્ત માંહે રેહને કાજ બતાઉં તબીબી.[1] ૧૩

પણ ઉસ્સુ નફા કુછ મુજકુ નાંહા,
યાં રહોગે તમે બહોત અમાન માંહા[2] ૧૪

કે અયસાહો એક ગરીબ ઈસ બહિશ્તમાંહે રેહવે,
એ ખાકી બંદા બહિશ્તથી કદી નિકાલા ના જાવે. ૧૫

૧ ઈલાજ. ૨ શાન્તીથી રેહશો.

મંય ઈતના બુઝકર આયા તુમારે પાસા,
અયસી મેહનતકી કુછ નાંહી મુજે આસા. ૧૬

કે યું ભુલાકર વે ગેહું રે ખિલાયા,
આદમ હવ્વાને વે ભુલેસુ ખાયા. ૧૭

તબ ગુસ્સા ખાલિકકા હુઆ અનંત અપારા,
યું કહીએ એ સુનકર હો બંદે બિચારા. ૧૮

રે તૂહી.

ઈબલીસ સાંપસુ પીતકર, મોર ઠગાયા સાથ રે,
મોર ઠગાયા સાથ,
યું પેઠ બહિશ્ત આદમકુ ધુતીયા, બહિશ્ત રહી ના આદમ હાથ રે,
બહિશ્ત રહી ના આદમ હાથ.

૬૯

જબ આદમસુ હુવા ગેહું ખાતે ગુના,
જે રેહતે થે ખુશાલીસુ બહિશ્તકે મેના. ૧

તબ વે નૂર ફિર આદમકી પીઠ માંહેથી ગયા,
અયસા રે સુના મંય લિખકર લહયા. ૨

તબ છીને ગએ કપડે જે થે કરામાત કેરે,[૧]
તબ હુવે રે બરેહને[૨] દોનો બહિશ્તમાં અનેરે. ૩

તબ નૂરી સગળે ઓનું દેખને લાગે,
ભી ફરઝંદ ઈબલીસ બહોત ખુશાલીસુ જાગે. ૪

તબ આદમકુ આઈ વાં બહોતેરી લાજા,
વે સુના રે હોવડા ખાતે ગેહું કે કાજા. ૫

૧ બુઝુર્ગીવાળા. ૨ કપડા વગરના–ઉઘાડા.

તબ આદમને માંગે પાસ ઝાડાં કે પાતા,
કે ઢાંપે ઓનુસુ લે અપની ઝાતા. ૬

કેતેક ઝાડાંને આદમકુ પાંત જે દીતે,
આદમ કે સંગ લેકર વે ઝાડ કીતે. ૭

હુવા હુકમ ઈલાહી તમે જાવ યાંથી,
કે ગુનાહ હોવડા તમું ગેહું ખાનેથી. ૮

તમું ઝમીં માંહે જા કરો રે કરારા,
તમે એક એક દુશમન માંહે રાખોંગે પિયારા. ૯

યું આદમ ને ઈબલીસ ભી સબૂંકુ નિકાલે,
બહિશ્તસુ નિકાલ કર ઝમીં માંહે ડાલે. ૧૦

તો હુકમસુ દુશમન હુએ એક એક આપા,
ઈબલીસ દુશમન, આદમ ઔરભી સાંપા. ૧૧

ભી મોર સાંપકા આદમ દુશમન કહીએ,
યું આપ માંહે દા'વા હુવા એ સબોંકુ લહીએ. ૧૨

રે તૂહી

તો એ બહિશ્તથી કાઢીએ, સાથ એકજ બાર રે,
સાથ એકજ બાર,
ખાકીએ બહોત રધન કીયા, ખુબી બહોત સંભાર રે,
ખુબી બહોત સંભાર.

૭૦

# હ૦ આદમ અલે૦નો પસ્તાવો અને ગુનાહની થએલ બશિક્ષ.

મકાન ગુનેહ કાજ એ આદમ ને લીના,
બરસ સવ તીના કીતી. તોબાહ મંના ૧

આજિઝી બહોતેરી તબ આદમને કીતી,
ફિકર ગુનાહકી લે મન માંહે દીતી. ૨

તબ રોએ રે બહોતેરે હિસાબ નાંહા,
યું કર આજિઝી બહોત કીતી મન માંહા. ૩

જૂંજૂં ના હોવે તોબાહ[1] રે કબુલા,
ત્યું ઝૂર ઝૂર કેહવે બહોત ખાલિક મંય ભુલા, ૪

મોહંમદ કેરા જબ નામ યાદ આયા,
તબ વસીલે ઓનુકે સુ જુવાબ પઠાયા. ૫

ઈસી નામકી હુરમત સુન રબ મેરા,
જે તેં ફરઝંદ મેરે માંહે કીતા હય અનેરા. ૬

વે મોહંમદ નામસુ તુ બખ્શનહારા,
તુ બખ્શ રે ખાલિક હું બંદા રે બિચારા.[2] ૭

તુજે બખ્શા આદમ હુકમ યું આયા,
ભી ફરઝંદ તેરા તુજ સંગ લાયા. ૮

વે દોસ્તી મોહંમદ નબીજી હો કેરી,
યું બડાઈ નબીકી તમે દેખોને બહોતેરી. ૯

---

૧ બહુ પછતાઈ આજિઝી કરી ભુલ કબુલ કરી તોબાહ કીધી. ૨ એ ઇઝઝતવાળા મોહંમદ (સલ૦)ના નામથી અય અલ્લાહ મ્હારી બશિક્ષ કર.

પેહલી તોબાહ આદમને થી બહોતેરી કીતી,
અરબી બોલીસું કહીં ભાતૂંસુ થી લીતી. ૧૦

પણ હુરમત ખાતિમ નબીજી હો કેરી,
તોબાહ તબ કબુલી આદમ સવેરી.[૧] ૧૧

તો ઉમ્મત ઓસ નબીકી હો રહીએ,
તો દોઆ માંગતે નામ પેહલા લહીએ. ૧૨

લે પેહલા નબી નામ બાઝ માંગે દોઆ,
પરદા કબુલ બીચ ઈસ નામ બના હોઆ.[૨] ૧૩

ભી વસીલા એ નામસુ તોબાહ હય કરની,
એ સુનસુન હકીકત ચિંતા નિત મન ધરની. ૧૪

રે તૂ હી.

બાપ બખ્શા બેટે થકી, વે નબી મોહંમદ નામ રે,
વે નબી મોહંમદ નામ,
ખાતિમ નબી ઓનુકુ કહીએ, કિયામત છુટક ઠામ રે,
કિયામત છુટક ઠામ.

## ૭૧

દેખો ને આદમ પીયુજીકા પિયારા,
કયું નિચિંત રહીએ સખી હુઈ જો અપારા.[૩] ૧

---

૧ અરબી ઝબાનમાં આપે ઘણી દૂઆઓ માંગી. છેવટે હ૦ મોહંમદ સલ૦) ના વસીલાથી દુઆ માંગી: "રબ્બના ઝલમના અનફોસના વ ઇલ્લમ તગફિરલના વતરહમના લનકુનન્ના મિનલ ખાસેરીન." અને આપની દુઆ કબુલ થઈ. ૨ હ૦ સલ૦ના નામ લીધા વગર માંગેલ દુઆમાં એક આડ રહી જાય છે. ૩ અલ્લાહના ચાહનાર (સખીયો) અપાર હોય, પછી નિચિંત કેવી રીતે રેહવાય ?

પીયુજી એકલા મલી સખી રે બહોતેરી,
તો નિચિંત રેહના કિસ ફિકર અનેરી. ૨

જે આવે સુરીજન પીયુકા આપ તન ચાવા,
તો સામાન તનકા રીઝે કાજરે બનાવા.[૧] ૩

રહે સુહાગન પીયાંકે હુકમ રે માંહા,
ઓસ પીયુકી રે બાત બિન નેહ અવર રે નાંહા. ૪

નેહ દેખે બિન સોહાગ કહીએ કેસા,
જૂં ના રે પિછાને દુખ દોહાગન જે વેસા. ૫

જે નેહ પીયાકા ધર આદમે દેખાયા,
તો આતિશકા શોઅલા ઓનુ બિસરાન લાયા. ૬

તો રોએ રોએ બહોતેરા નેનું ભરીયા પાની,
જે નેહરે પીયાકા તો બાત બિસરાન જાની.[૨] ૭

તો વેરાગ કરવત ઓનુ શિરે વાયા,
તો અવર શુધીયાંકા સોચ ગમાયા. ૮

જે દોહાગન પીયુકા જિસે નેહરે નાંહા,
દીયા ના બિસરાન ઓસ તન માંહા. ૯

જૂં દેખો ને દોહાગન લા'નત પાઈ,
તો બિસરાન ચિંતા ના ઉસ દિલ આઈ.[૩] ૧૦

૧ અલ્લાહ ખુશ થાય તેવી રીતે તેના હુકમ ઉપર ચાલવું. ૨ હ૦ આદમ અલે૦ને અલ્લાહથી મોહબ્બત હતી એથીજ ના ફરમાની માટે રોયા અને પસ્તાવો કર્યો. ૩ શયતાનને અલ્લાહથી સાચી મોહબ્બત નહોતી તેથી ગુનાહ ઉપર પસ્તાવો કર્યો નહીં અને અલ્લાહથી જુદાઈની ચિંતા થઈ નહીં.

તો કીયા દોહાગન દાવેકા ફંદા,
તો દોહાગન સોહાગા જૂં રાહુ ને ચંદા.[1] ૧૧

દોહાગન ખિઝમત બહોત ઘણી કેરી કીતી,
પણ નેહાકી બાત નાહી ચિંત માંહે દીતી. ૧૨

ઉને બિસરાન નેહાકી કુછ ખબર ના પાઈ,
તો લા'નત તૌક ઉસ ગલેમાં બાઈ. ૧૩

તો પીત બિના પીયુજી ના હોવે કિસ કેરા,
કયું જે સખી હો બહોતેરી વે પીયુજી અનેરા. ૧૪

રે તૂહી.

પીત બિના પીયુ ના ચાહશે, હય અયસા મેરા મીત રે,
હય અયસા મેરા મીત,
સખી મળી બહોતેરડી, ભાવે જિસ્કુ પીત રે,
ભાવે જિસ્કુ પીત.

## ૭૨

તબ જીબ્રઈલ રોઝી ઉન જગામાં લાએ,
ભી સામાન રોઝી કાજ સબબ બતાએ. ૧

હય ઈલમ હિકમતકા સબબ રોઝી કાજ કરના,
બાઝ ગમાએ ના પાવે યું આદમ મન ધરના. ૨

તો અપને રે જયસા થા આદમ સામાના,
સો રોઝી કે બહોતે રે સબબોંકા બયાના. ૩

---

૧ રાહુ એક ગ્રહ છે, તેને અને ચંદ્રને મેળ ખાતો નથી; તેવી રીતે સોહાગન અને દોહાગનના અમલમાં પણ ઘણો ફરક હોવાથી તેમના વિચારોમાં પણ કદી મેળ ખાય નહીં.

પેહલા ખમીર આદમકા[1] ખાક સુ કીતા,
બાઝ જોડા હવ્વાકા ઓનુ સુ લીતા. ૪

ફરઝંદ ઓનુ કે હુએ મનીસુ[2] કહીએ,
મુકામ મનીકા સર ભિતર લહીએ. ૫

નામ મનીકા નુતફા હય કેહના,
બાપ કે સુલુબમાં હુઆ વે યું લેહના. ૬

હાડ કે કેરા હય સુલુબ નામા,
બાપ કેરી પીઠમાં વે હય ઉસકા ઠામા. ૭

માતા કેરે હમલમાં વે નુતફા રહયા,
ચાલીસ દિનું તાંહી સુફેદા કહયા ગયા. ૮

બાઝ નુતફેકા લેકર અલકા[3] કીયા,
નામ લોહીકા લે ઓસકુ દીયા, ૯

દિન ચાલીસ રહયા વે લોહી વે કહીએ,
બાઝ ઓસસુ હુવા મઝગા લહીએ.[4] ૧૦

મઝગા તો ગોશ્તકા કહીએ નામા,
દિન ચાલીસ રહયા વેસા ઉસ ઠામા. ૧૧

બાઝ મઝગેસુ લેકર કીયા રે જામા,[5]
હડડીયોં કેરા સુનીયે એ નામા. ૧૨

મોહકમ કીએ હાડ તનુ સુલુબ બાઝા,
ગોશ્ત હાડકુ લપેટા સુના યું અવાઝા.[6] ૧૩

---

૧ હ૦ આદમ અલેનું જીસમ-શરીર. ૨ વિર્યથી. ૩ નુતફા પછી લોહીનો જમાવટ થયો. ૪ પછી ગોસ્તનો ટુકડો થયો. ૫ હાડકાં થયાં. ૬ બાદમાં હાડકાઓ ઉપર ગોસ્ત લપેટાયો અને એક બીજા સાથે જોડી મઝબુત કીધા.

ભી નાદર આયઝે[1] ભી ઓસમાં બનાએ,
તબ આદમકી સૂરત હો બંદે રે કેલાએ. ૧૪

બાઝ જીવ ઓસકુ મા ઓધરમાં બાયા,
તબ જીવતા હુવા મુઆથા જે સગીર કેલાયા.[2] ૧૫

એ અયસા હય ખાલિક હય મેરા મીતા,
તો ખાસે રે બંદાને એ સુન મન દીતા. ૧૬

રે તૂહી.

નુતફા મની લોહી ગોશ્તકર, હાડ બનાએ બાઝ રે,
હાડ બનાએ બાઝ,
બાઝ જીવ દે ઉસે જીવતા કીયા, સો ખાલિક બુઝને કાજ રે,
સો ખાલિક બુઝને કાજ.

## ૭૩

જીવ બાઝ બાલ ને દાંત ઉસે દીએ,
ફરઝંદ આદમકે દેખો રબ કયસે કીએ. ૧

જીવ બાઝ રિઝક ઓસે પયદા કરીયા,
માતાકી ચુંચીમાં દુધ લે ભરીયા. ૨

હય રહમમાં માતા કે હય ચુચી જેસા,
દેખો ઓધરમાં રિઝક રબ પહોંચાવે કેસા. ૩

અયસા રે રબ હય દેખો ખાલિક મેરા,
બની આદમકુ કીયા એહસાન બહોતેરા. ૪

૧ એટલે અલ્લાહ તઆલાએ ઇન્સાનના બધા આયઝા–અવયવો અમૂલ્ય બનાવ્યા. ૨ પછી તેમાં જીવ મુકી જાનદાર બનાવ્યો.

અયસે રે રબકુ બંદા રે ના પાવે,
તો મકાન દોઝખકા આપ હાથોં રે બનાવે.[1] ૫

દેખો જો રે બંદા ના બુઝે રે એહસાના,
વેતો ગંવાર ના કહીએ ઓસે દાના.[2] ૬

જિને રે એહસાન ના રબકા પિછાના,
બિસારી ખિલકત આપ કીયા રે ગુમાના. ૭

તો કયસા ના ગુસ્સા ઉસે રબ કેરા આવે,
જોઈ પૈદાસ આપ તનકી શુધીયાં ગમાવે. ૮

ભી બાલીગ હોતે ઉસે અકલ દીતી,
કરમકી નઝર રબે અયસી રે કીતી. ૯

અકલ બનાકર ઉસે કીયા રે દાના,
કીતેક રે સબઓંકી હુઈ ઉસે રે શાના. ૧૦

ઉસ બાઝ તકલીફ્ શરઈ બતાઈ,
વે ભી ખુબી કે કાજે હય રે સિખાઈ.[3] ૧૧

બાઝ વે હુકમ બંદા રબકા ના માને,
જો એહસાન ખાલિક કે વે મન ના પિછાને. ૧૨

તો ગુસ્સા રબકા કયું ના હોવે ઉસે ભારી,
જો એહસાનકી શુધીયાં સબ બંદેને બિસારી. ૧૩

તો દેખો ઝુલમ ના કરતા બંદે પર સાંઈ,
જો તોબાહ રે કબુલે તો તેરી રે બડાઈ. ૧૪

---

૧ " લકદ ખલકનલ ઇન્સાન ફી અહસને તકવીમ " (સૂરએ તીન) અલબત અમે ઈન્સાનને સૌથી સરસ બીબામાં ઢાલ્યો છે. આવી મોટી મેહરબાની અને બક્ષીશો છતાં અલ્લાહની નાફરમાની કરે તો તેનું ઠેકાણું દોઝખ સિવાય બીજું શું હોઈ શકે ? ૨ અલ્લાહના એહસાનો તરફ બેપરવાઇ બતાવનાર કદી પણ સમજદાર ગણાઈ શકાય નહીં. ૩ સખતમાં સખત શરીઅતના ફરમાનો બહુ સારી રીતે સમજાવ્યા.

રે તૂહી.

ખાલીગ કર દીતી અકલ, રિઝક દીયા બાઝ જીવ રે,
રિઝક દીયા બાઝ જીવ;
એ ગુણ છોડે પાવે સઝા, હૈ આદિલ મેરા પીવ રે,
હૈ આદિલ મેરા પીવ.

૭૪

જબ હવ્વા કે હમલ શીસ[1] રે રહે,
ઓનુકુ તો નબી કહે રે ગહે. ૧

તબ વે નૂર નબીકા હવ્વા રહમમાં આયા,
શીસ કે વુજુદમાં વે નૂર બાયા. ૨

હુવા સુલુબ આદમકા ખાલી નૂરસુ કહીએ,
તબ ઝઈફ હુએ આદમ એ સહી લહીએ. ૩

અને કવી હુવે હવ્વા બહોત ખુબીસુ જાનો,
વે નબી નૂર કેરી કુવ્વતસુ માનો. ૪

તબ હવ્વા કે મુંહ પર રોશન હુવા નૂરા,
જૂં રોશની સૂરજકી મુંહ હુવા ભરપૂરા. ૫

બાઝ તવલ્લુદ હુવે શીસ આપ રે અનેરે,
નાંતો જોડે તવલ્લુદ હોતે આદમ કેરે. ૬

સો ખાતિમ નબીકી નૂરકી દોસ્તી,
નાંહી તો શીસકે બહેન સાથ હોતી, ૭

[1] હ૦ શીસ અલે૦.

હુઈ નૂરસુ પેશાની રોશન શીસ કેરી,
ખુબીતો દેખી ઉસ માંહી રે બહોતેરી. ૮

અરશ નિચેસુ તહતુસસરા[1] કહીએ,
વે દેખનારે દેખકર હુવે અજબ લહીએ. ૯

જબ શીસ રે પહોંચે સત્તર બરસકી ઉમરા,
બાલીગકા બરસ અયસા સુન મન ધરા. ૧૦

દેખોને અયસા હય સુરીજન હારા,
ખાતિમ નબીકુ કયસા કીયા હય પિયારા. ૧૧

બેટકી ઈઝઝતસુ બાપ ખુબી પાવા,
પણ અસલમાં દેખો બાપ નૂર એ કહાવા. ૧૨

ખાતિમ નબી મોહંમદ મુસ્તફા,
ઓનું દીનમાં મેહનતકી ના જાણીએ જફા.[2] ૧૩

જો બખત તો ઉમ્મત અયસે નબીકી હો રહીએ,
એ સુન સુન બયાન નિત ઈતના કહીએ. ૧૪

રે તૂહી.

શીસ માતા ઓધર માંહા, તબ પહોંચા નૂર ઓનુ જાન રે,
તબ પહોંચા નૂર ઓનુ જાન,
થી કરામત મોહંમદ નૂરકી, વે એકલે જન્મે માન રે,
વે એકલે જન્મે માન.

---

૧ અર્શથી લઈને ઝમીનોના નીચે પાતાળ સુધીના લોકો.
૨ હ૦ મોહંમદ મુસ્તફા (સલ૦) ના બતાવેલા દીને ઇસ્લામમાં-ઇબાદતમાં સખ્તી નથી.

## ૭૫

આદમને શીસકુ નસીહત કીએ,
આખિર વખત બુલા નઝદીક લીએ. ૧

સીને કેરે ભીતર દીતી રે સીખાવના,
એ ફરઝંદ સુન રાખો એક મંના. ૨

હય હુકમ ઈલાહી મુજકુ આયા,
તમુકુ અહદ કરને રે બતાયા. ૩

યું આદમને શીસકુ માંગા રે કૌલા,
અહદ કરો શીસ મુજસુ બોલા. ૪

કે ખાતિમ નબીકા જે હય તમુ નૂરા,
હય મુંહ રોશન તમારા ઉસ નૂર ભરપુરા. ૫

ઉસ નૂરકુ નિસાઅ પાક[1] દેખ ધરના,
સુન ફરઝંદ મેરે યું અહદ મુજે કરના. ૬

ઈતના કેહ આદમે નઝર યું કીતી,
દૂઆ ખાલિક કે પાસ માંગ લીતી. ૭

ઈલાહી તેં અરશ તખત બનાયા,
વે ભી એ નૂરસુ કીયા હય કહયા. ૮

સૂરજકુ રોશની ભી અવરકુ દીતી,
વે ભી એ સહી નૂરસુ હય લીતી. ૯

વાયદા તેં મુજકુ ઉસ નૂરથી હય કીતા,
અને બુઝુરગી ને શરફ મુજે આસસુ દીતા. ૧૦

---

૧ નેક બીબી.

વે નૂર શીસ કે આયા સુલુબ માંહા,
રખવાલ ઓસ કેરા તૂ નૂરકા હય સાંહા.[૧] ૧૧

ઈલાહી અયસા કર તૂ નૂર કુશાદા,[૨]
જાં ઉસકે સુલુબ સુ બંદા હોવે ઔર પયદા. ૧૨

જબ આદમ હોઆસુ એતે સુખન બનાએ,
તબ જીબ્રઈલ ફિરિશ્તે કેતે લેકર આયે. ૧૩

તબ શીસ પર લખીયા નૂરીયોં શાહેદી બાહી,
યું આદમને લિખ્યા સુન હુકમ ઈલાહી. ૧૪

રે તૂહી.

આદમ શીસ બોલાયકર, નસીહત કીએ જાન રે,
નસીહત કીએ જાન,
ખાતિમ નબીકિ નૂરકી, રખવાલી કાજ માન રે,
રખવાલી કાજ માન.

૭૬

તબ શીસકુ જોડા રબને દીયા,
વયસા ખુશાલીસુ ઈનાયત કીયા. ૧

રંગ થા ધોળા ઓનુકી દેહા,
ભી કદ થા ઉંચા ખુબી દેહકે જેહા. ૨

ભી હોવે નૂર ઓનુકુ બહોત થા જમાલા,[૩]
તમે શીસ કે ઔરતકા સુનો એ હાલા. ૩

સાહિબે બયઝા[૪] ઉન બીબીકા થા નામા,
માલુમ હોતા હય એ નામ બેહતર બયાનકે ઠામા. ૪

૧ અલ્લાહ તઆલા. ૨ ફેલાવ. ૩ ઘણાં ખુબસુરત હતાં. ૪ ખુબસુરતીના સરદાર.

જબ ઉસ્તવાર[૧] હમલ હુઆ કહીએ,
તબ હક કેરા અવાઝ બીબી સુના લહીએ. ૫

કે અતા તુજે કીતી બયઝા તો જાની,
કે નૂર રે મોહંમદ તુજ ઓધર પિછાની. ૬

વે ખાલિકને નૂર લે તુજ ઓધર હય લાયા,
ઓસ બયાનસુ બયઝા નામ બીબી કેરા પાયા. ૭

બૈઝા તો કેહતે હંય જે રંગ ધોલા,
જૂં રે સાહિબકુ કેહતે હંય મોલા.[૨] ૮

હુવા હકકા અવાઝા બયઝા લે· નામા,
પિછાના અવાઝસુ બયઝા નામકા ઠામા. ૯

ભી સુના રે શીસ એકલે જનમે,
સો નૂર કાજ એકલે રબ મન ગમે. ૧૦

ઉસ બયાનસુ મા'લુમ હોવે અયસા કહીએ,
કે જનમ જોડકા હોતા હવ્વાકુ યું લહીએ, ૧૧

ભી યું હુવા શીસકુ રબ અવરત દીતી,
શુકર મેહરબાની ઈનાયત કીતી. ૧૨

અયસેથી બુઝાયા કે ભાઈ ને ભેના,
એ સાથ રે હોતે તવલ્લુદ મેના. ૧૩

પીછે દો ભાઈ દો ભેના પીછે ભાઈ ભેન કહીએ,
પણ દો સહી જનમતે એતા સુનકર લહીએ. ૧૪

૧ કાયમ થયું. ૨ સરદાર.

રે તૂહી.

શીસ કુ જોડા રબને, દીયા બૈઝા નામ રે,
દીયા બૈઝા નામ;
ખાતિમ નબીકે નૂરકુ, આને આધર કીયા ઠામ રે,
આને આધર કીયા ઠામ.

## ૭૭

કબર આદમકી સંગલ દીપ ગામા,
વે દરીયા કે માંહે હય બેટ કા નામા.[1] ૧

જે દખ્ખનમાં બીજાપોર શેહરકુ કહીએ,
રાહા એક મહીને કેરી ઉસ્સૂ બંદર લહીએ. ૨

જે દરીયા કીનારે વે બંદર કહાવે,
બેપારી જહાઝોંમાં જા બેપાર કરાવે. ૩

વયસા બંદર હય જે બિજાપોર કેરા,
બીજાપોર થી મહીનેકા છેટા હય અનેરા. ૪

હય ઉસ રે બંદરથી સામીં સંગલદીપ નામા,
વે બેટ હય દરીયામાં જે તાં રાજા કેરા ઠામ. ૫

વે બંદર ને બેટ બિચ દિન આઠકી હય રાહા,
જહાઝોમાં બૈઠકર જે ચાવે સો જાહા. ૬

વહાં હય હિંદુ રાજા રાજ હય કરતા,
વે પાદશાહ ઈસ્લામકા હય ડર મન ધરતા. ૭

---

૧ સંગલદ્વીપ—જે લંકાના નામે સિલોન બાજુ દરીયામાં આવેલો એક બેટ છે, ત્યાં માઉન્ટ આદમ નામે ઓળખાતા પહાડ ઉપર તે કબ્ર આવેલ છે.

વહાં માનેક ને ચૂનિયા બહોત હય લાલા,
વે છુપાતા હય રાજા ઉન્હેં કેરા હાલા. ૮

હય તીન દિન પખાલ વે આદમીકુ લેતા,
બાઝ પખાલકે આદમીકુ હય નિકાલને દેતા. ૯

કે બા પેટ માંહા રખે ચુનિયાં લે જાવે,
તો પાદશાહ ઈસ્લામકુ વે ખબર પહોંચાવે. ૧૦

તો કબર આદમકી હય ઉસહી ઠામા,
અલય હિસ્સલામ કહીઓ આદમકે નામા. ૧૧

હવ્વાકી કબર હય જાં જિદદા બંદરા,
વે આરબોંકા બંદર સુન મન ધરા. ૧૨

અરબકી બોલીમાં કેહવે દાદીકુ જદદા,
તો હવ્વા ઘોર કાજ ગામ નામ ધરા જદદા. ૧૩

આદમ હવ્વાકી હય જૂદી જૂદી ઠામા,
ઈતના સમજકર મન નિત રાખો નામા. ૧૪

રે તૂહી.

સંગલદીપ આદમકી હય કબર કેરી ઠામ રે,
હય કબર કેરી ઠામ,
કબર હવ્વા અરબ માંહા, જદદા જે નામ ઠામ રે,
જદદા જે નામ ઠામ.

૭૮

શીસકે ફરઝંદ અનૂશ નામા,
આદમને નસીહત શીસ કીએ દેને કામા. ૧

ઓનુ કેરા બેટા કિનાન રે કહીએ,
બાપ ઓનુકા અનૂશ લહીએ. ૨

મહલાઈલ બેટા કીનાન રે કેરા,
સુનો ઓનુકા નામ હય રે અનેરા. ૩

બારિદ તો પુત્ર મહલાઈલ જાનો,
મહલાઈલ બાપ્ર બારિદ રે પિછાનો, ૪

બારિદ બાપ્ર ઉખનુખ સુનકર લેહના,
જિનું કેરા નામ ઈદરીસ કેહના. ૫

બાપ્ર આદમકે નુબુવ્વત પેહલી ઓનુકુ રે આઈ,
લિખનેકુ કલામ ઓનુ દીયા રે બતાઈ. ૬

લિખના ને નુબુવ્વત ઘોર ઈદરીસ કેહના,
આદમકે બાપ્ર એ સમજ ને લેહના.[1] ૭

મનૂશલખ નામ બાપ્ર ઓનુંકે કહીએ,
ઉખનુખ કે બેટે મનુશલખ લહીએ. ૮

ઓનુ બાપ્ર માલિક નામ રે ધરાવા,
મનુશલખ કેરા પુત્ર કહાવા. ૯

ઓનુ બાપ્ર નૂહ નબી રે જાનો,
માલિક કેરે પુત્ર ઉન્કુ રે પિછાનો. ૧૦

ઓનુકી ઉમ્મતમાં હુવા કજિયા બહોતેરા,
કેહર ખાલિકકા હુવા સબુસૂ અનેરા. ૧૧

અયસા ખાલિક દેખો સુરીજન હારા,
તો બંદે હોકર રહીએ રે બિચારા. ૧૨

---

૧ હ૦ આદમ અલૈ૦ પછી હ૦ ઈદરીસ અલૈ૦ને નુબુવ્વત પેહલા પહેલ મળી અને લખવાનું પણ બતાવ્યું.

દેખો સબોંસુ ઈઝ્ઝત બહોત ખાકને પાઈ,
જો ગરીબી કીતી ના જાની રે બડાઈ. ૧૩

જો ઓસે થી તો વયસે હોકર રહીએ,
કુછ ગુમાન ના કીજે નિત એતના કહીએ. ૧૪

રે તૂહી.

અનૂશ કિનાન મહલાઈલ, બારિદ ઉખનુખ જાન રે,
બારિદ ઉખનુખ જાન,
મનુશલખ માલિક કહીએ, નૂહ નસલ માંહે માન રે,
નૂહ નસલ માંહે માન.

૭૯

## હ૦ નૂહ અલે૦ અને તોફાનની હકીકત.

નૂહ ને નિદા જબ રે દીતી,[૧]
લોક બુલાકર બાત દીન શરૂ કીતી. ૧

કે કરોને કૌમ તમે બંદગી અલ્લાહકી,
વે વાહિદ હય અલ્લાહ જિસે ઝાત હય પાકી. ૨

યા હય રે કોઈ ગૈર અવર અલ્લાહી ?
કે ઉસકી બંદગી તમે કરોગે કમાહી ?[૨] ૩

તબ બડે બડે લોકોંને નૂહ કુ રે આખા,
તુજે ગુમરાહ દેખતે હમ[૩] યૂં કર દાખા. ૪

નૂહ કહે ગુમરાહ ના કરે મુજે અલ્લાહ,
મંય હું તો રે બંદા અને રસૂલુલ્લાહ. ૫

---

૧ અલ્લાહનું ફરમાન સંભળાવ્યું. ૨ અલ્લાહ સિવાય બંદગીના લાયક કોઇ નથી, તેનીજ ફરમાબરદારી કરો. ૩ ઉંધા માર્ગે ચઢેલા.

કે પહોંચાઉં તમુકૂ અલ્લાહકા પયગામા,
તમુકૂ નસિહત કરૂં દીન કે કામા. ૬

કે અલ્લાહકી વહીસૂ મંય જે હું જાનતા,
વે તુમ નાંહી જાનતે એતા મનમાં હું માનતા. ૭

વે અઝાબકી બાત કોમસુ થી છાની,
ભી પયગમ્બરી નબીયોંકી ના ખુબીથી પિછાની. ૮

અજબ તુમારે દિલ માંહે આવે,
કે બંદે રે માંહેથી નબી કહાવે. ૯

કે હુકમ ઈલાહી આવે મરદકી ઝાતા,
વે બંદા તુમારી હય ઝાતસૂ કેહતા. ૧૦

વે હોવેભી તમુકુ અલ્લાહસૂ ડરાતા,
એ અઝાબ તુમારે કયું મન નાંહે આતા. ૧૧

મંય ઝાહિર ડર હું તમુકુ દેખાઉં,
સો બંદગી અલ્લાહકી કાજ કરને બતાઉં. ૧૨

મંય ડરૂં હું કે અઝાબ રખે આવે એક દંના,
એ સહી બાતસું હું ડરાઉં તમંના. ૧૩

તબ બડે બડે કૌમકે થે જે કુફ્ફારા,
નૂહ તમે તો હો બશરા કબીલા હમારા.[1] ૧૪

ઐસા દેખ નાંહી તૂજકો હોવે તાબે રે તેરે,
યું બોલે એ કૌમ સુન રાખો મન સવેરે. ૧૫

૧ કુફ્ફાર કેહવા લાગ્યા કે, તમે પણ માણસ અને અમારા કુટુંબી છો.

રે તૂ હી.

નૂહને નિદાકી કૌમકો, રાહા અલ્લાહકે કાજ રે,
રાહા અલ્લાહકે કાજ,
નૂહ કબીલા એ જાન આપસૂ, નબી કેહતે આઈ લાજ રે,
નબી કેહતે આઈ લાજ.

૮૦

ભી કેહવે કૌમ નઝરૂ તુ ઐસા ના આવે,
કે બુઝુર્ગ હમુસૂ તુ રે કેહલાવે. ૧

ભી નૂહ તુજ ઉપર અયસા હમારા ગુમાના,
કે ઝૂઠેકા બોલનાર હમુ તુજકુ જાના. ૨

તબ નૂહ કહે બયાન જે હું અલ્લાહસૂ પાહું,
વે તુમારે ઉપર મંય કયસે રે છુપાહું. ૩

ભી કહું રે તમું પાસ મંય ચાલ નાંહી ચાતા,[1]
મંય તુમારે કાજ રાહા હું બતાતા. ૪

અજરકા દેનાર હય આપ રે અલ્લાહી,
ઉસ્કેજ વાસ્તે તમે કરો રે કમાહી. ૫

પણ મંય હું દેખતા તમૂ કૌમ હો અયસી,
કે કુદરત ખાલિકકી ના જાનતે હો કયસી. ૬

મંય યું નાંહી કેહતા કે હું મંય ખઝાના ધરાતા,
નાંહી ગૈબકી બાત મંય કુછ તમુકુ બતાતા. ૭

નાંહી ભી મંય ફરિશ્તોં માંહે રે કેહલાતા,
ભી વે કોઈ જે તમુસુ ખુવાર રે ઝાતા. ૮

૧–હું તમારાથી ઠગાઈ કરતો નથી.

ભાવતી હય ઓનુમન બખીલીકી બાતા,
ખાલિક ઓનુકુ નાંહી નેકી રે દેતા. ૯

માલિકી અનુ કાજ વે દુનિયામાં લેવે,
જાનતા હય અલ્લાહ, છુપી બાતી ના રેહવે. ૧૦

જાનતા હય અલ્લાહ જે તમુ મધે ઝાતી,
અલીમસુ છુપી ના રેહવે રે બાતી. ૧૧

તો મંચભી કયું તમુસૂ હોઉં સિતમગારા,
તો રાઝી કયું રેહવે સુરીજન હારા. ૧૨

કોમ કહે નૂહ તેં બહોત બડાઈ કીતી,
બાતાં તો બહોત હમ સુનકર લીતી. ૧૩

અબ તો તુ મંગા રે જે વાએદા હય કરતા,
જે ડર રે અઝાબકા નિત મન ધરતા. ૧૪

વે તુ મંગા નૂહ, કોમ બોલી એ બાચા,
જો તુ કેહનાર સહી હય સાચા. ૧૫

તો દેખોને બંદાં ગલે ગુમાનકા ફંદા,
તો એતના કહીએ સુન હોકર બંદા. ૧૬

રે તૂહી.

દાવત નૂહકી સુનકર, કોમે કિયા ગુમાન રે,
કોમે કિયા ગુમાન;

ખાકીસુ ખાકી હો રેહતે, તો કેહરસૂ પાતે અમાન રે,
તો કેહરસૂ પાતે અમાન.

## ૮૧

બડે બડે કાફિર જે થે ઓનુ કોમ માંહા,
નસીહત ઔરોંકુ ઐસી કરની રાખી મન માંહા. ૧

એ નૂહ તો કબીલા હય રે હમારા,
તો હય બશર જયસા હાલ તમારા. ૨

ભી બુઝતે હો કે ઉસ્કુ તમે બુઝુર્ગ જાનો,
કર મેહતર[1] ઉસ્કો તમે ખુબરે પિછાનો. ૩

ભી જેતા ફરિશ્તા જો અલ્લાહ ચાતા,
રાહા અપનેકુ યું રે બતાતા. ૪

અપને રે બાપસૂ અયસી બાત નાંહી જાની,
એ બાત બાપોંને પેહલી નાંહી રે પિછાની. ૫

તો અપનૂંમાં નૂહ હય દેખીતા દીવાના,
રઈસોંને[2] ગરીબ કોમકુ આખે એ બયાના. ૬

ભી કહયા કે સબર રાખો તમે મંના,
બાટ રે દેખો કેતેક રે દંના. ૭

જબ તાંએ દીવાના એ અકલ માંહે આવે,
આપસકા જે કામ હય વે કસબ કમાવે. ૮

બડે બડે કાફરંને યું નસીહત દીતી,
યું ગરીબૂં બતાકર રાહા દીન બંદ કીતી. ૯

નૂહ ના ઉમ્મીદ હુવે જબ ઓનુકે ઈમાના,
તબ યારી દે રબ તુ, એ કહયા મન બયાના ૧૦

૧–સાહિબ–સરદાર. ૨–આગેવાનોએ.

યારી હૈ મુજકો એ જે ઝૂઠા હય કરતે,
નાંહી કબુલતે કહયા મેરા, મુકર હય પડતે. ૧૧

દૂઆ એ સુનતે વહી યું રબસૂ આઈ,
કીશ્તી બનાનેકી ખબર રે બતાઈ. ૧૨

હુકમસૂ નૂહને તબ કિશ્તી બનાઈ,
જહાઝકુ તો કિશ્તી હય લિખને બતાઈ. ૧૩

નૂહ તો કિશ્તી દો બરસોંમાં કીતી,
મુદદત ઈતની એ સુનકર લીતી. ૧૪

તીનસો ગજ જહાઝ લાંબી કહીએ,
સાઠ ગજ પહોળા અયસા બયાન એ લહીએ. ૧૫

તીન તો તબક કીયા મેડીકી રીતા,
નૂહ ને બનાયા હુકમ યું ચિંત દીતા. ૬૧

રે તૂહી.

નૂહ કાફિરોંકે ઈમાનસૂ, ના ઉમ્મેદ હુવે જાન રે,
ના ઉમ્મેદ હુવે જાન,
તબ યારી માંગી રબ પાસે, જુદે હોનેકુ માન રે,
જુદે હોનેકુ માન.

## ૮૨

જબ હુકમ ઈલાહી એકી વકત આયા,
હુકમ અઝાબકા નામ રે ધરાયા. ૧

તબ ઉભરા તંદૂર પાણીસૂ ભરાયા,
જિસમાં નાન હય પાકે વે તંદૂર કહાયા. ૨

વે થા તંદૂર પત્થર રે કેરા,
અયસા લિખેસૂ સુના હય રે અનેરા. ૩

દાદી હવ્વાકે ઉસમાં નાન હય પાકતે,
તબકા હય તંદૂર યું સબ રે બતાતે. ૪

નૂહ ને વારસેમાં થા તંદૂર વે પાયા,[1]
થા હિસ્સા પાડતે તંદૂર ભાગ આયા. ૫

પાણી કે કેહરકીર[2] હુઈ ઉસ્સૂ નિશાની,
લિખેસૂ એ બાતી સુન ને પિછાની. ૬

દો દો રે જોડે લેઓ કિશ્તી રે માંહા,
હુકમ ઈલાહી નૂહકુ આયા રે તાંહા. ૭

દો દો જોડે લીએ નૂહને જનાવર કેરે,
જેતી ઝાતકે જનાવર હંય રે બહોતેરે. ૮

જેતે ચોપગે ને પરિંદે દરિંદે કહીએ,
જે કાટ ખાનારે ઓનૂ દરિંદે લહીએ. ૯

એ વે જનાવર ભી દો દો જોડે લીએ,
વે કિશ્તી રે માંહે સબ એકઠે કીએ. ૧૦

ભી લડકે આપસેકે ઉસ જહાઝ માંહે લીતે,
હુકમ ખાલિકસૂ સબ એકઠે કીતે. ૧૧

મગર કિનઆન બેટા જે નૂહ કેરા,
ભી વાએલા ઔરત નૂહ જિસે નામ એ અનેરા. ૧૨

૧–હ૰ નૂહ (અલે૰)ને ભાગ પડતાં વારસામાં તન્નૂર મળ્યું હતું.
૨–કેહર–ગઝબ.

એ રે હોનોકૂ ના લીએ જહાઝ માંહા,
કે પિછે અપની ખુશીસૂ વે આયે રે નાંહા. ૧૩

ભી કિશ્તીમાં ચઢાએ જે થે ઈમાનકે લાનારે,
સબોંકુ લીએ ના છોડા કોં બિસારે. ૧૪

જે ઈમાન ના લાએ ના હુવે નૂહકે વે સાથા,
હુકમ ઈલાહી નાંહી કીસી કે હાથા. ૧૫

મગર જે સાથે નૂહ સૂ આએ,
નૂહ ને ઓનુકુ લે કિશ્તી રે ચઢાએ. ૧૬

કે જિનકે મરદ થે રે મુસલમાના,
કે થીઆં ઔરતાં મુસલમાન અયસા સુનને પિછાના. ૧૭

રે તૂ હી.

હો હો જોડે જનાવરાં, લીએ નૂહને સાથ રે,
લીએ નૂહને સાથ,
ઔરત બેટા રેહ ગયા, નાંહી હુકમ કિસીકે હાથ રે,
નાંહી હુકમ કીસીકે હાથ.

## ૮૩

તીન બેટે નૂહકે ચડે કિશ્તી ઠામા,
હામ ને સામ વે યાફેસ રે નામા. ૧

ભી સાથ રે હો ઔરતાં નૂહ કબીલા જે કહીએ,
ઔરભી જે મલે સાથ સિત્તર લહીએ. ૨

સબ મલ હુવે એંસી નૂહકે સાથા,[૧]
ઓનુકુ ચડાએ જહાઝ પકડને હાથા. ૩

---

૧–હ૦ નૂહ (અલે૦) સાડા નવસો વરસ હિદાયત કીધી ત્યારે કુલ ૪૦ મરદ તથા ૪૦ ઔરતો ફક્ત ઈમાન લાવ્યા તેમાં તેમના ત્રણ બેટા હતા. આપની ઔરત અને એક બેટા કાફિરો સાથે રેહવાથી તે પાણીના કેહરમાં ડુબી ગયા.

જહાઝ પર બિઠાએ ઉપર સરપોશ કીતા,
કે જહાઝકે ઉપરભી ઢાંપ કર લીતા. ૪

જ્યું ઝમીંસૂ રે પાણી જોશ રે ખાયા,
ત્યું ઉપરભી કેરા બહોત બરસાયા. ૫

બિસ્મીલ્લાહ બોલતાં નૂહને કહયા કરો અસ્વારી,
એ કિશ્તી તો અલ્લાહકે નામસૂ સવારી. ૬

ચલતે ભી અલ્લાહકા નામ હય લેહના,
અને રાખતેભી ઉસ્કા નામ હય કેહના. ૭

ભી બિસ્મીલ્લાહ બોલસૂ હય કિશ્તીકા ચલના,
કહયા નૂહને ઓનુકુ એ સુન મન ધરના.[૧] ૮

કે મુમિનકુ અલ્લાહ હય બખ્શનહારા,
ભી નૂહને દિલાસા યું દીયા કર પિયારા. ૯

અયસેમાંતો કિશ્તી હુઈ ચલતી તયર કર,
પણ મૌજ ડુંગરસી આઈ સુન એ મન ધર. ૧૦

વયસે બેટા નૂહકા જે કિનઆન નામા,
વે કિશ્તી કિનારે દેખા ઠાડા ઉસ ઠામા. ૧૧

નૂહકુ દેખતે શફકત રે આઈ,
તબ આવ જહાઝ માંહા અયસે દીયા યું બતાઈ. ૧૨

તુ અમન રે ચાહવે ને જીવતા રેહવે,
આવે સાથ જો હમારે નૂહ પૂતકુ યું કેહવે. ૧૩

તબ કિનઆન બતાવે સવી ડુંગરકા નામા,
મંય અમાન પાહુંગા જા ઉસપર ઠામા. ૧૪

૧–દરેક કામની શરૂઆતમાં બિસ્મીલ્લાહ કેહવું બહુ બરકત અને સવાબનું કામ છે.

નૂહ કહે કેહર હય એ ગુસ્સા રે ઈલાહી,
કોઈ નાંહી રાખે કિસે અપની રે પનાહી. ૧૫

છૂટે રહમ કરે જિસ્કુ સુરીજન હારા,
એ સુન કહીએ હો બંદા બિચારા. ૧૬

રે તૂહી.

તીન બેટે નૂહ કે, ઓનું પકડા નૂહકા હાથ રે,
ઓનું પકડા નૂહકા હાથ,
કિનઆન ચોથા પુતરા, વે હુવા નાંહા નૂહકે સાથ રે,
વે હુવા નાંહા નૂહકે સાથ.

## ૮૪

એ બાત કેહતે મૌજ પાણી કેરી આઈ,
તબ કિનઆન ખેંચીયા જલ લીયા રે ડુબાઈ. ૧

નૂહ કેહવે ખાલિક સોહી હુકમ તેરા,
કિનઆન હય ડુબતા બેટા રે મેરા. ૨

યું બેટેકે કાજ નૂહ અરઝ કીતી,
પણ સુરીજનહારે વે કબુલ ના લીતી. ૩

બલકે સુખનભી આકરા આયા ઉસ અરઝરે કાજા,
નૂહકુ ડર દેખાયા તબ આઈ નૂહકુ લાજા. ૪

હુવા હુકમ ઈલાહી નૂહ એ બેટા નાંહી તેરા,
ઓને કુછભી અમલ નેક નાંહી કીયા રે અનેરા. ૫

બહોત ઉસકા થા મલના કાફિરોં કેરા,
ભી અમલ તો વચસા ઉને કીયા રે બહોતેરા. ૬

નૂહ રે ના પુછ જે તુ જાને રે નાંહા,
હોવે મના બાઝ પુછે નૂહ તુ જાહેલાં માંહા.[૧] ૭

તબ અરઝ રે સુનતે રબે અયસા રે પઠાયા,
તબ દિલ માંહી નૂહકે ડર બહોત રે આયા. ૮

મંય પનાહ હું માંગતા જે થા સવાલ મંય કીતા,
યું નૂહને આજિઝ હો કહયા સુન મેરે મીતા. ૯

મુજે ઈલમ રે નાંહા વે સવાલ મંય કરીઆ,
તુ બખ્શ ગફુરા જ્યું તેં મુજે ખાકી કરીઆ. ૧૦

ના બખ્શે ગફુરા તો હોઉં જાં અંગારા,
તુ બખ્શ રે સુરીજન હું બંદા રે બિચારા. ૧૧

આજિઝીસુ અરજ ફિર નૂહ યું કીતી,
એક બોલ કાજ યું ચિંતા મન દીતી. ૧૨

દેખો બેટા રે ડુબીયા નૂહ કેરા કયસા,
તો હો રહીએ બંદા[૨] એ હય સુરીજન અયસા. ૧૩

ઝમીં પાણીકુ ચુસ જે હય તેરા,
બાજ હુકમ અયસા હુવા ખાલિક કેરા. ૧૪

આસમાન પાણી તેરા ખેંચ તુજે લેહના,
તો હુકમ કબુલા દોનો સહી યું કેહના. ૧૫

---

૧ હ૦ નૂહ (અલે૦) જેવા પયગમ્બરની પોતાના ફરઝંદ માટે પણ દુઆ કબુલ નહી થઈ; ત્યારે કોઇ પીર સાહબ પોતાને પૈસા આપનારાઓને છોડવવાની વાતો કરે તે સાવ ખોટુંજ ગણાય. ૨ અલ્લાહના બંદા બની તેના હુકમો પ્રમાણે અમલ કરવાથીજ છુટકારો થશે.

રે તૂહી.

કેહર કાફિર ભેજકર, ભી સમાયા ઓસહી ઠામ રે,
　　　　ભી સમાયા ઓસહી ઠામ,
તો અયસા ખાલિક બુઝકર, નિત લીજે ઉસકા નામ રે,
　　　　નિત લીજે ઉસકા નામ.

## ૮૫

બાઝ ઝમીને પાણી આપ કા પીયા,
આસમાન ને પાણી ખેંચ આપસકા લીયા. ૧

કમ હુવા પાણી જે અસંખ થા ભરીયા,
સુધી ઝમીં આસમાન જે પાણી થા ચડીયા. ૨

ભી સુના હય કે પાણી થા વે આસમાન તાંહી.
પણ ખુબ ઉસે તેહકીક સુનેકી ના આહી. ૩

જબ હુકમસુ પાણી કમ હો ગયા,
તબ ડુંગર જૂદી[1] પર જહાઝ આવ રહયા. ૪

મુદદત તુફાનકી હય સુની તીન માસા,
જયસા સુના વયસા લીખીયા નાંહી કીયારે કિયાસા,[2] ૫

યું કાફિર સગળે ડુબા ફના વેરે કીતે,
ભી ફના હુવે જનાવર, રહે જોડે થે જે લીતે. ૬

બાઝ સલામતી તુજકો નૂહ હુકમ યું આયા,
તમે ઉતરો રે જહાઝસુ યું ખાલિકે પઠાયા. ૭

---

૧–સીરીયાના–શામ દેશમાં જૂદી પહાડ આવેલો છે. ૨–અટકલથી નથી લખ્યું.

ભી સલામતી બરકત હોઈયો જે સાથ તેરે,
કે બરખુરદાર કરૂંગા મંય તમુકુ સવેરે.[1] ૮

હુવા અયસા હુકમ ખાલિકકા જાનો.
યું દીલાસા નૂહકુ બહોત દીયા રે પિછાનો. ૯

ત્યું કરે બાઝ નૂહકુ દેખો અમન રે દીતા,
તો આરામ ઝમીંમાં તબ બંદોને લીતા.[2] ૧૦

જબ નૂર મોહંમદ મુસ્તફા રે કેરા,
વે નૂહકે સલુબમાં છોડા રે અનેરા. ૧૧

તબ સાની આદમ[3] નૂહ કેહલાએ,
ખિતાબ દાદેકા ઉસ નૂરસૂ રે પાએ. ૧૨

સાની તો કેહના દુજે કે ઠામા,
તો નૂહકા આદમ દુજા ધરીયા નામા. ૧૩

એ બુઝુર્ગી અપને નબીજી હો કેરી,
યું નામકી બડાઈ નૂહને પાઈ અનેરી. ૧૪

તો ઉમ્મત અયસે નબીકી હો રહીએ,
તો સુન સુન બયાન નિત ઈતના કહીએ. ૧૫

રે તૂહી.

નૂર મોહંમદ નૂહ કે, ભરીયા સલુબ જાન રે,
ભરીયા સલુબ જાન,
તબ ખાતમે સાની આદમકા, પાયા ઓનું સહી માન રે,
પાયા ઓનું સહી માન.

૧–તમો બધાઓને સુખી કરીશ. ૨–જૂદી પહાડ પર વહાણ ઠેરવા બાદ દસમી મોહર્રમના દિવસે બહાર આવ્યા અને તે દિવસે અલ્લાહનો શુક્ર બજાવવા તરીકે રોઝું રાખ્યું. ૩–હ૦ આદમ (અલે૦) જેવા.

## ૮૬

મુલક જે રૂમ ને કહીએ જે શામા,
જૂદી ડુંગરકા વાં હય ઠામા. ૧

તો દેખો ઝમીં શામકી યાંથી ઉંચી કહીએ,
કે પિછે જૂદી ઉંચા સબ ડુંગરોમાં લહીએ. ૨

તો બહાર પેહલા વે પાણીસૂ આયા,
તો જહાઝ નૂહકા આવકર વાં રે ઠેરાયા. ૩

સામ તો બેટા નૂહ નબી કેરા,
જે કિશ્તી માંહે ચડા થા સવેરા. ૪

અરફખશાદ નૂહ નસલમાં રે ઠામા,
સામ કે બેટેકા કહીએ એ નામા. ૫

ભી શાયખ નામ સુનકર રે લહીએ,
અરફખશાદ કેરા બેટા રે કહીએ. ૬

આમિર પુત્રા શાયખ રે કેરા,
નામ તો ઉનકા યું બુઝો રે અનેરા. ૭

ફાનેય બેટા આમિરકા રે જાનો,
રાઉ બેટા ભી ઉનૂકા પિછાનો. ૮

રાઉકા બેટા સારૂગ રે નામા,
યું કર બુઝો એ નસલકા ઠામા. ૯

નાખૂર સારૂગ કેરા જાનો પિસરા,
ઓનુકે બેટેકા નામ આઝર ધરા. ૧૦

નબી જે ઈબ્રાહીમ ખલિલ રહમાના,
વે આઝર કે બેટે કહીએ મન જાના. ૧૧

ઉસકૂ ગિનકર હિસાબ રે કરના,
નામ તો પુરે સહી મન ધરના. ૧૨

જૂં નૂહ ને સામ અરફ્ખશાદ કહીએ,
શાયખ આમિર ફાનેઅ રે લહીએ. ૧૩

રાઉ સારૂગ નાખૂર રે નામા,
આઝર ઈબ્રાહીમ એ નસલકા ઠામા. ૧૪

અયસા હુય ખાલિક સૂરીજન હારા,
નૂહ બાઝ ફિર કયસા કીયા રે સંસારા. ૧૫

તો પાકી નિસદિન યાદ ઉસકી કીજે,
હો ખાકી બંદે એતા ચિંત દીજે. ૧૬

રે તૂહી.

સઝાં કાફિરાં હે કર, કીઈ દૂનિયા ફનિયા જાન રે,
કીઈ દૂનિયા ફનિયા જાન,

બાસ કીયા ફિર નેહસૂ, વોહી દૂની ફિર માન રે,
વોહી દૂનિ ફિર માન.

## ૮૭

હેબો પુત્ર આઝરકા નબીજી કહાયા,
ઈબ્રાહીમ નબી નામ ઓનુકા ધરાયા. ૧

થા આઝર ને સલાટકા કામ થા કીતા,
સો મુરતાં બનાકર નામ ખાલિક ઉસે દીતા. ૨

વે સિત્તર દો મુરતાં આઝરે બનાઈ,
ભી જવાહિર આંખોમાં બા કીતી રોશનાઈ. ૩

જનાવર જયસી થી સુરત ઓનુકી,
જયસે ચોપગાં સુરત કહીએ જિનુકી. ૪

આઝર મુરતાં બનાકર ઓનુ હુવે થે પુજા રે,
પુજા ઉનકી કરતે વે પુતલે થે પિયારે. ૫

જિનોંકો ઈબ્રાહીમ ખલિલ રહમાન કહીએ,
વે આઝર કે બેટે એ સોચ સુન લહીએ. ૬

દેખો અયસા હય ખાલિક સુરીજન હારા,
કયસા આઝરસૂ લેકર નબી રે સવારા. ૭

જૂં કાંકરૂંમાં જવાહિર હય ખાલિક બાતા,
જે મરૂડ કંકર ઝમીંસૂ ઝાતા. ૮

હય કારીગર કંકરૂંકૂ કુટ ને કમાવે,
વે કંકરૂંસૂ ઢુંડતે હય જવાહિરકુ પાવે.[1] ૯

ભી પાણીસૂ ખાલિક દેખો ઝેહેર હય બનાતા,
જે સોમલખાર[2] હય નામ રે કેલાતા. ૧૦

દેખો પાણીકી ખૂ કુ[3] હય સબ કોઈ ચાવે,
અને ખાલિક ઉસથી ભી લે ઝેહર કૂ બનાવે. ૧૧

જૂં દેખો બેટા નૂહકા સંગ કાફિર ડૂબાયા,
ભી દેખો પુજારે આઝરસૂ નબી રે બનાયા. ૧૨

વે હય કાદિર અયસા જાએગ ગુમાન નાંહા,
તો ખાકી રે હોકર યું રાખો મન માંહા. ૧૩

---

૧–કાંકરાઓમાં જવાહિર મળી આવે છે; તેમ બુત બનાવનારા બુત પરસ્ત આઝરના ત્યાં હ૦ ઇબ્રાહીમ ખલીલ (અસ૦) જેવા મહાન પયગમ્બર અલ્લાહ તઆલાએ પૈદા કર્યા. ૨–એક જાતનું ઝેહર. ૩–ખાસિયતને.

રે તૂ હી.

ઈબ્રાહીમ આઝરસૂ કીએ, અને કિનઆન ડુબાયા જાન રે,
અને કિનઆન ડુબાયા જાન,

બેટા નૂહ નબી કેરડા, અયસા હય સુબહાન રે,
અયસા હય સુબહાન.

૮૮

## ૯૦ ઈબ્રાહીમ અલે૦ને આગમાં નાંખ્યા.

ઈબ્રાહીમ નબી બેટે આઝર રે કેરે,
મુસે નબીસૂ એ હુવે રે સવેરે. ૧

ઈબ્રાહીમે બાપકૂ અને ઔરભી સબૂં કુ,
કહા માનતે હો બુતોંકુ કયા હુવા તમૂંકુ. ૨

જે હંય સુરતાં તમૂ હાથોં રે બનાહી,
માનતે હો ઉસકૂ તમે કર ને ઈલાહી. ૩

ઈબ્રાહીમકા કેહના સબૂં સુનકર લીતા,
હમૂં પાયા હય બાપસુ યું જવાબ દીતા. ૪

કે બાપ થે હમારે ઓનૂં બુતોંકુ પુજતે,
ખુદા કર ઓનૂકુ વે સહી મન ધરતે.[૧] ૫

તબ ઈબ્રાહીમે કહયા તમે બાપસુ તમારે,
ગુમરાહ તેહકીક તો હુવે તુમ સારે.[૨] ૬

૧–અમારા બાપ દાદા કરતા આવ્યા હતા એટલે અમે પણ પુજીએ છીએ. ૨–તમારા બાપ અને તમો સઉ ઉંધા માર્ગે ચઢી ગએલ છો.

તબ એ બાત રે ઉનકે, મન અજબ રે આઈ,
તબ જવાબ દેનેકી યું ફિકર રે બનાઈ. ૭

કે ઈબ્રાહીમ હમસુ તુ હય હસતા,
કે બાત રે સાચી હય તુ કરતા. ૮

કે હમકુ બાપસૂ ગુમરાહ હય કેહતા,
દિલ રે હમારા એ બોલ નાંહી સેહતા. ૯

તબ ઈબ્રાહીમે જુવાબ ઉનકુ દીતા,
કે અયસા રે ના હોવે મેરા રે મીતા. ૧૦

મંય હસીકા કરનાર તમુકુ નાંહી,
મંય તમુકુ દેખાઉં અપના રે સાંહી. ૧૧

જે હય રબ હમારા ભી ઝમીં આસમાન કેરા,
વો કીસી જયસા નાંહી આપ હય રે અનેરા. ૧૨

મંય ઉસ કેરી શાહેદી હું તમુંકુ દેતા,
મંય હસી કેરી બાત નાંહી તમુકુ કેતા. ૧૩

એ સુરીજન હારા યું પિછાનુ રે અપના,
સુન મુમિન મનસૂ યું નામ નિત જપના. ૧૪

રે તૂહી.

ઈબ્રાહીમ આખેં બાતીયાં, નાંહી તુમારા રબ રે,
નાંહી તુમારા રબ;

જો તમો કહો બાપસૂ પાયા, તો ગુમરાહ હુવે સબ રે.
તો ગુમરાહ હુવે સબ.

## ૮૯

જબ ઈબ્રાહીમ શાહેદીસૂ સુખન કહયા,
કે તમે હો ગુમરાહ વે સુન અનુ લહયા. ૧

તબ કાફિરોંને ઉસ દિન ઈદ રે કીતી,
ખુશાલી બહોતેરી આપ ચિંત દીતી. ૨

તબ લે બુતોંકુ બહોત રે સંવારે,
મા'બુદ આપસકે જાન કીએ બહોત પિયારે. ૩

ઈદકા દિન વે દાવેસૂ રે કીતા,
વે સુખનકા દા'વા ચંત માંહે દીતા. ૪

ઈબ્રાહીમે તબ તો સોગંદ રે ખાઈ,
કે દેવ તમારૂંકી ખોઉંગા બડાઈ. ૫

તમારે બુતોંકુ મંચ્ર કરૂંગા મકરા,[1]
યું ઈબ્રાહીમે ગુસ્સેસૂ કહયા બોલ અકરા. ૬

કે જબ તમે બુતોંસૂ હોઓંગે દુરી,
તબ બુતોંકી નિશાં કરૂંગા હું પુરી.[2] ૭

અયસેમાં એક દિન બુત ખાલી રે પાએ,
તબ ઈબ્રાહીમ ઉન્કે ઈલાજ બનાએ. ૮

તબ તબર[3] નિકાલકર વે બુતોંકુ રે ભાને,
તોડે બાઝ બુતોંકુ આપ હુએ રે અંજાને. ૯

ઉનોમાં જે બુત બડા થા કહીએ,
ઉસને રે ભાના એ સુનકર લહીએ. ૧૦

---

૧–તોડ ફોડ કરવું. ૨–હસ્તી ખતમ કરી નાંખીશ. ૩–કોહાડી.

પણ ઉસેભી થોડા બોત નુકસાન કીતા,<br>
વે તબર લે ઉસ્કે ગલે માંહે દીતા. ૧૧

કે કાફિર એ દેખકર હુવે રે ખિજાલા,<br>
કે ઓનુકુ હસનેકી કીતી અચરસી કલા.[1] ૧૨

દેખો નમરૂદ પાદશાહકા ડર નાંહી કીતા,<br>
સહી એક ચંત દીજે અપના રે મીતા.[2] ૧૩

રે તૂ હી.

તોડે બુત તબરસુ, દુશ્મન કીયા સંસાર રે,<br>
દુશ્મન કીયા સંસાર;

તકવા ઈબ્રાહીમે કીયા, અબ રાખે સુરીજન હાર રે,<br>
અબ રાખે સુરીજન હાર.

## ૯૦

ઈતની તો નમરૂદકુ પહોંચી રે ખબરા,<br>
અફ્સોસ બુતોંકા ઉને મન રે ધરા. ૧

કે એ તો અજબ બાત રે દેખાવે,<br>
ખુદા રે ઉનોકે કૂ કોન રે ભનાવે. ૨

ફિકર રે ઓનુ મન અવરભી આઈ,<br>
કે અપનૂ માંથી દીનકી કુછ હુઈ રે જુદાઈ. ૩

કે બુત ભી તોડે જો ઉને દીન રાહ ભાની,<br>
કાફ્રૂ ફિકર એ મન બહોતજ આની. ૪

---

૧-એમ કેહવાનો અર્થ જુઠું બોલવું નથી, પણ તેમના મોંઢેજ તેમની ખોટી માન્યતાની કબુલાત કરાવવાનો હતો. ૨-હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહ અલ્લાહની ફરમાબરદારીમાં નમરૂદ જેવા બાદશાહથી ઝરા પણ ડર્યા નહીં.

તબ લાગે ઢુંડનેકુ કોન હય રાહ કેરા ચોરા,
કાફરૂં માંહે માંહે યું કીયા રે શોરા. ૫

તબ તો રે ઢુંડ પડી ગામ સારે,
કે ખુદા રે કીને ભાને રે હમારે ૬

ચિચા ઈબ્રાહીમકે થે રે ઉસ ઠાંહા,
ઈબ્રાહીમે તોડે બુત રે તાંહા. ૭

કે પીછે આવ ને ખબર પહોંચાહી,
નમરૂદ કુ તો તબ હુઈ રે અગાહી. ૮

તબ નમરૂદ કુ જા કાનમાં કહયા,
કુછ અયસા હમુને સુનકર લહયા. ૯

કે જવાન ને કામ હય અયસા કરીઆ,
ઈબ્રાહીમ જિસ્કા નામ હય ધરીયા. ૧૦

કે પુત્ર આઝરકા જે ઈબ્રાહીમ નામા,
ઓસ સૂ હુવા એ ભાન ને કા કામા. ૧૧

તબ નમરૂદ હુકમ કાફિરોંકો કીતા,
ઉસે લે આઓ હાઝિર ઓનુ સુન યું લીતા. ૧૨

કહયા હાઝિર કરો ઉસકો સબકી નઝરા,
કે હમારે બુતોંકુ કેને કીએ હય મકરા. ૧૩

તો દેખોને ઉસકુ સબ શાહેદી રે દેવે,
કે એ બુતાં કેરા ભાનનાર યું સમજને લેવે. ૧૪

દેખો દેખતા હય સુનતા એ સુરીજન હારા,
તો નિત ઉઠ કહીએ હો બંદા રે બિચારા. ૧૫

રે તૂહી.

બંદા કીયા બાપડા, તુ ખાલિક સુરીજન હાર રે,
તુ ખાલિક સુરીજન હાર;
તકવા બંદો[1] કેરા, જોઈ કરે તુ ખાલિક સાર રે,
જોઈ કરે તુ ખાલિક સાર.

## ૯૧

હુકમ નમરૂદે આદમી રે દોડાએ,
ઈબ્રાહીમકુ પકડ કર હુઝુર રે લાએ. ૧

સબ કાફિર દેખનેકુ એકઠે મળીએ,
વાં ઈબ્રાહીમ લાકર હાઝિર રે કરીએ. ૨

કે બુતોં કેરા ભાનનાર એ હય રે જુઆના,
યું સબરે કાફિરોંને મન સૂ રે પિછાના. ૩

કે ઈબ્રાહીમ તમૂને એ કામ હય કીતા,
દેખો રે વે કયસા હય રે મીતા. ૪

ઈબ્રાહીમે કહીઆ મંય એ બુત નાંહી ભાને,
યું ઈન્કાર ઈબ્રાહીમે કર હુવે રે અંજાને. ૫

ફિર કહયા ભાનનાર એ બડા હય દેવા,
જિસે ખુદા કર તમે કરતે હો સેવા. ૬

એ બડે ને ભાને દુશમની મન ધર,
ભાન દેખો બયઠા અબ તબરકુ ખભે કર. ૭

જો નાંહી માનતે તો તમે પુછો ને દેવોંકુ,
કિને તમુ ભાને વે કહો ને હમોંકુ. ૮

૧–પરહેઝગારી–ફરમાબરદારી.

પીછે દેખો તમુકુ હય એ સુખન કે દેના રે,
જિનોકુ રે પુજતે થે તમે મનકે કરારે, ૯

તબ નીચા ઓનુ દેખકર નીચી મુંડી બાઈ,
તબ જવાબકી ફિકર કુછ ઓનુ ના આઈ. ૧૦

તબ આપ માંહી બાતાં લાગે રે કરને,
અપન હુવે સિતમગાર અયસા રાખે મન ધરને. ૧૧

અપન પુજતે હંય દેવોંકુ જે ના બોલે નાંહી સુનતે,
અપને તો ઉપર એ હસી હય કરતે. ૧૨

ઓનુ ને ખિજલ હો નીચી મુંડી યું બાઈ,[૧]
અને તેરે બંદે કે મન ફિકર યું આઈ. ૧૩

રે તૂહી.

ઈબ્રાહીમ લે આ ઠાડે કીએ, કાફિરોંકે હુઝુર રે,
કાફિરોંકે હુઝુર;
બાત કેહતે શરમા ગએ, કાફિર જો દીનસુ દૂર રે,
કાફિર જો દીનસુ દૂર.

## ૯૨

તબ કાફિરોંને ઈબ્રાહીમકુ જુવાબ રે દીતા,
તેં પત્થરોંકા બોલના કહીં હય સુન લીતા. ૧

તબ ઈબ્રાહીમે કહયા અયસે ખુદા રે તુમારે,
ના નફા કરે તમુકુ અયસે હય રે બિચારે.[૨] ૨

નાંહી જાનભી તમુંકુ એ હય પહોંચાના રે,
અયસે પથરૂંકે ખુદા તમું કીયે હંય પિયારે. ૩

૧–બધા શરમીંદા થઈ માંથુ નીચું કરી લીધું. ૨–જે તમોને કંઈ પણ લાભ આપી શકે તેમ નથી તેમને ખુદાના બદલે માનવા એ ખોટુંજ છે.

અલ્લાહ બિના પુજા તમે ઉન્હોંકી હો કરતે,
એ અજબ અકલ તમે હો રે મન ધરતે. ૪

સુનો તો તમે ફિકર એતી કયું નાંહી કરતે,
તુમ કાહે રે ઓનું સાથ દોઝખ પડતે. ૫

તો એ કેહના હમારા કયું ખાતિર નાંહી આતા,
તો પયદા કરનાર નાંહી તમું કુ રે ભાતા.[1] ૬

તો તમું જયસા દીવાના અવર રે નાંહા,
જો હુંડે રે જાવે સારે જગ માંહા. ૭

જબ ઈતની કાફિરોંને સુની નબીકી બાતી,
તબ ગુસ્સે સુ આંખા ઓનું હુઈ રે રાતી. ૮

તબ બોલા બરમા જિસ કેરા નામા,
નમરૂદ પાદશાહ થા રે ઉસ ઠામા. ૯

સુનો બરમા તો પાંડે[2] થા ઓનું કેરા,
વે કુફ્ર બતાતા ઓનું કુ બહોતેરા. ૧૦

નમરૂદ ઉસ્કુ પુછ બાત રે કરતા,
વે કહા બરમાકા સહી ચંત ધરતા. ૧૧

બરમાને પાદશાહકુ તબ ઈતના આખા,
ઉસે આગમાંહી જલાઓ યું કર દાખા. ૧૨

કે અપને ખુદાઓંકી યારી મન ધરની,
ઓનું ટુકડે જોડકર સાંધા સાંધી કરની. ૧૩

---

૧ પૈદા કરનાર ખુદાને ભુલીને એવાઓના સાથે શા માટે દોઝખમાં જાવ છો ? ૨–ધાર્મીક આગેવાન–ધર્મગુરૂ.

એ ઈતની તો બાત સુનકર લીજે,
નિત ઉઠ ઈતના ચિંત માંહી દીજે. ૧૪
રે તૂહી.

ઈબ્રાહીમે સહી કરી બાતડી, કાફિર લજાએ જાન રે,
કાફિર લજાએ જાન,
તબ ગુસ્સા ચડા ઉન કાફિરૂં, બરમા આગુઆ માનરે.
બરમા આગુઆ માન.

## ૯૩

તબ જલાનેકા ફતવા[1] સબું કાફિરોને દીતા,
વે નમરૂદ સુનકર સહી કર લીતા. ૧

તબ નમરૂદ અયસા હુકમ રે પઠાયા,
કે જલાને કે કાજ સામાન રે બનાયા. ૨

તબ સાઠ ગજ દિવાલ ઉંચી રે કીતી,
અને કાઠી[2] ઉસમાં સબ પુર કર દીતી. ૩

ભી ઘી ઉસ આગકુ બહોત રે ચરાયા,
એક મહીને તાંઈ યું તોફાન બનાયા. ૪

આકરી બહોત આતિશ ઓનુ મન આઈ,
તબ ઈબ્રાહીમકુ ડાલનેકી ફિકર રે બનાઈ. ૫

તબ ગરદન નબીકી બાંધી રે કહીએ,
અને હાથ પગ બાંધીએ ભી સહી લહીએ. ૬

અયસે માંહી જીબ્રાઈલ ઓનુ પાસ આયે,
સો નબી દુખ કાજ મન અફસોસ લાયે. ૭

---

૧–ફેંસલો. ૨–લાકડાં.

આવ ઈબ્રાહીમકુ પુછા કુછ મુજે કહો કામા,
જે તમે કહો સો કામ કરૂં ઈસ ઠામા. ૮

તબ ઈબ્રાહીમે પુછા રબ હય મેરા દેખતા?
કહા જીબ્રઈલ રબસૂ કુછ છુપા નાંહી રેહતા. ૯

જો રબ દેખે, તમુકુ કયું દૂં મંય કામા,
ભી ઈબ્રાહીમે જુવાબ દીયા ઉસ ઠામા.[1] ૧૦

તબ દેખો બૂરે માતા ઈબ્રાહીમ કેરી,
કે ઔર ફિકર કયા હોવે ઉસ્સુ બહોતેરી. ૧૧

દેખો સુરીજન કેરા થા અયસા રે નેહા,
ના જીબ્રઈલકુ કહયા દુખ કાજ દેહા. ૧૨

તબ ઢેંકલી[2] બિઠલા કર આગ માંહે ડલાએ,
તબ ઈબ્રાહીમ નબી મન ઈતના લાએ. ૧૩

રે તૂહી.

આગમાં ડાલા કાફરૂં, નબી ખલીલ રહમાન રે,
નબી ખલીલ રહમાન,
અયસા દેખો સુરીજના, વોહી ખાલિક રહમાન રે,
વોહી ખાલિક રહમાન.

## ૯૪

તબ તુરતજ હુકમ આતિશકુ આયા,
આગ હોને ઠંડી યું રે પડાયા. ૧

કે ઈબ્રાહીમ ઉપર હોવે રે સલામા,
એક તિલ જેતા આતિશ ના કીજે તુ કામા. ૨

૧—કેવી આકરી કસોટી હતી છતાં ખુદા પર કેવો ભરોસો હતો ?
૨—ગોફણ.

તો કયસી રબને દેખો કીતી રે સારી,
કે ઈબ્રાહીમ છોડે નાંહી રે બિસારી. ૩

સુનો અયસા મૂમિન તકવા કરના,[1]
કુછ ખાલિક બિના અવર મન રે ના ધરના. ૪

ઉસ આગ કે તો ફુલ હુવે ગુલાબ કેરે,[2]
વાં ઢેર તો ફુલોં કે હુવે રે બહોતેરે. ૫

દેખો અયસા તો બાગ ખાલિક બનાયા,
તબ નબી ઈબ્રાહીમ સુખ બહોત પાયા. ૬

તબ હુઈ રે ખુશાલી રોશનાઈ દીના,
તો બહોતોંકા કુફ્ર ટુટા ઉસ રે દંના. ૭

મોહંમદ મુસ્તફા જે ખાતિમ નબી કહીયે,
વે ઈબ્રાહીમ સલુબમાં નૂર આયા લહીયે. ૮

તો આગસુ બચાએ દોસ્તી ઉસ નૂર કેરી,
એ ખાતિમ નબીકી એ ખૂબી રે બહોતેરી. ૯

ભી એ ખલીલ રહમાન ઈબ્રાહીમ નામા,
વે બાઝ નૂર ઓનુંકે ઓનું સલુબકે ઠામા. ૧૦

મોહંમદ મુસ્તફા અયસે રે પિછાનો,
તો બાદશાહ નબી સગલોં કે જાનો. ૧૧

તો ઉમ્મતી ઓનુંકે હોકર રહીએ,
જે બખ્ત અપને તો દીન એ લહીએ. ૧૨

૧–એવી તકલીફમાં પણ અલ્લાહ ઉપર ભરોસો કરી સબર કરવી જોઈએ, તકીયો કરી ઇમાન ડગાવવું જોઈએ નહીં. ૨–જુઓ સબરના બદલા તરીકે આગ ગુલાબના ફુલ બની ગયા.

તો કિયામત શફાઅત હોવે ઉનોં કેરી,
હો ઉમ્મતી નબીકા મન રાખ બાત એ બહોતેરી.[1] ૧૩

રે તૂહી.

ખલીલ રહમાન ઈબ્રાહીમકા, હુઆ તબ ખિતાબ રે,[2]
હુઆ તબ ખિતાબ,
જબ નૂર મોહંમદ કેરડા, પહોંચા ઓનુ સલુબ સિતાબ રે,
પહોંચા ઓનુ સલુબ સિતાબ.

## ૯૫

કહો કાફિર કુફ્ર છોડ લાએ રે ઈમાના,
દેખો ઈબ્રાહીમ કયસે ખલીલ[1] રહમાના. ૧

તબ બરમા ઉઠકર વહાં સુ ચલીઆ,
ભાગા લીતે અફ્સોસ બહોત મન ધરીયા. ૨

વે ફિરઔન[3] જાં હોવેગા ઉસ મુલકમાં ગયા,
વે કિતનેક દનુંસૂ જા પરદેશ રહયા. ૩

એ હકીકત આગે કહુંગા એ મંના,
જો ચૈનસૂ ખાલિક મુજે પહોંચાવે દંના. ૪

જાનો ઈબ્રાહીમ નબી બહોત સખી રે કેહલાએ,
નબી ખાના રે ના ખાતે જબ મેહમાન ના પાએ, ૫
દિન એક જહુદી કેતેક ઓનું ઘર આયે,
ઉસ દીન કાફ્રેંકે ટોળેથી કેહલાયે.[4] ૬

---

૧–આપણા સારા નસીબ કે બધા નબીયોના બાદશાહ હ૦ મોહંમદ (સલ૦)ના આપણ ઉમ્મતી થયા. ૨–ખલીલ રહમાન એટલે અલ્લાહના દોસ્તનો ખિતાબ મળ્યો. ૩–મીસર દેશમાં ખુદાઇ દાવો કરનાર થઇ ગયેલ રાજા. ૪–કાફિરોમાંની એક કૌમ.

ઈબ્રાહીમે મેહમાની બહોત આનુંકી કીતી,
તો જહુદીયોંને ખુશાલી બહોત મન દીતી. ૭

હમ આનું કહયા ઈબ્રાહીમ નાંહી તમૂં દીન માંહા,
તમું પિયાર હમું પર તોભી રાખ્યા મન માંહા. ૮

અબ કુછ હમુંકુ તમે કામ રે બતાઓ,
જયસા રે કામ તમે દિલ માંહે લાઓ. ૯

તબ ઈબ્રાહીમે કહયા તમે સિજદા હય કરના,
જો હમારે હુકમસૂ કામ તમૂ મન ધરના. ૧૦

તબ તો સબુંને લે સિજદા કીતા,
તબ ઈબ્રાહીમે દોઆ માંગી અપને રે મીતા. ૧૧

કે રબ તુજે મા'લુમ જે મંય હુવા સો કીતા,
અબ ઈમાન આનુકુ હે સુરીજન મીતા. ૧૨

તબ ઉઠતે રે કાફિરોં સબૂં કલમા રે કહયા,
યું ઈબ્રાહીમ નબીકા દીન સહીકર લહયા. ૧૩

રે તૂ હી.

જહુદીયોં સિજદા કીયા, હુકમ નબીકે પિયાર રે,
હુકમ નબીકે પિયાર,

કુફરતો ટુટા કાફરાં, અયસા સુરીજનહાર રે,
અયસા સુરીજન હાર.

૯૬

હુએ બેટે ઈબ્રાહીમકે ઈસ્માઈલ નામા,
વે શામ કે મુલકમાં થા રેહનેકા ઠામા. ૧

બીબી હાજરા ઉનકી માતા કહીએ,
ઈસ્માઈલ પુત્ર એ બીબી કેરે લહીએ. ૨

ભી સારાહ ખાતુન નામ વે ભી ઈબ્રાહીમ કેરી,
ઔરત લહીએ યું સુની હય અનેરી. ૩

ઈસહાક બેટા કહીએ રે જનુંસુ,
સહી વેભી હુવે નબી એ બુઝીઓ મનુસુ. ૪

જાનો ઈસહાક ભાઈ બડે રે કેહલાએ,
અને માતાભી ઓનુકી પેહલી રે લિખાએ. ૫

અને બીબી હાજરા સો અનુબાઝ કહીએ,
જે ઈસ્માઈલકી માતા એ સુનકર લહીએ. ૬

જબ હુવા રે તવલ્લુદ ઈસ્માઈલ કેરા,
તબ હુવા સારાહ ખાતુન દિલ ગુસ્સા બહોતેરા. ૭

ઈબ્રાહીમકુ બીબીને તબ ઈતના રે કહયા,
કે હાજરાકુ કરો બાર યુ કહયા રે ગયા. ૮

કે હાજરા બેટે સંગ કહે જંગલ લે જાના,
જાં હોવે નારે પાણી ટીપ ખાનેકુ રે દાના. ૯

એ સુનને ઈબ્રાહીમ ફિકરમાં ગહે,
તબ તુરત જીબ્રઈલ પાસ આવ રહે. ૧૦

જૂં બીબી સારાહ કેહતે હંય ત્યું ઈબ્રાહીમ કરો,
હુકમ જીબ્રઈલ કેહવે રબ મન ધરો. ૧૧

તબ ઈબ્રાહીમ ઉંટ પર હુવે અસવારા,
સંગ હાજરા ઈસ્માઈલ લીએ સાથ કર પિયારા. ૧૨

તો દેખોને કયસા હય સુરીજન હારા,
તો ઈતના રે કહીએ હોકર બંદા રે બિચારા. ૧૩

રે તૂહી.

ઈસ્માઈલ માતા સંગ હો, કીયા મુલકકે બાર રે,
કીયા મુલકકે બાર,
ઈબ્રાહીમે ઉનકો લેકર, તુરત ભએ અસ્વાર રે,
તુરત ભએ અસ્વાર.

૯૭

તો ઈબ્રાહીમ લે ચલે જંગલ કે માંહા,
જાં પાણી ના પાહીએ ને દાણા ભી નાંહા. ૧

તો થોડે વખત માંથી દૂર રાહા થોડેમાં,
લે આપકુ ચલાએ જૂં થા મનમાં. ૨

એ તો હય નબીયોં કે મોજિઓંકી બાતી,
કે નબીજીભી ચલતે હય લપેટા રે જાતી. [1] ૩

તો મકકે ઠામ આયે જાં બહોત રે પહાડા,
ત્યાં નાંહી રે બસ્તી થા રબ કા આધારા. ૪

ખેતી ને ઝરાઅત ના હોતી ઉસ ઠામા, [2]
કો' પાણી હો બિના કયું બસે ખેતી કામા. ૫

બીબી હાજરાકુ વહાં ઉતારે ગહે,
ઈસ્માઈલ ગોદ લે બીબી વાં રહે. ૬

ઈબ્રાહીમ ચલે વહાંસુ બીબી કુ છોડકર,
શામ કે મુલકકી તરફ મન ધર. ૭

૧—ઝમીન લપેટાઈ જતી એટલે ટુંકી થઇ જતી. ૨—ઝમીન સખત અને રેતાળ હોવાથી અનાજ પાણી થતું નહીં.

એક ડુંગર ઓઠે આવ દૂઆ રે માંગી,
જબ જલન કલેજે પુત્ર કેરી લાગી. ૮

કે ઈલાહી આલમીન કરમ તુ કીજે,
ઈસ સહરાકુ બસ્તી અમન તુ દીજે.[1] ૯

તુ મુજે દૂર રાખા જો બુતોંકી રે પુજા,
અને મેરે ફરઝંદોંકો ભી દીજે અયસી સુજા. ૧૦

કે બુત ના રે પુજે જો અહીંયા દેવ નામા,
કે ઓનુંકે પુજાકા ખલકત કરે બહોત કામા. ૧૧

અને દેવોંને તો ગુમરાહ બહોત લોક હય કીતા,
વે તુજસૂ તો છુપા નાંહી રહીલા રે મીતા. ૧૨

જો ફરઝંદ મેરા કરે પયરવી મેરી,
વે મેરા ફરઝંદ રબ સુન રે સવેરી. ૧૩

જો બુત કેરી પુજા કરે ફરઝંદ મેરા,
ઉસે બખશનહારા હય તુ રે ગફુરા. ૧૪

રે તૂ હી.

બીબીકુ લે જાએકર, છોડે ડુંગર માંય રે,
છોડે ડુંગર માંય;
ઈસ્માઈલ માતા સંગ, અવર બંદા કો' નાંય રે,
અવર બંદા કો' નાંય.

૯૮

યાં હું છોડ જાતા ફરઝંદ રે મેરા,
રહમ તુ કીજે ઉસે ખાલિક તુ સવેરા. ૧

૧—આ વીરાન જંગલને વસ્તીથી આબાદ કરજે અને દરેક આફતોથી બચાવજે.

જે નામ હય ધરકા બયતુલ હરામા,
જે આદમ કે વખતકી થી એ ઠામા.[1] ૨

સફા ને મરવહ જાં ડૂંગર હો કેહના,
મીના ભી જાગો વાં સમજ ને લેહના. ૩

યાં[2] શિકાર મારના ના તેં કીતા રે ઈલાહી,
યું ઈબ્રાહીમે દોઆ માંગી સુનો રે ભાઈ.[2] ૪

પણ બિના મક્કે કેરી ના થી રે ઉસ દંના,
પણ બયતુલ્લાહકા પાઈઆ થા રાખુ એ મંના.[3] ૫

ભી કહયા મંય ફરઝંદ છોડા ઉસ ઠામા.
કે નમાઝ તેરી કા કરે એ કામા. ૬

તો ઓનુ કે દિલમાં તુ મોહબ્બત દીજે,
એ ખાલિક મેરી તુ દુઆ સુન લીજે. ૭

ભી આશિક રે હોવે તેરે[4] યહાં રેહનેવાલે,
ઓનું પાક તુ રે કીજે ના હોવે શયતાન હવાલે. ૮

ભી ઓનુકુ સિતાબી દીજે રબ મેવા,
સો ખા કરે શુકરાના વે કરે તેરી સેવા. ૯

ભી બુઝે તુ ઈલાહી જે છુપી બાત મેરી,
ભી જેતી હું ઝાહિર કરૂં હો બહોતેરી. ૧૦

કે અલ્લાહ કે ઉપર નાંહી છુપા કુછ રહયા,
સહી હુકમ તો તેરા અયસા સુના હય ગયા. ૧૧

---

૧–હ૦ આદમ (અલે૦)ના વખતથી બયતુલ્લાહ કાયમ કરવામાં આવ્યું હતું; પરંતુ તેની ઈમારત કાયમ રહી નહોતી. ૨–મક્કાની હદમાં શિકાર કરવાની અલ્લાહ પાકે મના કરેલ છે. ૩–બયતુલ્લાહનો પાયો કાયમ હતો પણ મક્કા શેહરની સ્થાપના ત્યાં સુધી થએલ નહોતી. ૪–તારાથી મોહબ્બત કરનારા.

હય આસમાન ઝમીં પર જે કહયા ગયા,
ઈલાહી તુજસૂ વે છુપા નાંહી રહયા. ૧૨

તબ અલહમ્દો લિલ્લાહ[1] કહી ખુશાલીકે કામા,
કે જેતીઆં સીફતાં એ તેરે હંય નામા. ૧૩

બખ્ખશિશ અતા કર તુ સુરીજન હારા,
જે ઈસ્હાક ઈસ્માઈલ મુજે તેં દીએ સત્તારા. ૧૪

ભી ફરઝંદ ઓનુંકે તુ બખ્ખશન હારા,
જૂં સીફતકા નામ હય રહીમ સંવારા. ૧૫

તૂ દુઆકા સુનનાર ખાલિક મેરા,
તુ દુઆ રે કબુલ મંય હું બંદા તેરા. ૧૬

અવરભી દુઆ યું ઈબ્રાહીમે કીતી,
તો ખાલિકે તુરત વે સુનકર લીતી. ૧૭

દેખો ને અયસા હય સુરીજન હારા,
કહીએ એ સુનકર હો બંદા રે બિચારા. ૧૮

રે તૂહી.

બંદા ઉમ્મેદ ચાહેસી, પુરે તુ સબ આસ રે,
પુરે તુ સબ આસ,
દે સબરાં નિસ દિના, તુ ના કર નિરાસ રે,
તુ ના કર નિરાસ.

૯૯

દુઆ માંગ ઈબ્રાહીમ વતનકુ ગહે,
બીબી તો એકલે ઉસ ઠામ રહે. ૧

૧—અલ્લાહની તારીફ.

ગરમી ઝવાલ ને તપન રે પહાડા,[1]
લાગી પિયાસ બહોત બે રે શુમારા. ૨

દૂધ રે સુકાના ઉસ પિયાસ કે લીતે,
બીબી તો અયસી ઠામ રબ એકલે કીતે. ૩

બીબી તો સફા પર પાણી કાજ ગહે,
ઢુંડનેકુ ડુંગર પર ઠાડે રે રહે. ૪

કે પંખી કહીં ઉડતા નઝર્ રે આવે,
તો મુકામ પાણીકા ઉસ પંખીસુ દેખાવે. ૫

પંખી ઉડતા કહીં નઝરૂં ના આયા,
તો બીબી ફિર આયે જો પાણી રે ના પાયા. ૬

તિલ બાઝ પિયાસ તો હુઈ રે બહોતેરી,
ફિર કર સફા ડુંગર પર કીતી રે ફેરી. ૭

જાકર ઠાડે ફિર ડુંગર પર રહે,
પણ જનાવર ઉડતે ના બીબીને લહે. ૮

ફિર આયે બીબી ઈસ્માઈલ પાસા,
ઝૂરે રે બીબી રબ હું તેરી દાસા. ૯

અયસે તો ફેરે છે બીબીએ કીતે,
પણ પંખી ઉડતે ના નઝરૂં લીતે. ૧૦

છઠ્ઠે ફેરે આયે ફિર હો ને નિરાસી,
યાદ કરે રબકુ હું હું રે તેરી દાસી. ૧૧

ઈસ્માઈલ રોવે જબ દૂધ રે સુકાના,
એ દરદ બીબીને બહોત મન રે પિછાના. ૧૨

૧–સુરજની બપોરની ગરમી તથા ડુંગરોનું તપવું.

એ દેખો ને બીબીને સેહ શિશ લીતા,
વે દેખ કર રહયા હય રે મીતા. ૧૩

દોસ્ત સર કસની સહી સુરીજન કીતી,
વે ખાસે બંદાં શિશ લે યું બોલી ચંત દીતી. ૧૪

રે તૂહી.

સુખ તેરે કરમો સહી, બંદા ઝઈફ શાન રે,
બંદા ઝઈફ શાન,
હુકમ શિશ નબીયોં લીયા, ના અવર કરો ગુમાન રે,
ના અવર કરો ગુમાન.

૧૦૦

કુવ્વત તુટી બીબી રે કેરી,
પિયાસ તો લાગી જબ રે બહોતેરી. ૧

આજિઝ હોકર ફિર ઢુંડનેકુ ગહે,
સફા રે ઉપર ઠાડે રે રહે. ૨

પણ નિશાની પાણીકી નઝરૂં ના આઈ,
અને પિયાસકે લીતે બીબી સુધીયાં ગમાઈ. ૩

તબ ઈસ્માઈલ પાસ જીબ્રઈલ આએ,
બશારત પાણી કેરી રે લાએ. ૪

પગ મારો ઝમીંકુ યું દીતી અકલા,
તબ ઈસ્માઈલ મારે પગ ત્યાંથી પાણી નિકલા. ૫

બીબી ફરે ઉમ્મીદ જીવ કેરા ખોઈ,
અબ જાઉં મેરે બેટે પાસ વાં મૌત જે હોઈ. ૬

તબ ચલતે આવતે પાણી નઝરૂં આયા,
કહયા પેશાબ હય બેટેકા યું સોચ મન લાયા. ૭

પાસે આવ દેખે તો પાણી ચલતા જારી,
તબ પાણી પીએ સુ મન હુઆ રે કરારી. ૮

તબ પત્થરકી પાલ બાંધ ઉસે ઝમઝમ કહયા,
ઝમઝમ રેહનેકે માએને યું મન લહયા. ૯

પાણી રખે જાવે મન ફિકર યું રહી,
તો પાલ બીબી હાજરા ઉસે બાંધી રે સહી. ૧૦

એકઠા પાણી તો હોકર રહીલા,
તો ઝમઝમ કુવેકા નામ રે ધરીલા. ૧૧

જો બંદા કિનાઅત અયસી કર રેહવે,
તો ખાલિક ઉસકા ઉમ્મેદ રે દેવે. ૧૨

પણ સબુરી રે બિના બંદા પાવે રે નાંહા,
વે રહમાન કામીલ હય સિફત કે માંહા. ૧૩

જો સબુરમાં તકદીરે અજલ રે આવે,
તો ઉસથી કયા ભલા અજર આકેબત પાવે.[૧] ૧૪

તો ખૂબ રે સબુરી હોનો હાલ રે કેલાઈ,
તો ખાસે બંદોંને ફિર યું ચિંત લાઈ. ૧૫

રે તૂ હી.

ઉમ્મેદાં બંદા કે પુરસી, તુહી ખાલિક રહમાન રે,
તુહી ખાલિક રહમાન;
ખાકી બંદા બિચારા આદમા, તુજસુ રેહવે માન રે,
તુજસુ રેહવે માન.

૧—દુઃખમાં સબર કરીએ અને અજલ—મૌત આવી જાય તો તેનાથી વધુ બેહતર બીજું શું હોઈ શકે ?

## ૧૦૧

પાણી હો બિના કાફિલા ઈધર નાંહી આતા,
શામકા કાફિલા વે ફિર બાટ જાતા. ૧

કાફિલા ભૂલા અયસે ચલતેહી રાતી,
સો ઈસ જગો આયા જબ હુઈ પરભાતી. ૨

જબ ડુંગરકી નિશાની ઓનુ ને પિછાની,
તબ ઘાભરે હુવે નાંહી પાણીકી નિશાની. ૩

તબ ઢુંડને લાગે દેખો પાણી કહીં પાવે,
અબ કયસા જીવના દિન કયુંકર જાવે. ૪

ઉડતે નઝરૂં આયે રે જનાવર,
તબ ઢુંડતે આયે વહાં ચલકર. ૫

આવ બીબીકુ પુછા એ કાફિલા હમારા,
પાણી હો બના લોક મરતા હય સારા. ૬

જો હુકમ હોવે તો હમ પાણી એ પીવે,
ભી કાફિલે હમારેકુ યહાં લે આવે. ૭

તબ બીબી એ કહીયા તમે આવો યાં સારે,
પીયો ને પાણી પિયાસે રહો ના બિચારે. ૮

તબ કાફિલેને આવકર પાણી વે પીયા,
તબ મરતા કાફિલા વે પાણીસુ જીયા. ૯

તબ કરામત બુઝી ઓનુ બીબી હો કેરી,
કે બીબીસુ પાણી ઠામ એ હુઈ રે અનેરી. ૧૦

ઓનુ ઈતના જાનકર ખિદમત બીબીકી કીતી,
તંબુ કેરી છાંહે લે કર ઓનુ દીતી. ૧૧

ખાને કે કાજ ભી અનાજ લે ધરીયા,
ભી લકડીયાં ચુન કે સબ સામાન કરીયા. ૧૨

ભી ઓનુ જા દુજોંકુ ખબર પહોંચાઈ,
ઈસ બાટ માં હુય પાણીકી નિશાની બતાઈ. ૧૩

તબ કાફિલા સંગલા ઈધર આવને લાગા,
તબ રાહા હુઈ બસ્તી જંગલ રે ભાગા. ૧૪

બસ્તીભી પાણી કે કાજ હુઈ ઉસ ઠામા,
મકકા ઉસ શેહરકા તબ ધરીયા નામા. ૧૫

સો દુઆ રે કબૂલી રબ ઈબ્રાહીમ કેરી,
હુઆ આબાદાની હેનાર ઓનુકુ સવેરી. [૧] ૧૬

રે તૂહી.

ઈબ્રાહીમ દુઆ કબુલ કર, આબાદ કીયા ઠામ રે,
આબાદ કીયા ઠામ;
પાસ મેવે કે બાગ હુવે, મકકા શેહરકા નામ રે,
મકકા શેહરકા નામ.

## ૧૦૨

અરાબીયોં આવકર બસ્તી રે કીતી,
બીબી હાજરાકી પેહલે રઝા રે લીતી. ૧

દસમાં હિસ્સા દેના રે કબુલા,
ઝમીં ભાગકા એ કીયા રે મુલા. ૨

સો પાણી કે વાસ્તે હુઈ આબાદાની,
અરબીઓં બીબીકી કરામાત જાની. ૩

૧-અલ્લાહ તઆલાએ અનાજ પાણીમાં સુખી કર્યા.

તો એરાબી બસે વાં રઈઅત હોકર,
ગામ બીબી હાજરા કેરા મન ધર. ૪

કરે કસબ ખેતીકા ઓનુ એરાબી હંય કેહતે,
જે શેહર બિના ગામ કે માંહે રે રેહતે. ૫

જબ ઈસ્માઈલ બુઝુર્ગ હુવે કેતેક સાલા,
સુનો જે દિન બાલીગ કે કહીએ હાલા, ૬

તબ બીબી સારાકુ ઈબ્રાહીમને આખા,
જા મંય ઈસ્માઈલકુ દેખું રઝા દો યું દાખા. ૭

તમે ઉંટથી જાકર ઉતરીયો નાંહા,
યું બીબી સારાને રઝા દીતી તાંહા. ૮

તબ ઈબ્રાહીમ ઉંટ પર ભએ અસ્વારા,
આએ ઈસ્માઈલ દેખને મન કરને પિયારા. ૯

બીબી હાજરાને ઈબ્રાહીમકુ પિછાને,
અવર એરાબી દેખ હુવે રે અંજાને. ૧૦

ઈસ્માઈલ નબીકુ બીબી ને બતાયા,
એ બાપ હંય તુમારે યું કેહ કર દિખાયા. ૧૧

તબ ઈસ્માઈલ ખુશી બાપ પાસ આયે,
ભી ઈબ્રાહીમ પિયાર કર ઓનુકુ બુલાયે. ૧૨

યું દેખ ને ઈબ્રાહીમ વતન સિધારે,
જે ખલીલ રહમાન રબ કે પિયારે, ૧૩

અયસા સુરીજન હાર રે પિછાનો,
નિત ખાકી હો બંદા મન ઈતના આનો. ૧૪

રે તૂહી.

બીસરન[1] રબે મિલાયકર, ખુશી કીએ સબ જાન રે,
ખુશી કીએ સબ જાન;
ઈબ્રાહીમ દુઆ કબુલ કર, રોઝી દી રહમાન રે,
રોઝી દી રહમાન.

૧૦૩

## ઇ૦ ઈસ્માઈલ અલે૦ની કુરબાની.

નબી ઈબ્રાહીમકુ બશારત આઈ,
કુરબાની કેરી રાહા બતાઈ.[2] ૧

તીસ ચાલીસ ઉંટ કુરબાની દીએ,
ઉઠતે સબા કુ ઝિબેહ રે કીએ. ૨

ભી પાઈ બશારત દુજે ભી દંના,
હુકમ કુરબાની કેરે હો મંના. ૩

ચાલીસ ઉંટ ફિર ઝિબેહ હે કીતે,
કુરબાની કે માયને યું સમજ ને લીતે. ૪

ભી દિન તીજે બશારત આઈ,
બેટા ઝીબેહ હચ કરો એ ખબર બતાઈ. ૫

તબ ઈબ્રાહીમ સુનકર ફિકર એ કીતી,
કે હચ બશારત નબીકી સાચી મન દીતી. ૬

ઈબ્રાહીમ નબી યું ફિકર મન ધર,
બીબી સારાકુ પુછા એ ફિર કર. ૭

૧–વિખુટા પડેલાઓને. ૨–સ્વપ્નામાં કુરબાનીની ખુશખબરી આપી.

કે કુરબાનીકા હુકમ હય મુજકુ આયા,
ઝિબેહ કરના બેટેકા હય મુજકુ બતાયા. ૮

તો બેટા તો ઈસ્માઈલ દૂજા હય મેરા,
જો કહો તો કુરબાની ઉસે પહોંચાઉ સવેરા. ૯

જબ બીબી સારાને સુનકર લહયા,
તો બેગે જાઓ એ સુનતે કહયા. ૧૦

તબ બીબી હુકમસૂ ઈબ્રાહીમ ચલે,
અસવાર આવકર હાજરા સૂ મલે. ૧૧

કહયા ઈસ્માઈલકુ કપડે પેહનાઓ ખાસા,
ભી અંઘોળ કરા કર તન દો બાસા. ૧૨

ભી ઈસ્માઈલકી આંખોમાં સુરમા હે કરના,
યું ઈબ્રાહીમ કહે બીબી સુન એ મન ધરના. ૧૩

તબ પુછે રે બીબી અયસા કયા હય કામા,
મેહમાની આખે નબી હય એક ઠામા. ૧૪

યું ઈબ્રાહીમ ઈસ્માઈલકુ લેકર સવારે,
સો ઝિબેહ કાજ ઈસ્માઈલ આગે કીએ પિયારે. ૧૫

હય અયસા સુરીજન હાર રે પિછાનો,
હો બંદે આજિઝ મન ઈતના આનો. ૧૬

રે તૂહી.

હુકમ શિશ ચડાએકર, પુત્ર સવારા ખાસ રે,
પુત્ર સવારા ખાસ;
ઝિબેહ કરને આગે કીયા, હે બહોત તનકુ બાસ રે,
હે બહોત તનકુ બાસ.

## ૧૦૪

ભી છુરી ને રસ્સી, નબી એ સાથ લીતી,
બીબી હાજરા ચિંતા તબ મન કીતી. ૧

તમે રસ્સી છુરી બીબી આખે કયા રે કરોગે,
તમે મેહમાની જાતે કહાં રે ધરોગે. ૨

કુછ કેવે રે દોસ્ત ઉસે કાટ બાંધ લે આના,
ઈબ્રાહીમ બીબીકુ યું આખે રે બયાના. ૩

તબ ઈસ્માઈલકુ લેકર નબી ચલે અયસે ઠામા,
જાં મીના બાઝાર કહીએ રે નામા. ૪

તબ બીબી કે પાસ શયતાન આયા,
સો ફિરાને કે કાજ મકર મિલાયા. ૫

તમો ઈસ્માઈલકુ બીબી ભેજે કિસ ઠામા ?
જાનો ઈબ્રાહીમ બેટેકુ લે ગએ કિસ કામા ? ૬

તબ કેહવે રે બીબી ગએ મેહમાની કે માંહા,
ફિર શયતાન આખ્યા યાં મેહમાની તો નાંહા. ૭

એ તો કરને ઝિબેહ બાપ બેટે કુ લે ગહે,
સુનો બીબી નચિંતા તુમ બયઠે કયું રહે. ૮

તબ બીબી કેહવે શયતાન તુ દગા કરે ફિરતા,
સુના નાંહી બેટેકુ બાપ ઝિબેહ હય કરતા. ૯

તબ યાંસૂ તો ગયા ફિર ઈસ્માઈલ પાસા,
ભી ઓનુકુ ફિરાનેકી મન કીતી આસા. ૧૦

સુન બાપ તુજકો લડકે ઝિબેહ હય રે કરેગા,
તુ અયસા ખુબ લડકા તુરત દેખતે મરેગા. ૧૧

તુ રે કે બાપકુ રાજી જો હો કરે,
તો તુ રે જીવેગા એ બાત મેરી મન ધરે. ૧૨

સુન ઈસ્માઈલ ઈબ્રાહીમકુ તબ રે આખા,
ખિયાલ પડા બુરા મેરે યું કર દાખા. ૧૩

કહે ઈબ્રાહીમ શયતાન એ હય ફુસલાનારા,
બેટા મારોને કંકર ઉસે કરો સંગસારા.[1] ૧૪

તબ બાપ ને બેટેને ઉસે મારે પથરે,
જો પીયા કેરે નામસૂ થે યું હેત ભરે. ૧૫

રે તૂહી.

દેખો શયતાન દુરીજના, ના છોડે ખાકી ખિયાલ રે[2]
ના છોડે ખાકી ખિયાલ;
ઉસથી વે કોઈ બચસી, જે રેહસી એકજ હાલ રે.
જે રેહસી એકજ હાલ.

## ૧૦૫

તો દેખોને શયતાન દૂરીજન ચોરા,
બંદે દિલ ફિરાવે સહી રે તોરા. ૧

જો ગાફિલ બંદા એક તિલ હોવે,
તો તુરતજ શયતાન રાહાસૂ ખોવે. ૨

ઔર નબીયોંકી ઉમ્મતમાં ઝાહિર હોતા,
આવ બંદેકુ મિલકર રાહા સૂ ફિરાતા. ૩

૧–પત્થર મારો. ૨–શયતાન ગમે તે રિતે ઇન્સાનને ભટકાવવા કોશીશ કરે છે. ૩–મુનાફિકોના જેવો બેઢંગો રસ્તો મુકી દઇને હક વાત ઉપર કાયમ રેહશે તેજ શયતાનના ફરેબથી બચી શકશે.

સુનો ખાતિમ નબીકી ઉમ્મત માંહા,
બહોત શયતાન ઝાહિર હોવે રે નાંહા. ૪

તો ચોરા જે બંદે પાસ હય હમ ઝાતા,[1]
વે શરૂ હો બંદેમાં હય મકર મિલાતા. ૫

જું ભૂત કયસે લાગકર કયસા રે ધુનાવે,
જું આપ મન ચાવે ત્યું બંદે કુ બોલાવે. ૬

ત્યું હમઝાત શયતાન કરે અયસે કામા,
વે બંદેકુ બોલાવે આપ મન માને નામા. ૭

પિછે જે શયતાન શરૂ વયસા હુવા રે શયતાના,
ઉસ બંદેકુ શયતાન કર વલીયું પિછાના.[2] ૮

તમે સુનો ને ઉસકી કયસી હય નિશાના,
વે શરૂ હો બંદેમાં કયસે બતાતા હય બયાના. ૯

પેહલે ગુનેહકી તો બાટ વે હય રે દિખાવે,
પિછે હલાલ ગુનેહકુ કર ને સમજાવે. ૧૦

ભી મન રે બંદેકા એક ઠામ સુ ફિરાવે,
લે બયાનકી ઠામ ઉસે ઉબોટ રે બતાવે.[3] ૧૧

ભી બાત વે દીનમાં આસાન નિશાની,
અને ઝૂઠી કર દિખાવે ઝાંસે કી નિશાની.[4] ૧૨

ભી બયાન સુને તો સુન બંદેકુ હસાવે,
યું બયાન રે સુનતે વે ઠગાઈ મિલાવે. ૧૩

---

૧–દરેક ઇન્સાનના પૈદા થવા સાથેજ એક શેતાન તેની સાથે રહે છે. ૨–શેતાનના ફરેબમાં ફસાઇ તે પણ શેતાન જેવોજ બની જાય છે, જેને અલ્લાહના વલી તરતજ ઓળખી કાઢે છે. ૩–ઉંધો માર્ગ બતાવે. ૪–અઝાબની ચેતવણીઓને ઝૂઠી બતાવે.

વે મને રે કરે જાં સખ્ત કામા,
અને ખુશાલી બતાવે બખીલી કે નામા.[૧] ૧૪

જે મેરે રે મુરીદ જૂદે ઉસસુ રહીઓ,
તમે દૂર દૂર સંગલે ઉસકુ કહીઓ.[૨] ૧૫

કે સબું પાસ હમઝાત હય રે શયતાના,
ભી મત કોઈ ધુને સુન ઉસકા બયાના. ૧૬

જું ઉંટ રે ખસીલા એક ટોળેમાં આવે,
તો ટોળા સારા ખસીલા હો જાવે. ૧૭

જું હડકવા કિસીકુ કાટે હોવે જાનો,
જે રાળ લાગે ઉસકી ઉસે હડકાયા પિછાનો. ૧૮

હોવે મેરે મુરીદ મન નિત શયતાન ચિંતા,
દૂરીજનસુ ઘડી એક ના રેહવે રે નિચિંતા. ૧૯

શયતાની બોલી ઉસ તન રે પિછાનો,
એક રાહ રેહ કર સહી મન આનો. ૨૦

રે તૂહી.

શયતાન ઢંગૂ શયતાન હય, રહીઓ ઉસ્સૂ દૂર રે,
રહીઓ ઉસ્સૂ દૂર;
એક મન એ પંથ ચાલસી, ઉસકો બેહિશ્તકી હૂર રે,
ઉસ્કો બેહિશ્તકી હૂર.

૧–નેક કામમાં ખરચ કરતા અટકાવે. ૨–હ૦ પીર મશાયખ (રહ૦) ફરમાવે છે કે મને માનનારાઓએ એવા શેતાનના ફરેબમાં આવવું નહીં અને હંમેશ તેનાથી દૂર રેહવું; પરંતુ કેટલાકો એક તરફ હ૦ પીર મશાયખ (રહ૦)ને માનવાનું કહે છે અને બીજી તરફ તેમને ખોટા પાડવા જેવી ચાલ ચલાવી શેતાનને સાથ આપે છે. એવા લોકોથી તો હંમેશ દૂરજ રેહવું.

## ૧૦૬

તબ ઈબ્રાહીમે ઈસ્માઈલકુ કહી રે બાતી,
કે બશારત હોવડી મુજે આજ રાતી. ૧

કે કુરબાની બેટે કાજ આયા હુકમા,
મંય તમુંકૂ લે ચલા વે સમજ મનમાં. ૨

અબ પુત તમે રાઝી હો કે નાંહા,
તમે દોને જવાબ જે મન માંહા. ૩

તબ ઈસ્માઈલ આખે મંય કબુલ હય કીતા,
જે હુકમ હય દીતા તમો મેરે મીતા. ૪

જો ચાહયા અલ્લાહકા તો હોઉંગા સબુરીકા કરનારા,
ના તન રે હલાવું રહું હુકમ કે આધારા. ૫

યું ઈસ્માઈલ બાત ઈબ્રાહીમ કુ કહી,
દેખો કયસા હુકમ આયા રે દહી. ૬

તબ વાંથી ચલકર ગએ મીનાકી ઠામા,
સો ઝિબહ કરને બેટે કે કામા. ૭

તબ બેટેએ કહયા પાંઉં બાંધો હાથ મેરે,
નૂરી તમાશા દેખે સાતો આસમાન કેરે, ૮

કે ખાકી બંદેમાં કયસા નેહ હય ઈલાહી,
લે ઝિબેહ કાજ બાપ સાથ બેટા ભેજા ઉસકી માહી. ૯

ભી દેખોને લડકા હય આપકુ બંધાતા,
વે ખૌફ તો મરનેકા કુછ મન નાંહી લાતા. ૧૦

યું ફરિશ્તે તમાશા દેખે રે સારે,
કે ખાકી બની આદમ રબ અયસે રે સવારે. ૧૧

તબ ઈસ્માઈલકે હાથ બાંધ ભૂ માંહે ડાલે,
કે સર ને પેશાની હુઈ ધુળકે હવાલે. ૧૨

તબ છુરી રે ચલાઈ પણ ચલી રે નાંહા,
તબ બેટા કેવે મેહર બાપ તમુકુ આવે દિલ માંહા. ૧૩

મુજે ઉલટા ડાલ કર છુરી રે ચલાહો,
જૂં હુકમ હય રબકા ત્યું કામ રે બનાહો. ૧૪

ભી ઉલટે ડાલકર છુરી રે ચલાઈ,
ભી છુરી રે ના ચલી ચિંતા ઈસ્માઈલકુ આઈ. ૧૫

કહા કુરબાની મેરી નાંહી કબુલ પડતી,
તો મુજપર છુરી નાંહી ક્રિબેહ કાજ ચલતી. ૧૬

તો દેખો નબીયાં હુકમ રબકા યું માના,
તો હુકમ શિશ લે ઉમ્મતી હો કહીએ દાના. ૧૭

રે તૂહી.

નબી હુકમ શિશ ધર, રાઝી હુવે મન રે,
રાઝી હુવે મન,
જો બંદા હુકમ ફિરાએસી, તો વે ઉમ્મતી કૈસા પિછાનરે,
તો વે ઉમ્મતી કૈસા પિછાન.

## ૧૦૭

દેખો રબ હય કયસા સુરીજન હારા,
જે રે બંદે પર કરતા હય પિયારા. ૧

ઉસે નાંહી દેતા સુખ દૂનિ માંહા,
ખાલી ફિકર હો બના વે બંદા રે નાંહા. ૨

તો દેખો જે અંબીયા રસૂલ કેહલાએ,
સખ્તી કે હુકમ ઓનુકુ આએ. ૩

લે ઓનુ વે હુકમ શિશ પર ધરીયા,
કુછ આપ તન કાજ અરઝ ના કરીયા. ૪

કબુલ તો હોતીથી નબીયોંકી અરઝા,
પણ અરઝ ના કીતી ઓનુ આપ તન કાઝા. ૫

જે રબકી ખુશાલી નબી હુકમમાં જાની,
તો કબુલે હો બિના ઔર બાત ના પિછાની. ૬

અબ દેખો જે ઉમ્મતી નબી કેરા કાવા,
વે હિલે રે બનાકર કામ કરે મન ભાવા. ૭

યું દેખો હો ઉમ્મતી હુકમ ના રે માને,
અને હાલ નબીયોંકા વે ના રે પિછાને. ૮

તો વે કયસા ઉમ્મતી કહીએ નબીજી કેરા?
ઉમ્મતી તો નબી જયસા કામ કરતા સવેરા. ૯

દેખો હુકમસુ ઈબ્રાહીમ બેટા ઝમીંમાંહી ડાલા,
વે ઝિબેહ કેરે ખાતિર અયસા નબીકા હાલા. ૧૦

ભી છુરી રે ના ચલી તબ અંખીયાં બંધાઈ,
તબ બેટે એ બાપકુ અયસી રાહા રે બતાઈ. ૧૧

દેખો લડકે કે દિલમાં કયસા દેહી કા પિયારા,
કયસા જીવ કેરે ખાતિર રાખ મન રે કરારા. ૧૨

તબ ઈબ્રાહીમે અંખીયાં બાંધી રે આપા,
દેખો બેટેકુ તો ઝિબેહ કયસા કરતા હય બાપા. ૧૩

હુવા જીબ્રઈલકુ હુકમ દૂંબા છુરી તલે ડાલો,
અને ઈસ્માઈલકુ ઉઠાલો સિતાબી સંભાલો. ૧૪

જબ ઈબ્રાહીમે છુરી આંખાં બાંધ ને ચલાઈ,
તબ દૂબે કે ગલે પર છુરી વે વાઈ. ૧૫

જબ ઝિબેહ કરતે બોલા ગલા દૂંબે હો કેરા,
તબ નબી બુઝા કબુલ બેટા ના હોવડા મેરા. ૧૬

તો બેટેકા અવાઝ હુવા દૂંબે કે જયસા,
તબ છુરી રે પછાડી મન ગુસ્સા કર વયસા. ૧૭

દેખે આંખાં ખોલતે ઠાડે ઈસ્માઈલ પાસા,
તબ ઈદ કેરી તકબીર કહી ખુશાલીકી આશા. ૧૮

જબ આધી તકબીર ઈબ્રાહીમે કીતી,
બાકી જીબ્રઈલ આવકર વે કર પુરી દીતી.[૧] ૧૯

તો દૂંબેકુ રસ્સી બાંધ ઈબ્રાહીમ લાએ,
આપ બીબીકુ ખુશાલીસુ પુતકુ મિલાએ. ૨૦

જું કહયા થા લે આઉં રસ્સી બાંધને દો કાઝા,
ત્યું રબ કબુલા તુરત નબી કા અવાઝા. ૨૧

રે તૂહી.

રસ્સી માંગી નબીએ બાંધને, જે દોસ્ત દેવે ઉસ્કે કાજ રે,
જે દોસ્ત દેવે ઉસ્કે કાજ,
દૂંબા રબને તાંહી દીયા, બાંધ લાએ કહે કે બાજ રે,
બાંધ લાએ કહે કે બાજ.

૧—હ૦ ઈબ્રાહીમ અલૈ૦ની અલ્લાહની ફરમાબરદારી અને હ૦ ઇસ્માઇલ અલૈ૦ની પોતાની કુરબાની માટેની હિમ્મત જોઈ, અલ્લાહ તઆલાએ તેમની યાદગીરીમાં કુરબાનીની રસમ ક્યામત સુધી કાયમ કરી દીધી.

## ૧૦૮

ઈસ્માઈલ સલુબમાં જબ વે નૂર આયા,
જે ખાતિમ નબીકા નૂર રે કેલાયા. ૧

તબ ઈખ્તેયાર રબને ઓનુકુ દીયા,
દેખો નૂર ખાતિમ નબીકા રબને કૈસા હે કીયા. ૨

તબ ઈબ્રાહીમ ઈસ્માઈલ પાઈયા રે બનાયા,
ઈમારત મકકે કાજ મન રે લગાયા. ૩

સુના પેહલા થા પાઈયા ઉસપર દિવાલ બનાઈ,
લે ઉસપર મકકેકી બિના દોનુ ને ઉઠાઈ. ૪

ભી ઈસ્માઈલ સુના પત્થર એકઠે કીએ,
હાથ ઈબ્રાહીમ ચુનને કામ લે દીએ. ૫

તબ ઈબ્રાહીમે હાથોંસુ લે દિવાલ કીતી,
યું લિખેસુ હે સુની વયસી લિખ ચંત દીતી. ૬

યું દોનો નબી મિલ મકકા પુરા કીતા,
ઓનુ જે હુકમ રબ ને દીતા. ૭

પુરા કર મકકા દુઆ નબીયોંને માંગી,
જો પીત ફરઝંદોંકી ઓનુ દિલ જાગી. ૮

ઈબ્રાહીમે કહયા રબ અમન દીજે ગામા,
જિસ્કુ બનાકર મકકા ધરીલા હે નામા. ૯

બસનારોંકો રિઝક દે રબ મેવે હો કેરા,
કે રેહનેવાલે ઈમાની હોવે તુજકુ બહોતેરા, ૧૦

ભી કિયામતકે દિનપર વે ઈમાન લાવે,
યાં પયદા કરે મેવે વે સુખસૂ ખાવે. ૧૧

એતી દુઆ માંગતે હુકમ રબ કેરા આયા,
સો ઈબ્રાહીમ સુનકર મન રે લગાયા. ૧૨

જે યાં હોવે કાફિર ઉસે થોડાસા જલાહુ,
રબ કેહવે ઉસકુ બાઝ દોઝખમાં બાહું. ૧૩

બાઝ ઈબ્રાહીમ કેહવે રબ કબુલ એ જગા,
તુ સુનનારા અલીમ હય યું નેહ મન લાગા. ૧૪

ઈલાહી હમકુ કર મુસલમાન તેરે,
ભી મુસલમાન તુ કર જે ફરઝંદ મેરે. ૧૫

નામ મુસલમાન ખાલિકસુ જે હોવે રે એગાને,
વે કાફિર રબસુ હોવે રે બેગાને.[1] ૧૬

તુ બતા રે ઈલાહી હમુ હજકા નિશાના,
તો હજ રે ગુઝારે આપ દિલ માંહે શાના. ૧૭

તો તોબાહ હમારી રબ કબુલ કીજે,
તુ તોબાહ કબુલનાર સુનકર લીજે. ૧૮

રબ ફરઝંદ મેરેસુ પયદા કરને રસૂલા,
વે કિતાબ સુનાવે અનુ હુકમ કે મૂલા. ૧૯

ભી રબ તુ ઓનુકુ પાક ભી કીજે,
તુ હકીમ[2] હય દુઆ કબુલ ને લીજે. ૨૦

તબ ઈબ્રાહીમકી દુઆ રબે કબુલ હય કીતી,
જેતી શય[3] રે માંગી થી એતી ઉસ ઠામ દીતી. ૨૧

દેખો કયસા હય અપના સુરીજન હારા,
નિત ઉઠ કર કહીએ હો બંદા રે બિચારા. ૨૨

૧–મુસલમાન એ કે જે અલ્લાહને માનનાર હોય, અને અલ્લાહની નાફરમાની કરનાર કાફિરજ ગણાય. ૨–બધી વાતોને જાણનાર. ૩–વસ્તુઓ.

રે તૂહી.
મક્કા બના દુઆ માંગી, ઈબ્રાહીમ ઉસ ઠામ કાજ રે,
ઈબ્રાહીમ ઉસ ઠામ કાજ,
દુઆ કબુલી રબને, દીયા વાંસે ઓનું વાં રાજ રે,
દીયા વાંસે ઓનું વાં રાજ.

## ૧૦૯

દુઆ ઈબ્રાહીમકી રબે કબુલ કીતી,
તબ રોઝી મેવોંકી રેહને વાલોંકો દીતી. ૧

તો આસપાસ મક્કે કે મેવે હુવે રે બહોતે રે,
તો દુઆસુ રબને વાં દીએ રે સવેરે. ૨

ભી કવાએદ હજકે[૧] ઓનું રબને બતાએ,
તો કહીં કહીં મુલકકે હજ કાજ વાં આએ. ૩

ભી તોબાહ રે કબુલી હાજીઓં કેરી,
યું હોઆ ઈબ્રાહીમકી રબે કબુલી સવેરી. ૪

ભી મક્કે કેરી ઠામકુ રબે અમન દીયા,[૨]
ભી ઈબ્રાહીમે . કરાર થા માંગ કર લીયા. ૫

ભી ફરઝંદ ઈબ્રાહીમસુ વાં હુવા રે બાસા,
ઈબ્રાહીમે દુઆ જયસી માંગીથી આસા. ૬

ભી અનુકે ફરઝંદ હુવે કુરેશી નામા,
ભી ઓનુકી ઈઝઝત બહોત હુઈ મક્કે કે ઠામા. ૭

તો રૂમ શામ હબશ તાંએ ઓનુકુ પિછાને,
કે કુરેશી બુઝરગ યું કર જાને. ૮

૧-હજના અરકાન-રિત. ૨-બે ખવફ અને સલામતીની જગ્યા.

ફરઝંદ ઈબ્રાહીમ ને ઈસ્માઈલ રે કેરે,
એ બુઝરૂગ મક્કે ઠામ રેહતે હંય બહોતેરે. ૯

દોઆ ઈબ્રાહીમ નબીકી યું કબુલ કીતી,
રબ બુઝુરગી મક્કેકુ દેખો કયસી દીતી. ૧૦

સહી યમન કે મુલકમાં મક્કા રે કહાવા,
મુલક સુબે કેરા યમન નામ ધરાવા. ૧૧

ભી મુલક અરબકા હય ઉસકુ કેહતે,
બોલે અરબી બોલી જે વાં હય રેહતે. ૧૨

અરબ બિના ઔર સબ અજમી કહાવે,[૧]
જે ખલકકી જીભે બોલી અરબી ના આવે. ૧૩

યું સુરીજન હારે મુલક આબાદ કીયા,
તો એ સુન સુન મુમિન યું સમજને લીયા. ૧૪

રે તૂહી.

મક્કા ઠામ બસાઈયા, રબે દુઆસુ જાન રે,
રબે દુઆસુ જાન,
ફરઝંદ ઈબ્રાહીમસુ કીયા, કાજ દુઆ કે માન રે,
કાજ દુઆ કે માન.

## ૧૧૦

દેખો અમાન રબને કયસા મક્કે કો દીયા,
બયાન નબી કેરા દુઆસુ કબુલ લીયા. ૧

તો દેખો બાદશાહ એક ઈબ્રાહીમ બાઝા,
યમનકે પાસે આનુ પાયા રાજા.[૨] ૨

૧—અરબ સિવાયના બીજા સઘળા અજમી કેહવાય છે. ૨—હબશ (એબીસીનીયા)ના દરેક બાદશાહને "નજ્જાશી"નો લકબ આપવામાં આવતો હતો.

નજ્જાશી તો પાદશાહ કહીએ ઉસ કેરા નામા,
ઉને સુબા ભેજા યમન મુલક કે ઠામા. ૩

અબ્રહા સુબેકા નામ રે કહીએ,
નજ્જાશી કેરા વે ચાકર રે લહીએ.[1] ૪

ઉને જબ દેખી ખલક આવતી બહોતેરી,
નિચ્યત ઉનકી તવાફ્ મક્કે હો કેરી. ૫

તબ ઉને ચાહયા મંય અયસા રે બનાઉં,
કે ખલકત ફિરાકર ઉસ્કી પુજા રે કરાઉં. ૬

તબ ઉને ડેરા એક અયસા રે કીતા,
મોતીયું જવાહિરકા બહોત સંગાર દીતા. ૭

અબ્રહા ઉસકા આપ હુઆ રે પુજારા,
પાદશાહ હુકમસુ કીયા મન કર પિયારા. ૮

ખલક કુ બતાવે કરો ઉસ કેરી પુજા,
મક્કે ના રે જાઓ જે હય મકાન દુજા. ૯

તો ભી ખલક વાં પુજા કુ ના આઈ,
જો અબ્રહા બહોતેરી ઓનુ રાહા બતાઈ. ૧૦

તબ મન કીયા ઈતના કે કાબેકુ ખસાવે,
તો ખલક સંગલી ડેરે પુજા કાજ આવે. ૧૧

તબ નજ્જાશીકા લશકર ઓને સંગલા મેળાયા,
હાથી ચડ આયે વે લશકર અયસા રે કેલાયા.[2] ૧૨

કુરેશીઆંકી મવેસીકી પેહલે લુટરે ચલાહે,[3]
બાઝ હાથી લાવકર મક્કે સામી રે લગાહે. ૧૩

---

૧–નજ્જાશીએ અબ્રહાને યમનનો હાકિમ બનાવી મોકલ્યો હતો. ૨–તે લશકરમાં એક હઝાર હાથી હતા. ૩–કુરેશીઓના ઢોર–ઢાંકરની લુટ ચલાવી.

માવતોંકે હકેસુ હાથી ચલે રે નાંહા,
કુરેશી ડરે બહોત મક્કે કે માંહા. ૧૪

તબ આયે રે જનાવર જિનું અબાબીલ નામા,[૧]
વે દરીયાસુ આયે યું સુના રે ઠામા. ૧૫

ચાંચુંકે જનાવર થે મુરગોં હો જેસે,
ચુંગલ પગું કે જેસે કુત્તોં કે વેસે. ૧૬

ગરદન ઓનુકી થી સીંહ જયસી કહીએ,
થે ઉડતે જનાવર નામ અબાબીલ લહીએ. ૧૭

દોનો પગોં ચોંચમાં ઓનું કાંકરે થે જાનો,
મદદ મક્કે કાજ વે આયે યું માનો. ૧૮

કંકરૂંસુ લશકર માર ફના ઓનુ કીતા,
જૂં ઉને રે ચાહયા ઓનુ અપને મીતા.[૨] ૧૯

અબ્રહા ભાગા પાસ નજ્જાશી કે ગયા,
ઉસ ભાગકા જનાવર સાથ ઉસ્કે રહયા. ૨૦

તબ નજ્જાશીને પુછી ઉસે અજબસી બાતી,
તબ અબ્રહા નઝર આયા વે જનાવર ઝાતી. ૨૧

તબ બતાયા પાદશાહકુ ઓનુ લશકર મારા,
એતા કેહતે જનાવરે કંકરા રે ડારા. ૨૨

તબ અબ્રહા મૂવા તુરત નજ્જાશીકે પાસા,
તબ નજ્જાશીને તોબાહ ડર કીતી હો દાસા. ૨૩

---

૧–ચકલીયો જેવા ન્હાના પક્ષીએ. ૨–ચણા જેવડા ન્હ'ના કાંકરા જે અબાબીલ નામના ન્હાના પક્ષીઓ દુશ્મનોના લશ્કર તરફ નાંખતા જે બંદૂકની ગોળીની જેમ લાગતા અને તેઓ તરતજ મૌતને શ.ણે થતા.

ચું સુના કે ઈમાન લા બાઝ નજ્જાશી મરીયા,
સુના ઢુંડ લિખ્યા બાકી જાણે યું મન ધરીયા. ૨૪

રે તૂહી.

અબાબીલે ફીલ મરાએકર, મક્કા રાખ્યા અમાન રે,
મક્કા રાખ્યા અમાન;
કાફિર માર ફના કીએ, એ સચ સહી કર માન રે,
એ સચ સહી કર માન.

## ૧૧૧

ઈસ્માઈલ કે બેટે સાબિત રે નામા,
યસજોબ સાબિત કે બેટે કા ઠામા. ૧

યતરહ યસજોબ કે બેટે કેહલાએ,
નાહૂર યતરહ કે નસલમાં આએ. ૨

મુકવીમ નાહૂર કે ફરઝંદ કહીએ.
અદબિન મુકવીમ કે બેટે લહીએ. ૩

અદનાન અદબિન કે બેટે રે જાનો,
માઅદ અદનાન કે બેટે રે પિછાનો. ૪

નિઝાર બેટા માઅદ રે કેરા,
મોઝર નિઝાર કા બેટા રે અનેરા. ૫

ઈલયાસ મોઝર કે બેટેકા નામા,
મુદરિકા ઈલયાસ કે બેટે કે ઠામા. ૬

ખુઝૈમા મુદરિકા કે બેટે રે કેહલાએ,
કિનાના ખુઝૈમા કે નસલમાં આએ. ૭

નઝર ફિનાના કે બેટે રે જાનો,
માલિક નઝર કે બેટે રે પિછાનો. ૮

ફેહેર બેટે માલિક રે કેરે,
ગાલિબ ફેહેર કે બેટે રે અનેરે. ૯

લોવય ગાલિબ કે બેટે કા નામા,
કાઅબ લોવય કે બેટે કા ઠામા. ૧૦

મુર્રહ બેટે કાઅબ કે કેલાએ,
કિલાબ મુર્રાહકી નસલમાં આયે. ૧૧

કુસય્ય બેટે કિલાબ કે જાનો,
અબ્દે મનાફ બેટે કુસય્ય રે પિછાનો. ૧૨

હાશિમ અબ્દે મનાફ કે બેટે કહીએ,
અબ્દુલ મુત્તલીબ હાશિમ કે બેટે લહીએ. ૧૩

અબ્દુલ્લાહ અબ્દુલ મુત્તલીબ કે બેટે રે જાનો,
બાપ ખાતિમ નબી કે જિનુકુ પિછાનો. ૧૪

એ નસલ નબીકી સુન ચંત હેની,
આદમ સુધી યું ગિનકર લેની. ૧૫

તો ઉમ્મતી હો રહીએ અયસે નબીજી હો કેરે,
તો કિયામત શફાઅત પાઈએ સવેરે. ૧૬

દેખો ખાતિમ નબીકી અયસી હય ઝાતી,
હો ઉમ્મતી ઓનુ કે યું કહીએ દિન રાતી. ૧૭

રે તૂ હી.

મૌલુદ[૧] ખ્યાતિમ નબીકી, નૂર કેરી તુ જાન રે,
નૂર કેરી તુ જાન;
ભી આદમ તક નસલ સહી, છે નબીયોંસુ પુરી માન રે[૨]
છે નબીયોંસુ પુરી માન.

## ૧૧૨

બહોત ઈઝઝત કે આદમી હાશમી કેહલાએ,
કબીલે માં થી જે કુરૈશી સુનાએ. ૧

ગુસ્સે કેરી પરગટથી હાશમી રે કેરી,
મક્કે માંહિ ઈઝઝતથી બહોત ઓનુકી અનેરી. ૨

સબ રે કુરૈશી ઓનુ અદબ સુ રે રેહતે,
અદબ હો બના કુછ સુખન ના કેહતે, ૩

ગુસ્સા થા સિપાહી પણે હો કેરા,
યું કુરૈશી સંગળે બુઝતે અનેરા. ૪

દેખો હાશમી અપને નબીજી કેહલાએ,
યું કિતાબો માંહા સહી હંય લિખાએ. ૫

દેખો હસબ ને નસબ અપને નબીજી હો કેરી,
દેખો દોના પખોં તારીફ હુઈ રે બહોતેરી.[૩] ૬

દેખો છે નબીકી નસલમાં રે આયે,
દેખો નૂહ તો રે સાની આદમ કેલાયે.[૪] ૭

---

૧–પઈદાયશ. ૨–હ૦ અદમ અલે૦ સુધીના આપ સલ૦ના નસલમાં ૭ પયગમ્બર આવેલ છે. ૧–હ૦ ઈસ્માઈલ અલે૦, ૨–હ૦ ઈબ્રાહીમ અલે ૩–હ૦ નૂહ અલે૦, ૪–હ૦ ઈદરીસ અલે૦, ૫–હ૦ શીસ અલે૦ અને ૬–હ૦ આદમ અલે૦. ૩–નસલમાં અને બુઝુર્ગીમાં પણ શ્રેષ્ઠ હતા. ૪–નૂહ અલે૦ હ૦ આદમ અલે૦ જેવા બુઝુર્ગ ગણાતા હતા.

દેખો કેહલાએ ઈબ્રાહીમ ખલીલ રહમાના,
રબ નૂર તો નબીકા અયસી નસલ માંહે આના. ૮

હુવા નસલ નામા નબીકા જયસા પુનમકા ચંદા,
એ મગરીબ મશરીક તાંઈ સબ જાને રે બંદા. ૯

તમે સુનો રે મુનાફિક જે ટોળી મુમિનો કેરી,
કયું નસલ ફિરાહો અયસે નબીકી અનેરી.[૧] ૧૦

તો લાઓને હમુકુ વે નિશાની બતાઓ,
કે કિસકે કહેસુ તુમ નસલ ફિરાઓ. ૧૧

તમે કયું દેવોંકો ઉસ નસલમાં બાહો,
જિસે અવતાર કેહકે તમે પુજા હો કરાહો. ૧૨

તો મંય તુમારે દેવોંસુ ઠગાઈ કરૂંગા બહોતેરી,
એ મુનાફિક સુનકર તમે લીજીઓ સવેરી. ૧૩

તો મૂળ તુમ દેવોંકા મંય ઝાહિર કરૂંગા,
બહોત ઓનુ કેરે નામમાં મંય ફજેતી કરૂંગા. ૧૪

મુજે રબને રે કાજ હય તુમારે બનાયા,
જૂં કિતાબ કે માંહે બયાન રે લિખાયા. ૧૫

કે જ્યાં રે હોવે ફિરઔન વાં મૂસા રે હોવે,
વે મૂસા ફિરઔન કા નશતાન ખોવે. ૧૬

તો તમે હુવે ફિરઔન ઈસ ઝમાને હો કેરે,
તો મંય હકકા દિખાનાર તમો સુનો રે સવેરે.[૨] ૧૭

---

૧–આવું ચોકખું નસલનામું હોવા છતાં તેમની નસલમાં દેવોંના નામ ગણાવ્વા અને અવતાર ગણવા તે કેવું બુરૂ કેહવાય ? ૧–ખરેખર આ ઝમાનામાં પણ ફિરઔનીયત રહી ગએલ હોવાથી તેમનો ભાંડો ફોડવા હ૦ પીર મશાયખ (રહ૦) જેવા મહાન બુઝુર્ગને અલ્લાહ તઆલાએ પયદા કીધા.

તો તુમારી ફ્જેતી તમૂ ઝાહિર દેખાવે,
મગર જે કોઈ મુમિન હો નબી દીન માંહે આવે. ૧૮

એ મેરા ઉમ્મેદા રબ તુ પુરા રે કીજે,
નેહ મુજ દિલમાં તુ ઈતના રે દીજે. ૧૯

રે તૂ હી.

નબી નસલકુ દેખ એ, જયસા પુનમ ચંદ રે,
જયસા પુનમ ચંદ,
ઉસમાં ચોરી વે કરે, જિસ ગલે શયતાન બંદરે,
જિસ ગલે શયતાન બંદ.

૧૧૩

## હ૦ પયગમ્બર સલ૦ની પૈદાયશ.

નૂર જે ખાતિમ નબી કેરા રે કહીએ,
અબદુલ મુત્તલીબ કે સલુબમાં આયા જબ લહીએ. ૧

તબ મહતર કેલાએ ઈઝઝતસુ તાંહા,
વે ફરઝંદ હાશમી આપ ભાઈયાં કે માંહા. ૨

તબ ઝમઝમ ઠામ હુઈ ઓનુકે હવાલા,
દેખો ઈઝઝત કેરા હુવા કયસા હાલા. ૩

જબ ઝમઝમ ઠામ ઓનુ હાથ આઈ,
તબ સારે આલમમાં ખૂબી ઓનુ રે પાઈ. ૪

ફરઝંદ હાશમીમાં બડે એ કેલાયે,
તબ કુરૈશી બડાઈ કાજ સબ ઓનુ પાસ આયે. ૫

ભી ઓનુ પાઈએ ઔર બડી બડી ઠામા,
જે મશહુર થીયાં હુકમ કેરે કામા. ૬

અબદુલ મુત્તલીબને બેટા થા નઝર કીયા,
સો ઝિબેહ કેરી ખાતિર યું સુનકર લીયા. ૭

કે નંના બેટા હું ઝિબેહ રે કરૂંગા,
સો બયાન કુરબાનીકા સહી મન રે ધરૂંગા. ૮

વે તો અબદુલ્લાહ નંને બેટે રે કેલાએ,
બહોત ખાલિકે સૂરત સુ લે આનુકુ બનાએ. ૯

અબદુલ મુત્તલીબને કુરબાની સો ઉંટ દીયે,
સો અબદુલ્લાહકે બદલે લે ઝિબેહ રે કીયે. ૧૦

તો અપને નબીને દેખો ફરમાયા,
દો ઝબીહ હોંકે નસલમાં મંય હું આયા. ૧૧

વે એક તો ઈસ્માઈલ નબી રે પિછાનો,
ભી અબદુલ્લાહ દુજે ઉસ ઝબીહસુ જાનો. ૧૨

અબદુલ્લાહકુ જમાલ બહોત થા ખાલિકે દીતા,
સો ખાતિમ નબી કાજ પિયાર કીયા રે મીતા. ૧૩

સો સૂરત જમાલકા નામ રે ધરાના,
એ સમજને લીજે મનકે રે ધિયાના. ૧૪

રે તૂહી.

દો ઝબીહ નબી નસલમાં, સુનો ધરાયા નામ રે,
સુનો ધરાયા નામ,

જનમ ભોમ સુનો નબીકી, શેહર મકકે કે ઠામ રે,
શેહર મકકે કે ઠામ.

## ૨૧૪

હઝરત અબ્દુલ્લાહકી સૂરત રબ ખૂબથી બનાઈ,
તબ આલિમ રે હોતે બહોત હુઈ રોશનાઈ. ૧

તબ શેહર તો સારા ઓનૂ દેખને મલીયા,
અને ખલકત હુજૂમ કાજ દેખને કરીયા. ૨

ભી જીનૂંકા કબીલા ઓનુ દેખનેકુ આયા,
સો ખાકી હો જયસા ઓનુ ભેખરે બનાયા. ૩

જિસ ગલી રે કુચે હોવે ઓનુ ફેરા જાવા,
વે ખલકત દેખને કાજ રાહા રે બંધાવા. ૪

જબ અયસા ગુલગુલા પડા શેહર સારે,
તબ અબદુલ્લાહ શરમાકર આપ હુવે રે કિનારે. ૫

તબ બડે બડે લોકોને તલબ નિસબત કીતી,
સો મંગનીકી ચિંતા સબૂં મન માંહે દીતી. ૬

સબ બેટીયાં આપસ કાજ બાત બિયાહકી કેલાઈ,
અયસી સૂરત ઓનુકી દેખો રબને બનાઈ. ૭

સો ખાતિમ નબીકે નૂર કાજ કહીએ,
વે નૂર સલુબમાં આયા યું સુન લહીએ. ૮

તબ અબદુલ્લાહને દાદીકુ જા કહી એ બાતી,
કે ખુલા નાંહી છોડતી ખલક દિન ઔર રાતી. ૯

તબ દાદીને કહ્યા તમૂ શિકારમાં જાના,
તો ખલકત તમૂસુ હોવે રે અંજાના. ૧૦

તબ સિધારે અબદુલ્લાહ કહીં શિકારકે ઠામા,
સો ખલકસુ છુપને કેરે હો કામા. ૧૧

ભી વાહિબ ઝહરી સાથ લીએ જિનુકા નામા,
વેભી બસતે એકઠે મક્કે કે ઠામા. ૧૨

દોનો એકઠે ગહે જાં જંગલ બિયાબાના.
ઓનુ શિકારકા મનમાં અયસા કીયા રે ધિયાના. ૧૩

દેખો સૂરીજન હાર કયસા આપ મન ચાવે,
તો કાહે ના હોવે બંદા મન ઈતના લાવે. ૧૪

રે તૂહી.

ખલક દેખને એકઠી ભઈ, અબદુલ્લાહકે કાજ રે,
અ બ દુ લ્લા હ કે કાજ,

બહોત શોહરત શેહરમાં હુઈ, તબ આઈ ઓનુ લાજ રે,
તબ આઈ ઓનુ લાજ.

## ૧૯૫

હઝરત અબદુલ્લાહ શિકાર કાજ જંગલમા ગહે,
અને વાહિબ ઝહરી ભી ઓનું સાથ રહે. ૧

તબ યહૂદીકા ટોલા આયા ઉસ ઠામા,
વે સત્તર મરદ થે દુશમની કામા.[૧] ૨

વે થે અસવાર લડાઈ કુ આયે,
વે નિકાલ તલવારાં સગલે ધાયે. ૩

તબ વાહિબ આગે જા ઓનું પુછા ઉસ ઠામા,
કે તલવારાં લે આતે હો તમે ચાહતે હો કયા કામા. ૪

૧–સિત્તેર યહુદીઓએ આપ સલ૦ ઉપર હુમ્લો કરવાનો ઇરાદો કર્યો.

તબ કહયા ઓનુ અબદુલ્લાહકુ ચાહ હમ આયે,
ઉસે મારનેકી ખાતિર હમુ સામાન બનાયે. ૫

તબ વાહિબને ફિરકર ઓનુકુ જુવાબ દીયા,
કે અબદુલ્લાહને ગુનાહ કુછ તુમારા હય કીયા? ૬

તબ ઓનુ કહયા અબ્દુલ્લાને ગુનાહ ના કીયા હમારા,
પણ મારતે હંય સોચ એક હમુ મનમાં સવારા. ૭

આયા અબદુલ્લાહ સલુબમાં નૂર મોહંમદ કેરા,
વે ખાતિમ નબી હોવે ઓનુસુ સવેરા. ૮

જો ઉસકુ મારે તો વે નબી રે ના હોવે,
તો બડાઈ હમારી હોવે નબી ના રે ખોવે. ૯

એતી બાત રે કરતે લશકર નૂરીયોંકા આયા,
વે હથીઆર નૂર કે લશકર લાયા. ૧૦

તુરત યહૂદીયોંકો મારકર ફના રે કીતે,
અને અબદુલ્લાહકુ કાફિરોંસુ બચાકર લીતે. ૧૧

સો થે રે નુજૂમી પેહલે નબીયોંસુ કહીએ,
વે નુજૂમસુ દેખકર કેહતે યું લહીએ. ૧૨

ભી નુજૂમીયું સુ બહિરા રાહિબ હોયે,
વે જંગલમાં રહે થે સુખ દુનિ કેરા ખોયે. ૧૩

ઓનુ નબી કેરે નૂરકી થી ખબર બતાહી,
થી અબદુલ્લાહકે નામસુ કીતી કાફરૂં અગાહી. ૧૪

તબ યહૂદી વે સુનકર થે મારનેકુ આયે,
એ બયાન ખાસે બંદે સુન મન ઈતના લાયે. ૧૫

રે તૂહી.

દુશમની કાજ યહૂદી મલે, અબ્દુલ્લાહ કે સંગરે,
અબ્દુલ્લાકે સંગ,
વે નૂરીયું માર ફનાકીએ, દીન કભી ના હોવે ભંગ રે,
દીન કભી ના હોવે ભંગ.

## ૧૧૬

ભી ફિરકર અબ્દુલ્લાહ વાહિબ ઝહરીસુ આયે,
તબ વાહિબ અબ્દુલ્લાહકુ લે બાપકુ મિલાયે. ૧

એ હકીકત બોલકર સગલી રે કહી,
તબ અબ્દુલ મુત્તલીબને એ સુનકર લહી. ૨

તબ અબ્દુલ મુત્તલીબને વાહિબકુ આખા,
સબબ નિસબત[1] કેરા બયાન રે દાખા. ૩

કે અકાબિરો અફાઝિલોર[2] થી બાત રે કરાઈ,
પણ મંગનીકી બાત મેરે ખાતિરમાં ના આઈ. ૪

તબ વાહિબ બોલે હય બેટી રે મેરી,
આમેના નામસુ વે હય રે અનેરી. ૫

અબ્દુલ્લાહકી માકુ ભેજો મેરે રે ડેરે,
વે ઔરતોંસુ આવકર ઓનું દેખે રે સવેરે. ૬

જો દેખને બાઝ આવે ખાતિર આમેના,
તો અબ્દુલ્લાહકી મંગની કરો ઉસ દંના. ૭

તબ અબ્દુલ્લાહકી માતા ઓનું દેખને આયે,
ભી કેતીક ઔરતાં સાથ કબીલેસુ લાયે. ૮

૧–સગપણ બાબત. ૨–મોટા મોટા આબરૂદાર ગૃહસ્થો.

તુરત બીબી આમેનાકુ દેખતે નેના,
સબ હુઈ રે ખુશાલા આપ મન મેના. ૯

દેખો હલીમી ને શરમ બહોત નઝરૂં આઈ,
ભી પરગત ખાલિકે થી ખૂબ રે બનાઈ. ૧૦

થા સૂરત જમાલકા કુછ હિસાબ રે નાંહી,
તો કિતનાક લિખું કાગઝૂં કે માંહી ૧૧

તબ બીબી આમેનાકા બિયાહ અબ્દુલ્લાસુ કીયા,
દેખો ખાતિમ નબી કાજ જોડા રબ કયસા દીયા. ૧૨

સુનો ઉસ દિન ઔરતાં કઈ હુઈ મર ફના,
જિનું અબ્દુલ્લાહસુ બિયા કાજ પ્યાર રાખા થા મંના. ૧૩

ઓનું બિયાહ બાત સુનતે બહોત અફસોસ ખાયા,
તબ ઈશકકે કાજ ઓનું જીવ રે ગમાયા. ૧૪

દેખો અયસે અબ્દુલ્લાહ થે સાહિબ જમાલા,
ભી બીબી આમેના થે જમાલ કમાલા. ૧૫

અયસા ખાતિમ નબી કાજ રબ જોડા રે બનાયા,
તો ખાસે બંદો એ સુન મન લાયા. ૧૬

રે તૂ હી.

બેટી વાહિબ કેરડી, બીબી આમેના નામ રે,
બીબી આમેના નામ,

બિયાહ અબ્દુલ્લાહસુ કીયા, વતન એકજ ઠામ રે,
વતન એકજ ઠામ.

## ૧૧૬ અ.

## —: ગ ઝ લ :—

દેખોને સુરીજન નેહસુ હબીબ તો કયસા કીયા રે,
પેહલા તો નૂર કર ઝાતસુ મોહંમદ નામ ઓનુકુ દીયા રે. ૧

જીવ તો સબ ઓનુસુ કીયે અયસા સુરીજન હાર રે,
હબીબ કેહ બુલાઈએ કયસા તો કીયા પ્યાર રે. ૨

ખલકત ઝમીં આસમાનકી કીતી ઓનુ કે કામ રે,
શરૂઆત સગળે જીવકી જાનોભી ઓનુ કે નામ રે, ૩

દેખો તો ખાતિમ અંબીયા રસૂલ એ સાચે સહી,
બાપ સગળે જીવકે બાત એ સુની ગહી. ૪

દેખો તો મુઠી ખાકસુ ખમીર લે આદમ કીયા,
કાલીભી માટી ગંદીથી આદમ તન ઉસકા દીયા. ૫

ખમીર ખાતિમ નબીકા કયસા બનાયા જાન રે,
માતા તો બીબી આમેના અબ્દુલ્લાહ પીતા માન રે. ૬

ઓનુકુ જમાલ બહોત થા હિસાબ ના કીયા ગયા,
ખમીર ખાતિમ નબીકા દેખોને એ સુનકર લયા. ૭

સુલતાન અંબીયા ઓનુકુ કહીએ હય કયસી ઝાત રે,
નિસદિન બડાઈ નબીકી બુઝો એ સુનકર બાત રે. ૮

## ૧૧૭

થી ચોબીસમી તારીખ રજબ કી રાતી,
હઝરત અબ્દુલ્લાહકે સુની બિયાહકી બાતી. ૧

તબ આવાઝ રે હુવા ગૈબસુ અયસા,
તબ સગળે આલમને વે સુના રે વયસા. ૨

કે બાસ લગાઓ તન કહી કહી રીતા,
ભી ખૂબ બાસના યું આવાઝ રે કીતા. ૩

તમે મુસલ્લે બિછાઓ સબ ઈબાદત કેરે,
ભી બિછાઓને સફાં કાજ નમાઝ સવેરે. ૪

સો સફાં કર પાસે જા કરોને બિછાને,
વે બિછાને ફરિશ્તોં કે કાજ રે પિછાને. ૫

કે ફરિશ્તે આજ રાતે હોવેંગે મેહમાના,
એ બિયાહ કાજ દિનકુ આજ હુઈ અયસી શાના. ૬

ઉસ રાત આવાઝ અયસા આલમમાં પડીયા,
સુનકર ખલકને સબ અચરત કરીયા. ૭

અપને નબીકી હય સબ મોજિઝેકી બાતી,
તો ના રે બિસારો તિલ દિન ઔર રાતી. ૮

અબ્દુલ મુત્તલીબ નિંદમાં અયસા નઝરૂં આયા,
એક તાગા રૂપેસા[1] ઓનું નઝરૂં દેખાયા. ૯

વે આપસકી પીઠસુ દેખા નિકલતા નેના,
ઓને ગરદિશ કીતી ઝમીં આસમાન મેના.[2] ૧૦

આસમાન તરફ વે તાગા રે ગયા,
ભી ઝમીં તરફ વે ફરતા રહયા. ૧૧

ભી મગરિબ મશરિક[3] વે જાતા રે દેખાયા,
ભી ફિર આવ ઉસસુ એક ઝાડ રે બનાયા. ૧૨

---

૧-રૂપાના તાર જેવું નૂર. ૨-ઝમીન અને આસમાન આસપાસ ફરતું દેખાયું. ૩-પશ્ચિમ અને પૂર્વ.

ભી ઉસ ઝાડ પાંતોંકુ થા બહોત બહોત નૂરા,
યું ઝાડ તો સગળા થા નૂર ભરપૂરા. ૧૩

હય અપને નબીકી એ ખૂબીકા બયાના,
એ સુનકર સમજના મન હો રે દાના. ૧૪

તો અયસે નબીકી ઉમ્મત હો કયું ના રહીએ,
ઉમ્મતી હોકર સહી મન ઈતના કહીએ. ૧૫

રે તૂહી.

હઝરત અબ્દુલ્લાહકા બિયાહ, હુવા ચોબીસમી રાત રે,
હુવા ચોબીસમી રાત;

સો તારીખ રજબ કેરડી, સુની હય અયસી બાત રે,
સુની હય અયસી બાત.

## ૧૧૮

હમલ નબીકા કહીએ રજબકે માસા,
દિન જુમ્આકા કહીએ રે ખાસા, ૧

રાત જુમ્આકી હમલ રે રહયા,
કિતાબોં સુનકર અયસા લહયા. ૨

હુકમ હુવા રિઝવાનકુ જે બહિશ્ત રખવાલા,
ખઝાને બહિશ્તકે હય જિસકે હવાલા. ૩

આજ ખોલને દરવાઝે સબ બહિશ્તોં કેરે,
હમલ રહે ખાતિમ નબી રે અનેરે. ૪

ભી આવાઝ ઝમી ને આસમાનકુ પડીયા,
કે રોશન હોઓ યું હુકમ રે કરીયા. ૫

ભી મકાન ખઝાનોંકે રોશન બનાઓ,
કાજ એ હમલ નબીકે સુનો ખાતિરમાં લાઓ. ૬

કે નબી હાદી[1] જે ખાતિમ રે કહીએ,
હમલ ઓનુકા ઈસ રાતકુ લહીએ. ૭

આજ રાત નબીને હય કરાર લીતા,
સો માતા કે રહમમાં અયસા આવાઝ દીતા. ૮

ખિલકત પુરી હોતે[2] વે બાર રે આવે,
અહમદ મોહંમદ જે રસૂલ કહાવે. ૯

બશારત બહિશ્કી વે આવકર બતાવે,
ભી દોઝખ સેતી કાજ ગુનેહકે ડરાવે. ૧૦

ઉસ દિન હુકમમાં અયસા હુવા રબ કેરા,
સો આસમાન ઝમીં નૂરીયું સુના રે સવેરા. ૧૧

અબ્દુલ્લાહ ઉસ દિન થે કા'બેકે યાં ગહે,
બયતુલ્લાહકે પાસ થે ઠાડે રે રહે. ૧૨

વાં એકાએક નદી નઝરૂં રે આઈ,
વાં આવાઝસુ ખબર પાણી પીનેકી બતાઈ. ૧૩

તબ ઓનુ સુનકર એ પાણી પીયા,
ભી ઉસ પાણીસુ ઓનુ ગુસલ કીયા, ૧૪

બાસન ભી પાણીકા થા નદીકે સાથા,
પિયા ને નિલાએ વે બાસન લે હાથા. ૧૫

અયસી અપને નબીકુ રબે બડાઈ હય દીતી,
તો ઓનુકી ઉમ્મતને યું ચિંતા ચંત કીતી. ૧૬

૧—નેક રસ્તો બતાવનાર પયગમ્બર. ૨—પયદાશનો વખત પુરો થતાં.

રે તૂહી.

રહમ માતા નબી રહે, જુમ્આ કેરી રાત રે,

જુમ્આ કેરી રાત,

મહીના થા રજબકા, સુન એ લિખી બાત રે,

સુન એ લિખી બાત.

## ૧૧૯

શેહર મક્કેમાં નબીજી હમલ રે રહે,
સો ઈબ્રાહીમ દુઆ કાજ સુનકર લહે. ૧

જૂં દુઆ રે માંગીથી ખલીલ રહમાના,
તમે સુનો રે મૂમિન ઉસકા બયાના. ૨

યા ઈલાહી આલમીન રસૂલ પયદા કીજે,
ઈસ મક્કે કેરી ઠામા દુઆ સુનકર લીજે. ૩

સો મેરે ફરઝંદોંસુ રબ કીજે તુ રસૂલા,
વે ઓનુકુ બતાવે દીન કેરા મૂલા. ૪

વે કુરઆન તેરા પડ ને સુનાવે,
યું ઓનુકુ ગુનાહોંસુ વે દૂર રે. રખાવે. ૫

તુ અલીમ ખાલિક હય સુબહાના,
તુ કબુલ લીજે મેરી દુઆકા બયાના. ૬

વે ઈબ્રાહીમ દુઆ રબ કબુલ કીતી,
તો નબીકુ જનમ ભોમ મક્કે માંહે દીતી. ૭

એ અહમદ મોહંમદ હય જિનુ કેરા નામા,
એ હંય સુલતાન અંબીયા શફાઅત ઠામા. ૮

દેખો ઈસા નબીને પેહલી ખબરથી દીતી,
આપસંકે કોમસુ અયસી બાતથી કીતી. ૯

કે મુજ બાઝ અહમદ નબી આવે,
વે સુલતાન અંબીયા ખાતિમ કહાવે. ૧૦

તો ઈસાકી ઉમ્મતને વે દેખને નિશાની,
નુબૂવ્વત ઓનુને નબીકી પિછાની. ૧૧

અયસી સુન સુન ખબરાં વે દીન માંહે આયે,
જે ઈસાકે ને મુસાકે ઉમ્મતી કેહલાયે. ૧૨

દેવાંકે બડે બડે પુતલે જે ઉંચે રે બિઠાયે,
ઉસ રાત ગિરકર વે નીચે થે આયે. ૧૩

આપ માંહે ચૌપગું હંચ બાતાં રે કીતી,
સારી ખલકને વે સુન કર લીતી ૧૪

અલ્લાહ હય બુઝરૂગ જિસે બડી હય શાના,
કે હમલ મોહંમદકા આજ રાતકુ પિછાના, ૧૫

કે આજ રાત મોહંમદ હમલમાં રહે,
જિનુ સુલતાન અંબીયા ખાતિમ કહે. ૧૬

યું જનાવરૂં બાતી કરતી હુઈ પરભાતી,
એ સુન ફિકર ખલકને મન રાખી ઉસ રાતી. ૧૭

રે તૂહી.

ચૌપગ આપ માંહે બોલીએ, હમલ નબીકી રાત રે,
હમલ નબીકી રાત,
સો કીતી તારીફ નબીકી, ના બોલે ઔર કુછ બાત રે,
ના બોલે ઔર કુછ બાત.

## ૧૨૦

જબ નબી કેરા નૂર બીબી રહમમાં આયા,
તબ મુંહ બહોત રોશન બીબીકા દેખાયા. ૧

જબ જમાલ હોવડા બહોત બહોતેરા,
એ સુનકર તેહકીક કર લિખ્યા રે સવેરા. ૨

તબ બીબી આમેનાને અયસી કહી રે બાતી,
જયસી કિતાબોંસુ સુની વયસી લિખી સહી જાતી. ૩

કે હમલકા ભાર કુછ હુઆ રે નાંહા,
જું અવરોંકુ ભાર હમલ હોવે પેટ માંહા. ૪

કે હમલ કેરા ભાર મુજે ના જણાયા,
યું બીબીને હમલકા બયાન રે સુનાયા. ૫

ભી ભૂખ ને પિયાસ મુજે લાગતી રે નાંહા,
અને ખાએ બિના કુવ્વત નાંહી ટુટતી તન માંહા. ૬

અને રગોં માંહે સુસ્તી નાંહી મુજકુ જનાતી,
અને આળસ ને નિંદ નાંહી મુજકુ આતી. ૭

જબ બીબીને હમલકા એતા આખ્યા રે બયાના,
તબ ખલકને અજબ મન સુન કિયા રે ધિયાના. ૮

જે નબી કેરે મોજિઝે થે કેહતે સબ જાતે,
જે બશારત પાતે વે ના લોકોંસુ છુપાતે. ૯

અબ્દુલ મુત્તલીબ અબ્દુલ્લાહ બીબી આમેના કહીએ,
એ બશારત સબોંકુ કેહતે સહીકર લહીએ. ૧૦

જે બશારત પાતે સો લોકોંકુ બતાતે,
વે એક તિલ જેતી બાત ના રે છુપાતે. ૧૧

અને ગૈબકી જે અવાઝ વે તો ખલક થી સુનતી,
વે ખલકત સુનકર થી અજબ રે કરતી. ૧૨

જબ બડે હુએ નબી અને નુબૂવ્વત આઈ,
તબ પેહલી શાહેદી લોકોને ના રાખી રે છુપાઈ. ૧૩

તો કુફ્ર રે ટુટા સુન પેહલી રે નિશાની,
બહોત સુન આયે દીનમાં અને હુઈ મુસલમાની. ૧૪

તો હુવે સાચે મોજિઝે યું નબી કેરે જાનો,
હો ઉમ્મત ઈસ નબીકી નિત ઈતના પિછાનો. ૧૫

રે તૂહી.

જે પાતે બશારત મોજિઝે, વે બયાન બતાતે દિન રે,
વે બયાન બતાતે દિન;
કુફ્રતો છોડા કાફ્રૂં, પેહલી બાતાં રાખી મન રે,
પેહલી બાતાં રાખી મન.

૧૨૧

## આપ (સલ૦)નું પેઢીનામું.[૧]

ખાતિમ નબી મોહંમદ રે નામા,
કિયામત શફાઅત કેરા રે ઠામા. ૧

---

૧–હ૦ પયગમ્બર સલ૦ની પૈદાયશના વરસને "આમુલ ફીલ" કહે છે. સૂર્યની ચાલની ગણુત્રીના હિસાબે એટલે ઇસ્વી સન ૫૭૧ એપ્રીલની ૨૦મીએ આપ (સલ૦)નો જન્મ થયો હતો. આ હિસબે :—

**૫૭૧ હ૦ પયગમ્બર સલ૦ અને હ૦ ઇસા અલે૦ વચ્ચે.**
**૧૭૧૬ હ૦ ઇસા અલે૦ અને હ૦ મૂસા અલે૦ વચ્ચે.**
**૫૪૫ હ૦ મૂસા અલે૦ અને હ૦ ઈબ્રાહીમ અલે૦ વચ્ચે.**
**૧૦૮૧ હ૦ ઇબ્રાહીમ અલે૦ અને હ૦ નૂહ અલે૦ વચ્ચે.**
**૨૨૪૨ હ૦ નૂહ અલે૦ અને હ૦ આદમ અલે૦ વચ્ચે.**

**કુલ ૬૧૫૫** વરસ હ૦ આદમ અલે૦ અને હ૦ પયગમ્બર સલ૦ની વચ્ચે ઇતિહાસવાળાઓએ ગણેલ છે.

(સીરત રસૂલે કરીમ સલ૦)

અબ્દુલ્લાહ અબ્દુલ મુત્તલીબ હાશિમ કહીએ,
અબ્દે મનાફ્ કુસય્યે રે લહીએ. ૨

કિલાબ મુર્રાહ કાઅબ રે નામા,
લોવય ગાલિબ નસલકા ઠામા. ૩

ફેહેર માલિક નઝર કિનાના,
ખુઝૈમા મદરિકા ઈલીયાસ પિછાના. ૪

મઝર નિઝાર માઅદ પિછાનો,
અદનાન અદબીન નસલમાં જાનો. ૫

મુકવીમ નાહૂર યતરહ કહીએ,
યતરહ યસજોબ સાબિત લહીએ. ૬

ઈસ્માઈલ નબી જે ઝબીહલ્લ પિછાનો,
ઈબ્રાહીમ ખલીલ રહમાન જાનો. ૭

આઝર નાખૂર સારૂગ નામા,
રાઉ ફાનેઅ નસલકા ઠામા. ૮

આમિર શાયખ એ સુનકર લહીએ,
અરફ્ખશાદ સામ ભી નસલમાં કહીએ. ૯

નૂહ તો નબી સાની આદમ પિછાનો,
માલિક મનૂશલખ નબી નસલમાં માનો. ૧૦

ઉખનુક નામા ઈદરીસ નબી જિનું કહીએ,
બારિદ ને મહલાઈલ સહી નસલમાં લહીએ. ૧૧

કીનાન અનૂશ સહી નસલમાં જાનો,
શીસ તો નબી એ સુનને પિછાનો. ૧૨

આદમ કહીએ જે ખાકસુ બનાએ,
પેહલે ખાકી આદમ જે રે કેલાએ. ૧૩

એ અપને નબીકા સુનો નસલનામા,
ભીતર છે નબી આયે એ નસલકે ઠામા. ૧૪

તો છે જાગે તેહકીક નબી નસલનામા કીતા,
કયસા દોસ્ત રે બનાયા ઓને આપ દેખો મીતા. ૧૫

તો ચોરોંકો જગા યાં ચોરી કેરી નાંહા,
જો નબી રે છે આયે નબી નસલનામા માંહા. ૧૬

ચોર નઝદીક નસલસુ ચોરી કર નાંહી સકતા,
પાસે સબ કોઈ હંય જાનતે તો નાંહી ઉસ્કા ચલતા. ૧૭

પિછે દૂર કે નામોંમાં ચોર હય રે ભૂલ દેતા,
યું નામ કીસીકા હય નસલમાં લેતા. ૧૮

તો છે નબી નબીકી નસલ માંહે આએ,
ભી નસલનામા આપસકા તેહકીક કરતે લાએ. ૧૯

તો નબીકી નસલમાં ચોરી હોવે રે નાંહા,
જો નબી છે આયે નબી નસલ રે માંહા. ૨૦

જૂં કુરૈશી હંય ફરઝંદ ઈસ્માઈલ કેરે,
સો રૂમ શામ હબશ તાંએ સબ બુઝે અનેરે, ૨૧

તો ઠામ ચોરોંકુ યાં બોલનેકી નાંહા,
અને આગે ઈસ્માઈલ તેહકીક કીયા નસલ માંહા. ૨૨

યું છે નબી સેતી સારી નસલ પિછાનો,
ચોરી કર નાંહી સકે ચોર સહી યું માનો. ૨૩

રે તૂહી.

નબી નસલ કીતી છે નબીયોંસુ, અયસા સુરીજન હાર રે,
અયસા સુરીજન હાર;
તો ચોરી ના ચોર કર સકે, એ સહી સુનો બિચાર રે,
એ સહી સુનો બિચાર.

## ૧૨૧ અ.

## —: ગ ઝ લ :—

મુનાફિક ટોળી મૂમિન સુનોને મેરી બાત રે,
મોહંમદ સુલતાન અંબીયા બુઝરૂગ ઉન્હોકી ઝાત રે. ૧

નસલ જાને ઓનુકી મગરિબ ને મશરિક તાંહી,
છે અંબીયા રે નસલમાં એ બાત તો સાચી સહી. ૨

[1] દેવ નામ કયું લાઓ તમે અયસી નસલકે ઠામ રે,
સુવ્વર બચ્ચે તુમ કહો અવતાર જિસ્કા નામ રે. ૩

વે રાહા તો સુવ્વર નામસુ તુમ બતાઓ આપ રે, [1]
અવતાર બચ્ચે ઓસકે ઉસ્કુ કેહતે હો બાપ રે ? ૪

રાહાકા બતાનાર કોન થા કહોને ઉસ્કા નામ રે,
મુસલમાન થા કે કાફિર કીએ જેને એ કામ રે ? ૫

કહો જો મુસલમાન થા આઓ તો અવરાં પુછીએ,
મુસલમાન અવરાં પુછકર એ બયાન સગલાં બુઝીએ. ૬

---

૧–કેટલાકો હ૦ પયગમ્બર (સલ૦)ની નસલમાં પ્રથમ કેટલાક દેવોના નામ ગણાવી તેને ઇબાદતમાં પઢે છે અને તે દેવોને હ૦ રસૂલે અકરમ સલ૦ ના બાપ દાદાઓના નામોમાં ગણે છે એ મોટી ગુમરાહી છે. તેમની એવી વર્તણુક માટે હ૦ પીર મશાયખ (રહ૦)એ બહુ સખ્તીથી અઝાબની ચેતવણી આપી છે.

પિછે જો સહી કો' ના કરે તો તો એ જૂઠી બાત રે,
તો કયું અદબ તુમ ના કરો ખાતિમ નબીસી ઝાત રે. ૭

પિછે કહો જો થા કાફિર ઉસ બયાનકા કરનાર રે,
પુછીએ તો આહોને કાફિરોંકુ ઈસ બાતકા બિચાર રે. ૮

કે હંય નબીકુ જાનતે કાફિર કુછ મનમાં સહી,
જો ના કબુલે કાફિરોં બાત તો તમું કહાંસુ કહી ? ૯

દેખો બચ્ચે હંય ભુંડકે હિંદુસ્તાન માંહે રે,
આરબ રૂમને શામ તક જાને કો' ઓનુકુ નાંહે રે. ૧૦

બાતાં તો નબીયોં કેરડી આદમ સુધી જાને સહી,
આરબ રૂમ ને શામ તક એ ખબર હય સાચી કહી. ૧૧

જુવાબ અબ કયસે કરો સુનો મુનાફિક બાત રે,
તો કયું નબી નસલમાં અવતાર બાહો ઝાત રે ? ૧૨

આહો બતાઓ દીન તુમ કાં હય તુમારી ઠામ રે,
કિસકે બતાએસુ કીએ મુનાફિક કેરે કામ રે ? ૧૩

ઉસથી ભલા એક બાત હય સુનો તુમ મેરી સહી,
શાહેદી બિના હો માનતે અકલ તુમારી હય ગહી. ૧૪

૧૨૨

રાત હમલકી બીબીને અયસી બશારત પાઈ,
સો બીબી આમેનાને ના રાખી છુપાઈ. ૧

પાણીકી મોજાં લીલી નઝરૂં આઈ,
વયસે માંહી ઝાડકી એક સૂરત દેખાઈ. ૨

સો સરપર બીબીને દેખા ઝાડ કેરા સાયા,
સો ઝાડ રે અઝીમ બડા નઝરૂં આયા. ૩

જડ તો ઉસકીથી ઝમીં કે માંહા,
ડાલાં તો થી ઉસકી આસમાન તાંહા. ૪

અયસાતો ઝાડ કહે બીબીએ અવર ના દેખા,
દુનિમાંહે કીસી ઝાડકા અયસા નાંહી ભેખા. ૫

ઝાડસુ ફલ તુરત બીબી નઝર કરતે પડીયા,
વે ફલ આવ બીબી કે મુખ માંહે ગિરીયા. ૬

વે મીઠા ફલ થા જયસા શહદ રે કહીએ,
કસ્તુરી જયસી ઉસે બાસના લહીએ. ૭

રંગ થા ઉજલા ઉસકા બરફ હો કેરા,
વે દરખત રબને અયસા કીયા થા અનેરા. ૮

ભી બોલા આવાઝ બશારત બીબીએ સુનકર લીતા,
કે બશારત બીબી તુજે રબે હમલ હૈ દીતા. ૯

તુજે ખયરૂલ આલમીન હમલ રહયા આજ દિના,
જબ જનમ હોવેગા જયસા સુરજ રોશના. ૧૦

સુનો નામ તો ઓનુકા બીબી મોહંમદ ધરના,
યું કેહનારેને કહયા બીબી કાનધર સુનના. ૧૧

રાતે બશારત પાઈ બીબીએ સબાકુ બતાહી,
અકસર લોકોંકુ યું કીતી રે અગાહી. ૧૨

ભી હર હર મહીને બીબી બશારત રે પાએ,
સો નવ મહીનોં નબી નવ બીબીકુ કેહને આએ. ૧૩

જબ બશારત પાતે તબ બીબી રે બતાતે,
વે સબાહ ઉઠ કેહતે ના બાત રે છુપાતે. ૧૪

અયસે ખાતિમ નબી હંય અપને રે જાનો,
હો ઉમ્મતી ઓનુકી નિત મન એતા આનો. ૧૫

રે તૂહી.

મોહંમદ નબીકે કારન, કીયા સભી સંસાર રે,
કીયા સભી સંસાર;
તો મો'જિઝે દેખો ઉનકે, મનકર સહી કરાર રે,
મનકર સહી કરાર.

## ૧૨૩

પેહલે મહીને આયે આદમ અલયહિસ્સલામા,
કીયા બશારત કેરા રાતે બીબીસુ કલામા. ૧

જે નેક હંય આલમમાં તમુ હમલ વે રહયા,
નામ ધરીયો મોહંમદ એતા આદમે કહયા. ૨

ભી દુજે મહીને ઈદરીસ નબી આયે,
વે બશારત બીબીકુ રાતે અયસી લાયે. ૩

નેક તકદીરકા સાહિબ તમુ હમલમાં રહયા,
નામ ધરીયો મોહંમદ એતા ઈદરીસે કહયા. ૪

નૂહ નબી આયે તીજે મહીને કહીએ,
એનુ બશારત દીતી રાતે બીબીકુ લહીએ. ૫

કે સાહિબ યારીકા અને ફતેહ હો કેરા,
વે હમલ તમુકુ બીબી રહયા અનેરા. ૬

બીબી ઓનુકાતો મોહંમદ ધરીઓ નામા,
નસીહત સુનકર સહી કીજીઓ કામા. ૭

ચોથે મહીને ઈબ્રાહીમ આયે ખલીલ રહમાના,
ઓનું રાતકુ બીબીસુ કીઆ બશારત બયાના. ૮

કે સાહિબ જમાલા ખુબસૂરત કેરા,
વે હમલ તમુકુ બીબી રહયા અનેરા. ૯

નામતો મોહંમદ બીબી ઓનુકા ધરના,
એ નસીહત સુનકર સહી કામ હય કરના. ૧૦

ઈસ્માઈલ આયે માસ પાંચમેં જાનો,
રાતે બીબીને દેખે કાજ બશારત માનો. ૧૧

કે સાહિબ સલામતકા બહોત ખલકત કેરા,
વે હમલ બીબી તમું રહયા રે અનેરા. ૧૨

સુનો નામતો મોહંમદ બીબી ઓનુકુ કહીએ,
એ નસીહત સુનકર સમજને લહીએ. ૧૩

અયસે હંય ખાતિમ નબી રે જાનો,
ઉમ્મતી હોકર નિત એતા પિછાનો. ૧૪

રે તૂ હી.

નામ મોહંમદ જાનીએ, બશારત સુન સુન બાત રે,
બશારત સુન સુન બાત,
બશારત આવ નબીયેં દીતી, માસ માસકી રાત રે,
માસ માસકી રાત.

## ૧૨૪

ભી છઠ્ઠે મહીને મુસા કલીમ આયે,
વે રાતકુ બીબી પાસ બશારત લાયે. ૧

સાહિબ કરમ ને ખૂબીકા રહયા હમલ તમંના
હંચ બશારત હેતે મોહંમદ નામસુ હમંના. ૨

ભી સાતમેં મહીને દાઉદ નબી આયે,
સો મોહંમદ નામસું વે બશારત લાયે. ૩

કે સાહિબ ખૂબીકે તમુ હમલ હંચ રહીલે,
ભી મકામ મહમુદકે[1] જિનુંકુ સાહિબ કહીલે. ૪

આઠમેં તો માસ આયે નબી રે સુલેમાના,
મોહંમદ નામસુ બશારત કીયા બયાના. ૫

કે હમલ તમુકુ બીબી સઈયેદ[2] રહે,
આખિર ઝમાનેકે ખાતિમ નબી જે કહે. ૬

નવમે માસ ઈસા નબી રે આયે,
મોહંમદ નામસુ વે બશારત લાયે. ૭

સાહિબ ખૂબ સુરતકા હમલ તમુ હચ રહયા,
ઝુબાં જિનુંકી હચ ફસીહ[3] બયાન ઈતના કહયા. ૮

ભી સાહિબ ભારી કદરકા[4] કહીએ,
ભી દીનભી અનુકા સહીકર લહીએ. ૯

અયસી બશારત ઈસાને આવકર દીતી,
સો માસ રે નવમે બીબીને સુનકર લીતી. ૧૦

એ ખાતિમ નબી હંચ અયસે રે પિછાનો,
સો અહમદ મોહંમદ નામ જિનું કેરા જાનો. ૧૧

---

૧—જ્યાંથી કિયામતના દિવસે હ૦ પયગમ્બર સલ૦ ઉમ્મતની બખશીશ માટે અલ્લાહ તઆલાથી અર્ઝ કરશે તે ખાસ ઉંચી જગ્યા. ૨—સરદાર—બુઝુર્ગ. ૩—એક સરસ વકતા—સારી રીતે બોલનાર. ૪—મોટા મરતબાવાળા.

ભી સુલતાન અંબીયા કહીએ સિફતકા નામા,
હંય શફાઅત કેરા રોઝે કિયામત ઠામા. ૧૨

તો ઉમ્મત ઓનુકી હોકર રહીએ,
કલમા તો તઈએબ નિત ઉઠી કહીએ. ૧૩

વે જીભસુ કેહના મન સમજ ને રે લેના,
કે અલ્લાહ જયસા ના હય કુછ યું સહી ચંત દેના. ૧૪

જે કબૂલે હો બના જીભે કલમા હય કેહતા,
વે સહી હય મુનાફિક ટોળી મૂમિનોકી રેહતા.[1] ૧૫

તો મુનાફિકો ગુસ્સા હય નબીજીકા જાનો,
તો મુસલમાન હોકર મન રે ઈતના આનો. ૧૬

રે તૂહી.

નવ માસે નબી નવ આવકર, દી બશારત જાન રે,
દી બશારત જાન,
મોહંમદ નામું વે સહી, ખાતિમ નબી માન રે,
ખાતિમ નબી માન.

## ૧૨૫

રબીઉલ અવ્વલકી પેહલી તારીખ કહીએ,
બીબી આમેનાને કહયા અયસા સુનકર લહીએ. ૧

ઉસ દિન ખુશાલી બીબી કુ આઈ,
બીબીને ખબર સબું કુ બતાઈ. ૨

૧—એવા મોટા મરતબાવાળા પયગમ્બર કે જેમને મોટા મોટા મશહુર પયગમ્બરો (અલૈ૦) એ તેમના જન્મ વખ્તે આવી ખુશખબરી આપી, તેવા નબીની ઉમ્મત થઈને તય્યબ કલમાનો હર વખ્તે વિર્દ કરવો. અલ્લાહ જેવો બીજો કોઈ નથી એવું દિલથી યકીન કરી તે પ્રમાણે વર્તાવ કરવો અને હ૦ મોહંમદ (સલ૦)ને અલ્લાહના સાચા રસૂલ માની તેમની પયરવી કરવી. તેમ ન કરનાર મૂમિન કોમમાં વસ્તો પુરો પાપી અને મુનાફિક છે.

દુજે દિન બશારત પાણી કેરી પાઈ,
ઉસ માંહે ખૂબી બહોત રે દેખાઈ. ૩

નૂરીયોંકી તસબીહ બીબીએ સુની રે કાના,
તીજે દિનકા એ કહીએ રે બયાના. ૪

ઝાહિર હુઈ ચોથે દિન નેક બખ્ત નિશાની,
ઘણી હુઈ બરકત અયસી બાત રે પિછાની. ૫

રંજ ને હલાકી દૂર હુઈ પાંચમી રાતા,
અયસી લિખેસુ હય સુની રે બાતા. ૬

સો સુસ્તી ને આળસ દૂર હુઈ છઠ્ઠી રાત કહીએ,
ભી હુઈ ખુશાલી એ સુનકર રે લહીએ. ૭

સાતમી રાતકુ નબી ઈબ્રાહીમ આયે,
વે તો બશારત બીબી પાસ લાયે. ૮

કે બીબી બશારત બુઝરૂગ નબીકી તમના,
જે સાહિબ નૂરકા બીબી કાન ધર સુનના. ૯

આઠમી રાતકુ ફરિશ્તે રે આયે,
સો સોચરે તવાફકા બીબી ઘર કાજ લાયે. ૧૦

સો બીબી કેરે ઘરકુ આવ ફેર રે દીતે,
સો નૂરી બીબીએ આપ દેખ કર લીતે. ૧૧

નવમી રાતકુ બુઝરૂગ હુવા વે નૂરા,
જે મુસ્તફાકા નૂર કહીએ ભરપૂરા. ૧૨

ખુશાલી પરંદોં રાત દસમી કીતી,
શોહરત આવાઝકી ઓનુ ઝોરસુ દીતી. ૧૩

બોલી જનાવરૂંકી લોકું અજબ દેખાઈ,
લોકું કુ ખુશાલી બહોત નઝરૂં આઈ. ૧૪

દેખો કયસા ખાલિક દોસ્ત અપના સંવારા,
તો નિત ઉઠ કહીએ એ મન કર પિયારા. ૧૫

રે તૂહી.

તો ખૂબી પાઈ માસ ઈન, રબીઉલ અવ્વલ નામ રે,
રબીઉલ અવ્વલ નામ;

જો જનમ મોહંમદ મુસ્તફા, હુવા ઉસ માસ ઠામ રે,
હુવા ઉસ માસ ઠામ.

૧૨૬

માસ રબીઉલ અવ્વલકી હુઈ અગ્યારમી રાતા,
કીતી નૂરીયોંને ખુશી સુની અયસી રે બાતા. ૧

તબ હમ્દ ને શુકર સના રબકી કીતી,
અયસી નૂરીયોંને ખુશી ઉસ રાતે મન દીતી. ૨

હુઈ બારમી રાત નબી જનમ કેરી,
એ તારીખ લીખેસુ હય બુઝી રે અનેરી. ૩

નબીકે જનમકી બાત મક્કે કે માંહા,
ઈખ્તેલાફ મક્કે કી કુછ ઠામ માંહે નાંહા, ૪

ભી દેખો બારમી રાતા લિખેસુ જાની,
સહી તો રે મંય લિખી જો પુરી નિશાની પિછાની. ૫

તો બાર રાતોંકા દેખો કયસા બયાના,
એ લિખેસુ દેખકર મંય સહી રે પિછાના. ૬

જે બારમી તારીખસુ ઓછા હોતા રે દંના,
તો લિખનાર ના કરતા અદકા લિખને હો મંના. ૭

તો જાં તાંએ સુનતા વાં તાંહી લિખકર રેતા,
તો બયાન તારીખકા અદકા વે ના કરતા. ૮

પિછે સુના તો હય બારમી તારીખ લિખાઈ,
હય હકીકત અયસી મંય લિખેસુ પાઈ. ૯

પણ અદકી તારીખ કહીં સુની રે નાંહા,
કે ઈખ્તેલાફ હોવે ભી ઉસકે માંહા. ૧૦

તો સુનો રે મુરીદાં જે હોઓ રે મેરે,
મંય તેહકીક કર લિખતા હું એ બુજીઓ સવેરે.[૧] ૧૧

મંય કહીં જાગો દેખકર બયાન હું કરતા,
મંય તેહકીક કીએ બિના એક બોલ નાંહી લિખતા. ૧૨

તો બયાન મેરા તમે સહી મન લાહો,
તમે ઈખ્તેલાફ કાજ મત મન રે ડગાહો. ૧૩

જાનો દીનકી હકીકત હય ઈખ્તેલાફ રીતા,
પિછે સહી જૂં જેને કીતા ઓને યું ચંત દીતા. ૧૪

તો એક ચિંત હોકર બયાન એક ચંત લાહો,
પીછે ઈખ્તેલાફ કાજ રખે દિલ રે ફિરાહો. ૧૫

તો ઈમાન કરાર નાંહી પકડે તુમારા,
બોલ નસીહત કેરા સુનકર લીજીઓ હમારા. ૧૬

એ હય નસીહત સહી કર સુનની,
પિછે હો એક મંના ચિંતા એ મન ધરની. ૧૭

---

૧-૯ ૭ પીર મશાયખ (રહ૦) ફરમાવે છે કે, હું જે કાંઈ લખ્યું છે તે બહુ તેહકીક-તપાસ કરીનેજ લખ્યું છે એટલે તેના વિષે કોઈ તરાહનો વહેમ રાખશો નહીં.

રે તૂહી.

રબીઅલ અવ્વલ માસ હય, તારીખ બારમી રાત રે,
તારીખ બારમી રાત;
જનમ નબીકા તબ હુવા, સુની સહી એ બાત રે,
સુની સહી એ બાત.

## ૧૨૭

જબ હમલ બીબીકુ હુઆ છે માસા,
હઝરત અબ્દુલ્લાહ ઉમરસુ તબ હુવે નિરાસા, ૧

અબદુલ મુત્તલીબને ભેજેથે ખજૂર કે કામા,
જાં યસરબ કહીએ જાગો કા નામા. ૨

સો મદીનેકા નામ થા યસરબ કેહતે,
કે ગામ થા રે છોટા થોડે આદમી રેહતે. ૩

હય અરબી બોલીમાં નામ શેહરકા મદીના,
બાઝ નબી બસે પીછે શેહર એ કીના. ૪

તબ યસરબકા નામ લે ધરીઆ મદીના,
સો શેહર હુએ બાઝ નામ મદીના દીના. ૫

હઝરત અબદુલ્લાહ મક્કે સુ થે ઉધર સિધારે,
જો અબદુલ મુત્તલીબકે બેટે રે પિયારે. ૬

થે બાપકે હુકમસુ ખરીદી ખજુરકે ગહે,
વે હુકમ ઈલાહી સુ રાહા માં રહે. ૭

હય મક્કે ને મદીને બીચ અબવા જાગો કેરા નામા,
સહી ફૌત હુવે અબ્દુલ્લાહ ઓસહી ઠામા. ૮

દેખો કયસા હય અપના સુરીજન હારા,
જિસે વે દોસ્ત કર બહોત કરતા હય પિયારા. ૯

દેખો દૂનિયા કે કામસુ ઉસે દૂર રખાવે,
કે ખલકતકી નઝરૂં બાત વે અજબ રે દેખાવે. ૧૦

સહી નબી કેરા જનમ હુવા બારમી રાતા,
સો છેલ્લા પહોર રાતકા સુના હય જાતા. ૧૧

બીબી આમેના થે એકલે હુજરે કે માંહા,
સુનો અવર કો' બીબી પાસ ઉસ રાતકુ થે નાંહા. ૧૨

દેખો દરવાઝે સુદાએ ઉસ હુજરે હો કેરે,
દેખો હુજરેમાં બીબી રહે આપ રે અનેરે. ૧૩

અબ્દુલ મનાફ્કી બેટી આયે બીબી કે પાસા,
સો નબી જનમ કાજ મન કરને આસા. ૧૪

અયસી સુન સુન બાતી આપ કરો પાક ઝાતી,
તો યાદ યું કરના દિન ઔર રાતી. ૧૫

રે તૂહી.

મક્કે મદીને બીચ હય, અબવા નામ ઠામ રે,
અબવા નામ ઠામ,
હઝરત અબ્દુલ્લાહ વાં રહે, જાતે થે કુછ કામ રે,
જાતે થે કુછ કામ.

## ૬૨૮

હુવા જનમ નબીકા જયસા પુનમકા ચંદા,
ભી જયસા રે સૂરજ જોત પરછંદા. ૧

દેખો દેહશત ઈબલીસે ખાઈ રે કયસી,
બહોત પથરૂંકુ ખિજાલત હુઈ ભી વયસી. ૨

તબ ઈબલીસ લઈન આપ તખ્તસુ ગીરીયા,
સો બેશુધ્ધ હોકર ફિકર સુ પડીયા. ૩

તબ સગળે શયતાન બહોત અફસોસ કરીયા,
તબ ખુશાલી ગમાકર ગમ સબું મન ધરીયા. ૪

તબ પુતલે અવલે હો નાક ભર પડીએ,
જે કાફિરોંને ખૂબીસું જે ઉંચે થે ધરીએ. ૫

ભી આગ હુઈ ઠંડી જે ફારસીયોં કેરી,[1]
જે હઝાર બરસસું આગ થી રે સવેરી. ૫

વે કદી ના બુઝીથી એતે બરસોં કે માંહા,
અને ઔરભી આફત કુછ પહોંચીથી રે નાંહા. ૭

વે આગ બુઝી ઉસ રાતે ફના રે હો ગહી,
એક ચિણગી પણ આગસું કુછ જીવતી ના રહી. ૮

નૌશેરવાન કેરા મોહોલ ભી ધુજાયા,
જે ઉસ રે મુલકકા પાદશાહ કેલાયા. ૯

સો ધુજને કંગુરે સબ મોહોલ કેરે ગીરીએ,[2]
સુન ખાતિમ નબી રબ અયસે રે કરીએ. ૧૦

બુઝુરજમેહર વઝીર થા ઉસ પાદશાહ હો કેરા,
નૌશેરવાં ને પુછા ઉસે બુલા રે સવેરા. ૧૧

ઉને નજૂમસુ કહયા જનમ સુલતાન અંબીયા,
અયસા બયાન વઝીરને તબ પાદશાહસુ કીયા. ૧૨

---

૧–ઇરાનીયોની, કે જે આગની તેઓ પુજા કરતા અને કદી આગ બુઝવ્વા દેતા નહીં, તે હ૦ સલ૦ની પયદાઇશ વખ્તે એકાએક બુઝાઈ ગઈ. ૨–તે સમયે ઇરાનમાં નૌશીરવાન આદિલની રાજ્ય સત્તા હતી. તેનો લકબ કિસરા હતો. તેનો મેહલ પણ ધ્રુજી ગયો હતો.

તબ નૌશેરવાન ડરીઆ જે પાદશાહ કેલાતા,
તો નબીકે જનમકી દેખો કયસી હુઈ રાતા. ૧૩

ભી સુકા દરીયા જે સાવત નામા, ¹
કે કાફિર વાં જાતે પુજા કેરે કામા. ૧૪

સમા ડુંગર હુટા પુજા કાફિર થે કરતે,
ગિરા ભાગે પથરે ડર મન બહોત કરતે. ૧૫

દેખો હુવા હય હલકારા જીનોં કેરે માંહા,
ભી બીર ને ભૂત ધુજે, થર રહયા રે કો' નાંહા. ૧૬

ભી બીબી કેરે ધરકુ તારૂં રોશની કીતી,
એ ખાસે બંદોં સુનકર ચિંતા યું મન દીતી. ૧૭

રે તૂહી.

પત્થર સબ ઉંધે કીયે, ઈબ્લીસ હુવા ગમનાક રે,
ઈબ્લીસ હુવા ગમનાક,
આગ બુઝી મોહોલ ઉંધાઈયા, નબી જનમકે બાકરે, ²
નબી જનમકે બાક.

## ૧૨૯

જબ જનમકા વખત નઝદીક રે આયા,
તબ દસ હૂરાં આઈયાં બીબીએ એતા રે બતાયા. ૧

મુંહ થે ઓનુ કેરે લાલ, થા જમાલ અપારા,
હૂરાં રબ અયસી ભેજી કર નબીજીકુ પિયારા. ૨

બીબી આમેનાએ પુછા તમે કોન હો રે ઝાતી,
મુજે ડર હય લાગતા તમે કહો ને બાતી. ૩

૧-ઇરાનમાં સાવત નામની એક નેહેર હતી. ૨-ડરથી

તબ ઓનુ કહયા બીબી હમ હૂરાં હંય જે નામા,
નબી જનમ કાજ આઈયાં હમે ઈસ ઠામા. ૪

ભી આસમાનસુ ઔરતાં ચાર આઈયાં રે અવરાં,
તબ ભી બીબી દેખ ડરે મન કીતી રે ફિકરા. ૫

કદી મક્કે માંહે તમુકુ મંય દેખીયાં રે નાંહા,
તમે કહોને કોન હો તમે રેતીયાં હો કાંહા. ૬

બીબી આમેનાએ પુછા યું ડર મન કીતા,
તમે ડરો ના રે બીબી ઓનું જુવાબ એ દીતા. ૭

વે દાદી હવ્વા થે એક રે ઠામા,
ઉમ્મે બશર[1] જિનું કેહતે હંય રે નામા. ૮

તબ ઓનુ કહયા ડરોના બીબી હવ્વા મેરા નામા,
મંય ખાતિમ નબીકે આઈ જનમકે કામા. ૯

દુજીએ કહયા મંય તો બીબી સારા,
મંય મા ઈસ્હાકકી જે ભાઈ દાદેકા તમારા. ૧૦

ભી તીજી ને કહયા મેરા હાજરા હય નામા,
મા ઈસ્માઈલકી આઈ જનમ કે કામા. ૧૧

ચોથી બીબી જે થે મરીયમ કહીએ,
મા ઈસા નબીકી જિનુ રે લહીએ. ૧૨

એ બીબીયાં રે ચારોં બહોત બાસના લાએ,
ઓનુ અપને નબીજીકુ લે સારે રે નિલાએ. ૧૩

ઉસ બાસના સું નબી તન રે બસાયા,
અને નબીયુલ્લાહ નામસુ સબું નામ રે બતાયા. ૧૪

૧–ઇન્સાનોની મા.

તુરત નબીજીએ સિજદા ગુસલ હેતે કીતા,
દેખો નબી રે બનાયા કયસા અપને મીતા. ૧૫

કહયા ઈલાહી તુ બખશે ઉમ્મત મેરી,
રબ તોબ્બાહ રે કબૂલે તુ ઓનુકી સવેરી. ૧૬

નબી જનમ રે હોતે ચિંતા ઉમ્મત યું કીતી,
તો સમજુ હો ઉમ્મતી એતી બાત ચંત દીતી. ૧૭

રે તૂહી.

નબી નિલાએ ગૈબીયું, દીતી તન બોત બાસ રે,
દીતી તન બોત બાસ;
નબીએ તુરત સિજદા કીયા, ઉમ્મત છુટક આસ રે,
ઉમ્મત છુટક આસ.

## ૧૨૯ અ.

### —: રા અ :—

ટોલી મુનાફિક મૂમિના સુનો એક બાત,
મોહંમદ સુલતાન અંબીયા એ બુઝરૂગ ઝાત. ૧

જનમ હોતે કીયા સિજદા દુઆ ઉમ્મત કાજ,
રબ દેખો કયસા દીયા હો જગ માંહે રાજ. ૨

અયસા નબી કોઈ ના હુવા પેહલે નબીયોંકે માંય,
રસૂલ પેહલે બહોત હુવે પણ અયસા કો' નાંય. ૩

દેખી ઈસાએ તારિફ ઉમ્મત નબી કેરી જાન,
ઈન્જીલ કિતાબ પઢતે ઓનું સુની રે માન. ૪

દેખના ઉસ ઉમ્મતકા રબ દીજે તુ મુજે,
દુઆ તુ મેરી કબૂલ એ પાકી હય સબ તુજે. ૫

અયસી દુઆ માંગી ઈસાએ ઈસ ઉમ્મતકે કાજ,
વે મુહંમદ સુલતાન અંબીયા જિનુકા રાજ હય આજ ૬

તો તમો ક્યું ના હો ઉમ્મતી અયસે નબીહો કેરે,
મુનાફિક બોલ સિખાવના તમે સુનો સવેરે. ૭

દીનકા બતાનાર કોનથા તમે કહો તમારા,
મુનાફિક કીયે રે તમંના દોઝખ ઘર સવારા. ૮

જે થા ઉસે તુમ હો જાનતે મંયભી જાનુ સહી,
હમુ તમુસુ એ બાતડી કુછ છુપી નહી. ૯

દોસો બરસકી એ બાત હય કે સવા દોસો જાન,
ભી પચવીસ અદકે કરો જો શમ્સ તાંએ માન. ૧૦

અઢીસેં બરસકી હય બાતડી તમે સુનો રે સવેરી,
હમું તમુંસુ તિલ જેતી નાંહી છુપી અનેરી. ૧૧

ઉસકે કહેસુ ભુલે ફિરો કયસે છોડો ના ક્યું બાત,
અબ કહો ઉસકા મરતબા કયસીથી રે વે ઝાત. ૧૨

કહયા નબી બિના અવરકા માને મુસલમાન નાંહા,
માને મુસલમાન વે સહી નબી કિતાબ માંહા.[૧] ૧૩

તો ઉસે નબી તુમ ના કેહ સકો એતો સાચી હય બાત,
અબ તુમતો કયસે કહો ઉસકી કયસી હય ઝાત. ૧૪

અવતાર કાફિર હંય માનતે ભી જગ ગૅાર નામ,
બેદ ઉસ જગ ગૅારકે પઢે જૈસે કીયે ઓનુ કામ. ૧૫

૧—હ૰ પયગમ્બર સલ૰ના ફરમાન પ્રમાણે ન ચાલે, નમાઝ, રોઝા, હજ જેવા ફર્ઝોને અદા ન કરે, વળી તેમના સંબંધી ખોટા અકીદા ધરાવે, કુરઆન અને હદીસો પ્રમાણે અમલ ન કરે તો તે મુસલમાન કહી શકાય નહીં.

અવતાર જગ ગૉર ઉસકુ તુમ કેહ ના સેકોગે,
જુવાબ્ અબ મુનાફિકો તુમ કયસે કરોગે. ૧૬
જો તમે ઉસકુ મખી કહો તો વે હો નાંહી સકતા,
જો જગ ગૉર પાસે મખી હોતા વેતો સુન કામ કરતા. ૧૭
બેદ મુખી કેરા કાફિરા કબૂલે હંય નાંહા,
એતી બાતાં હંય કાફિરં કેરે દીનકે માંહા. ૧૮
અબ બતાઓ મુનાફિક તમે દીનકી ઠામા,
કોન થા બતાનાર રાહકા ઉસકા લો તુમ નામા. ૧૯
કબૂલ ના હિંદુ કરે મુસલમાનભી નાંહા,
તો દૂર હુવે તુમ જગમાં દોનો ટોલીકે માંહા. ૨૦
દોનો તરફાં માર માર કરે એતબાર એ તુમારા.
શરમ હોવે તો ડૂબ મરો મેણા સુનો હમારા. ૨૧
લા'નત લાગી રે તમંના મુનાફિક કેરે કામ,
કે ભૂંડકે બચ્ચે તુમ બાહીએ નબી નસલકે ઠામ. ૨૨
તો કયું ના પડે માર તમના ઈસ જગકે માંહે,
હિંદુ મુસલમાન કોઈ તમું પેઠને દેવે રે નાંહે.[1] ૨૩
ભઠ જીવના તુમારા ઈસ જગકે રે માંહા,
મારે હિંદુ ને મુસલમાન વે ખબર નાંહા. ૨૪
ગૅલા હોતા હય અમલસુ વે હય શુધ માંહી આતા,
અમલકુ ઉતરે પિછે વે હય પછતાતા. ૨૫
તુમ જયસા ના કો' બેશરમ હજુ લાજ ના આવે,
દીન હોકર પકડ રહે અને મૂળ ના પાવે. ૨૬

૧–ન હિંદુમાં કે ન મુસલમાનમાં એવી તમારી માન્યતા હોવાથી બન્ને તરફ કોઇ એતેબાર કરે નહીં. એ કામ મુનાફિકોનુંજ છે.

એતી નસીહત કાનમાં લેજો આપ તુમારે,
તો અકકલ તિલ જેતી નાંહી તમે સુનીયો સારે. ૨૭

## ૧૩૦

બરસ ફીલોંકા[1] જિસકા રે નામા,
જનમ નબીકા ઉસ બરસકે ઠામા. ૧

જે અબ્રહા લશ્કર લે મકકે પર થા આયા,
જે લશ્કર અસવાર ફીલોંકા કેહલાયા, ૨

તબ હમલ બીબીકુ થા નબીજી જે અપના,
કલમા તઈયબ જિસકા હય જપના. ૩

સો દોસ્તી નબીકી અમન મકકેકુ દીતા,
કયસા નબી દેખો બનાયા હય મીતા. ૪

નજ્જાસી પાદશાહ મર હુઆ રે ફના,
નૌશેરવાન પાદશાહી એભી લીતી ઉસ દના. ૫

તો નૌશીરવાંકી પાદશાહી હુઈ મકકે કે તાંહા,
તો જનમ નબીકા હુવા ઉસ રાજ માંહા. ૬

નૌશેરવાં જે પાદશાહ આદિલ કેહલાયા,
બરસ નબીરે જિનકા ઈસ રાજ માંહે આયા. ૭

અપને નબીને કહયા હુવા જનમ મેરા,
વે આદિલ પાદશાહકે રાજમાં અનેરા. ૮

તો નૌશેરવાંકે અદલમાં કુછ શક રે નાંહા,
જો હુઆ ફરસુદા નબીકા ઉસ્કે દિલકે માંહા. ૯

---

૧–મકકા ઉપર હાથીયોના લશ્કર સાથે ચઢાઈ થઈ હતી તેને ફીલોનું વરસ કેહવામાં આવે છે.

સુનો જનમ નબીકા દાદે ગોદ માંહે કીએ,
હઝરત અબ્દુલ્લાહ પેહલે ફૌત હુવે થે લહીએ. ૧૦

હય અબ્દુલ મુત્તલીબ નબી દાદે કેરા નામા,
હુવા જનમ નબીકા ઓનુ ગોદ માંહે ઠામા. ૧૧

સુનો અકીકા નબીકા અબ્દુલ મુત્તલીબે કીતા,
સો દિનરે સાતમાં બાઝ જનમ કે લીતા. ૧૨

તબ બડે બડે કુરૈશી ઓનુ કીએ રે મેહમાના,
જાં અકીકે કા નામા સહી મુંડના પિછાના. ૧૩

જબ ફારિગ હોવડે ખાના ખાને કેરે કામા,
તબ સબુને પુછા અપને નબીજીકા નામા. ૧૪

અબ્દુલમુત્તલીબને કહયા તબ નામ મોહંમદ ધરીયા,
એ બયાન સુન બંદોને સોચ યું મન કરીયા ૧૫
રે તૂહી.

ફીલોં બરસ જે નામ હય, નબી જનમ તબ જાન રે,
નબી જનમ તબ જાન,
પાદશાહ થા નૌશેરવાં, આદિલ જિસ્કુ નામ રે,
આદિલ જિસ્કુ નામ.

૧૩૧

બની સાદકે કબીલેસુ એક ઔરત કહીએ,
સો બીબી હલીમા નામ રે લહીએ. ૧

અબી જોવેબ ઉનકે બાપ કેરા નામા,
વે બસતે ગામડેમાં નાંહિ શેહરકે ઠામા. ૨

વે હટારણે શેહરમાં સગલે ગામડીએ આતે,
કાફ્લેસુ આતે અયસે સુને હંય જાતે. ૩

તો બીબી રે હલીમા થે મક્કે માંહે આયે,
તબ દૂધ કાજ નબી ઓનુ બીબીકુ સોંપાયે. ૪

અયસી રીત થી આરબકી લડકા પાલને દેતે,
સો ગામડીએ શેહરમાં આવ લડકે લેતે. ૫

ભી ઓખદ નંનુકા હોતા ગામડીએ પાસા,
ખૂબ ખિદમત કરતે વે હોકર દાસા. ૬

સો અપને નબીકુ સોંપે ઉસ બાત લીતે,
સો બીબી હલીમા કે હવાલે રે કીતે. ૭

દેખો બીબી રે હલીમાને કહી મોજિઝેકી બાતી,
વે સુને હો જયસી સહી લિખી રે ઝાતી. ૮

બીબી હલીમા હંય કેહતે દૂધ થોડા થા મેરા,
તો લડકા મેરા ભૂખું રોતા રે બહોતેરા. ૯

પણ લોભકે કાજ લડકા કુરૈશીકા લીયા,
બાઝ સોચ તો દૂધકા બહોત મન માંહે કીયા. ૧૦

પિછે લડકા કુરૈશી મુજે ગોદ માંહી આયા,
તબ ચુચીયાં દોનોમાં મુજે દૂધ રે ભરાયા. ૧૧

તબ કુરૈશીને પીયા વે દૂધ પેટ ભરકર,
મેરે બેટેને ભી પીયા વે રીતા મનધર. ૧૨

અને દૂધ પી હો સુતે દોનો રે ખુશાલા,
પેહલા બેટા ના રે સોતા મેરા ભુખ કે હાલા. ૧૩

પેહલા દૂધ બિના લડકા મેરા ભુખ્યા થા રેહતા,
વે રાતકુ ના સોતા ભુખ્ય બહોતેરી સેહતા. ૧૪

ભી એકથી ઉંટડી સાથ રે હમારે,
ઉસે દૂધ થા સુકા ભુખે રેહતે હમ સારે. ૧૫

ભુખ્ય લાગી હમુ દોનોકુ પાસ ખાનેકુ થા નાંહા,
તબ નઝર કીતી મરદને ઉંટડી ચુંચીયોંકે માંહા. ૧૬

તબ ઉંઆડા ભરાયા દેખા ઉંટડી હો કેરા,
તબ હો ને ખુશાલા ચંત દીયા યું સવેરા. ૧૭

રે તૂહી.

દૂધ પિલાનાર નામ હંય, બીબી હલીમા જાન રે,
બીબી હલીમા જાન,
ગામ આપસકે લે ગએ, નબીકુ સહી માન રે,
નબીકુ સહી માન.

## ૧૩૨

બીબી હલીમાંકે મરદને ઉસ ઉંટડીકુ દોઈ,
દૂધસુ બાસન ભરીયા બહોત ખુશાલી હોઈ. ૧

તબ દોનુને પીયા વે દૂધ પેટ ભરકર,
તબ કરારસુ સુતે નિંદ સુખકર. ૨

બહોત ભુખ્ય રેહતી પેટમાં વે ઉસ દિન ખોઈ,
વે ઉંટડી દૂધસુ અયસી કભી નાં થી દોઈ. ૩

પિછે મક્કેસુ ચલીએ તરફ આપસકે ગામા,
બીબી હલીમા કેરી થી જાં રેહનેકી ઠામા. ૪

તબ ઉંટડી ઉપર બીબી ભએ અસવારા,
બૈઠે નબીકુ લે ગોદમાં કર બહોત પિયારા. ૫

તબ કુવ્વત ઉંટડીકુ હુઈ રે બહોતેરી,
તબ પગ લાગી મારને રાહા કાટી રે સવેરી. ૬

દુજે ચારૂંઆંકે અસવાર જે થે કાફિલે હો કેરે,
અજબ રે હુએ ઉસે દેખ ને બહોતેરે. ૭

કે ચારૂઆં કિસીકા ઉસે પહોંચે રે નાંહા,
અયસી ચલે રે ઉંટડી બહોત રાહકે માંહા. ૮

તબ કાફિલેને પુછા નાંહી પેહલી એ તાની,
દેખો કયસી કુવ્વત આઈ કે સબોં ના પિછાની. ૯

તબ બીબીને કહયા મુજે સોગંદ અલ્લાહકી,
એ પેહલી હય ઉંટડી જે થી રે સદાકી. ૧૦

પિછે જાકર પહોંચે જાં ઓનુ કેરા ગામા,
બહોત થા રે દુકાળ ઓનુ ગામકે ઠામા. ૧૧

ભી અવર મુલકમાં અયસા દુકાળ થા નાંહા,
જયસા થા રે દુકાળ ઓનુ મુલકકે માંહા. ૧૨

જબ એ રે નબીસુ ડેરે અપને ગહે,
તબ આરામ પાયા બહોત સુખસુ રહે. ૧૩

તબ બકરીયાં ઓનુકીયાં લાગી પેટ ભરાને,
અને અવરેંકુ તરના ના પાતા રે ખાને. ૧૪

તબ બકરીયેં કેરા દૂધ બહોતેરા દેતે,
તબ કેહતે દૂધ પી ખુશાલ રે હોતે. ૧૫

રે તૂહી.
નબીકુ ડેરે લે ગએ, પાયા બહોત સુખ ચેન રે,
પાયા બહોત સુખ ચેન,
બીબી હલીમાસું સહી, લિખે ચુનચુન કૅન રે,
લિખે ચુન ચુન કૅન.

## ૧૩૩

બીબી હલીમાકા ખાંડુ[1] દૂધ દેતા રે બહોતેરા,
સબુ આંખ રોશી કીતી એ દેખને અનેરા. ૧

કે બકરીયાં દુજેંકી ટીપ દૂધ રે ના આતા,
કે તરના ખાનેકુ ના ઘાસ કેરા પાતા. ૨

સબ આપસ પેડારોંકુ યું ગુસ્સેસુ બતાતે,
ખાંડુ હલીમાકા જાવે નાંહે વાં કયું ચરાતે. ૩

જબ દો બરસ કેરે નબી હુએ કહીએ,
તબ ખેલને જાતે ભાઈ હમશીરેસુ[2] લહીએ. ૪

જે ધાવસુ હોવે વે હમશીર નામા,
વે ભાઈ રે કેહલાવે દૂધ પીના એક ઠામા. ૫

જાં બકરીયાં બૈઠતી જે બેસરાન ઠામા,
નબી હમશીર સુ જાતે વાં ખેલને કામા. ૬

સો એક દિન હમશીર વાં સુ દોડા આયા,
બીબી હલીમા ને બાપ પાસ અચરાી ખબર રે લાયા. ૭

કેહવે ભાઈ અપના જે કુરૈશી નામા,
દો મરદોંને પકડા ઉસે ઓસહી ઠામા. ૮

૧–બકરીયો વીગેરે. ૨–દૂધભાઈ.

ઓનુ મરદોને કપડે હંય ઉજલે પેહને,
મંય બેગેસુ આયા એ ખબર કેહને. ૯

ઓનુ મરદોં વે ભાઈકુ હય ચિતા સુલાયા,
અને પેટ હય ચિરા ભાઈકા અયસા દેખાયા. ૧૦

અને પેટ ચિર ભાઈકુ ભૂ માંહે લોઢાતે,
બીબી હલીમા ડરે એ બાત રે સુણાતે. ૧૧

બીબી હલીમા બાત સુન દોડ કર આયે,
આવ અપને નબીકુ વાં ઠાડે પાયે. ૧૨

પણ મુંહ કેરા રંગ કુછ ઉડ રે ગયા થા,
જું ડર સુ રે હોવે અયસા હાલ રે લહયા થા. ૧૩

બીબી હલીમાને પાસ આવ બહોત દિલાસા દીતા,
લે નબીકુ ગોદમાં બહોત પિયારજ કીતા. ૧૪

હે દીન કેરે ભાઈઓ એ કાન ધર સુનના,
નિસ દિન ઈતના સહી મન માંહે ધરના. ૧૫

રે તૂહી.

નૂરી આયે દોનો નબી પાસ, કરને નેકજ કામ રે,
કરને નેકજ કામ,
જાં નબી જાતે ખેલને, બકરીયાં બેઠને ઠામ રે,
બકરીયાં બેઠને ઠામ.

૧૩૪

લે નબીકુ ગોદમાં પુછી હલીમાને બાતી,
કહયા આઝાર હય પહોંચા કુછ તુમારી ઝાતી. ૧

તબ નબીજીને આખ્યા દો મરદ થે આયે,
ઓનુ ઉજલે થે કપડે પેહને અયસે રે બતાયે. ૨

ઓનુ મરદોંને આવકર મેરા પેટ રે ચિરાયા,
ભી કુછ બસ્ત[1] લે ઉસ ભીતર ભેલાયા. ૩

વે કયા થી રે શય મંય નાંહી જાનતા,
કુછ રંગ ને ભાત નાંહી ઉસકી પિછાનતા. ૪

તબ હલીમા લે નબીકુ ડેરે અપને આયે,
અને ખસમ[2] આપસકે કુ નબીકુ દિખાયે. ૫

તબ ધણીને કહયા બીબી ડરતા હું મંના,
કે કુરૈશીકો આઝાર[3] રખે હોવે એક દંના. ૬

એ લડકેકી બાત હય અજબ દેખાઈ,
હય ફિકર બાતકી મુજે દિલ માંહે આઈ. ૭

તો કુરૈશીકુ બીબી લે ઓનુકી માકુ જા પહોંચાહો,
કુછ આઝાર હોવે ઉસ પેહલે જા મેલાહો. ૮

તબ બીબી રે હલીમા વાંસુ નબીકુ લે ચલે,
આવ મક્કે માંહા બીબી આમેનાકુ મલે. ૯

બીબી આમેનાને કહા દાઈ પિછા કયું લાએ,
તુમ લે ગએ થે લડકેકુ બહોત દિલ કેરે ચાએ. ૧૦

તબ બીબી હલીમાને બાત સબરે આખી,
વે પેટ રે ચિરનેકી સબ નિશાની દાખી. ૧૧

બીબી આમેનાને કહયા ખા સોગંદ ખુદાકી,
ઈસ લડકેકુ ખૂબી હય સુન જનમ સદાકી. ૧૨

૧–ચીઝ. ૨–ખાવિંદ. ૩–દુઃખ.

એ જનમ રે હોતે નૂર રોશની દેખાયા,
મુલક બસરા ને શામમાં વે નઝરૂં આયા. ૧૩

જનમ હોતે હાથ થે દોનો ઝમીંકુ લગાએ,
અને તરફ આસમાનકી સર ઉંચા થે લાએ. ૧૪

દાઈ એ હય અયસા દરદ ઉસે પહોંચે નાંહા,
પિછે ખુશી રે તુમારી છોડ જાઓ મેરે ઘર માંહા. ૧૫

બીબી આમેનાને વિદાઅ કીએ દાઈકુ કેહ એતી બાતી,
એ સુનકર કહીએ દિન ઔર રાતી. ૧૬
રે તૂહી.

શિકમ[1] નબી કુછ ભરીયા, ઉમરથી બરસ હોય રે,
ઉમરથી બરસ હોયં,
ના જાને કો' કયા બસતથી, જાને લાએ સોય રે,[2]
જાને લાએ સોય.

## ૧૩૫

ભી સુવયબા પિછે દૂધ નબીકુ પીલાયા,
વે બાંદી અબૂ લહબકી નામ સુવયબા ધરાયા. ૧

અમીર હમઝાને દૂધ નબી સાથે થા પીયા,
એ સુવયબાકુ ધાવે દોનુ સુન યું લીયા. ૨

પિછે આબા સલીમ બાંદી અબદુલ્લાહકી જાનો,
જે અબલ અસદ કેરા બેટા રે પિછાનો. ૩

ભી ઓને દૂધ અપને નબીકુ દીતા,
એ સુનકર લિખીયા જે સહીકર લીતા. ૪

૧–પેટ. ૨–શું ચીઝ પેટમાં ભરી તે લાવનારજ જાણે.

થી હબશાની બાંદી ઉમ્મે ઐમન નામા,
સહી નબીકી ખિદમતકા ઉને કીયા બહોત કામા. ૫

સહી પરવર સઉને અપને નબીજીકુ કીએ,
સો જાં તાંએ નબી બડે રે હુએ. ૬

બાઝ નબીને ઉસકુ થી આઝાદ કીતી,
ઉસે ઝૈદ બિન હારીસસુ મંગની કર લે દીતી. ૭

થી ઉમ્મે ઐમન બાંદી નબીએ વારસેમાં પાઈ,
બાઝ ઉસામત નામ તો ઓને બેટી જાઈ. ૮

દેખો નબી કેરે બાપ હઝરત અબ્દુલ્લાહ કહીએ,
વે નબી થે હમલમાં ફૅાત હુએ તબ લહીએ. ૯

જબ છે બરસકી ઉમર નબીકી હુઈ,
બીબી આમેના ને નબીકે તબ હુઈ રે જુદાઈ. ૧૦

તબ ફૅાત હુવે બીબી જે આમેના નામા,
મા અપને નબીકી જે શફાઅતકા ઠામા. ૧૧

તમે દેખોને નબીજી યતીમ કેલાએ,
અને અબ્દુલ મુત્તલીબકી ગોદમાં રખાએ. ૧૨

દેખો સુરીજન હારા કયસા રે ચાહવે,
સો શિશ રે નબીયોંકે કયસી સખ્તી બનાવે. ૧૩

તો ચારા અવરકા ઉસ જાગો રે નાંહા,
વે કાદીર હય કરતા જે આપ મન માંહા. ૧૪

વે સુરીજન અયસા હો બંદે રહીએ,
હો ગરીબ આપ મન નિત ઈતના કહીએ. ૧૫

રે તૂ હી.
યતીમ નબી ખાતિમ કીયે, અયસા સુરીજન હાર રે,
અયસા સુરીજન હાર,
જગકા ઉલટા રંગ હય, રબકા દુખમાં પિયાર રે,
રબકા દુખમાં પિયાર.

## ૧૩૫ અ.

## -: રૂ બા ઈ :-

યતીમ કીએ રે નબી અપને, અયસા હય અયસા એ રબ રે,
જિનુંકે કાજ રે પયદા કીયા, આસમાન ઝમીં તાંએ સબ રે. ૧

યતીમ તો વયસે નબી કીયે, અવરાંકુ કયસા ગુમાન રે,
લાઓબાલી દરગા એ સુરીજના, બંદા બંદા હોને પિછાન રે. ૨

દુનીકેરે ઢંગ પિયાર રબકા, હોનોકા ઝિદ[1] કા બિચાર રે,
સુખ પાવે રે સહી દુરીજના, દુખ જિસે રબકા પિયાર રે. ૩

મુનાફિક રખે તેરી ઝાતકુ, જાન જાન અયસા બિચાર રે,
મકાન પેહલા તો તેરા દેખીએ, નાંહે આખિર કરાર રે. ૪

દોઝખ મુનાફિક કાજ હય, સુન સુન અઝાબકી રીત રે,
સો ડાલને મુનાફિક કાફરાં, રબસુ ના રાખી જે પીત રે. ૫

આગકા અઝાબ અંતે ધણા, કેતાક લિખું તુ જાન રે,
અઝાબ જો વે સુનતે ડુંગર, ગિરતે ટુકડે હો માન રે. ૬

જનાવર ઢોર જો સુનતે, ના તરના ખાતે વે ઘાસ રે,
દોઝખ દેહશતસુ વે મરતે, નિસાસે નાંખ નાંખ સાંસ રે. ૭

૧—અલ્લાહથી મોહબ્બત કરનારાઓની દુન્યામાં કસોટીજ થાય છે. દુન્યાની મોહબ્બત અને અલ્લાહનો પિયાર એ બે એક બીજા વિરૂધ્ધજ છે.

તો દુનિમાં નાંહિ તુજે કસની, સબ તરફ જાન રાજ રે,
પાણી ના પાવે સાયા રેહનેકુ, ખાનેકુ ના પાવે અનાજ રે. ૮

તોભી તુજે રાજ દુનિ માંહા, ભુંડી હય દોઝખ તેરી ઠામ રે,
તાંબેકુ ગાલને પિલાએસી, અવર અઝાબ અનંત નામ રે. ૯

તો તુ ને કયું બરાબર હોવે મૂમિના, જિસ્કી તો જન્નત ઠામ રે,
અનંત ખૂબી કીતી ઉસમાં, કેતેક લિખું મંચ નામ રે. ૧૦

એક ઘડી બહિશ્તમાં સુખકી, દુનિમાં ના કુછ વૈસા જાન રે,
પાદશાહી જો કરે મૂમિના, તોભી બંદીવાન માન રે. ૧૧

પાદશાહકુ ભી આસ બહિશ્તકી, દુખ ને સુખકી વે રીત રે,
તો ભાકસી દુનિ સહી મૂમિના, બિગત અદકી ને ઓછી પીત રે. ૧૨

## ૨૩૬

હુઈ ઉમર નબીકી બરસ આઠ દો માસા,
ભી દિન દસ અદકે હુવે ઉમર કે ખાસા. ૧

તબ અબ્દુલ મુત્તલીબને વફાત રે પાઈ,
તબ નબી ને દાદે કે દેખો હુઈ રે જુદાઈ. ૨

ભી દાદા કીએ ફૉત અયસા સુરીજન હારા,
તો ઉમ્મતી હોકર બંદે રહીઓ રે બિચારા, ૩

તબ અબૂ તાલિબ વાલી રે કેહલાએ,
જે ચિચા રે નબી કે કિતાબું લિખાએ, ૪

હઝરત અબ્દુલ્લાહકે ભાઈ જે થે રે એક માઈ,
ઓનુ નબીજી હો કેરી બરદાશ્ત ઉઠાઈ. ૫

રબે હલીમી ને ખસલત ખૂબ નબીકુથી દીતી,
સો ખલક સબોંને બહોત તારીફ કીતી. ૬

સબ અમીન તો કેહતે અપને નબીજીકા નામા,
સહી અમીન કેહ બુલાતે સબ મક્કે કે ઠામા. ૭

દેખો સુલતાન અંબીયા રબે કયસા હય બનાયા,
દેખો થોડી રે ઉમરમાં નામ અમીન ધરાયા. ૮

જબ મહીને દો બાર બરસ હુવે દસ દંના,
એ રે ઉમર નબીકી જબ હુઈ સુનો મંના. ૯

તબ સાથ ગએ ચિચા કે જે અબૂ તાલિબ નામા,
સો સોદાગરી કાજ જિધર મુલક રે શામા. ૧૦

પિછે પહોંચે જાગોકા જાં બસરા થા નામા,
બહીરા રાહિબ રેહતા ઉસ રે ઠામા. ૧૧

વે બહીરા રાહિબ થે જે તપીઆ કેલાતે,
વે જંગલમાં રેહતે સુખ દુનિકા ગમાતે. ૧૨

પિછે કુછ કે નજૂમી ભી થે રે વે કેલાતે,
વે નજૂમ સુ વે ખબર થી કુછ લોકોંકુ બતાતે. ૧૩

વાં કાફ્લેને જાકર લીઆ રે મુકામાં,
જાં બહિરા રાહિબ રેહતા જિસ ઠામાં. ૧૪

એ બયાન સગળા મન સહી ધર સુનના,
અને સુન સુન ઈતના નિસ દિન મન ધરના. ૧૫

રે તૂહી.

નેક ખસલત દીતી રબને, અમીન ધરા નામ રે,
અમીન ધરા નામ;
કે અમીન નબીકુ જાનતે, સબ મક્કે કે ઠામ રે,
સબ મક્કે કે ઠામ.

## ૧૩૭

બહીરા રાહિબને દેખે જબ નબી અપના,
કલમા તઈયબ હય જિનકા રે જપના. ૧

સિફ્ત નબીયોંસુ ઓને નબીજી પિછાને,
કાફ્લેકે લોક સબ થે રે અંજાને. ૨

આવ હાથ નબી પકડે ઓને ઈતના કહયા,
એ હય રસૂલ ખુદાકા મંય સહીકર લહયા, ૩

એ હોવેગા નબી સહી રહમત હંય માનો,
સુનો કાફ્લા સગળા તમે અયસે રે પિછાનો. ૪

તબ કાફ્લેને પુછા ઓસે તેં કયું જાના,
તુ કેહને હમુકુ ઉસ બુઝેકા બયાના. ૫

તબ બહિરા રાહિબને કહયા મંય યું જાના,
મંય ધાટીથી ઉતરતા એ કાફ્લા પિછાના. ૬

તાં ઝાડ ને પત્થર દેખે સિજદા કરતે,
સો ઉસ લડકે કે થે પગું સબ પડતે. ૭

સહી નબી બિના સિજદા કરે કિસે નાંહા,
હય અયસા હમારે લિખ્યા કિતાબ કે માંહા. ૮

ફિર બહીરા રાહિબને અબૂ તાલિબકુ કહયા,
એ સગા હય તુમારા યું પુછ પાસે ગયા. ૯

અબૂ તાલિબને ભતીજા કર કહી ઉસે બાતી,
કે એ ભાઈકા બેટા હમ કુરૈશી ઝાતી. ૧૦

તબ બહીરા રાહિબને આખ્યા એ હય દોસ્ત તમારા,
અબૂ તાલિબને કહયા મેરા બહોત હય પિયારા. ૧૧

તબ સોગંદ ખુદાકી ઉસ તપીએને ખાઈ,
નિગેહબાની નબી કેરી ઝાતકી બતાઈ. ૧૨

સહી ઉનકુ મારેંગે લોક જે મુલક શામા,
બહોત યહુદીયોંને નબીયોંસુ અયસે કીયે હંય કામા. ૧૩

બહોત નબીયોંકે દુશમન હંય જે યહુદી નામા,
વે બહોત રેહતે હંય શામ મુલકકે ઠામા. ૧૪

નિશાની નબીકી નાંહી ઓનુસુ છુપના,
વે જીવતા ના છોડે એ બોલ મન ધરના. ૧૫

અબૂ તાલિબને સુનકર એ નબીરે ફેરાએ,
સહી સાથ કિસે કર દે પિછે ડેરે રે ભેજાએ. ૧૬

રબે સુલતાન અંબીયા દેખો અયસા હય બનાયા,
તો ખાસે બંદો એ સુન મન લાયા. ૧૭

રે ⁝ તૂહી.

દીતી શાહેદી અવરાં, ખાતિમ નબી કે કાજ રે,
ખાતિમ નબી કે કાજ,
સિજદા ઝાડોંને કીયા, અયસા સબ પર રાજ.
અયસા સબ પર રાજ.

## ૧૩૮

બીબી ખદીજાને દેખી અપને નબીજીકી શાના,
તબ નૂર ને ઝહૂર તો બીબીને નબીકા પિછાના. ૧

તબ બીબીને રાખે કર નબી રે કામા,
વે સૌદાગરી કાજ શામ મુલક કે ઠામા. ૨

ભી મયસરા ગુલામકુ નબી સાથ લે દીયા,
સો બીબીને મનમાં અયસા સોચ કીયા. ૩

સબ હાલ રે નબીકા તુ દેખતા રહીએ,
મયસરા કુ બીબીએ એતી બાત રે કહીએ. ૪

તબ મયસરા લેકર નબી શામકુ સિધારે,
જે હબીબ નામા સહી રબકે પિયારે. ૫

તબ રાહા માંહે જાતે બયઠે ઝાડ કેરી છાંહા,
તપસીલા રાહિબ[1] કી તો થી રે ઓસ ઠાંહા. ૬

તબ મયસરે કે પાસે રાહિબ નીકલને આયા,
અને કૌન હય લડકા યું પુછને બતાયા. ૭

તબ મયસરેને કહયા એ કુરૈશી હય ઝાતા,
હય અહલ હરમ કે યું કીતી રે બાતા. ૮

તબ રાહિબે કહયા એ હય નબી દેખાવે,
નિશાની રસૂલકી સહી ઉસ માંહે પાવે. ૯

એ બયઠે હય નબી જિસ સાયે કે માંહા,
સહી નબી હો બિના યાં બયઠે કો' નાંહા. ૧૦

પિછે માલૂમ ના હુવા કે ઝાડ થા ઝેરા,
કોઈ બૈઠતા ના થા કે થી ઔર કુછ પેરા. ૧૧

જબ મયસરેકુ રાહિબને એ કહી રે બાતી,
તબ યાદ ઓને રાખી દિન ઔર રાતી. ૧૨

તબ નબીને ખરીદી વાં બસ્તુંકી કીતી,
જે બીબીને કહયા થા વે સબ શય લીતી. ૧૩

---

૧–ઇબાદત ગુઝાર–ઇસાઈઓનો ધર્મગુરૂ–જેનું નામ નસતૂરા હતું.

અને માલ જે સાથ થા વે જાકર બિકાયા,
ઉસકુ શામમાં બેચતે નફા બહોત થા આયા. ૧૪

પિછે કાફલા તો આયા ફિર મક્કે કે ઠામા,
વેહલા સૌદાગરી કેરા સબ કરને કામા. ૧૫

હો ફરિશ્તેભી નબીકુ આવ સાયા થે કરતે,
જબ નબીજી હો અસ્વાર ઉંટ પર ચડતે. ૧૬

બીબી ખદીજાકુ મયસરે ને સબ નિશાની દાખી,
તબ બીબીને સુનકર મન ફિકર યું રાખી. ૧૭

રે તૂહી.

સાયા નૂરી હો કરે, જબ નબી ભએ અસ્વાર રે,
જબ નબી ભએ અસ્વાર,
અયસા સુલતાન અંબીયા, કીયા સુરીજન હાર રે,
કીયા સુરીજન હાર.

## ૧૩૯

## હ૦ ખદીજા રદી૦ સાથે નિકાહ.

વે મતા બીબીને સબ મક્કેમાં બિકાઈ,
ઉસમાં બરકત નફેકી બહોત બીબીને પાઈ. ૧

પિછે નબીકુ તો બીબીને ભેજ આદમી બુલાયે,
સો બાત રે ખુશાલી બીબી મન માંહે લાયે. ૨

સુનો ચિચા કેરે બેટે બીબી યું કર કી બાતી,
સહી અલ્લાહને બનાઈ હય તમું બુઝરગ ઝાતી. ૩

મંય ચાહું તમુંકુ કરૂં કબીલા રે મેરા,
જુવાબ ભાઈ કે બેટે સુન હેઓને સવેરા. ૪

હંય તુમારી શાના બડી કુરૈશી કે માંહા,
તમે વચસે તો હો કૌમકે તમુ જયસા કો' નાંહા. ૫

ભી સગળે કૌમ મક્કેમાં તમ હો અમીના,[1]
રબે તબીયત ખુલક[2] નેક તમુકુ દીના. ૬

હો સાચે બોલે સાચી હય તમારી બાતા,
ભી અવર તારીફ્કી કુછ હિસાબ ના પાતા. ૭

મંય ચાહું હું કે બિયાહ મુજસુ કરો તુમારા,
તબ મન રે મેરા હોવેગા કરારા. ૮

બીબી ખદીજાને કીતી એતી નબીજીસુ બાતી,
કેહ કર ચાહે નબી અપની રે ઝાતી. ૯

બીબી થે બુઝરૂગ ઝાત કુરૈશીયોં માંહા,
અને માલ થા બહોતેરા અવર કીસીકુ થા નાંહા. ૧૦

વે માલ થા પેહલા અયસી બાત સહી જાની,
છુપી સમજુને બુઝી ઉસ કહેસુ નિશાની. ૧૧

વે માલકી ખાતિર બહોત થે કુરૈશી ચાહતે,
સો બાત રે બિયાહકી થી બહોત રે કેલાતે. ૧૨

પણ કેહના કિસીકા બીબીએ કબૂલા નાંહા,
પણ બુઝુર્ગી નબી બીબીએ ચાહી દિલ માંહા. ૧૩

એ નબીજીને આવકર બાત ચિચાઓંકો કહી,
ચિચા રે સબુને વે સુનકર લહી. ૧૪

તબ સબ ચિચા માંહેથી હમઝા સાથ થે રે આયે,
જે અમીર હમઝા ચિચા નબી કેરે કેલાયે. ૧૫

---

૧—અમાનતદાર. ૨-વર્તાવ અને ચાલચલણ.

સો ખોવયલિદ બિન હારિસકે આયે રે પાસા,
બીબી ખદીજાકી મંગની કરને રે આસા. ૧૬

પિછે ખોવયલિદ થે ખદીજાકે બાપકે ભાઈ,
એ મંય ખબર નાં પુરી રે પાઈ. ૧૭

કહીં દેખકર લિખેસુ સહી કરને લિખાહું,
હય ઉમ્મેદ ઈતના જો ઢુંઢતે પાહું. ૧૮

રે તૂહી.

બીબી નબીકુ ચાએકર, મંગની કીતી બાત રે,
મંગની કીતી બાત,
ઉમ્મત ઓનુકી હો રહીએ, એ હંય બુઝરૂગ ઝાત રે,
એ હંય બુઝરૂગ ઝાત.

## ૧૪૦

બાઝ અબૂ તાલિબ ઝાહિર હુએ ઉસ ઠામા,
સો અપને નબીકે બિયાહ કે કામા. ૧

અબૂ તાલિબને આવકર વાં નિકાહ પઢાયા,
સો સુન રે બયાન હય કયસા કરાયા. ૨

અલહમ્દો લિલ્લાહ ફરઝંદ હમે ઈબ્રાહીમ કીતે,
ભી રબને કુરૈશી નામ હમુકુ દીતે. ૩

અને ઈસ્માઈલ કેરી હમે ખેતી બાડી કીએ,
અને માઅદકે અસલસુ તેં હમુંકુ લીએ. ૪

અને મઝરકા અસલભી તેં કીયા રે હમારા, [૧]
અને બયતુલ્લાહકે મુજાવર તેં હમુંકુ સંવારા. ૫

૧–માઅદ અને મઝરના નામે આપ સલ૦ના ખાનદાનમાં બે મશહુર વ્યક્તિઓ થઈ ગઈ છે અને તેમના નામે મશહુર કબીલા પણ ઓળખાતા હતા.

તેં નિગેહબાન હરમ કે રબ હમુંકુ કીતે,
તેં અરકાન બયતુલ્લાહકે હમું હજ કાજ દીતે. ૬

અને હરમકુ કીતા હય રબ તેં અમાના,
હમેં લોકું પર હાકિમ તેં કીયે રે રહમાના. ૭

અબૂ તાલિબને સિફ્ત પેહલી રબકી યું કીતી,
પિછે તારીફ અપને નબીજીકી લીતી. ૮

મેરા ભાઈ કેરા બેટા હય મોહંમદ નામા,
દૂજા બરાબર ના હોવે ઓસસુ વઝન કે ઠામા. ૯

બહોત ભાઈ કેરા બેટા હય ભાઈ રે દેખાવે,
કોઈ અવર રે મરદ ઓસ તોલે રે ના આવે. ૧૦

અગર માલકી રે તરફ એ હય થોડા રે દેખાવે,
સહી માલતો હય છાહીયા જયસા રે કેલાવે. ૧૧

અને છાહીએ કુ તો જાતે કુછ બેર રે નાંહા,
દેખો અયસી તો બાત હય છાહીએ કે માંહા. ૧૨

એ હંય મોહંમદ જિસે જાનતે હો તમંના,
એ હંય કબીલા સહી જાનો હમંના. ૧૩

પેહલા ઈતના તો ખુતબા અબૂ તાલિબને પઢીયા,
ભી પિછે ખુતબા બીબી ખદીજાને પઢીયા. ૧૪

જે ખોવયલિદકી બેટી બીબી ખદીજા રે નામા,
સહી ઉનકા નબીસુ કીયા બિયાહ કેરા કામા. ૧૫

એ સુન સુન બયાન અપને નબીજી હો કેરા,
મન માંહે દીજે નિત ઉઠ ને સવેરા. ૧૬

રે તૂ હી.

ખોવયલિદ કેરી બેટડી, બીબી ખદીજા નામ રે,
બીબી ખદીજા નામ,
બિયાહ નબીસુ કીયા, મક્કે કેરે ઠામ રે,
મક્કે કેરે ઠામ.

## ૧૪૧

ભી મહરભી હૈ કર વાં ખરચ કીતી,
દસ ઓકીએ તો સોનેકે યું મહર દીતી. ૧

દીરહમ ચાલીસકા એક ઓકીયા કેલાયા,
ચારસો દીરહમકા ગણતે હિસાબ આયા. ૨

અપને રૂપીએ સૉ ઉપર ગણાવે,
દીરહમ ભનાતે એ હિસાબમાં આવે. ૩

એ બુઝરૂગ બિયાહ હુવા સબુસુ અઝીમા,
હબીબી જિસકુ આપ કહયા રે કરીમા. ૪

નબીજીકી ઉમર થી તબ પચીસ રે સાલા,
બીબી સાહિબકી ઉમરકા જાના અઠાઈસ હાલા. ૫

એતો ઉમરકા હય હિસાબ બતાયા,
મંય સહી લિખીયા જયસા કિતાબોંસુ પાયા. ૬

વહી નબીકુ બિયાહ બાઝ સહી આઈ,
સો પંદર બરસ બાઝ યું કિતાબોં લિખાઈ. ૭

બીબી ફૉત હુવે બાઝ નબીએ હિજરત કીતી,
સો તીન બરસકી મુદદત સુનકર લીતી. ૮

તબ નબીજીકી ઉમર હુઈથી ઓગનપચાસા,
અદકે ઉપર ભી આઠ રે માસા ૯

બીબી તો સાચે વઝીર નબીકે કેલાએ,
બીબી ખદીજા જે નામસુ રે બતાએ. ૧૦

જૂં આદમને કહયા થા મંય સઈયદ સબુંકા,
ફરઝંદ મેરા ખાકી નામ રે જિનુકા. ૧૧

મગર ફરઝંદ મેરા એક આગે રે હોવેગા,
ઉસે દો ફઝલ રબ અદકે દેવેગા. ૧૨

એક ઔરત ઓનુકી સહી વઝીર વે કેલાવે,
દૂજા હમઝાત શયતાન ઓનુકા એગાના હો જાવે.[1] ૧૩

અને મેરા તો શયતાન હય કાફિર કહીએ,
અને બઈયર મેરીસુ આઝાર પહોંચા મુજે લહીએ. ૧૪

કે ગેહુંકા દાના પેહલા હવ્વાએ ખાયા,
બાઝ હવ્વાકે કહેસુ આદમે દગા રે પાયા. ૧૫

એ નિશાનીકા બયાન થા પેહલા આદમે આખ્યા,
તો સુન સુન બંદોને યું સહી મન રાખ્યા. ૧૬

રે તૂહી.

બીબી સાદિક વઝીર થે, સુનો ખદીજા નામ રે,
સુનો ખદીજા નામ,
વે શાહેદી દીતીથી આદમે, લિખી કહીં કહીં ઠામ રે,
લિખી કહીં કહીં ઠામ.

---

૧—દરેક ઈન્સાનના પયદા થવા સાથેજ એક હમઝાત શયતાન સાથે રહે છે. હ૦ પયગમ્બર (સલ૦) સાથે પણ હમઝાત શયતાન હતો. તે સંબંધી આપ (સલ૦)ની હદીસ છે કે, "અલ્લાહ તઆલાએ મ્હારા સાથેના શયતાન ઉપર મને ફતેહ આપી હતી, યાને તે મુસલમાન થઈ ગયો હતો."

## ૫૪૨

# વહીની શરૂઆત અને પ્રથમ ઈસ્લામ કબુલ કરનારા.

સુના હય કે ઔરતોંમાં પેહલા ઈમાન લાએ,
બીબી રે ખદીજા જે વઝીર કેલાએ. ૧

અને મરદોંમાં પેહલા ઈમાન લાએ,
જે અબૂબકર સિદદીક યારગાર કેલાએ. ૨

અને લડકોંમાં પેહલા ઈમાન લાયે,
જે અલી ઈબ્ને અબૂ તાલિબ નામ રે કેલાયે.[1] ૩

.થી બશારત નબીને બીબીકુ દીતી,
સો બહિશ્ત કે રે મેહેલકી ખબર કીતી. ૪

કે ઘર હય મોતીકા રંજ ઉસ માંહે નાંહા,
અને શુમાર ખૂબીકા નાંહી ઉસકે માંહા. ૫

આયે જીબ્રઈલ આવકર સલામ રે આખા,
સો બીબી ખદીજાકુ સલામ દાખા. ૬

તબ નબીજીએ કહયા બીબીકુ જીબ્રઈલ કેહતે હંય કલામા,
જે રબને તમુકુ હય ભેજા રે સલામા. ૭

---

૧–હ૦ રસૂલે અકરમ (સલ૦) ઉપર સૌથી પેહલા ઇમાન લાવનાર ઔરતોમાં હ૦ ખદીજા (રદી૦) હતાં, મરદોમાં હ૦ અબૂબકર સિદદીક (રદી૦) અને લડકોંમાં હ૦ અલી (રદી૦) હતા. આ અકીદો સુન્નત જમાતનો છે અને હ૦ પીર મશાયખ (રહ૦)એ પણ ઉપર તેજ મુજબ જણાવેલ છે તેમજ "ખુલફાએ રાશેદીન" નામની કિતાબમાં પણ તેજ અકીદો બતાવેલો છે.

આખા બીબીને અલ્લાહકુ હય રે સલામા,
વ મિન્ની હો સલામા ઈલા જીબ્રઈલ સલામા.[1] ૮

જબ પાંતીસ બરસકી હુઈ નબીજીકી ઉમરા,
હુકમ નબી બિના મક્કે કાજ સબુ મન ધરા. ૯

કે દુરૂસ્ત કરાના જું નબીને બતાયા,
સો મક્કે કાજ હુકમ વે મન સબુને લાયા. ૧૦

હુઈ ઉમર નબીકી બરસ ચાલીસ ને દો દંના,
ભેજા બશારત દેનાર રબે ડરાનાર મંના.[2] ૧૧

સો જીબ્રઈલ આયે દેખો નબીજી કે પાસા,
વે વહી લાએ મન ખૂશાલીકી આસા. ૧૨

હિરા એ ગાર ડુંગર મક્કે કે પાસા,
વાં જાતે થે રાત રાત નબી બંદગીકે આસા. ૧૩

વાં જીબ્રઈલ આવકર પડે નબીજીકુ દાખા,
તબ મંય ના પડા યું નબીજીને આખા. ૧૪

તબ જીબ્રઈલ નબીકુ લે સીનેકુ ભીડાએ,
જબ તાંએ નબી કુછ આઝાર પાએ. ૧૫

ભી છોડ કહયા પડો સૂરત "ઈકરા" પડાઈ,
સો "માલમ યાલમ" તાંએ આયત રે બતાઈ.[1] ૧૬

---

૧—મ્હારી તરફથી અલ્લાહને સલામ થાય અને હ૦ જીબ્રઇલને પણ. ૨—અલ્લાહ તઆલા કુરઆન શરીફમાં ફરમાવે છે કે, **"યા અય્યોહન નબીયો ઈન્ના અરસલનાકા શાહેદંવ વ મુબશ્શેરંવ વ નઝીરા"** હે નબી ! અમે તને સાક્ષી આપનાર તથા ખુશખબરી સંભળાવનાર અને ડરાવનાર બનાવી મોકલ્યો છે. એટલે અલ્લાહની બક્ષીશોની ખુશખબરી આપનાર તથા તેના અઝાબથી ડરાવનાર તરીકે બનાવી મોકલ્યા છે. ૧—કુરઆન શરીફના ત્રીસમાં પારાની એક સૂરહની શરૂઆતની પાંચ આયતો પ્રથમ પઢાવી.

રે તૂહી.
ચાલીસ બરસ ઉમર થી, ઉપરભી દો દિન રે,
ઉપરભી દો દિન,
ઠામ હિરા વહી હુઈ, એ સુન રાખો મન રે,
એ સુન રાખો મન.

૧૪૩

પેહલા જીબ્રઈલ દેખતે નબી ડર દેખાયા,
ગરદન ખભું બિચ તબ રે ધ્રુજાયા. ૧

ઈકરા કી આયત લે નબી ધ્રુજતે ફરિએ,
જાં આવ નબીજી ખદીજાસું મલીએ. ૨

મુજે ઢાંપો કહયા બીબી તમંના,
હય દિલ રે ધ્રુજાતા બહોત ડરસુ હમંના. ૩

તબ તો નબીકુ લે ઉતાવલે ઢાંપે.
ડર રે ગયા તબ તાંએ ઢાંપ ચાંપે. ૪

નબીએ કરાર હુવે બાઝ ઉઠ બીબીકુ કહયા,
ઈસ બાતકી ખબર દો સો બીબી સુન લહયા. ૫

બીબીને કહયા એ બશારત તમંના,
રબ હલાક ના કરસી[1] તમે રાખો એ મંના. ૬

તબ અલ્લાહકી સોગંદખા ફિર બીબીને આખા,
તમે કબીલા જોડાંગે[2] યું શાહેદીસુ દાખા. ૭

૧—અલ્લાહ તમારો નાશ નહી કરે. ૨—કબીલાઓમાં સંપ કરાવશો.

સહી તમે બાતી સાચી રે કરેંગે,
તમે ભાંગી રે નિશાનીકા કસબ મન ધરેંગે.[1] ૮

બહોત મેહમાન બુલાકર તમે કરેંગે મેહમાની,
એ બશારત તમુકુ અચસી નિશાની પિછાની. ૯

બીબી એતા કેહ નબીકુ લે ઉઠકર ચલે,
જાં વરકા નામથા જા ઉસકુ મલે. ૧૦

વરકા બિન નૌફિલ કહયા હય જાતા,
વે બીબીકા ચિચેરા ભાઈ રે કેલાતા. ૧૧

દીન નસરાની માંહે થા પેહલા જાહિલ ઝમાના,
જે નબી પેહલા ઝમાના ઉસે જાહિલ પિછાના. ૧૨

સહી બુઢ્ઢે થે વરકા અને મા'ઝૂર[2] કેલાએ,
બીબી સાહિબ નબીકુ લે ઓનુ પાસ આએ. ૧૩

બીબી આખે ઓનુકુ સુનો ભાઈ રે મેરે,
ખબર ભતીજે તમારેકી તમે સુનો રે સવેરે. ૧૪

તબ વરકાને પુછા સુનો બેટે ભાઈકે,
કયા દેખને ડરે દુખ કહો તમ દિલકે. ૧૫

તબ નબીજીને ખબર સબ ગાર કેરી કહી,
તબ વરકાને સુનકર મન ફિકર યું લહી. ૧૬

રે તૂહી.

વહી હોતે ડર લાગીયા, સો કહા બીબીકુ આવ રે,
સો કહા બીબીકુ આવ,
બીબીને સુન બશારત કહી, ખુશી કેરે ચાવ રે,
ખુશી કેરે ચાવ.

૧ ભુલાયેલ યાદગીરીયોને કાયમ કરશો. ૨–બિમારીના લીધે અશકત થએલ.

## ૧૪૪

તબ વરકાને કહયા એ વે નામુસ નામા,
વહી પહોંચાનેકા કરતે હંય કામા. ૧

સહી જિનુકુ જીબ્રઈલ કેહતે હંય નામા,
વે તમુ પાસ આયે વાં ગારકે ઠામા. ૨

જે મુસા પર આતે એ વયસી રે નિશાની,
તો નિશાની નબીકી મંય તુમારી પિછાની. ૩

મંય કયા કરૂં કભી જો જુઆન રે હોતા,
તો ખિદમત તુમારી કર ઉમર ખોતા. ૪

ભી કયા કરૂં જીવતા જો રેહતા ઉસ દંના,
કે શેહર બહાર કરેંગે કૌમ જિસ દિન તમંના. ૫

તબ નબીજી કહયા અયસા દિનભી આવે,
કે કૌમ મેરી મુજકુ શેહર બહાર કરાવે? ૬

તબ વરકાને કહયા હાં હોવે અયસા દંના,
કૌમ તમુકુ નિકાલે એ સહી રાખો મંના. ૭

નાંહી આયા મરદ કો' તમારી રે રીતા,
મગર જે આયા ઉસસુ કૌમે જંગ હય કીતા. ૮

કે નબીયોં સેતી કીયા ખલકને દા'વા,
સહી અંબીઆ સગલોંકા હાલ એ કહાવા. ૯

મંય કયા કરૂં તબ તાંએ જો જીવતા રેતા,
બહોત યારીસુ ખિદમત તુમારી લેતા. ૧૦

એતી વરકાને કીતી અપને નબીજીસુ બાતી,
પિછે થોડે દિન રહી વરકા કી ઝાતી. ૧૧

ઓનુ દિનું વરકા કુ મૌતજ આઈ,
મંય અયસી ખબ્બર સહી લિખેસુ પાઈ. ૧૨

તમે દેખોને વઝીર બીબી ખદીજા કેહલાએ,
તો ફિકર માંહે કયસે રાસ કામ રે બનાએ. ૧૩

ભી અવર તો બીબીને અયસે કીયે બહોત કામા,
તો વઝીર કેરા દેખો હુવા કયસા નામા. ૧૪

ભી તબ પિછે કેતેક દિન વહી આઈ રે નાંહા,
એ ફિકર નબીકે બહોત હુઈ દિલ માંહા. ૧૫

એક દિન ફિકરસું સારી રાત રે ગમાઈ,
ભી સબાકુ તો ઉઠતે અયસી ચિંતા દિલ આઈ. ૧૬

તબ શવાહેક ડુંગર જે હય મક્કે કે પાસા,
ઉસ ટોચ પર ચડીએ નબી ગિરનેકી આસા. ૧૭

જબ્બ ચાહા કે આપસકુ ઉસ ટોચસુ ડાલે,
તબ જીબ્રઈલ હાઝિર હુવે ઉસ હાલે. ૧૮

કે રસૂલ અલ્લાહકે સાચે નામુસે બતાએ,
તબ નામૂસકુ દેખતે નબી ખુશી મન લાએ. ૧૯

રે તૂહી.

વરકાને બશારત દેકર, કુછ ખબર બતાઈ જાન રે,
કુછ ખબર બતાઈ જાન,
બેર વહીકુ આવતે હુઈ, નબી ફિકર લાગી બોત મન રે,
નબી ફિકર લાગી બોત મન.

## ૧૪૫

ભી દૂજે દિન વહી આઈ ફિરે નાંહા,
ભી નબીજીને ધારા પેહલી રિત મન માંહા. ૧

તબભી જીબ્રઈલ વાં ઝાહિર રે આયે,
તમે સદક રસૂલુલ્લાહ યું કેહને બતાયે. ૨

તબ નબીજી ભએ બહોત રે ખુશાલા,
જાનો નામૂસકે દેખે બિના હોતા ફિકરકા હાલા. ૩

જબ હુકમ નુબૂવ્વતકા રબે પુરા દીતા,
તબ પત્થરને ઝાડું સિજદા તાં નબીજીકુ કીતા. ૪

સહી નબીજી અપને જિધર ચલકર જાતે,
ઉધર ઝાડ ને પત્થર સહી સિજદેમાં આતે. ૫

વે સલામુન અલૈક સબ નબીજીકુ કરતે,
યા રસૂલ ખુદાકે બાઝ બોલ એ મન ધરતે. ૬

જાબીર અસહાબ નબીકે કેન હુંય નબીકે બતાતે,
એક યાં પત્થર થા મકકેમાં નબી કહે યું સુનાતે. ૭

સહી રાતકુ સલામ વે થા મુજપર પડતા,
મંય જબ ઈધર આતા તબ યાદ મુજે કરતા. ૮

અબ વે પત્થર નઝરૂં મેરી નાંહે આતા,
જે ઉચાયા ગયા તો નાંહી દેખાતા. ૯

સુનો અપને નબીજીકી એ મો'જિઝેકી બાતી,
તો ના રે બિસારો તિલ દિન ઔર રાતી. ૧૦

તબ બયાન હુકમ રબકા નબીએ શરૂ કીતા,
વે ખલકકે મનમાં તબ અજબ દીતા. ૧૧

જબ પહોંચાને લાગે રિસાલત[1] ઈલાહી,
બહોત ખલકકે મનમાં બાત અજબસી આહી. ૧૨

નસીહત લાગે નબી ઉમ્મતકુ કરને,
તબ કૈમ રે કબીલા લાગે દુશમન પડને. ૧૩

તબ દાંવા તો કૈમને આપ બહોતેરા કીતા,
કે ઘર રે નબીકા આવ ઘેર કર લીતા. ૧૪

તબ નબીજી ઘરસું વહી હુવે રે બારા,
દેખો દુરીજનોને ફરેબ થા કયસા સવારા. ૧૫

દેખો ઉમ્મતને નબીસું પેહલી કયસી હય કીતી,
ખબર અંબીયાઓં કેરી એતી સુન લીતી. ૧૬

એ સુન સુન ઈતના સહી મન માંહે રાખો,
તો નિસદિન જીભે યું સહી કર આખો. ૧૭

રે તૂહી.

ઘર નબીકા ઘેરીયા, કૈમ સબુને આવ રે,
કૈમ સબુને આવ,
નબીજી વાં સુન કસે, જો રબકા પુરા ચાવ રે,
જો રબકા પુરા ચાવ.

૧૪૬

## દૂશમનોનો ઘરને ઘેરો.

આગન પચાસ બરસકી જબ ઉમર કહીએ,
તબ ઘર રે ઘેરા થા એ સુનકર લહીએ. ૧

પિછે મહીને આઠ હુવે અગિયાર દંના,
અબૂ તાલિબ ગુઝરે એ સુન રાખો મંના. ૨

૧–પોતાનું રસૂલપણુ ઝાહિર કીધુ.

જે ચિચા રે નબીકે થે પિયારે કેલાતે,
ઓનુ નબીકી બરદાશ્ત જે થે રે ઉચાતે. ૩

વે ફૉત હુએ ચિચા અબૂ તાલિબ નામા,
બહોત ઈઝઝત જિનુકી થી મકકે કે ઠામા. ૪

ભી મોંહે સુની હય મંય અયસી એક બાતી,
મંય લિખેસુ નાંહી દેખી સુની જેસી લિખી ઝાતી. ૫

જબ કોમને દા'વા આવ નબીજી પર કીતા,
તબ શયતાને ભેખ આદમીકા લીતા. ૬

વાં નજદી લોક બહોત ડાહે રે કેલાતે,
સો કૌમ મસલત કામકી ઓનુકુ પુછને જાતે. ૭

તો શયતાન આપકા નામ નઝદી ધરાયા,
તબ શેખ નજદી શયતાન વાં વે રે કેલાયા.[1] ૮

જબ નબીકે આઝારકી કૌમ ફ્રિકર કરતા,
તબ શેખ નજદી હો શયતાન જા ઓનુમાં મલતા. ૯

વે મસલત ઓનુકુ ખૂબ રે બતાતા,
કે બોલ રે શયતાન કા ઓનુ ખાતિરમાં આતા. ૧૦

જબ નબી ઘર ઘેરનેકી સબું કોતી રે બાતી,
તબ ઝાહેર હોવડા શયતાન ઉસ જા રાતી. ૧૧

અબૂ તાલિબકા સબુ મન તબ ડર રે આયા,
તબ શયતાને સોચ એક અયસા રે બતાયા. ૧૨

કે ગુલામ તુમારે તમે સારે રે ભેજાઓ,
અને ગુલામો પાસે તમે ઘર રે ઘેરાઓ. ૧૩

---

૧–નજદનો રેહનાર એક બુઢ્ઢો આદમી બની શયતાન કુફ્ફારોને સલાહ આપવા આવ્યો.

પિછે ચિચા રે મોહંમદકા જો ઓરરે દેખાવે,
તો ભતીજે કે બદલે દો ગુલામ મરાવે. ૧૪

એ શયતાની બાત ખૂબ લાગી સબુ મંના,
થા ગુલામોસું ઘેરા ઘર નબી ઉસ દંના. ૧૫

દેખો વયસેમાં ચિચાને વફાત પાઈ,
તબ ફિકર નબીકે મન બહોત રે આઈ. ૧૬

પિછે બીબી ખદીજા ફૉત હુવે તીન દંના,
એ ફિકર નબીકે બહોત લાગી રે મંના. ૧૭

દેખો કયસા હય અપના સુરીજન હારા,
તો નિસ દિન કહીએ મન કે પિયારા. ૧૮

રે તૂહી.

ઓગન પચાસ આઠ માસથે, દિન અગ્યાર ચઉદ જાન રે,
દિન અગ્યાર ચઉદ જાન,
તબ ચિચા નબીકે ફૉત હુવે, ભી બીબી ખદીજા જાન રે,
ભી બીબી ખદીજા જાન.

## ૧૪૭

બીબી સાહિબકી ઈઝ્ઝતથી મક્કેમાં બહોતેરી,
તો બહોત દુશમન નબીપર કર સકતે ના ઓરી. ૧

જાના ઉન બીબી સાહિબને પાઈ રે વફાતા,
જે વઝીર સાદિક નબીકા કેલાતા.[૧] ૨

ભી ચિચા રે નબીકે જે અબૂતાલિબ નામા,
જાનો વેભી ફૉત હુવે ઓનુ દિનકે ઠામા. ૩

૧—હ૦ બીબી ખદીજા (રદી૦) હ૦ પયગમ્બર સલ૦ના સાચા સાથી હતાં.

તબ ફિકર નબીકુ હુઈ રે બહોતેરી,
એ દોસ્તોં કેરી બાત સુનો રે અનેરી. ૪

તમે સુનો રે સખીયો હય પીયુજી બેગાના,
તમે ઉસ કેરે પિયારકા મત કરો રે ગુમાના. ૫

મલી સખી રે બહોતેરી હય પીયુજી અકેલા,
બિરહા ને પરેમકા એ દેખોને ખેલા. ૬

તો કયસા રે સોહાગા સિંગાર હો બિના,
રિઝ પીયાકી સિંગાર બિન કયસે રાખે મંના.[1] ૭

સહી દોહાગન નિસ દિન મન ચિંતા નાંહા,
જો બરહા કરવત નાંહે વાહા ઉસ માંહા. ૮

જો પીયા કા સોહાગા તો કર રે સિંગારા,
હુઈ સખી રે બહોતેરી નાંહે ગણેકા શુમારા. ૯

જો સિંગાર હો બિના બાત સોહાગા બતાવે,
તો દોહાગન અપની જીભે રે દેખાવે. ૧૦

પીયર ગઈ કો' ના માને નાંહિ સાવર ઠામા,
પીયુ બાતડી ના પુછે ધરે સોહાગન નામાં[2] ૧૧

દેખો સુલતાન અંબીયા અને ખાતિમ નબી રસૂલા,
દેખો બાપ સબ જીવોંકા જિસે કહીએ રે મૂલા. ૧૨

ભી ખલકત સઘળી ઓનુ કાજ રે બનાઈ,
તમે નબીજી અપનેકી દેખોને બડાઈ. ૧૩

અપને નબીજી બંદગીસું ફારિગ ના રે'તે,
અને ફિકર બહોતેરી આપ દિલ માંહે લેતે. ૧૪

---

૧—અલ્લાહને રાઝી રાખવા સિંગાર યાને ઇબાદતની ઝરૂર છે.
૨—સાસરીમાં ઠેકાણું ના પીયરમાં આવકાર, તેમજ ધણી પણ ન ચાહે અને સોહાગન યાને ધણીયાતી કેહવરાવ્વા માંગે એ કેમ બને ?

અને નિસદિન દીનકી બાત સબુંકુ કેહતે,
અને દીન કાજ ગુસ્સા સબું કૌમકા સેહતે. ૧૫

અને ઝૂઠ તો નબીજી કભી બોલે રે નાંહા,[1]
કેહતે ફારિગ ના હુએ હુકમ દીનકે માંહા.[2] ૧૬

જો તુજે ઉમ્મતીકા ચા'વા તો આપ એૈસા રે બનાવા,
તો નિસદિન દીનકી બાત અવરાં બતાવા.[3] ૧૭

જો ખસલત નબીસું તુ આપ અવલા બનાવે,
તો તેહકીક ઉમ્મતી તુ નાહી રે કેલાવે. ૧૮

ઉમર બરસ પચાસા હુવે ઉપર તીન માસા,
જીન નસીબીન ઠામકે આયે ઈસલામ આસા. ૧૯

વે જીન તો આવકર હુવે રે મુસલમાના,
અને નિસદિન રાખ્યા મન ઈતના ધાના. ૨૦

રે તૂહી

ઉમ્મત નબીકી પયરવી, કરસી સુન્નત ચાલ રે,
કરસી સુન્નત ચાલ,
જો સુન્નત અવલા કરે, તો ઉમ્મતીકા નાંહે હાલ રે,[4]
તો ઉમ્મતીકા નાંહે હાલ.

---

૧–હ૰ નબી (સલ૰) કદી ઝૂઠ બોલ્યા નહોતા. ૨–દીનના હુકમ સંભળાવવામાં પણ પાછા રહયા નહોતા. ૩–જો તું તેમનો ઉમ્મતી કેહવરાવ્યા માંગતો હોય તો તે પ્રમાણે અમલ કરી તબલીગ કર. ૪–આપ (સલ૰)નો ઉમ્મતી તેજ છે કે જે તેમની સુન્નત પ્રમાણે ચાલશે, સુન્નત વિરૂધ્ધ અમલ કરનાર કદી પણ ઉમ્મતી ગણાઈ શકે નહીં.

## ૧૪૭ અ.

### —: ફ રા દ :—

સુન રે ભાઈ મરના હય,
મૂમિન ભાઈ મરના હય,
રાત દિન ભી મરના હય,
બાઝ મુવે કયા કરના હય?
ઉઠતે બયઠતે મરના હય,
મૌત આગે લે કરના હય.
ઘડી ઘડી પલ પલ મરના હય,
ગોરમાં નઝર ધરના હય.
તલ તલ પલ પલ મરના હય,
હિસાબ કયસે ભરના હય?
દમ આવતે જાતે મરના હય,
ભાઈ અબ કયસા કરના હય?
તો મુએ પેહલા સહી મરના હય,
તો તલ તલ પલ પલ મરના હય.
ભાઈ કામ દૂનિસું મરના હય,
એ બોલ સહી મન ધરના હય.

**મરના હય ભાઈ મરના હય,**
**રખે બિસારો મરના હય.**

**પેહલી ફસલ પુરી.**